નવું જરતોસ્ત નામું:

અથવા

પેગામ્બર સાહેબ અશો જરતોસ્તની

જીંદગીનો અહેવાલ.

પ્રોફેસર વિલીયમ્સ જેક્સનના રચેલા

"જરતોસ્ત, ઇરાનનો પેગામ્બર"

એ નામના ઈંગ્લીશ ગ્રંથનો તરજુમો—

[illegible]

તરજુમો કરનાર [illegible]

પાલનજી બરજોરજી દેસાઈ,

[illegible]

જરથોસ્તીઓમાં મુફત વહેંચવા માટે

[illegible]

સોહરાબજી એદલજી વાર્ડન.

બીજી આવૃતી.

મુંબઈ

[illegible]

[illegible]

યઝદેઝરદી ૧૨૭૯. ઈસ્વી ૧૯૧૦.

THIS TRANSLATION

[illegible]

A. V. WILLIAMS JACKSON Esq.

Professor of Indo-Iranian Languages in Columbia University

The Author of the original,

IN [illegible]

[illegible]

[illegible]

for having placed before the [illegible] history

of the [illegible] Prophet

SORABJI EDULJI WARDEN.

એ. વી. વિલ્યમ્સ જેક્સન, ઍસ્કવાયર,

જે કોલમ્બિઆ યુનિવર્સિટિમાં ક્રિ. સ. ૧૮... આવેલા

ઈન્ડોઈરાનિયન ભાષાઓના શિક્ષક.

તથા આ 'જરથોસ્ત નામા'ના અસલ કર્તા તરીકે

જરથોસ્તી કોમના બીજા ગુરુઓ જેટ

ઘણી મદદ કરનાર,

[illegible]

જે ઊંચું માન ધરાવે છે તેની

કદરદાની તરીકે આ તરજુમાનો ગ્રંથ

એ વિદ્વાનને

માનપૂર્વક અર્પણ કરવામાં આવે છે.

સોહરાબજી એદલજી વાડિન

PREFACE.

As I sit down to write this preface to the Guj
lation of Professor Jackson's Zoroaster, I am re
the famous lament of Macaulay in his essay on L
over the indifference of average Englishmen to th
of their countrymen in the East:—

"Every schoolboy knows who imprisoned M
"and who strangled Atahualpa. But we doub
"one in ten, even among English gentlemen of h
"tivated minds, can tell who won the battle of B
"perpetrated the massacre of Patna, whether Suj
"ruled in Oudh or in Travancore, or whether H
"a Hindoo or a Mussulman." — . — —

"The people of India, when we subdued t
"ten times as numerous as the Americans whom
"ards vanquished, and were at the same time qu
"civilised as the victorious Spaniards." —

"They had reared cities larger and fairer th
"or Toledo, and buildings more beautiful and cost
"cathedral of Seville. It might have been expected
"Englishman who takes any interest in any par
"would be curious to know how a handful of h
"men, separated from their country by an immense
"jugated, in the course of a few years, one of t
"empires in the world. Yet, unless we great
"subject is to most readers, not only insipid, b
"distasteful."

The spirit of the above lament . . . . I can
to the negligence and indifference of my coreli
the great deeds of their remote ancestors in A
and their place and influence in and upon th
human thought. Every Parsi student know

incidents of the history of Greece, Rome and England, their wars, politics and social institutions. They may also be credited with tolerable and at times deep knowledge of the rise, progress and vicissitudes of Christianity and of the personal history of the founder of that faith; but I doubt, if one in ten thousand amongst my co-religionists knows anything of the actual age and birth-place of our great Prophet, and the manner of his life and death, particulars of his ministry, his teaching and the vicissitudes in and under which a sure and lasting foundation was laid for that faith, in the purity and tenets of which cultured intellect now sees a clear precursor of that other faith which has been leavening the world for the last 1900 years.

The contrast between our knowledge of the personal history of Zoroaster and Christ is remarkable, but capable of explanation. No account of the life of Zoroaster has existed up to the present time at all approaching in vividness of detail the account of the life and ministry of Christ as contained in the Gospel naratives, and as helped out by the labours of German and French scholars. It would, however, be hopeless to expect that what has been done for bringing Christ's life and ministry to the minds and hearts of Christians will ever be done for the personality of his great prototype.

But it will perhaps be asked, what need for details of the Prophet's personal history and ministry, so long as we have a clear statement of his spiritual teaching, what need of minute knowledge of the worker provided his actual work is known and is a cherished possession to this day? A little reflection however will show how far from correct is this position. Those who have followed in the ever recurring controversies as to the truth or otherwise of the dogmas and doctrines of Christianity, will not need to be told how in the midst of the bewildering differences that exist, and have existed in relation to doctrinal Christianity, the weary mind and vexed heart of the truly religious have endeavoured to seek the spirit and centre of true faith in the actual life and ministry of their revered Master. Nor can this be otherwise.

as one may discover on deeper reflection. Spiritual ideas and notions have not that relation to the realities of matter and force, which can help us to realise them in the same manner and to the same extent as we are enabled to realise mathematical and scientific ideas by reason of their obvious relation to physical realities. The truths of mathematical science though abstract have their foundation and illustration in actual existing things. But the truths of emotion have their expression and illustration only in the personal conduct of those who have exhibited it in a superlatively effective and exemplary form and degree: in other words in their actual lives as spiritual heroes. Viewed in this way, the vividness and efficiency of emotional life as exhibited in the sphere of religious faith is no where so pre-eminently manifested as in the lives of Buddha and Christ: lives which carry in them perpetual testimony to the form of the emotion they exhibited and evoked. If the same force and example of inspiration cannot be claimed for Zoroastrianism, it is because no real life of the prophet is before us to which to appeal or to which to refer to; no spiritual city situate here whose towers and battlements can perennially command the eye and inspire the heart. If the life of the real Zoroaster, for there seem to have been more than one, exhibited features similar to those of the two other prophets named, history does not tell it, at least no attempt in that direction has been made until now and one of the purposes which the present publication of Professor Jackson may be expected to serve will be to emulate let us hope attempts in the same direction.

Professor Jackson's life of Zoroaster, may it is hoped, in his own words "contribute to a more general knowledge of this sage of the Past, the Persian Prophet of old, the Forerunner of those wise men of the East," who have illumined the spiritual horizon of mankind. To us Parsees, the most regrettable feature of our intellectual life, is the extreme degree of supineness and indifference with which we allow the majestic truths of the Noble Master forgotten, much more, we do not even make an effort to appreciate the

incidents of the history of Greece, Rome and England, their wars, politics and social institutions. They may also be credited with tolerable and at times deep knowledge of the rise, progress and vicissitudes of Christianity and of the personal history of the founder of that faith; but I doubt, if one in ten thousand amongst my co-religionists knows anything of the actual age and birth-place of our great Prophet, and the manner of his life and death, particulars of his ministry, his teaching and the vicissitudes in and under which a sure and lasting foundation was laid for that faith, in the purity and tenets of which cultured intellect now sees a clear precursor of that other faith which has been leavening the world for the last 1900 years.

The contrast between our knowledge of the personal history of Zoroaster and Christ is remarkable, but capable of explanation. No account of the life of Zoroaster has existed up to the present time at all approaching in vividness of detail the account of the life and ministry of Christ as contained in the Gospel naratives, and as helped out by the labours of German and French scholars. It would, however, be hopeless to expect that what has been done for bringing Christ's life and ministry to the minds and hearts of Christians will ever be done for the personality of his great prototype.

But it will perhaps be asked, what need for details of the Prophet's personal history and ministry, so long as we have a clear statement of his spiritual teaching; what need of minute knowledge of the worker provided his actual work is known and is a cherished possession to this day? A little reflection however will show how far from correct is this position. Those who have followed in the ever recurring controversies as to the truth or otherwise of the dogmas and doctrines of Christianity, will not need to be told how in the midst of the bewildering differences that exist, and have existed in relation to doctrinal Christianity, the wearied mind and vexed heart of the truly religious have endeavoured to seek the spirit and centre of true faith in the actual life and ministry of their revered Master. Nor can this be otherwise,

Dear Sir,

I am delighted to receive your very kind letter, with its appreciation of my volume on Zoroaster the Prophet of Ancient Iran. I am happy that you like the interest I have felt in the ancient Prophet, and I thank you for the order for extra copies.

Particularly pleasing is your proposition to me to have the book translated into Gujarati.

I felt sure that the Parsis would be glad to find the subject sympathetically treated, and from the interest that I find has been taken in the volume in Europe and America, I think that the book has called much attention to the subject. I should naturally be glad therefore if the book receives wider circulation among the Parsis themselves. Such would be the case if translated into Gujarati. I believe also that Mr. P. B. Desai would do the translation in admirable form. I should be glad to help him in any way that I could regarding any difficult points, if there be such in the English. Unfortunately I am not a Gujarati scholar, but I have been studying it a little of late and for that reason as well as the others, I am much pleased to have the interesting historical volumes which Mr. Desai has so kindly sent me through your courtesy. Please thank him cordially.

Certainly I am fully in accord personally with the idea of having my *Zoroaster* translated, but formally it will be necessary to communicate *first* with Secretary (Nicholas Murray Butler) of the Columbia University Press. Kindly, therefore, write at earliest date possible to him.

With sincerity.

A. V. WILLIAMS JACKSON.

Dear Sir,

Today I am made happy at your letter and your courtesy in sending me that most kind review of my *Zoroaster* in the "Bombay Gazette." Certainly so favourable review and expression of appreciation as I find there is very gratifying. Be assured of my thanks and of my hope that the volume

may find favour with the Parsis; as I wrote you recentl I hoped arrangements could be made to have the Gujara translation prepared. I trust you have already written t the Columbia University Press as suggested.

I value your kind attention.

(Sd). A. V. WILLIAMS JACKSON.

My Dear Sir,

I wish to add my personal expression of your wish t give the book so wide a circulation amongst the Parsis. have been delighted at the very favourable reception the worl has met with in the Bombay papers and I feel happy that th Zoroastrian used the sympathetic way in which I treate the subject of the Ancient Master's life. I am glad if I hav been able to contribute anything to the better knowledge c one of the great religious teacher of the East.

I should be glad if you will confer with me as to the pro gress of the translation and I stand ready to give you such ai as I can, if any question of interpreting passages should arise At present I am at work on a book on the religion of Iran. I am to finish it this summer in Europe.

With sincerety,

(Sd) A. V. WILLIAMS JACKSON.

My Dear Sir,

I am in receipt today of your letter of May 20th, and Professor Jackson has handed me also your letter to him of that date.

On behalf of the University Press I beg to advise you of our willingness to give you the permission desired, in return for a royalty paid to the Treasurer of the Columbia University Press.

We appreciate very much the high opinion held of Professor Jackson's book by yourself and your colleagues, and we are glad to know that it is to be given a circulation in India.

Yours truly,

(Sd) NICHOLAS MURRAY BUTLER,

Secretary.

ગ્રંથ કર્તા તરફનો દીબાચો.

પુરાતન ઈરાનના પેગમ્બર, મીડ અને ઈરાની લોકોના ધર્મ-દાતા પ્રતિનિધી અને નમુના, જરથોસ્તની જીંદગી અને દંતકથાને લગતું બયાન આ ગ્રંથમાં કરવામાં આવેલું છે, કે જે ગુરુના ઉપદેશો મુજબ પારસીઓ આજે પણ નિમકહલાલીથી ચાલે છે. દંતકથા ઉપર રચેલો આ એક જીંદગીનો દેખાવ છે; દંતકથા તવારીખનું રૂપ છે, અને આ ગ્રંથની મતલબ એવી છે કે જરથોસ્તનું ચિત્ર જેમ બને તેમ તવારીખી રેહનીમાંજ રજુ કરવું.

આ ખાસ બાબત હાથ ધરવાની પહેલી જરૂરત આશરે દશ વરસની વાત ઉપર જ્યારે જર્મનીમાં હાલની યુનિવર્સિટિમાં હું [illegible] પ્રોફેસર ગેલ્ડનરનો ચેલો હતો અને જ્યારે તે જરથોસ્તની જીંદગી અને ઉપદેશ બાબે સમજ આપતો હતો, ત્યારે મારા એ દેશ અને જીવાદની સૂચના ઉપરથી મને થઈ હતી. તેમજ આ ગ્રંથ માટેનાં ખાસ સાધન કોલંબિયા યુનિવર્સિટિના શિક્ષણ-ક્રમમાં વખતે વખત આપેલાં મારાં પોતાનાં ભાષણોમાંથી ઉત્પન્ન થયાં છે. જે વિદ્યાર્થિઓ તે વેળા હાજર થતા હતા તેઓ જોશે વર્ગમાં જે બાબતો વિષે તકરાર ચાલી હતી તેઓ કદાચ આ ગ્રંથમાં તેની કેટલીક બાબતો ચિતની ઝમકે. આ પુસ્તક તૈયાર કરવાનું કેટલાક વખત થયાં મારાં મનમાં રમી રહેલું હતું તેથી કરીને કુદરતી રીતે હું મારા ગ્રંથ માટેનાં સાધનોમાં હમેશાં વધારો કરતો ગયો, અથવા આ વિષય ઉપર રોશની ફેંકવા માટે નવી બાબતો ભેગી કરતો ગયો. આ ગ્રંથની નેમ એ છે કે ઉગમણા દેશના આ ધર્મ સ્થાપનાર વિષે તવારીખમાંથી યા દંતકથામાંથી આજના જમાનામાં જે સઘળું સામાન્ય રીતે જણાવવામાં આવ્યું છે તે સાથે ભેગું કરવું.

છેલ્લાં થોડાંક વરસોને દરમ્યાન, અને અગત્ય કરીને પેહેલવી અસલ પુસ્તકો ઉપરથી ડૉ॰ વેસ્ટે કરેલા તરજુમા મારફતે, દંતકથાને લગતાં જરથોસ્ત બાબેનાં આપણાં જ્ઞાનમાં મોટો વધારો થયો છે. જરથોસ્તી ધર્મ ગુરુઓથી લખાયલાં આ સાહિત્યનો જથો આગળ જે બાબતો કંઈક કલ્પિત અથવા અનિશ્ચિત જણાતી હતી તેમને સાચી ઠરાવી આપનારા પુરાવા તરફ મોટો મદદગાર થઈ પડ્યો છે. આથી પરિણામ એ નિપજ્યું છે કે ખરેખરી દંતકથા વધારે મજબૂત પાયા ઉપર મુકા

કીમ કરવાને અને જરથોસ્તને વધારે સાચા અને દેખાતી ભાગવી મશ
પુરુષ દાખલ દેખાડો કરવાને બની આવ્યું છે. આ ગ્રંથની મતલ
એ છે કે આ ધર્મગુરૂ અષોમરનાં સ્વરૂપને એક તવારીખી પુર
દાખલ વધારે પ્રસિદ્ધ દેખાવમાં બાહેર લાવવું. થોડાંજ વરસોની વા
ઉપર જરથોસ્તને એક દંતકથા રૂપી માણસ ગણવામાં આવતો હતે
તે વિચારનો વધારે વિસ્તાર કરવાને બદલે આ મોટા પુગમ્બરની જીં
ગીની સચાઇ ઉપર ખાસ કરીને વધારે ભાર દું મુકું છું તેથી કરી
કોઇ કોઇના વિચાર મુજબ હું તેની ખરી હસ્તી માનનારી બાજુ
તરફ પશોજ દોરવાઇ ગયલો જણાઇશ. પણ જો મેં તેમ કીધું
હશે તો મને એવું લાગે છે કે વર્તમાન ઉપરથી ભવિષ્યનો વર્તારો
વર્તીશું તો મેં કંઇજ નહિ તો સાચી બાજુ પસંદ કરવાનીજ ભૂ
કરી છે. મને એવું લાગે છે કે આંકુટલ દુ પેરોં જેવા જુના લખના
રાઓ જરથોસ્ત બાબેના પોતાના ચોકસ વિચારોમાં કોઇ વાર ધાર
વામાં આવે છે તે કરતાં સચાઇની વધારે નજદીક હતા. જરથોસ્તન
સંબંધમાં દંતકથાને અનુસરીને આવો અભિપ્રાય ધરાવવા માટે દુ
અસલી અરમાની લખનાર ખોરીનીવાળા મોજીજે એક બીજીજ બાબ
તમાં જે દલીલ રજુ કીધી હતી તે અહીં મારે માટે રજુ કરીશ કે—
"આ વાર્તાઓમાં એવું ઘણુ હશે કેજે ખરૂ નથી, ઘણું એવુ
હશે કેજે ખરૂં હશે; પણ મને તો એ વાર્તાઓ સાચી જણાય છે."
આ સખુનોમાં હું એટલુંજ ઉમેરીશ કે જ્યાં ઘણો ધુમાડો હોય ત્યાં
આતશ પણ હોવો જોઇયે; અને હું ઉમેદ રાખું છું કે આ ગ્રંથમાં
બીજાઓ પણ સાચા આતશની થોડીક ચિંગારીઓ વાદળીઓમ
ઉડતી જોઇ શકશે.

આ ગ્રંથનાં રૂપ અને તે બનાવવા માટે મળેલાં સાધનની ગોઠ
વણના સંબંધમાં મારે એટલું કહેવું છે કે એનો પહેલો અરધો ભાગ મેં
વધારે સામાન્ય બનાવ્યો છે અને બીજા અર્ધા ભાગને અભ્યાસીઓને
બરનો વધારે બનાવ્યો છે. પેગામ્બરની જીંદગી અને ધર્મ ફેલાવાની
વાર્તા બાર પ્રકરણોમાં કહેવામાં આવી છે, અને તકરારી બાબનોની
વધારે ટીકારૂપી ચર્ચા "વધારા"માં આપી છે.

* * * *

ન્યુયોર્ક, શેહેરની કોલમ્બિયા યુનિ-વર્સિટિ, અકટોબર ૧૮૯૮. — એ. વી. વિલ્યમ્સ જેક્સન.

તરજુમો કરનાર તરફનો ખોલાસો.

એક મોટી કોમ પોતાના ધર્મસ્થાપક તરફ સદા માનની નજરે જુએ છે; તેની જીંદગીના મહાન બનાવોથી ખબરદાર રહે છે; તેનાં ફરમાનોને કબુલ રાખે છે; અને તેનો દરજ્જો માનવી જાતમાં ઉંચો ગણે છે. પારસીઓ હિંદુસ્તાનમાં આવ્યાને ૧૨ સદી વહી ગઇ છે, અને તે દરમયાન તેમની ઉપર અનેક વિટંબણા વિત્યાં છે, તોપણ પોતાના પેગમ્બરનું નામ તેઓ ભૂલ્યા નથી, તો જોકે તે મહાપુરૂષનો ખ્યાલો ઘણો લાંબો ગયો છે. ખુદ ઇરાનમાં અશો જરતોસ્ત પછી તેના મજહબ ઉપર જેટલાં સુંઘણાં પડ્યાં હશે તેટલાં આજના દેખાત કોઇબી મોટા ધર્મ ઉપર પડેલાં નહિ હોય. અનેક વેળા તેની નાબુદી કરતી તવારીખ દેખાડે છે, અને તોપણ જરતોસ્ત અને જરતોસ્તી ફિરખવેશી દીનનું નામ ઇરાનમાં હજુ ત્યારેજ નહિ પણ હિંદુસ્તાનમાં આવ્યા પછીથી આજ સુધી એક જરતોસ્તીની છાતીમાં જીવતું છે.

અશો જરતોસ્તના આ મજહબ બાબે ઇરાનમાં જ્યારેથી જરતોસ્તી પાદશાહોનાં રાજ્યોની ઉથલપાથલ થઇ હશે ત્યારે આમ લોકોમાં કેવો અંધકાર ફરી વળ્યો હશે તેનો કંઇક ખયાલ આપણા વડવાઓનાં હિંદુસ્તાન મધે આવ્યા પછી કેટલીક મુદત બાદ તેઓની જે હાલત થઇ પડી હતી તે ઉપરથી આવી શકે છે. પણ આ આખેરની ૧૯ મી સદીએ આપણા પેગામ્બર, તેની દિન અને ઇરાન વતનની અસલ તવારીખના સબંધમાં એવું તો તેજસ્વી અજવાળું પાડી બતાવ્યું છે કે તે નવી રોશની ન હોત તો હવે પછી જરતોસ્તી કોમની હાલત એ બાબતોમાં ઘણીજ દિલગીરી ભરેલી અને દયામણી થઇ પડત, તેમાં શક નથી.

સંસ્કૃત ભાષાનો અભ્યાસ યુરોપમાં વધ્યો તેની જોડે અવસ્તાભાષાનો પણ આસ્તે આસ્તે વધવા માંડ્યો; વળી સાથે સાથે ઇરાનના પર્વતો ઉપરના ભેદભરેલા લેખોનું ઉકળાણ થયું. અવસ્તાવાણીના તરજુમા થયા, અને વ્યાકરણો રચાયાં, તથા ફરહંગો બની. સાથે સાથે

વળી અભ્યાસીઓ વધ્યા, અને જર્મની, ડેન્માર્ક, ફ્રાન્સ અને ઇંગ્લંડ અવસ્તાભાષાના નામીચા વિદ્વાનોની મારફતે જરતોસ્તી દીન અને ઇરાનની પુરાતન તવારીખને તેનાં ખરાં તેજમાં સુધરેલી આલમની રૂબરૂ આશકારા કીધી. એ નવી રોશનીનો પ્રકાશ રફતે રફતે મુંબઇમાંથી દાખલ થયો, આપણી તરફથી અવસ્તાભાષાનો અભ્યાસ વધ્યો, અને બરહક દીન તથા તેના પેગામ્બર તરફ તેમજ અસલી પાદશાહોની તવારીખ તરફ જરતોસ્તીઓનું દિલ મજગુલ લાગ્યું.

યુરોપમાં જર્મની જરતોસ્તી વિદ્યાભ્યાસનું મુખ્ય મથક થઇ પડ્યું અને ત્યાં છેક દૂરના અમેરિકા ખંડ ખાતેથી પણ ચેલાઓ તાલીમ લેવા આવ્યા. જર્મન ઉસ્તાદોમાં આજે ડૉ૦ વિલ્યમ ગેગર નામીચો મશ્હુર છે, અને તેના સંખ્યાબંધ ચેલાઓમાંનો એક આજે અમેરિકાના સર્વથી સુધરેલા અને સર્વથી ખબરદાર મુલકમાં પેદા થયો છે, કે જેણે પારસી નહિ હોવા છતાં પારસી કોમની એવી મોટી સેવા બજાવી છે, કે જેના કરતાં સરસ સેવા એક ચુસ્તમાંચુસ્ત પારસી બંદો પણ બજાવી શકે નહિ. ન્યુયાર્ક શેહેરની કોલમ્બીયા યુનિવર્સિટિમાં ઇન્ડોઇરાનીયન ભાષાઓનો એક વર્ગ ઉઘાડવામાં આવ્યો છે, એ આપણી પારસી કોમને હરખાવનારી એક નવી વાત છે. આ નવા વર્ગમાં અવસ્તા અને પેહેલવી ભાષાઓ પણ શિખાડવામાં આવે છે, અને તેની ઉસ્તાદગીરી પ્રોફેસર એ. વી. વિલ્યમ્સ જેકસન નામના વિદ્વાનના હાથમાં આપી છે. આ અમેરિકન વિદ્વાન એક ખ્રિસ્તી છે, પણ એક ચુસ્ત જરતોસ્તી દાખલ તેણે પારસીઓની સેવાનું એક મોટું તારીફ લાયક કામ બજાવ્યું છે. તેણે "જરતોસ્ત, ઇરાનનો પેગમ્બર," એ નામનું એક દળદાર કીમતી દફતર ઇંગ્રેજી ભાષામાં નવાં વરસની શરૂઆતમાં પ્રગટ કીધું છે.

તે વખત આજે વધારે નથી થયો કે જ્યારે ઇંગ્રેજ ધર્મગુરૂઓ અવસ્તાપુસ્તકોને હિંદુસ્તાનમાં બેઠાં ક્યારેથી મળેલે ગુમ્ઠારતા હતા, તથા તેમ ઠંડાવેલા અસલી મજહબને આજના જમાના અને આજની સ્થિતિને અનુકૂળ નથી એમ કહીને નીચી પાડતા હતા. વળી તે વખતથી આજે નથી રહ્યો કે જ્યારે નેકઝ ધર્મગુરુને કેળની વસ્તી ભાગ્ની કરનારે અમલમાં આવ્યો હતો. તથા જ્યારે હમારી વસ્તી હલકી ગણી નેખનાર રહી હતી તથા હમારી વસ્તી બેસ

જરથોસ્તી મજહબ એવો સિદ્ધ થયો છે કે જેને વિદ્યાથી ધોકો પુગતો નથી,[1] અને જેમાં બીજા મજહબોનાં રૂડાં ફરમાનો સમાઇ જાય છે.[2] આજે તો કેયાની અને હખામની વગેરે એકેકથી જુદાં સાબેત થયાં છે, મોટી હખામની પાદશાહત હસ્તીમાં આવી છે, અને સેકંદરનો જમાનો કેયાની શુમારથ પછી ઘણોજ પાછળો જાહેર થયો છે.

આ સઘળી શોધખોળની ફતેહ છે, અને એ રૂડાં પરિણામોને માટે ઘણું કામ યુરોપિયન વિદ્વાનોને આભારી છે. પણ ઉપર કહ્યું તેમ આ વિદ્વાનોમાં અમેરિકનો આજે વધતા જાય છે, અને ડૉ૦ મિલ્સનાં અષો જરથોસ્તના ગાથાવાણીનાં બન્ને ઝીણી દફતરો પછી જે બીજા અમેરિકન વિદ્વાને આપણને પોતાના ઉપકાર તળે લીધા છે તે પ્રો૦ જેક્સન છે. તેણે રચેલી "ઈરાનના પેગમ્બર જરથોસ્ત"ની

---

1 "It is evident that this simple and sublime religion is one to which, by whatever name we may call it, the best modern thought is fast approximating......No progress of science or philosophy conflicts with it, but rather they confirm it, by showing more and more clearly with every *discovery that this is in very fact and deed the literal truth...* The Parsee has no reason to tremble for his faith if a Galileo invents a telescope or a Newton discovers the law of gravity... Nay even, he may remain undisturbed by that latest and most fatal discovery that man has existed on the earth for untold ages, and, instead of falling from a high estate has risen continuously by slow and painful progress from the rudest origins."—S. Laing's 'A Modern Zoroastrian,' pp. 203, 204, 205.

2 "The code of morality enjoined by the Zoroastrian religion is as pure as its theory is perfect.. . .It is evident that this is the most complete and comprehensive code of morals to be found in any system of religion. It comprises all that is best in the codes of Buddhism, Judaism, and Christianity, with a *much more ample definition of many* vices and virtues which, even in the Christian religion, are left to be drawn as inferences rather than inculcated as precepts."—Ibid, pp. 205, 206.

જીંદગીના હેવાલની કેતાબ ડૉ૦ મિલ્સના ગાથાના તરજુમાવાળા ગ્રંથો પછી ઘણીજ વખ્તસરની અને કેવળ અવશ્યની કેતાબ થઈ પડી છે. એ પુસ્તકની યુરોપ અને અમેરિકાનાં પત્રો અને ઓલમાઓએ તારીફ કીધીછે અને હિંદુસ્તાનનાં વર્તમાનપત્રોએ પણ તેમાં પોતાનો અદના આવાજ ઉમેર્યો છે. એવું એક પુસ્તક ઇંગ્રેજી ભાષામાં આ પહેલીજ વાર લખાયલું છે. રએ શેહેરવાળા જરથોસ્ત બેહરામ મજનૂએ લખેલાં ફાર્સી જરતોસ્ત નામના પ્રોફેસર ઇસ્ટવિકે કરેલા તરજુમાને ઘણાં વરસ થયાં છે. સારબાદ આપણી ટાપુ ખાનેના અવસ્તાભાષાના પહેલ-વહેલા પાર્સી વિદ્વાન શેઠ ખરશેદજી રૂસ્તમજી કામાએ ગુજરાતી ભાષામાં પેગામ્બરની જીંદગીના હેવાલનું પુસ્તક પ્રગટ કીધું હતું. પણ તે વાતનેબી આજે ૩૦ વરસ ગુજરી ગયાં છે. તે પછી શેવટે મી૦ જેકસનનો ગ્રંથ હસ્તીમાં આવ્યો છે, કે જે પોતાની હકીકતોના જથા અને પોતાનાં જ્ઞાનનાં ભંડારને માટે સર્વેથી સરસ લેખાય તેમાં નવાઈ નથી.

મી૦ કામાનું "જરતોસ્ત નામું" મી૦ જેકસનનાં નવાં જરતોસ્ત-નામાથી એક રીતે ખાસ જુદાપણું ધરાવે છે. મી૦ કામાએ પોતાની હકીકતોનો મૂળ આધાર અવસ્તાવાણી ઉપરથી લીધો છે. એ પવિત્ર લખાણોમાં અશો જરતોસ્ત બાબે જે કઈ જાણવા જોગ, વિચારવા જોગ, ગોખવા જોગ મળી આવ્યું તે સઘળુ ઘણીજ દરોબસ્ત રીતે ગોઠવીને તેવણે પોતાનો ગ્રંથ રચ્યો છે, જેની બીજી આવૃત્તિ પ્રગટ થયાને પણ આજે ૧૦ વરસ થયાં છે તોપણ તેની અગત્યતા કે ખુબીમાં જરાબી ઘટાડો થયો નથી. પણ પ્રો૦ જેકસનનું "જરતોસ્ત નામું" એથી જુદાંજ ધોરણ ઉપર રચાયું છે. તેનો મૂળ આધાર અવસ્તા ઉપરથી નહિ પણ પેહેલવી પુસ્તકો ઉપરથી લેવામાં આવ્યો છે. એ રીતે આ બંને પુસ્તકો પોત પોતાની જુદી જુદી ખુબી ધરાવે છે, અને બંને એકેકના માર્ગ વચે આડાં નહિ આવતાં એકેકનાં કામને મદદગાર થઈ પડેછે. અવસ્તાવાણીમાં જરતોસ્તની જીંદગીને લગતી લગભગ કશી વિગતો નથી, અને તેટલામાટે મી૦ કામાને પોતાનું દફતર તૈયાર કરતાં કંઈ થોડી મહેનત પડેલી હોવી નહિ જોઇયે, અને તોપણ તેઓએ પેહેલવી પુસ્તકોનો આધાર સમૂળગો લીધો નથી. બીજા હાથ ઉપર પ્રો૦ જેકસને સઘળો આધાર આ છેલી કિસમનાં

પુસ્તકોનો અને મદદગારી દાખલ ફારસી, આરબી અને રૂમી પુસ્તકોનો લીધો છે. હવે પેહલવીમાં પેગામ્બરના સંબંધમાં જોકે તુલેતવીલ દલીલ આપેલી નથી, તોપણ તે અવસ્તા કરતાં તો અતિ ઘણી વધારે છે, અને તે સર્વનો ઘણી સંભાળથી બારીક તોલ કરીને પ્રો૦ જેક્સને પોતાનો ગ્રંથ રચ્યો છે.

યુરોપ અને અમેરિકામાં જરતોસ્તી મજહબની શાગેર્દીના સંબંધમાં બે વર્ગો પડેલા છે. એક વર્ગ પોતાનાં શિક્ષણને માટે અવસ્તાને વળગી રહેવા માંગે છે; બીજો વર્ગ પેહેલવી ઉપર મદાર બાંધે છે. આપણે માટે એ બન્ને વર્ગો કીમતી છે; બન્ને તરફની રોશની આપણાં કામની છે, બન્નેને આપણ એકસરખા આભારી થઇશું. તોપણ આટલી વાત ભૂલી જવી જોઇતી નથી કે પેહેલવી લખાણોમાં જે કાંઇ છે તે સઘળુંજ અવસ્તાને આધારે લખાયું હોય તેની શાહદતો નથી; તેઓમાંનું સઘળુંજ માનવા જોગ છે એમ પણ નથી; અને તેઓમાં ઘણીએક અતિશયોક્તિ છે, ઘણુંએક નહિ સમજ પડતું અને નહિ કબૂલ રખાય તથા સહેલથી પડતું નખાય એવું છે. એટલા માટે એ પુસ્તકો ઉપર દરેક બાબતનો આધાર બાંધતાં ઘણી સંભાળ રાખવાની જરૂર છે.

પ્રો૦ જેક્સને પોતાનું "જરતોસ્ત નામુ" ઘણી સંભાળથી લખ્યું છે, અને તે મુંબઇમાં પારસી કોમમાં એટલું તો પસંદ પડતું જણાયું છે કે ઇંગ્રેજી નહિ સમજનાર જરતોસ્તીઓને માટે તેનું ગુજરાતી ભાષાંતર પ્રગટ થાય એવી કેટલીક તરફથી ખાહેશ જાહેર થઇ. આપણી ટાપુ ખાતેના જાણીતા વેપારી શેઠ મંચેરજી એદલજી વૈદન, જેઓ કેળવણી પામેલા ગૃહસ્થ છે, જેઓએ યુરોપ અને અમેરિકાનો પ્રવાસ કરેલો છે, અને જેઓ પોતાના અને પારકા મજહબોના ખાસ અભ્યાસી છે, તેઓ પોતાના મોતેબર મજહબ માટે તથા પોતાની કોમનાં ભલાને માટે અતિ નિખાલસ લાગણી ધરાવે છે. એવા એ ગૃહસ્થની પણ એવીજ ખાહેશ થઇ કે પ્રો૦ જેક્સનવાલાં "જરતોસ્ત નામા"નો ગુજરાતી ભાષામાં પોતાને ખર્ચે તરજુમો કરાવવો એટલુંજ નહિ પણ તેને છપાવી પ્રગટ કરીને જરતોસ્તીઓમાં મુફત વહેંચવો. પોતાની આ શુભ અને તારીફ લાયક ખાહેશ મારા એ લાગણીવાળા મિત્રે મને જણાવી અને આ તરજુમાનું કામ મારા હાથમાં મુક્યું, જેને મેં મોટી ઉલટ અને ખુશી

સાથ હાથ ધર્યું; અને આજે તેનું આ દફતર જરતોસ્તી આલમની હજુરમાં રજુ કરવામાં આવ્યું છે. શેઠ સોહરાબજીનો આ દાખલો જેટલો તારીફ લાયક તેટલોજ નકલ કરવા જોગ છે. આ તરજુમો બનતાં સુધી અસલ લખાણુને વળગી રહીને બોલેબોલનો તોપણુ સહેલ અને સલીસ ઇબારતમાં કરવાની સંભાળ રાખેલી છે અને કેયે ખોલાસાથી તરજુમો કરવાની જરૂર જણાઇ છે ત્યાં તેમ પણુ કીધું છે. આ તરજુમો કરતી વેળા ગ્રંથકારે પાને પાને આપેલી બારીક નોટો તથા કેટલાક બીનજરૂરી ઇશારાઓ જેમને આ તરજુમા સાથ સંબંધ નથી તે બકાત રાખવામાં આવ્યાં છે.

મી૦ જેકસને પોતાના ગ્રંથને બે ભાગમાં વહેંચેલો છે, જેમાંના પહેલામાં પેગામ્બર સાહેબની જીંદગીનો હેવાલ આપ્યો છે, અને બીજા ભાગમાં વધારાઓ આપીને તેમાં જરતોસ્તનાં નામ, જમાના, જન્મ-ભૂમિ, ધર્મોપદેશની જગા, તથા અસલી લખનારાઓએ પેગામ્બર સાહેબ સંબંધી કરેલાં લખાણોના ઉતારા કીધા છે, તથા છેલ્લે ઇરાનમાં પર્વતો ઉપરનાં ચોકસ કોતરકામમાં જરતોસ્તની દાખલ મનાતી કલ્પિત તસ્વીર બાબે ચર્ચા ચલાવી છે. આ સઘળાંનો તરજુમો આ પુસ્તકમાં આપવામાં આવ્યો નથી, પણુ મી૦ વૅાર્ડનની મૂળ ખાહેશ માત્ર આપણા પેગામ્બર સાહેબ બાબે પેહેલવી લખાણોમાં શું છે તેથીજ વાંચનારને ખ-બીરા કરવાની હોવાથી ઉપલી સર્વ વધારાવાળી બાબનો દાખલ કરવાની અમે જરૂર વિચારી નથી, પણુ તેમને બદલે એક બીજીજ અગત્યની બાબત આ પુસ્તકમાં દાખલ કીધી છે, અને તે પાછલા ભાગમા વધારા દાખલ આપેલી નોટો છે.

આપણા ગ્રંથકારનાં લખાણુમાં કેટલીક ધર્મસંબંધી બાબતોના તેમજ તવારીખને લગતા અને બીજા બનાવોના ઇશારાઓ આવેલા છે, પણુ તે એટલા ટુંકમાં અને મોઘમ પસાર કરી દેવામાં આવ્યા છે કે જેઓ ગુજરાતીજ વાંચી જાણુનારા હોય તેવા જરતોસ્તી ભાઇઓ તે બાબે વધારે હકીકત મેળવવાને ખુશી થાય. આમ હોવાથી અમે તે સઘળા ઇશારાઓ બાબે ખોલાસો આપવાની ઉપલી નોટોમાં તજવીજ કીધી છે, કે જે વાંચનારને અનેક રીતે જાણુવા જોગ અને મદદગાર થઇ પડશે એવી આશા છે. આ નોટોમાં બે મુખ્ય અગત્યની છે, અને તે હજરત જરતોસ્તના જમાના બાબેની તથા અસલી ઇરાનીઓમાં

પહેલવી નસ્કોનાં બેગાઓ વચ્ચે ભારી કરવાના રિવાજ ચાલેલો છે. આ બંનેમાં અમને આપણા ધર્મના વિચારથી જુદા પડીને કામ લેવાની ફરજ પડી છે. પ્રો૦ જેકસને ડૉ૦ વેસ્ટના વિચારને માન્ય રાખી પેહેલવી પુસ્તકોને આધારે જરથોસ્તનો જમાનો ઇસ્વી સનની આ.સ. ખરે ૭મી—૬ઠી સદીમાં મૂકેલો છે. પણ આમ થવાથી તવારીખ ઘણી ટૂંકી પડે છે, જરથોસ્તી ધર્મના પુરાતનપણાને ધોકો પુગે છે, તથા જરથોસ્તની જીંદગીના જમાનાની મહાની નીતિ અને મોટાં જ્ઞાનને ગેરઇનસાફ થાય છે. વળી યુનાની કે રૂમી જેવા જુદીન લખનારાઓને આધારે એવું દેખાડવાની તજવીજ થઇ છે કે જરથોસ્તની કહાણીઓ આ, જ્હેન અને બેબી આય શાહીના માંહેથી લેએલા હતા! આ બંને બાબતોમાં અમોને લગાર લખાણથી જુદા પડવાની, અને જેમ બનતે કરે-વાના રિવાજ તેમજ જરથોસ્તના ઊંચ તવારીખના અસલ જમાનાની તરફેણનો રદ જવાબ આપવાની જરૂર જણાઇ છે.

આ પુસ્તકના સંબંધમાં હવે એટલી બાબત જણાવવાની રહી છે. તરજુમો કરવાનું કામ હાથ ધરવા આગમજ તે માટે જોઇતી પ્રોફેસર જેકસનની પરવાનગી મેળવવામાં આવી છે, એટલુંજ નહિ પણ તેનો ઇંગ્રેજી ગ્રંથ પ્રગટ કરનાર કોલમ્બિયા યુનિવર્સિટિ પ્રેસના અધિકારી-ઓને ચોક્કસ રકમ આપીને આ પરવાનગી હાથ કરવામાં આવી છે. એ બાબતમાં તેઓ સાથ ચાલેલા પત્રવેહેવારમાં જેમ પ્રો૦ જેકસન તેમજ મજકુર છાપખાનાનો સેક્રેટરી પ્રો૦ નિકોલસ મરે બટલર મી૦ મોહરામજી વાર્ડનનાં આ સદ્દાસને માટે તેમને શાબાશી આપે છે તથા પોતાનું પુસ્તક પારસી કોમમાં વધારે ફેલાવો પામતું બનાવવા માટે પસંદ હર્ષ બતાવે છે. વળી એ અમૂલ્ય ગ્રંથને આપણી ટાપુ ખાને જે દિલો-જાનીભર્યો આવકાર મળ્યો છે તેમાટે પણ તેઓ પોતાનો ઉપકાર જાહેર કરે છે. અમારા હમદીન ભાઇઓ જાણીને ખરેખર ખુશી થશે કે પ્રો૦ જેકસન હાલ આપણા પવિત્ર અવસ્તાને લગતું એક પુસ્તક તૈયાર કર-વાનાં કામમાં રોકાએલા છે. કેજે થોડી મુદતમાં બાહેર પડશે. ઉપલા પત્રવેહેવારમાંથી થોડાક ઉતારા નીચે આપેલા બેજા ગણાશે નહિ.

નવસારી, દેસાઇ દરવાજા,
તા૦ ૨૭. જાન્યુઆરી ૧૯૦૦ } પાલનજી બરજોરજી દેસાઇ.

પ્યારા સાહેબ,

"અસલી ઈરાનના પેગામ્બર જરતોસ્ત" બાબેના મારા ગ્રંથ તરફની તમારી પ્રસંસા સાથનો તમારો ઘણો માયા ભરેલો પત્ર મળવાથી મને હર્ષ ઉપજ્યો છે. તે પુરાતન ગુરૂ વિષે મને જે હોંસ પેદા થઈ છે તે તમને પસંદ પડીછે તેથી હું ખુશી છું, અને એ ગ્રંથની વિરોધ નકલો માટે વમે વહીં મોકલાવી તે માટે તમારો ઉપકાર માનું છું.

આ ગ્રંથનો ગુજરાતી ભાષામાં તરજુમો કરાવવાની તમારી દરખાસ્ત મને અફસર ખુશાલી ઉપજાવનારી થઈ પડી છે.

મારી ખાતેરીજ હતી કે આ વિષયને દીલસોજીથી રચાયલો જાણીને પાર્સીઓ ખુશી થશે, અને યુરોપ તથા અમેરિકા ખાતે આ ગ્રંથથી જે અસર થયલી મને માલુમ પડી છે તે ઉપરથી હું ધારૂં છું કે આ વિષય તરફ ઘણાઓનું ધ્યાન ખેંચાયું છે. એટલામાટે આ પુસ્તક પાર્સીઓમાં પોતામાં વધારે બહોળો ફેલાવો પામે તેથી હું કુદ્રતી રીતે ખુશીજ થાઉં. ગુજરાતીમાં એનો તરજુમો થાય તો મને તેવીજ ખુશી ઉપજે. વળી હું એવું માનું છું કે મીઠ પા૦ બ૦ દેસાઇ આ તરજુમો વખાણવાલાયક ઢબછબથી કરશે. ઈંમેજી લખાણમાં જો કોઈ મુશ્કેલ બાબતો હશે તો તે સંબંધી મારેથી બની આવે તેવી રીતે હું તેમને મદદ આપવાને ખુશી થઈશ. કમનસીબે હું ગુજરાતી ભાષાનો વિદ્વાન નથી, પણ થોડુંક થયું હું તેનો થોડો થોડો અભ્યાસ કરૂં છું, અને એ તથા એવાંજ બીજાં કારણોને લીધે મી૦ દેસાઇએ તમારી મારફતે મેહેરબાનગીની રાહે જે રસીલાં તવારીખનાં દફતરો મારા ઉપર મોકલાવ્યાં છે તેથી મને ઘણી ખુશી ઉપજી છે. મેહેરબાની કરીને તેમનો દિલોજાનથી ઉપકાર માનજો.

"જરતોસ્ત" બાબેના મારા ગ્રંથનો તરજુમો થાય એ વિચાર સાથ હું પોતે તો ખચીત પુરો એકમત છું. પણ ધારા મુજબ પહેલાં કોલમ્બીયા યુનિવર્સિટિ પ્રેસના સેક્રેટરી (નિકોલસ મરે બટલર) સાથ એ બાબે સદેશો ચલાવવાની જરૂર છે. માટે મેહેરબાની કરીને જેમ બને તેમ જલદીથી તેને લખજો.

ખરાં દીલ સાથ,

એ. વી. વીલ્યમ્સ જેક્સન.

પ્યારા સાહેબ,

આજ દીને તમારો પત્ર તેમજ મારા "જરતોસ્ત" બાબેના ગ્રંથની "મુંબઈ ગેઝેટ"માં ઘણીજ માયા ભરેલી તપાસ લેવામાં આવી છે તે વિષય મારા ઉપર મોકલી આપવાની તમારી મેહેરબાનગીથી હું ખુશી થયો છું. આવાં વીવેચન અને કદરશનાસીના તેમાં વપરાયલા સખુનો ખરેખર ઘણોજ તોષ ઉપજાવનારા છે. આ ગ્રંથ પાર્સીઓમાં મનપસંદ થઇ પડશે એવી મારી ઉમેદની અને મારા ઉપકારની હું તમને ખાત્રી આપું છું. દાદાક દિવસ

ઉપર મેં તમને એવું જણાવીને ઉમેદ જણાવી હતી કે આ ગ્રંથનો ગુજરાતી તરજુમો તૈયાર કરાવવાની ગોઠવણ થઇ શકશે. અને વિશ્વાસ છે કે મારા મુંબઇના મુલાકાત વખતે કોલમ્બીઆ યુનિવરસિટિ પ્રેસ એનો પત્ર લખી મુકશે હશે.

તમો જે તસ્દી લેઓ છો તેને હું કીમતી ગણું છું.

એ. વી. વીલ્યમ્સ જેક્સન.

મારા પ્યારા સાહેબ,

આ કેટલાક પારસીઓમાં જડેલો ફેલાવો કરવાની તમારી ખાહેશ તરફ મારી અંગિત પસંદગીના સહુન હું હમેશા માગું છું. એ પુસ્તકને મુંબઇમાં વર્તમાન પત્રો તરફથી જે પત્રો સારો આવકાર મળ્યો છે તેથી મને ખુશી ઉપજે છે, અને તે પુસ્તક ઇસ્તાકની જીંદગીની બાબતનું મેં જે વિવેચન રીતે બયાન કર્યું છે તે જરથોસ્તીઓને પસંદ આવ્યું છે એમ જાણી હું ખુશી થયો છું. ઇરાનના દીનના મોટા ધર્મસ્થાપક ઇસ્તારોમાંનાં એક આનંદમાં વધારે અને કામમાં કંઇ પણ વધારો કરવાને હું ઉમેદવાર થયો હોઉં તો હું ખુશી છું.

તરજુમાનું કામ આગળ કેમ વધે છે તે જાણે તમો મારી સાથે મસલત ચલાવતા રહેજો તો હું મગન થઇશ, અને જો કોઇ ફકરાઓનો અર્થ કરવા જાણે સવાલ ઉભો થાય તો મારાથી બની શકે તે મદદ આપવાને હું તૈયાર રહેલો છું. હાલમાં હું ઇરાનના મસલમ જાણીતી એક કેતાબ ઉપરાંત કામમાં રોકાએલો છું. એ પુસ્તક હું છાપીને આ દિવાળીમાં પુરી કરનાર છું.

સાચા ભાવ સાથ,

એ. વી. વીલ્યમ્સ જેક્સન

મારા પ્યારા સાહેબ,

તા. ૨૦ મી મેના લખેલો તમારો પત્ર મને આજે મળ્યો છે, અને એજ તારીખનો પ્રોફેસર જેક્સન એના તમારો પત્ર પણ તેમણે મને આપ્યો છે.

યુનિવરસિટિ પ્રેસની તરફથી હું તમને ખબર આપવાની રજા લઉં છું કે કોલમ્બીઆ યુનિવરસિટિ પ્રેસના આખરનું એક રકમ અદા કરવામાં આવશે તો તેના બદલામાં તમારી ખાહેશ ગુજરાતી તરજુમો છાપવાની આપવાને અમો રાજી થઇશું.

પ્રોફેસર જેક્સનની કેતાબ બાબે તમો તથા તમારા હમદીનો જે કહ્યું તે પસંદ કરાયો છે, તે અમોને પણ પસંદ આવે છે, અને એ કેતાબનો હિંદુ-સ્તાનમાં ફેલાવો કરવામાં આવનાર છે એમ જાણીને અમો મગરૂરીએ છિએ.

તમારો સાચો

નીકોલસ મરે બટલર.

સેક્રેટરી.

સાંકળિયું.

—:०:—

તરજુમો કરનાર તરફની નોટ

સફે.

સફે.

નવું જરતોશત નામું

યાને

પેગામ્બર સાહેબ અશો જરથોશ્તની

જીંદગીનો અહેવાલ.

ભાગ ૧.

શરૂઆત.

અસલી મજહબોના ઉસ્તાદોમાં જરતોશ્તનો મરતબો—જરતોશ્ત અને બુદ્ધ—આ પુસ્તકની બોધવણ અને વિસ્તાર—જરતોશ્ત એક તવારીખી પુરૂષ દાખલ—એ બાબતના મૂળ આધાર—પુરાણા ગ્રંથોમાં જરથોશ્ત બાબે શાહેદત—સારાંશ.

અસલી ધર્મો શિખવનારા ઉસ્તાદોમાં જરથોશ્તનો મરતબો.

કેમબજા દેશોના અસલી ધર્મ શિખવનારાઓમાં, અગરજો આપણુ યહુદી અને ખ્રિસ્તી ધર્મના મોટા સ્થાપકોને બાદ કરિયે તો, પુરાતન ઇરાનના ગુરુ અને પેગામ્બર જરથુસ્ત્ર અથવા જરતોસ્તનું નામ સઉથી સરસ માન ભરેલો મરતબો મેળવવાને લાયકનું છે. બુદ્ધ, કોન્ફુસ્યસ અને સોક્રેટિસ જેવા સત્યની શોધ કરનારાઓને જે ઇજ્જત અને જે માન ભરેલો દરજ્જો લાયક છે તેજ પદવી, તેજ ઇજ્જત, અને તેજ માન ભરેલો મરતબો જરતોસ્તને મળવો પણ લાયક છે. વળી ખ્રિસ્તી ધર્મમાંના કેટલાક મોટામાં વિચારો પણ જરતોસ્તના દર્શાવી અસરો હોય એવું માલુમ પડશે; અને જોકે એ બિના ઘણી રસીલી છે, તોપણ યહુદી તથા ખ્રિસ્તી ધર્મો અને અસલી ઇરાનના ધર્મ સંબંધી એકેમેક વચ્ચે કોઇ વધારે નજદીકનો યા વધારે દૂરનો સબંધ હોય એ જાણવાજોગ છે કે નહિ તે બાબે તકરારમાં ઉતરવાની બીલકુલ જરૂર છે.

તોપણ હિંદુસ્તાન અને ઇરાન વચે કુદરતી સંબંધ અને સગાઇ કબૂલ રખાઇ છે; અને એક મુકાબલો દેખાડનારા ધર્મ દાખલ બુદ્ધ ધર્મની અગત્યને લીધે જરતોસ્તનાં શિક્ષણ તથા બુદ્ધના ઉપદેશ વચેની એક ટુંક સરખામણી આ ઠેકાણે દીબાચા દાખલ કરી બતાવી શકાશે.

જરતોસ્ત અને બુદ્ધ.

આ બને પેગામ્બરો પોતપોતાની કોમના લોકોનો છુટકારો કરવા અને તેમની હાલત સુધારવાની પરમાર્થિક ઉલટથી ભરપૂર હતા. તેઓ બંને પોતપોતાના લોકોની જીંદગીને વધારે સારી હાલતમાં મુકવા માટેની તથા તેમનો દુઃખ અને પાપમાંથી છુટકારો કરવા માટેની ધાર્મિક ઉમેદથી હિમતવાન થયા હતા; અને એ રીતે એ બંને મહા પુરૂષો ધર્મી એનેકાદોના સ્થાપનારા થયા. એ બંનેની નેમ અને મતલબ એકસરખીજ હતી; પણ આ બંને મગજો અને તેઓમાંથી ઉત્પન થયલા આ બંને મજહબોની ખાસિયત જાણવાજોગ અને અજાયબ જેવો તફાવત દેખાડે છે. બુદ્ધનો ધર્મ વધારે ફિલસુફી ભરેલો છે; જરતોસ્તનો ધર્મ વધારે ખોદાઇ જ્ઞાન શિખવનારો છે. બુદ્ધનો ધર્મ સર્વે ત્યાગ કરાવનારો, શાંતિ હાસલ કરાવનારો અને સ્થિરતા અપાવનારો પંથ છે; જરતોસ્તનો પંથ (બદી સામે) લડત ચલાવનારો, (ભલાં) કામ કરવાને આગળ પાડનારો, અને સુધારો પસંદ કરનારો મજહબ છે. હિંદુસ્તાનનો રાજવંશી પેગામ્બર (બુદ્ધ) માણસ જાતની હસ્તીની દરિદ્રતાથી દબાઇ ગયો હતો, અને તે હસ્તીમાંથી છુટકારો મેળવવાનો તેનો એકલો ઇલાજ "નિર્વાણ" પ્રાપ્ત કરવામાં હતો; ઇરાનનો ઉસ્તાદ (જરતોસ્ત) માણસજાતનાં દુખોથી એકસરખો જાણીતો હતો, પણ એ દુનિયાઇ દુઃખ ફતેહમંદ ભવિષ્યનાં રાજ્યની આશા વિનાનું ન હતું. જે કંગાલ્યતપણાને હસ્તી ભોગવતું જરતોસ્ત કબૂલ રાખે છે તે બદીના મુળથી જન્મ પામેલું છે, કે જેની સામે માણસે પોતાની આખી જીંદગી સુધી લડત ચલાવવી જોઇયે, અને નેકી માટેની એ લડત એવી લડવી જોઇયે કે જે રસ્તાખેજના વખ્તમાં શેવટની ફતેહ હાસલ કરી શકે અને હમેશગીનું સુખ જીતી શકે. તોપણ એક ખરેખરા પંથ દાખલ બુદ્ધના એનેકાદમાં એક સામાન્ય ધર્મનાં તત્વો વધારે હતાંઃ જરતોસ્તનો એનેકાદ, ગેલ્ડનરે કહ્યું છે તેમ, એક સ્વદેશાભિમાની ધર્મનાં તત્વો વધારે ધરાવતો હતો. લાખો અને કરોડો જીવડાઓ હજુ સુધી બુદ્ધમાં પોતાનું આશ્રમ શોધે છે; જે દીનમુસ્ત ચેલાઓ જરતોસ્તનું નામ ધરાવે છે તેઓ આજે સંખ્યામાં

એક લાખ કરતાં વધારે નથી. અને ધર્મ માનનારાઓની સંખ્યાનાં પ્રમાણના સંબંધમાં તેઓ વચ્ચે આ કિસમની સરખામણી કરતી વેળાએ આપણે ભૂલી જવું ન જોઈએ કે તેઓની સંખ્યા વચ્ચે દેખાતાં અ-સરખાં પ્રમાણમાં એ બની મજહબોની આસ્તિત્વ વચ્ચે પડી ગએલો ફેર જેટલો અંદરખાનેનો અને ખરેખરો નજર આવે છે, તેટલોજ ખાસ દેશમાં બનેલી રાજદ્વારી ઉથલપાથલોને લીધે તથા દુનિયાની તવારીખના જાહેરના ફેરફારોને લીધે પણ તે ફેર પડી ગયો છે.

હિંદી (બોદ્ધ) ધર્મના સ્થાપક સાથ જરથોસ્તનો મુકાબલો કરવા માટે આટલુંજ કહેવું બસ થશે, કે જે હિંદી ધર્મ જરથોસ્તના ધર્મ પછીજ જાહેર થયો હતો. અને જ્યારે છેલી સદીઓથી બુદ્ધની જીંદગી ઉપર ઘણીએક રોશની નાખવામાં આવી છે, અને જે દંતકથાઓ લાંબી મુદત થઈ જાણીતી હોતી છતાં જેમની ખરી ખુબી હમેશાં પિછા-ણવામાં આવતી ન હતી તે કથાઓને ખરી પાડનારી પુરાણી બાબતો સંબંધી ઘણીએક શોધો થઇ છે, ત્યારે જરથોસ્તની જીંદગીનો અહેવાલ નસીબથી હાથ ધરવા તથા તેના સંબંધમાં હાલ જે કાંઈ આપણા હાથમાં છે તે સઘળું ચોકસ કરવાનું કામ અગત્યનું થઇ પડે છે. એટલા માટે પાછલા સફાઓ લખવાની મતલબ એ છે કે પુરાતન ઇરાન દેશના પેગમ્બરની જીંદગી અને દંતકથા કહેવાતી હાલ જેટલી મળી આવે છે એટલી બાબતો ભેગી કરવી, અને એ કામ જુની ચાલની આવેલી વાતો તરફ ખાસ ધ્યાન આપીને બજાવવું.

જરથોસ્ત એક તવારીખી મહાપુરૂષ દાખલ.

ઇરાનના ભવિષ્યવાદી ઉસ્તાદ સંબંધી વિગતોમાં આગળ વધવા આગમચ શરૂઆતમાંજ એક બાબત નક્કી કરવી જોઈએ છે, અને તે બાબે જેવટનું પાકું મત ઉચારવું જોઈએ છે. જરથોસ્ત એક તવારીખી મહા-પુરૂષ હતો કે નહિ, અને પુરાતન ઇરાનના મજહબ ઉપર નહિ ભુંસાય એવો છાપ તેની ખરેખરી હયાતીએ મારેલો છે કે નહિ, એવા એવા ઉપરવાસમાં આવેલા સવાલના સંબંધમાં તે બાબત આપણને નક્કી કર-વાની છે. એ સવાલનો જવાબ "હા"માં આપવો જોઈએ, કેમકે જર-થોસ્ત એક તવારીખી પુરૂષ છેજ. આ બાબત ઉપર ભાર એટલા માટે મુકવામાં આવ્યો છે કે કેટલાંક વરસોની વાત ઉપર આગળ વધેલા વિદ્વાનો તરફથી એ વિના ઉપર પાંચ વખત સુધી શક નાખવામાં આવ્યો હતો. પણ આગં ભાગે શકની વાતો હવે વિખરાઇ ગઇ છે.

વિદ્વાનો ઘણું કરીને એકમત થયા છે કે અસલી ઇરાનના પેગામ્બરનાં નામની આસપાસ દંતકથા અથવા કલ્પિત વાતો ભેગી થઇ હશે, તોપણ એ મોટા સુધારકની સુરત પોતાની જાહેર આકૃતિમાં ઓળખાઇ આવે એવી ખુલ્લી ઉભી છે; અને તેની હૈયાતી તથા એકપણુંનો ખુલ્લો અને ખરો વિચાર આપવાને હરકોઇને શક્તિવાન કરવા માટે તેની જીંદગીના પુરતા આધાર ભેગા કરી શકાય એમ છે. આ વાત ખરી છે કે દરેક મોટા માણસની જીંદગીમાં એવીબી કોઇ કોઇ વાત હોય છે કે જે સંબંધી કશું જણાયલું નથી (દાખલા તરીકે શેકસ્પિયર અને બેકનને લગતી તકરાર યાદ કરવાજોગ છે); અને સઘળાં પુરાતન ઉસ્તાદોની જીંદગીના બાબમાં એવા ઘણા ખાંચા છે કે જે પુરાવાના રહી ગયલા છે. એક બાવલાંના ભાંગેલા કટકાઓ જ્યાંસુધી ખોવાઇ ગયલી નાની નાની ચીપલીઓ મળી આવતી નથી ત્યાંસુધી કોઇ વખતે છુટાજ પડેલા રહે છે, અને તે ભાગોને અસંપૂર્ણ રીતે જોડીનેજ આપણને સંતોષ પકડવો પડે છે. એ રીતે બાવલાંને નવેસરથી બનાવીને ઉભું કરવામાં સાવચેતી વાપરવી અવસ્યની છે. જરતોસ્તની જીંદગીના સંબંધમાં દંતકથા, કહાંણી અને વળી કલ્પિત વાતોની હસ્તીનો પણ ઉપયોગ કરવો પડશે; ખ્રિસ્તી મઝ્હબના પૂજ્ય પેગામ્બરના અહેવાલમાં પણ થોડીક શક ભરેલી હકીકતો ભેગી થયલી કબુલ રખાઇ છે; પણ જરતોસ્તની સુરતની આસપાસ ભેગી થયલી સચાઇ નહિ ધરાવનારી વાતોને તેની ખરી હસ્તી ઉપર પર્દો કરવા યા તેને ઢાંકી નાખવા દેવી જોઇતી નથી. આપણે સાવચેત રહેવું જોઇયે, આપણે ચાલતી રીતને વળગી રહેવું જોઇયે; તોપણ વિશેષ લક્ષણ દેખાડે એવાં રૂપ અને ચિન્હને પિછાનવાની અથવા જે ચીજો અને રૂપોનો ચિતાર વારેઘડિયે કાંઇક ઝાંખો બતલાવવામાં આવે છે તેમનું વધારે બારીકીથી બયાન કરવાની આપણી ખુશી આપણ પડતી મેળાશું નહિ. હાલની આપણી શોધમાં જે બાબતો શક ભરેલી હશે તે બાબે ખુલ્લી રીતે ચેતવણી આપવાની તજવીજ કરીશું; અને જોકે મોટો કાળ વિતી ગયાને લીધે આમ કરવું મુસ્કેલ થઇ પડે છે તોપણ એક હાથ ઉપર કલ્પિત અને બીજા હાથ ઉપર ખરી વાતો વચેનો તફાવત જેટલી હદ સુધી ચોકસ હશે, અનુમાન કરી શકાય અથવા ખરો લાગે એવો હશે, તેટલી હદ સુધી વાજબી રીતે અને અપક્ષપાતપણે દેખાડી આપવામાં આવશે. આ કામ હાલમાં હાથ ધરેલાં આ વૃત્તાંતની નેમથી બેશક બહુ ઉતરતું છે; અને કોઇ કોઇને એમ

લાગશે કે દંતકથાની બાબતોને અતિશયોક્ત વજન આપવામાં આવેલું છે; પણ બીજા આધારોની ગેરહાજરીમાં આપણને છૂટકો નહિ તો એ બાબતોનો આધાર લેવો પડે છે; અને આમ કરવાની મતલબ એ રાખી છે કે જે કાંઈ મળી આવ્યું છે, તે ગોઠવણમાં મદદ લાગવા માટે અને અભિપ્રાય બાંધવા માટે રજુ કરવું. આ રીતભાતથી ખોલાસો કર્યા પછી, એક તવારીખી મહાપુરૂષ હજરતની જરથોસ્તની જીંદગી અને કથાના સંબંધમાં આપણ જે કાંઈ જાણીએ છીએ તેના મુળ આધાર અસલી લખાણોમાંથી કયા કયા મળે છે તે તરફ વાંચનારનું ધ્યાન દોરે ખેંચવામાં આવશે.

જરથોસ્તની જીંદગી બાબેના મુળ આધારો.

આપણા મોટા સુધારક (જરથોસ્ત)ની જીંદગીનો અહેવાલ નવેસરથી રચવા માટે જરૂરના આધારો બે ભાગમાં સહેલથી વહેંચી શકાશે. ૧ લો—દંતકથાની આધાર; ૨ જો—દંતકથાની નહિ એવો આધાર. આ જુદા જુદા આધારો એકસરખી અગત્યના નથી એ ખરૂં, પણ દરેક આધાર મોહક ખુબીથી ખાલી નથી.

આપણા મુદ્દાના ૧ લા વર્ગે કથાની આધારોમાં અવસ્તાવાણી અગત્ય સૌથી પહેલી પંક્તિ ધરાવે છે, અને અવસ્તાના ગાથા અથવા ભાગોમાં જરથોસ્ત પોતે સુધારાનો બોધ દેતો અથવા એક નવો ધર્મ શિખવતો હોય એવો તેને ચિતારેલો છે. તેમ અસલી પહેલવી ધર્મશાસ્ત્રનું રચેલું સાહિત્ય નવી તેહરાનના લખાણોમાં કંઈક રીતે વધારો કરે છે, તેમ રીતે પેહેલવી ભાષામાં રચાયલું તમામ સાહિત્ય અવસ્તાનાં લખાણોમાં પવિત્ર વધારો કરે છે. એ બાબતમાં ખાસ કીમતી થઇ પડે એવાં તો પેહેલવી "દીનકર્દ" કેતાબ, તથા "જાદ-સ્પરમ"માંથી જણાય-એમ ઉતારો પવિત્ર લખાણો છે. કેટલા લખાણો પેહલાનાં "જરથોસ્તી મજહબના મજકુરો" એ નામના ડાક્ટર વેસ્ટે ડૉ. ઇ. ડબલ્યુ. વેસ્ટે આપણી સનમુખ રજુ કીધા છે.¹ કેટલાક આ બધની મદદ મળી ન હોત તો આ સવાલોના જવાબો લખી શકાત નહિ. એવીજ જાતિનું પાછલા જમાનાની ફારસી ભાષામાં લખાયલું "જરથોસ્ત નામું" છે, કે જેનો મુળ આધાર અવસ્તા અને પેહેલવી લખાણો ઉપર રચાયલો છે, અને જે ફારસી કવિની ૧૩ મી સદીમાં મળવાનું ...

¹ જુઓ Sacred Books of the East નામની સીરીઝનું પુસ્તક ૪૭ મું, નામે "Marvels of Zoroastrianism."

છે.[1] દશમી સદીમાં રચાયલાં ફિર્દુસીનાં શાહનામામાં, જરતોસ્તના મુરબ્બી પાદશાહ ગુસ્તાસ્પ (વિસ્તાસ્પ)નાં રાજ્યના સંબંધમાં પુષ્કળ પુરાણી બાબતો આવેલી છે. એ ઉપરાંત વળી બીજાં થોડાંક પાર્સી પુસ્તકો અને દંતકથાનાં સાહિત્યનો ઉમેરો કરી શકાશે;[2] પણ જેમ જેમ આપણે આપણી શોધખોળમાં આગળ વધતા જઈશું તેમ તેમ જ્યાં જ્યાં જરૂર પડશે ત્યાં ત્યાં એ પુસ્તકો બાબે ઇશારા કરતા જઈશું. અસલી ઇરાની લેખોમાં જરતોસ્તનું નામ વાપરવામાં આવ્યું નથી, પણ આ ચુપકીદીનું કારણ બતાવી શકાય એમ છે.

૨ જા યાને ઇરાની નહિ એવા આધારોમાંનો એક અસલી ઉત્તમ યુરોપિયન લખાણોનો અને બીજો ઉગમણુ તરફનાં લખાણોનો છે. છેલ્લાં યાને ઉગમણુ તરફના દેશોનાં લખાણોમાં જેમ સિર્યા દેશનાં અને આરબી ભાષાનાં સાહિત્યોમાં આવેલા જરતોસ્ત બાબેના ઇશારાઓનો ખાસ સમાસ થાય છે તેમજ થોડાક આર્મીની ભાષામાં આવેલા અને એવાજ બીજા ઇશારાઓ પણ તેમાં આવી જાય છે. પુરાતનપણાંના બાબમાં અસલી યુરોપિયન લખાણો અવસ્તાથી ઉતરતી પદવીના છે: અને એ ઇશારાઓ જોકે પારકી ભાષા અને પારકા લોકોના છે, તોપણ તેઓ ઘણીવાર ખરેખરી અગત્યના થઇ પડે છે, કેમકે તરેહવાર લખાણો ઉપર આધાર બાંધીને ઉપજાવેલાં પરીણામોને ચીપી ચીપીને તપાસવા અથવા ખરાં પાડવા માટે એ ઇશારાઓ કામના થઇ પડે છે.

અસલી યુરોપિયન લખાણોમાં જરતોશ્ત.

યુરોપના સઘળા પુરાણા પ્રખ્યાત લખનારાઓ આ બાબતમાં એક-મત થયલા છે કે જરતોશ્ત એક તવારીખી મહાપુરૂષ હતો તો જોકે તેની તસ્વીર આ અસલી ગ્રંથકારોની આંખમાં કાંઇક ઝાંખી માલુમ પડે છે. યુનાન અને રૂમના લખનારાઓને મનથી તે માગી લોકોનો મોટો ગુરૂ હતો; અને પોતાની ફીલસુફી તથા ન્યાયશાસ્ત્રના ઉંડા ભેદને માટે અ-

---

૧ ડૉ૦ વિલ્સને રચેલા "The Parsi Religion" નામના ગ્રંથમાં ઇરટવિદે લખેલો આ "જરતોસ્ત નામા"નો તરજુમો જુઓ.

૨. ફીર્દુસી જણાવે છે કે શાહનામાં મથેનો જરતોશ્તને લગતો ભાગ તેની આગમજ થઇ ગયલા દકીકી નામે શાયરે રચ્યો હતો. કે જેને એક દબ્બર બેત બનાવી એટલામાં તેનું ઘાતકીપણે ખૂન કરવામાં આવ્યું હતું. આ બેતો ફીર્દુસીએ પોતાનાં શાહનામામાં દાખલ કીધી છે. અને એ ઉમિનાની સચાઇ વિદ્વાનો કબૂલ રાખે છે

થવા પોતાની ધર્મ અને નિતિની શિખવણીને માટે તે જેટલો વખણાયલો હતો તે કરતાં પોતાના જાદુમ હુનરો કે જેમાં તે કુશળ કહેવાતો હતો તેને માટે તે વધારે વખણાયલો હોય એવું કોઇવાર તે લખાણોમાંથી જણાય છે. પણ એ સઘળું છતાં તે એક મેગ ઓલમા અને પેગમ્બર દાખલ વખણાતો હતો, કે જેનું નામ તે ઇરાની કદાપણનું બીજું નામ હતું; અથવા તો તે માજી ધર્મગુરૂઓનો પંથ સ્થાપનાર દાખલ વખણાતો હતો, કે જે માજીઓ કોઇ વાર તેના શિષ્યો અને ચેલા ગણાતા હતા.

હિરોડોટસ ઉપરથી આપણ જાણીએ છિયે કે માજી તે કોઈ ધર્મગુરૂઓનું ખાનદાન માત્ર ન હતું પણ એ નામનો એક ટોળીજ હતો, અને અસલી યુરોપિયન લખનારાઓ જરતોસ્તને માજી ટોળામાંનો એક કહી ગયા છે તે બિના બીજી રીતે પણ ખરી પડે છે. "દીનકર્દ" નામનું પેહલવી પુસ્તક "અવસ્તા વ જંદ"ને માજી લોકોનાં પવિત્ર ધર્મ પુસ્તક તરીકે ગણે છે. પેહેલો બખેલો આરબ હાગમજુનકાસ્થી અલબીરૂની ઉમેરે છે કે "અસલી માજી લોકો જરતોસ્તની પણ આગમચ દેખાતા હતા. પણ આજે તેવા અસલ શુદ્ધ માજી કોઇ રહ્યા નથી કે જેઓ જરતોસ્તનો ધર્મ પાળતા નહિ હોય." કેટલાએક સિરીઆક અને આરબ લખનારાઓ જરતોસ્તને માટે બોલી જાય છે કે તે "માજી," "માજી લોકોનો વડો," "ટોળાનો સરદાર," "માજી પેગમ્બર" અને "બાનિયવાદિ," હતો. માજી ટોળી સાથેનો તેના નામનો આ પાયરો સબંધ કેટલે મર્યાદથી આપણે ધ્યાનમાં લેવો જોઈયે પણ આ વાત તો ખરી છે કે માજી લોકો પુરાતન કાળમાં એલમ હુનરના જાણકાર લખાતા હતા અને અસલી જમાનામાં એ સઘળા એલમનો ખાં તે જરતોસ્ત હતો.

માજીયન લોકોના શિક્ષણ અને ઉપદેશમાં જનને દને કરેલ ફેરફારો અથવા સુધારાઓ આપણ [illegible] શિક્ષણ અને ઉપ[illegible] સાથે એક મુદ્દો [illegible] અસલી લખના[illegible] રાઓ એવી [illegible] જણાવી જાય [illegible] હાથ તળે બેબિલન [illegible] અભ્યાસ [illegible] હતો [illegible] જાણીયે છિયે કે [illegible] અભ્યાસ કરવાને આવ્યો હતો [illegible] તે [illegible] સાઇરિયન જમાનામાં [illegible] હતો [illegible] કહેવાતા [illegible] અને [illegible] [illegible]

પેહ્‌ટીકસ નામે એક ચેલાએ જરતોસ્તનાં નામ સાથનો એક ગ્રંથ બનાવ્યો હતો, એવું પ્લુટાર્ક પોતાના દફતરમાં જણાવી જાય છે. પ્લિનિના જણાવ્યા મુજબ પ્રખ્યાત ફિલસુફ હર્મિપસ, કે જે ઇસ્વી પૂર્વે ૨૦૦ ઉપર થઇ ગયો હતો, તેણે માજી ધર્મનો અને જરતોસ્તી લખનારાઓનાં પુસ્તકોનો બારીક અભ્યાસ કીધો હતો. જરતોસ્ત અને માજી એ બે નામોને એક બીજા સાથે બહુ ભેળી નાખવામાં આવ્યા છે, અને એ નામો ઉપરથી પેદા થયલાં વીચારોમાં સંખ્યાબંધ ઇશારાઓ પ્લુટાર્ક, સ્ત્રેબો, સુઇડાસ અને બીજાઓનાં લખાણોમાંથી મળી આવે છે.

જરતોસ્તના ધર્મનો ભાવાર્થ સમજાવનારી સંખ્યાબંધ કેતાબોનાં નામો અસલી યુનાની અને રૂમી લખાણોમાં આપેલાં છે. વળી જેમિસ્ટસ પ્લેથો જણાવી ગયોછે તેવા જરતોસ્તના થોડાક વચનો (લખાણો) પણ હેયાત હતાં, અને તેઓમાથી કોઈ કોઈ વાર ફકરાઓ ઉતારી લેવામાં આવ્યા હતાં એમ કહેવાય છે. તોપણ એવાંજ બીજાં લખાણોની માફક આ સઘળાં લખાણો પણ ઘણુંકરીને શક ભરેલાંજ છે; તો જોકે એ લખાણોનાં નામો અને બાબતોની સર્વ વિશ્વાસઅદના કોઇ જેવી દબછબ, જરતોસ્તી નસકોનાં જે મૂળ તત્વો અને સારાંશ આપણી કને છે તેમની, આપણને યાદ આપે છે. એ સઘળું છતાં, જોકે જરતોસ્તનું નામ હિરોડોટસમાં કે ઝેનોફનમાંથી, તેમજ ટીસ્યસનાં હેયાત લખાણોમાંથી પણ ખચીતાઇ સાથ મળી આવતું નથી તોપણ, પુરાણા ઉત્તમ લખનારાઓનાં દફતરોમાં જરતોસ્ત કેવી મોટી આબરૂ ભોગવી ગયો છે તે ઉપલા ઇશારાઓ દેખાડી આપે છે. જરતોસ્તનું નામ દઇને કીધેલો સર્વેથી પુરાણો સત્તાવાર ઇશારો પ્લેટોના રચેલા "આલ્સીબાયડિસ" નામના ગ્રંથમાં કરેલો જણાય છે; તો જોકે ડાયોજીનિસ લેઅરસ્યસના જણાવ્યા મુજબ પ્લેટો કરતાં પણ વધારે આગળ થઇ ગયલો લિડયાવાળો ઝેન્થસ પણ જરતોસ્ત બાબે તેનું નામ દઇને લખી ગયો છે.

સારાંશ.

હુઆમણા દેશોના ધર્મ શિખવનારા મોટા ઉસ્તાદોમાંનો એક જરતોસ્ત પણ છે, માટે તેની જીંદગી તેમજ તેના કામો તવારીખી અગત્યાને લઇ અભ્યાસ કરવા યોગ્ય છે. તેની જીંદગીના સંબંધમાં
આપણી હકીકતો આપણે જર [illegible] ધર્મશાસ્ત્રો ઉપરથી, તથા અવસ્તા
અને પેહેલવી લખાણો ઉપ [illegible] રાની છે, અને એ મૂળ આધા-
રોને મદદ આપવા [illegible] બીજી બાબતોને આપણે ઉપ-
[illegible] છે. [illegible] જોઇશે. આ વાત
[illegible] આસપાસ બેશક
[illegible] છેલી બિના

ભાગ ૨.

જરતોસ્તનાં ખાનદાનની હકીકત.

———:o:———

પેગામ્બરના નેયાગાનોની તફસીલ.

શરૂઆત-જરતોસ્ત એક હસ્તી—જરતોસ્ત (જરથુસ્ત્ર) નામ, તેનું રૂપ અને તેનો અર્થ—જરતોસ્તનો સને—તેની જન્મભૂમિ-જરતોસ્તના વડવાઓ અને તેનું ખાનદાન—નેયાગાનોની વંશાવળિઓ—સારાંશ.

શરૂઆત.

જ્યારે કોઈ મશહુર શખ્સ [illegible] પ્રખ્યાતી મેળવવા પામે છે ત્યારે તેનાં નામ અને જમાના સાથે સંબંધ ધરાવનારી ઘણું ચીજો [illegible] અને અજબતની [illegible]. તેનાં ખાનદાન ઉપર રોશની પડે છે, અને આપો [illegible] પેદા કરનાર [illegible] પ્રખ્યાતી મળેછે. જો મોટા માણસો પોતાના જમાનાના બધા મશહુર છે તો એક મોટા ધર્મ [illegible] જમાનો આપણું ધ્યાન ખેંચવાને [illegible] તેનું પોતાનું [illegible], તેની [illegible] આપનારી અસરે, તેની આજુ-બાજુના [illegible] અને આસપાસના [illegible] રીતે આપણું [illegible] [illegible] છે અને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

[illegible]

હતો. પ્રથમ આપણાં મનની નજર આગળ ઇરાનની બાહેરની દુનિયાનો એક ચિતાર ઉભો થાય છે, કે જેમાં એસીર્યા અને બેબિલનના રાજ્યો નજર આવે છે, જ્યાંના પાદશાહોની તોખમાની લાંબી વંશાવળિ ઇતિહાસમાં ઇરાનની તવારીખની પણ આગમજ શરૂ થાય છે.[1] ઉપલા ચિતારમાં અગ્નિખુણા તરફ હિંદુસ્તાન આવેલું છે, કે જે ઇંડો-ઇરાન્યન એકદિલીના ગાંઠથી બંધાયલું છે; અને છેલે એ સર્વેની સામે ઇરાનનો હરીફ અને શત્રુ તુરાન, એટલે કે જેનો અર્થ સઘળું અધુરૂં,- ઢંગધડા વગરનું અને જંગલી એવોજ થાય છે, તે દેશ ઇરાન સરજમીનની ઉત્તર સરહદે આવેલો છે.

પણ એ મુદતમાં ખુદ ઇરાનનો મુલક કેવો હતો તે હવે જોઇયે. ત્યાં અસલી જમાનામાં બેક્ત્રિયા (બલ્ખબામી) મધે ઉગમણુ તરફનું એક ઇરાની રાજ્ય હૈયાત હતું, એમ કહેવામાં આવે છે. પણ આ બિના અચોકસ છે, જે બાબે હવે પછી ઇશારો કરવામાં આવશે. બલ્ખબામીના જમાનાની ઘણું આગમજ મીડયાનું રાજ્ય તવારીખમાં મશહુર થઇ ચુકેલું હતું; અને ઇસ્વી સનની આગમજ આઠમી સદીમાં તેનું બળ એટલું બધું હતું કે એસીર્યાનાં રાજ્યની ઝુસરી પોતાની ખાંધેથી કહાડી નાખવાને તથા સાતમી સદીની આખરીએ (ઇ૦ પૂ૦ ૬૦૬) ની નીવેહ પાયતખ્તને છુંદી નાખીને મીડયાની શેહનશાહાત એકબતાના (હમદાન) ખાતે સ્થાપવાને તે શક્તિવાન થયું હતું કે જે પાદસ્હાહાત મોટી ઇરાની શેહેનશાહાતોમાં સર્વેથી પહેલી ગણી શકાશે. પણ મીડયાની એ પાદશાહાત ઝડપથી પડી ભાગતી ચાલી, અને ઉગતા ઇરાની આફતાબનાં તેજ આગળ તેની કીર્તિ ઝાંખી પડી ગઇ. જે ભૂમિમાં અને જે જમાનામાં જરતોસ્તે દેખાવ દીધો છે તે બાબે આટલો ખોલાસો બસ થશે.

અગરજો દંતકથામાં આવેલી તારીખો આપણે કબૂલ રાખિયે તો ખુદ જરતોસ્તની હૈયાતીના જમાનામાંજ યહુદીઓને બેબિલન ખાતે કેદખાનામાં ધસડી જવામાં આવ્યા હતા, અને જરતોસ્તનાં મરણ પછી આશરે એક જમાના બાદ તેઓ આ દેશનિકાળપણામાંથી જેરૂસલમ ખાતે પાછા ફર્યા હતા. જ્યારે મેરેથન, પ્લેટી અને

---

૧ અવસ્તામાં જણાવ્યા મુજબ બેબિલન અર્ધકલ્પિત નુસમી પાદશાહ અને રાક્ષસ અઝ્દહાક (ઝોહાક) નું મથક હતું, કે જેણે ઇરાની પાદશાહ યિમ (જમશેદ) નો નાશ કરીને એક હજાર વરસ રાજ્ય ચલાવ્યું હતું.

મેડેમિયા ખાતે કુરૈશ અને એશિયાનો ઘણો ભાગ જીતી સત્ત-
સામે બખ્તર અને બીજે ઉભાયું. રેડીનાં ભાગોને આપણાં
ભાગ ત્યાંથી મોટી મિશ્ન થઈ, તે વખતે ઇરાન અને તુરાન વચ્ચે
થએલાં યુદ્ધ ભયાનક દુનિયાની તવારીખમાં હજુ પણ અમરતા ધરા-
વતાં રહે છે. અહીંઆ આપણને તે ભાગની હકીકતમાં રસાસ લાગશે
જેથી કે તે ઇરાનીઓના રાજા બીજાસ ઘણું વખત સામાન્ય રીતે
અમુકશે છે, તેનું નામ, તેનો જન્મ અને તેનું જન્મ ઠેકાણું, તેનું
આયુષ્ય, તેના ધર્મોપદેશ અને તેના શિષ્યોની એ સર્વ બાબતો
તેટલી ખરી જાણવાની જરૂર પડે છે. તેની હકીકતની વધારે અને તર
વાતે અમુકમાં માત્રમાં ઉપરથી સર્વે બાબતો આ પ્રસંગમાં દર્શાવવામાં
આવશે. તેના ધર્મ સંબંધી બોધ, તેનાં શિષ્ય અને તેની ફિલસૂફી
વગેરે બાબતો વિષે અહીં માત્ર ઉલ્લેખ કરી જવામાં આવશે, કેમકે
એ બાબત સંપૂર્ણ વર્ણનનું પ્રકરણ એક જુદે રાખેલું છે.

જરથોસ્ત (જરથુસ્ત્ર)નું નામ, તેનું રૂપ અને તેનો અર્થ.

આ પેગંબરનાં નામનું રૂપ અવસ્તામાં એકસરખી રીતે
જ ર થુ શ ત્ર અથવા તેનાં ભાષાતનાં નામ જોડે જ ર થુ શ ત્ર સ્પિ-
તામ અથવા સ્પિતેમ એવું લખાય છે. આ નામે જે આકારો ધ-
ર્યા દેશદેશ બીજી ભાષાઓમાં ધરેલું જોવાય છે તે ઉપર મુજબ
ગ્રિસકાર નામનો બોલ્યું તેમ નીચેવાર રીતે કરવામાં આવે છે તેમ
તેને ઇંગ્રેજીમાં લખેલું રૂપ ઝોરોઆસ્તર (Zoroaster) છે તે ગ્રીક
ભાષાનાં ઝોરોઆસ્ત્રિસ (Zoroastres) ઉપરથી ઉતરેલું છે. ગ્રીક
અથવા લેટીની ભાષાનાં એ નામ એકજ રીતનું લખાય છે. તોપણ કોઈ
કોઈ વેળા એ નામ અનેક રૂપોમાં બદલાઈ ગયેલું માલુમ પડે છે, જેમાં
કોઈ કોઈ તો પાછળથી ફારસી રૂપો ઉપરથી લીધેલાં જણાય છે. જુના
ઉપરથી લીધેલું અર્ધવિખત રૂપ (જ ર થે સ્ત) હતું એમ પિહેલવ
નામે અક્ષરો ઉપરથી જણાય છે; અને સંયોગિત વિકલ્પવડે એ નામ
એવી રીતે લખ્યું છે, કે તે પેગંબરનાં નામનાં અસલ રૂપ
જ ર થુ શ ત્ર ની યાદ આપે છે. એ નામનું અરબાની ભાષાનું રૂપ
જ ર ત ત દ છે. સીરીઆ અને આરબિક ભાષાઓમાં એ નામ નીચેવાર
રૂપમાં લખાય છે. પણ તે ઘણું કરીને પેહેલવી અથવા ફારસી ભાષાની

૧ આ નામની ખરી જોડણી Wyclif છે, પણ તેને કોઈ Wycliff તો કોઈ Wycliffe જેવી રીતે લખે

ફારસી ભાષાનાં રૂપોને મળતાં આવે છે. એ નામનો પેહેલવી આકાર જ ર તુ ર ત છે. અર્વાચિન ફારસીના કેટલાક આકારો આ રીતના છે: જ ર તુ ર ત, જ ર દુ ર ત, જા ર દુ ર ત, જ ર દુ હ ર ત, જ રા તુ ર ત, જ રા દુ ર ત, જ રા તુ હ ર ત, જ રા દુ હ ર ત, જા રા દુ ર ત. આ સઘળાં નામો અવસ્તામાં જણાવેલાં જ ર થુ ર ત્ર ઉપરથી ફેરફાર થયલાં છે.

ઇરાનના પેગામ્બર અને ઉસ્તાદનાં નામની અગત્યતાનો સવાલથી કાંઇ ફાયદા વિનાનો નથી. હિંદુસ્તાનનો રાજકુમાર સુધારક "પ્રકાશિત થયલો" (બુદ્ધ) અથવા સક્ય ગુરૂ (સાક્યમુનિ) હતો; નજરથવાળો જીસસ, ખોદાનો બેટો, "અદ્ભુત," "સલાહકારી," "પવિત્ર કીધેલો" (ક્રિસ્ટસ) ગણાયો હતો. પુરાતન ઇરાનમાં સાચો પેગાંમબર જરતોસ્ત જ ર થુ ર ત્ર, અથવા જ ર થુ ર ત્ર સ્પિ તા મ, સ્પિ તા મ જ ર થુ ર ત્ર, અથવા કોઇવાર એકલો સ્પિ તા મ કહેવાતો હતો. "સ્પિતામ" લકબ પેગામ્બરનાં ખાનદાનની ઓળખ આપે છે, અને એ નામ પેગામ્બરના એક નેયાગાન—કુટુંબના એક મૂળ પુરૂષ—ઉપરથી પડેલું છે.[1] આ સ્પિ ત મ ન નામ મીડયામાં આગળા વખતથી જણાયલું હતું. નેયાગાનાં નામ ઉપરથી ઉતરી આવેલું આ સ્પિ તા મ નામ, કે જે એક સંજ્ઞા દાખલ વપરાય છે, તેનો મૂળ જોઇશું તો અવસ્તાના ધાતુ સ્પિત્ (એટલે સફેદ થવું, જેને મળતો સંસ્કૃત શ્વિત્ છે, તે) ઉપરથી છે, અને તેનો અર્થ ઘણું કરીને એવો થાય છે કે "સફેદનો નબીરો."[2] નામ જેવું જરથુસ્ત્ર નામનુ મૂળ ખુલ્લું નથી, અને એ નામના ધાતુ બાબે ઘણી તકરાર ચાલી છે. તોપણ વિદ્યાભ્યાસીઓ હાલમાં એક બાબત ઉપર ઘણું કરીને એકમત થયા છે; અને તે એ છે કે ઉપલું નામ બે ભાગોનું બનેલું છે, જમાનો બીજો ભાગ 'ઉસ્ત્ર' (ઉંટ)[3]

---

કંઈ નિશાની અથવા કરામત—તે માગે છે. જરતોસ્તને સંપાઓના બદલામાં જેમ તેણે પોતે પુરે હાથે ચાર બહેરો બક્ષી છે તેમ દીન પુરેપુરી કબુલ રાખવા આગમજ પાદશાહ પોતે હવે તેની આગળ ચાર દરખાસ્તો રજુ કરે છે. આ દરખાસ્તોની વિગતવાર હકીકત "જરતોસ્ત નામુ" એક વાર ફરીથી આપે છે, અને અવસ્તા તથા પહેલવી લખાણોમાં કંઈ કંઈ આવેલા ઇશારાઓ ઉપરથી આપણુ એવું અનુમાન કરી શકાય છે કે એ દંતકથા કબુલ રખાયલી છે. ગુસ્તાસ્પની આ ચાર દરખાસ્તોમાંની પહેલી એ છે કે સ્વર્ગે મારૂં શું પદ છે તે હું જાણું, અને બેહસ્તમાં મારી જગા જોઉં; બીજી એ કે મારી દેહ કાંસાંના જેવી થાય; ત્રીજી એ કે હું સર્વજ્ઞાની થાઉં, અને ભૂત વર્તમાન તથા ભવિષ્ય જાણું; અને ચોથી એ કે કેયામતના દિવસ સુધી મારો જીવ મારૂં શરીર છોડી જાય નહિ. હોરમજદનો પેગામ્બર ખાતરી આપે છે કે આ સઘળી બહેશો બક્ષવામાં આવશે ખરી, પણ આવી ચમત્કારિક બહેરો બક્ષવામાં આવે ત્યારે તે એકલા એકજ ધણીમાં ભેગી થઇ શકતી નથી. માટે પાદશાહે એ ચારમાંની એક પસંદ કરવી. આ ઉપરથી ગુસ્તાસ્પે આ બહેશ પસંદ કીધી કે બેહસ્તમાં જે જગા મારી થાય તે જોવાની મને પરવાનગી આપવી.

આવવું અમશાસ્પંદોનું ગુસ્તાસ્પના મેહેલમાં.

આ હિંગામમાં. જરતોસ્તનો પેગામ ખોદાઇ બશારત પામેલો છે એવી હોરમજદ તરફથી ખાત્રી આપનારા સાક્ષીઓ દાખલ બનુ અમશાસ્પંદો પાદશાહના મેહેલ તરફ આવવું કરે છે. આ ત્રણ ખોદાઇ એલચીઓ તે બહમન, અર્દીબેહેસ્ત અને પવિત્ર આતશ (બુર્ઝીનમેહેર અથવા સ્પેનિસ્ત) છે.[1] એ બાબેનું બયાન આપતાં "દીનકર્દ" બલી દીનનાં લખાણુમાંથી આ મુજબનો ફકરો ટાંકે છે—"પછી તે કે જે પેદા કરનાર હોરમજદ છે તેણે વાહુમનો, અષ વહિસ્તો, અને વળી હોરમજદના પવિત્ર આતશને આ મુજબ કહ્યું: તમો જેઓ અમશાસ્પંદો છો તેઓ વિસ્તાસ્પ, કે જેનો ખાનનો ઓદ્રપદો છે, અને જે ઓતરફ વખાણ પામેલો છે, તેનાં મકાન તરફ આગળ વધો, એવી મતલબથી કે તે આ દીન ઉપર ભરૂસો લાવે (એટલે જે તે આ દીનને માટે એતબાર થાય); અને સ્પિતામના અષો જરતોસ્તે તેને જવાબમાં જે

[1] "જરતોસ્ત નામા"માં જણાવ્યા મુજબ બે અમશાસ્પંદો ભેગે બે આતશો આવ્યા હતા; એક આદર ખોરદાદ અને બીજો આદર ગોશસ્પ.

આંખુનો કયા છે તે આખુનો કજ્જ શખે." અને એ રીતે આ અખબા- [illegible] ફુલ્લરનાર મેકેન તરફ એવા તો પ્રીતિ બરેલા [illegible] સાથે [illegible] કે "તેને તેમનાં ભારી ખગ અને ફુલેકને લીધે તેમનો પ્રકાશ તો [illegible] અવસાનમાં ખોખું રેશમીનાં એક બેહતન [illegible] આવ્યો; તે [illegible] કે જ્યારે આ રેશમી ઉપર તેની નજર પડી ત્યારે તે [illegible] રેશમનો કએ ઉતારણ પૂછ્યો, તેના અખબા દરબારીઓ પૂ- છ્યા, તેના [illegible] ગભરાઇ ગયા, અને મોટા [illegible] રીતે રૂડો ઓટેલા ઘોડાના હાંકનાર જેવો થઇ ગયો."

"જરીઓત નામું" આ કાબેલનું [illegible] તેનને [illegible]

[illegible]

[illegible]

ન્યૂક્રેઠ અજ્ઞાન, અથવા અને શાંતિ, તેની નજીક રહેલાં અને જુદી
કાર્યોનો ભાગ. તેજ વખતે તેણે કહેતા હોયશકે સૃષ્ટાન્તમાં જેમ
નામ તેથેરમ રૂપેનારે કહેલાછે, એથી અગાઉથી કે પ્રાકૃત્યને
રૂપાન્તરોની પ્રકૃતીમાં નજર નાખવાનું અની આત્મા માટે તેને છૂટક
થતા જવાનું આવી પ્રબળી આત્મિકતત્વ અનાદ્યાનંદ હતે અને આત્મામાં
આવે. કેમ કે સ્વભાવના વિચારની મદદથી પુનર્જન્મ તેથી શાંતિ અને
ખુશી વધારે હાથી છે." આકાશને હવે આત્મિકતત્ત્વ આનંદાનંદ એક
સુંદર ગગનમાં છૂટનીના જેવું થયું અને ઉપર આવે છે.
અને તે તે થી જાય છે અને પછી પુનર્જન્મના બંધનમાંથી
તેની કાંઈ પણ ઈન કામ કરે છે. આ બાબત "પરમેશ્વર નામ"
એવી રીતે પૂરું કરેછે કે એ પછી માયાઓનો એટલે પોતાના સંસાર
જન્મના હાથમાંથી છૂટી જાય છે અને તે જાય છે અને તેથી તેઓ
કેવળ સુધી તે અમર રહેતા આવે છે,[1] તથા પછી તત્ત્વ અનાદિ
કાળ અદ્રષ્ટ પુરુષો પુરું છે અને આવા જન્મનું જ્ઞાન હોયજ હતું,[2]
અને એવો અદ્ભુત અવસ્થાર કારણ તેના આય છે, કે તેઓ તેનું
શરીર કાંઇનાં તન જેવું એટલે કદી જન્મ નહિ થાય એવું અને
છે,[3] એવી માન્યતા કે તે રીતની તરફથી આવી સમાપ્ત થઇ. પુનર્જન્મે
તે આ અંકુશ જોતી હતી તે આ મૂળમાં પહેલા આપણાં આપીછે.

સારાંશ.

હમે પુનર્જન્મે રીત કબુલ કરવાના હેતુનું વિવેચન કરતાં એ
જનાવની સમાજ ખાતે કેટલી પણ ખાતરી થઇ શકે નહિ; તોપણ એ
હકીકત કહેવામાં આવી છે તેમાની કેટલી બિના ખરી છે અને કેટલી
ખનાવટી છે તે નક્કી કરવું સહેલ નથી. તેમજ વળી એ હકીકતનું
ઘણું કેટલું પુરેપુરું અથવા કેટલું પાછળ જમાનાનું છે તે મુકરર કરવું
પણ સહેલ નથી. એ હકીકતોમાની કેટલીએકને માટે પોરાણિક અવસ્થાનું

1 અવસ્થાના આન પેદાશ ઉપરાંતના પોતાના હોવા અમર
ગણ્યા છે

2 અવસ્થામાં, પેદાશ એકોના, આન પછીના પાછળના ઉપરાંતના
આ વખતને "હાલના બનાવને" કહ્યો છે

3 હાલનાના વાતુમના મુખ્ય અવતાર ઉપર પોતાના થવા તે આ
આદર્શિત્વ સામની વાહ (કેવી ?) ગણવાથી થવા હતી, કે એ અવસ્થાના
આશાયનાંથી પોતાની રીતે લાવેલા કહેવાય છે.

વખતોમાં ઘણા ફેરફાર કીધેલા જણાય છે. તેઓ આપણને હાલે કરતાં ઘણા ભાષાનાં જમાનામાં ઠરાવિતજ આવી શકે, કેમકે એ ગાથાઓની ખાસિયત એવી છે કે તેઓમાંથી એવી બિના કહાડીજ નખાય. આ ફકરાઓમાંની કોઇ કોઇ અગતી ઇશારાઓને આધારે રચાએલી લાગે છે, કેમ કે ઇશારાઓનો ખાસ મતલબનો અનુસરતા ભાગમાં આવ્યો છે. કેટલીક બિના અમે આપણને બેતકુરી જરેલી એવી લાગે છે. પણ તેઓમાંની ઘણીએક મનોહર અને કેળવણ તરફના દેશોનાં લોકોની કલ્પનાને અનુસરતી રંગીન જણાય છે.

એ બધું ત્યાં, [illegible]

ભાગ ૬.

વિસ્તાસ્પની દરબાર અને તેનું દીનમાં આવવું.

———:o:———

ગાથા અથવા જરતોશતનાં બનાવેલાં ગીત.

જરતોશતનો મુરબ્બી ગુશતાસ્પ—તેની જવાનીની અદભૂત વાર્તા—ગુશતાસ્પે નવી દીન કબૂલ રાખવાની અસર—વિશતાસ્પના દરબારીઓ; તેઓએ એકદમ દીન કબૂલ રાખવી—ગાથામાં જણાવેલા જરતોશતના જમાનાના પુરૂષો—દરબારમાં બિરાજનારા બીજા ધણીઓનું દીનમાં દાખલ થવું—સારાંશ.

જરતોશતનો મુરબ્બી ગુશતાસ્પ.

કવિ વિસ્તાસ્પ અથવા પાદશાહ ગુસ્તાસ્પ—જરતોસ્તી મઝહબનો કોન્સ્ટેન્ટાઇન અને દીનનો રક્ષક—નવા મઝહબના સંબંધમાં એવોતો અગત્યનો ભાગ ભજવે છે કે એ અહીં પાદશાહની તવારીખના સબંધમાં થોડીએક વધુ વિગતો આપેલી યોગ્ય જણાશે. તેનું નામ અવસ્તાનાં અને પેહેલવી લખાણોમાં, શાહનામામાં, અને કુરાનના સબંધમાં લખનારા મહમદિયાન ગ્રંથકારોમાં વારંવાર આવ્યા કરે છે. વિસ્તાસ્પનાં કૃત્યો અને ખેશીઓની એક સંક્ષેપ ટીપ યુસ્ટીએ આપેલી વિગતવાર વંશાવળિ ઉપરથી પાંસેના સફા ઉપર ઉતારી લીધી છે.

વંશાવળિની આ ટીપ ઉપરથી આપણુ જોઇયે છિયે કે જરતોસ્તનો મુરબ્બી અર્વતસ્પ (લોહરાસ્પ)નો બેટો થતો હતો, અને તે અસલી કયાની પાદશાહોનાં ખાનદાનથી ઉતરેલો હતો. તે નઓતરિયાન કુટુંબનો હતો (અવસ્તામાં નઓતઇર્ય નઓતઇર્યાન). એટલે જે તે નઓતર (ફિર્દુસીના નઓજર) નામના નેપાગાનથી ઉતરી આવેલો હતો. ગુસ્તાસ્પની રાણી હુતઓસ (પેહેલવીમાં હુતોસ), કે જે જરતોસ્તી મુરબ્બીગીરી કરનારી બાનુ હતી, તે પણ નઓતઇર્યાન ખાનદાનનીજ હતી.[1] ગુસ્તાસ્પનો ભાઇ જઇરિવઇરિ (ઝરીર) એક

1. "યાદગારે જરીરાન" નામના પેહેલવી કિસ્સાનાં હુતોસને માઉષન ઘોડાના રેવાજ મુજબ વિસ્તાસ્પની રાણી તેમજ બહેન જણાવી છે.

વિલક્ષણ પેહેલવાન અને નવી દીન મોટા ઉત્સાહથી કબુલ રાખનારો હતો તે નીચે દર્શાવેલાં ધર્મ સંબંધી પહેલાં જંગની લડાઈ દરમ્યાન બહાદૂરી ભરેલાં મોતે મરી જઈને હમેશાની નામના મેળવે છે. પાદશાહ ગુસ્તાસ્પને ઘણાએક બેટાઓ અને બેટીઓ હતી.[1] આ બેટાઓમાંના બે અસ્ફંદિયાર અને પેશોતન વિષે હમણાજ આપણે ઇશારો કીધો છે, અને વળી ફરીથી તેઓ બાબે બોલવું થશે. હુમા (પેહેલવીમાં હુમાઈ) નામની તેની એક બેટી, કે જે, પોતાની ખુબસુરતીને માટે વખણાયેલી હતી, તેને તેની બ્હેન બેહ-આફ્રીદ જોડે પાદશાહના કટ્ટા વેરી અરજાસ્પે પકડી લઇ જઇ કેદખાને નાખી હતી; પણ શાહનામામાં જણાવ્યા મુજબ તેમના શૂરવીર ભાઇ અસ્ફંદિયારે તેઓ બંનેનો બહાદૂરીથી છુટકારો કીધો હતો.

ગુસ્તાસ્પના સંબંધમાં અવસ્તામાં જે મૂખ્ય બાબતો બાર મુકીને જણાવવામાં આવી છે તે તેના દીનમાં દાખલ થવા વિષે, મજહબને દીલોજાનથી બરેલો ટેકો આપવા વિષે, અને દીનની તરફથી બળવાન યુદ્ધ ચલાવવા વિષેની છે. વળી પાદશાહોમાં તેની બરાબરી નહિ થઇ શકે એવા આ હાકમને તેમાં વધુ એવો ચિતાર્યો છે કે ધર્મ સંબંધી તાબેદારીની અને ધર્મગુરૂ કેવા હોય તેની ગોયા તે મૂર્તિજ છે; ધર્મગુરૂઓના મવક્કલ ઇજદ સરોશનો ગોયા તે આ દુનિયાનો પ્રતિનિધિ છે; અને રસ્તાખેજને દહાડે જેઓને ક્રિયા કરનારા ગુરૂઓ દાખલ પસંદ કરવામાં આવશે તેઓમાંના એક દાખલ ગુસ્તાસ્પ પણ મદદગાર થઇ પડશે. એક ધર્મગુરૂ દાખલની ગુસ્તાસ્પની આ ખુબી કે જે ધર્મગુરૂઓનાં લખાણોમાંથી મળી આવેછે તે આ દંતકથા સાથે પણ મળતી આવતી જણાય છે કે પોતાની જીંદગીના સઉથી પાછલા ભાગમાં રાજદારી બાબતોથી તે અળગો થયો હતો અને બાકીની જીંદગી તેણે ધર્મ સંબંધી ઇબાદતે જવામાં અથવા ખોદાની બંદગીમાં મશગુલ રહેવામા અર્પણ કીધી હતી.

વિસ્તાસ્પની જવાનીની વિચિત્ર વાર્તા.

આ નમુનેદાર પાદશાહની જવાનીના સંબંધમાં એક અદ્દભૂત વાર્તા ફિર્દુસીએ પોતાનાં શાહનામામાં કહેલી છે, અને "તારીખે

[1] "યાદગારે જરીરાન" મા તેમની સંખ્યા ૩૦ની જણાવી છે. શાહનામામાં પણ જણાવ્યું છે કે ગુસ્તાસ્પના ૩૦ બેટાઓ જુદી જુદી લડાઈઓમ માર્યા ગયા હતા. તેમાં બે બેટીઓનાં નામો આપ્યાં છે. જેમાંની એકનું નામ અવસ્તામાંથી મળે છે

માજમ"ની સત્તા ઉપરથી મીર્ખુંદે પણ તે જાહેર કરી છે. આ મોટા
ર લખનાર મુજબ ગુસ્તાસ્પને પોતાના બાપ પાદશાહ લોહરાસ્પ
થ કંઇ અણબનાવ થાયછે, અને પોતાના પિતાનું વસાવેલું બલ્ખ
ર તે છોડી જાય છે. તે ઇરાન છોડે છે અને આથમણે રૂમ તરફ
કે છે. ત્યાં એક શેહેનશાહની દરબારમાં બરાબરી નહિ થઇ શકે
ાં બહાદુરીનાં કામો તે બજાવે છે, શાહજાદી કતાયૂન (કિતાબૂન,
થવા નાહીદ) નો હાથ જીતે છે, પોતાના ભાઇ જરીરની સારી
લેહતથી તેને પોતાના બાપ સાથ પાછી દોસ્તી થાય છે, ને ઇરાન
ો ફરે છે અને લોહરાસ્પને હાથે તાજ પહેરે છે. એક નવલ કથાના
ી શાહનામામાં આવી વાત જણાવેલી છે.

એવોજ એક વિલક્ષણ કિસ્સો એથીન્યસના ગ્રંથમાં જળવાયલો
જે બાબે માઇટિલીનીવાળા ચારિસે બયાન કરેલું છે. પણ એ કિસ્સો
પા અને તેની નીચેના મુલકવાળા હીસ્તાસ્પીસના ભાઇ જરિયાદ્રિસ
ારવા મેળે જરીર) ની જવાનીના સંબંધમાં રચાયલો છે. એ હેવાલ
જબ જરિયાદ્રિસ પોતે કાસ્પિયન સમુદ્રના દરવાજાથી તે ટાનાઇ નદી
ીના મુલક ઉપર હાકમી ચલાવે છે, કેજે મુલકમાં વાર્તાનું ઠેકાણું
લું છે. આ કિસ્સામાં જણાવેલી શાહજાદીનું નામ ઓદાતીસ છે.
ાની માફક આ કિસ્સાનો પાયો પણ કલ્પિત હોય અથવા કોઇ
ી બનેલી વાત ઉપર રચાયલો હોય, તોપણ તે જાણવા જોગ એટલા
ે છે કે વીસ્તાસ્પનું નામ થોડોક વખ્ત સુધી એશિયાના પશ્ચિમ
ના મુલક સાથ તે જોડે છે. જ્યારે શાહનામામાં ગુસ્તાસ્પને પાછો
ો જણાવે છે, અને સઘળી પાછલી દંતકથા મુજબ બલ્ખ શેહેરમાં
પોતાના બાપનાં તખ્ત ઉપર બિરાજતો દેખાડે છે, ત્યારે ઉગમણુ
ે આથમણુ—મીડ્યા અને બેકટ્રિયા—ને જોડનારા તે તર્કની
ેણુમાં આપણને એક નવી શાહદત મળે છે, કે જે તર્કવાળાઓ
ું માને છે કે જરતોસ્ત પછી તેનો મજહબ ધીમે ધીમે પશ્ચિમથી
તરફ બદલાયો હતો.

ગુસ્તાસ્પે દીન કબૂલ રાખવાની ભારી અસર.

એક તવારીખી બનાવ દાખલ જોતાં ગુસ્તાસ્પનું દીનમાં દાખલ
ું તે જરતોસ્તના મજહબના સંબંધમાં મહાન બનાવ છે. અત્યાર સુધી
ધર્મ તરફડિયા મારતો હતો તેને હવે એક પાદશાહી મુરબ્બી અને
ણ કર્તા મળ્યો છે. એટલામાટે જરતોસ્ત હવે એકદમ પોતાના આ

નવા મેહાને નેકીના માર્ગને પ્રગતો ઉપદેશ આપવા માંડે છે. આ ઉપદેશોની દંતકથારૂપી યાદદાસ્ત "વિસ્તાસ્પ યાસ્તો" નામની પાછલા અવસ્તામાં લખાયલી એક ચરતના ખવેલા ભાગમાંથી મળી આવે છે; અને અવસ્તાઇ ધર્મની એ લિખવણીઓની મુખ્ય બાબતોના દંતકથા ઉપરથી દાખલાઓ આપીને "જરતોસ્ત નામું" સામાન્ય રીતે સંક્ષેપમાં વધુ વિવેચન કરે છે. પેહેલવી ગ્રંથ "દીનકર્દ" આ બાબતમાં એવી મતલબનું રસીલું બયાન ઉમેરે છે કે "જ્યારે જરતોસ્તે વિશ્તાસ્પના મેહલમાં દીન જાહેર કરવાનાં ગાયનો ગાયાં ત્યારે ચાપગેરો અને બોજો ઉઠાવનારાં પશુઓએ તેમજ મેહલમાંના આતશોએ પોતાની અમુક ખુશહાલી દેખાડી આપી તે નજરેનજર જોવામાં આવી હતી." દીનનો એક નવો પેહેલવાન અને તેમજ પ્રાણીમાત્રનો રક્ષણ કર્તા મળી આવ્યો છે તેથી ચોતરફ ભારી ખુશહાલી ફેલાઇ રહી છે, અને આહરેમનના દેવદરૂજો અંધકારમાં ગુમ થઇ ગયા છે.

ગુશ્તાસ્પના દરબારીઓ;

તેમનું ઉતાવળું દીનમાં દાખલ થવું,

ગાથામાં જણાવેલા જરતોસ્તના જમાનાના પુરૂષો.

પાદશાહે અને તેની રાણીએ દીનમાં દાખલ થવાનાં કુદરતી પરિણામ દાખલ બે ફળ નિપજ્યાં. એક એ કે પાદશાહની દરબારે એકદમ જરતોસ્તનો મજહબ કબૂલ રાખ્યો; અને બીજું એ કે મજહબ હવે જલદીથી આખી ઇરાન સરજમીનમાં ફેલાવા માંડયો. આ બેમાંના પહેલાં પરિણામ બાબે અહીં પ્રથમ વિવેચન કરીશું, અને તેની જોડે દરબારમાં ક્યા ક્યા પુરૂષો હતા તેમનું ટુંક બયાન આપવું જરૂરનું છે, તેમજ તે જમાનાની જીંદગી અને આસપાસની હકીકતના સંબંધમાં થોડાક શબ્દો કહેવા પણ અવશ્યના છે.

વિશ્તાસ્પની દરબારમાં જરથુસ્ત્રનો મરતબો કેવો હતો તે બાબેનો અર્દવી સરસ ચિતાર જે આપણી કને છે તે, તેમજ તેની હાલની જીંદગીની સાથે તેની આગમજના ધર્મ સંબંધી જમાનાનો મુકાબલો કરવા માટે જે ખરેખરો અને તેજસ્વી આભાસ આપણુ મેળવી શકિયે છિયે તે, ખુદ ગાથામાંથીજ મળી આવે છે. અંહી આ મોટા ધર્મ સુધારક અથવા તેના પોતાના ચેલાઓના કહેલા શબ્દો પોતેજ આપણુ પાસે મોજુદ છે; અને ગાથામાં સંભળાતા ઘુમટ્ટ અવાજનો ખળખળાટ

ાનાં ગીતોના પોકારના જેવોજ ખરો અને અંગિક છે. ગાથામાં
રેલા જુસ્સા તરેહવાર છે. આશા, નિરાશી, ખુશહાલી, નાઉમેદી,
પછી એક ઝડપથી બદલાતાં જાયછે; એક પળે વિશ્વાસ અને
ારો તો બીજી પળે શક અને આનાકાની; એક વખતે હોંશ અને
ાશી જણાય છે તો તેની પુઠે શાંતિ પકડેલી અને ખોદા ઉપર
। ધારવામાં આવેલું જણાય છે; હમણા ઉપદેશ કરવામાં, ઉત્તેજન
ાાં અને કબૂલત આપવામાં આવે છે; તો પછી ફિલસુફી ભરેલા
ારોનું મનન કરવામાં અથવા ગુપ્ત ભક્તિ ભજવામાં આવે છે, કે
. ધર્મ સંબંધી મતલબ જેઓ એ ભક્તિ માર્ગમાં શામેલ હોય
. અહીં રીતે સમજી શકે; વળી એકવાર અંધકારનો છાયો ફરી
છે, કેજે ઉપર કંઈક રોશનીથી, કંઈક આકાશી દર્શનથી, કંઈક
રતથી પ્રકાશ પડે છે; ત્યારે છેલે ભવિષ્યવાદી જીવ ફતેહના મોટા
ાજા સાથ અને ખુશહાલી પેદા કરનારી જયના હર્ષ સાથ આતરી
ર લઈ ઉઠે છે. ગાથાનાં ગાયનોમાં ધીમે સ્વરે જે જુસ્સાઓ દેખાતા
ાય છે તે આ છે. જુદદીન અને નાસ્તિક દીન અને ડહાપણના
તો સ્વિકારે તો ઘણું સારૂં: કેમકે ઘાતકી માણસ અને કાફર,
ત અને દેવ, એઓને ગાથામા બહુ જુસ્સાભેર શાપ દેવામાં આવ્યા
પણ રાસ્ત અશવન અને ધર્મી હાકેમની તેમાં ભારી સ્તુતિ
ામાં આવી છે.

પેલી દીન ઉપર ઇમાન લાવનારાઓની નાની ટોળી ધર્મને માટે
ક લડનારી ફોજ બને છે. ક્રિયાશાસ્ત્ર જેવું એ દીનમાં કશુંજ નથી,
રા તો ઘણું જુજ છે. નવા ધર્મને પ્રસિદ્ધ કરનારા યોદ્ધાજ છે, પણ
આપણી નજર આગળ એક પછી એક દીલચાલ કરતા ખુલ્લા
મ પડે છે. તેઓમાંના યોદ્ધકનાંનામો દષ્ને ગાથામાં ઇશારો કીધો
જેઓમાંના ચોક્કસ ઘણીઓ તો જરતોસ્તના પોતાના ખેશીઓ છે.
ામથી ઉતરી આવેલા નર્યાગઓ, જેઓ હવેચનરપના ખાનદાનીઓ-
મે ઓળખાય છે, તે અને જેઓએ પાદશાહી મેહલમાં જરતોસ્તને
ો ફતેહમાં ભાગ લીધેલો હોવો જોઇયે, તેઓ દેખાતી ભોગવનારા
. છે. જ્યારે પેગામ્બર બોધ દેતી વેળા તેઓને બોલાવે છે ત્યારે
ણુ તેમને પિછાનિયે છિયે. તેની માનિતી પુત્રી પોઉરૂચિસ્ત, કે
જામારપ સાથની શાદી આ ગાથાવાણીની એક બાબત થઇ પડે છે,
પુત્રીધર્મનો અને ઓરતના ભક્તિભાવનો એક નમુનો ગણી શકાશે.
પિતાઇ મેદ્યોમાહ દીનમાં સર્વથી પહેલો દાખલ થનાર તથા એક

નાનના ખાવિંદા બેટા ઝાયલ આપણાંની બખતે આસમાનની તરફીના સફો છે. જરથોસ્ત્ર અમીર, જેને ગુનાહના ગફલતો વટેર અને ગુમરાહનો છે, તે પોતાના એરા દવાથી ([illegible]) ગુનાહગારના પેગમ્બરે તેવું પોતાના વાસ્તી અરેમ ખવિંદગાર દેખાડી આપે છે. અમે દરેક તવખાત કેમ ખડદાદનો કહીએ જસદાનને અને દીનનો પેદો ખ્વાજસ્વીસ છે, તથા કે જરથોસ્ત્રના ભાઈ આવે છે, તે વખત અને એવા તો સદાચારભાવીએ અવદાદ અને દીનનો અમેદ તેઓ દેખાડી મદદના આપેલ જાય છે કે જરથોસ્ત્રનાં ખાવું પાડી એ અદાલ ગેમ સૂરતો પેગમ્બરીના ભલો તેને સ્વાદદમામાં આવે છે, અને પાટલ પુરેગાસ્ત તેને વસ ખંજરના અધિકારે ઉપર પવિત્ર [illegible] પ્રથમ મુકરર કરીએ. નાદસાનો જણાવ્યું છે કે જરથોસ્ત્રની [illegible] "અભગ્રા વરેદ" તેનું પ્રથમ જમો દલદમાં તે તે હતો. આથામાં [illegible] આ પુરેગાસ જમખમાં પેદેથી વહિલમાં આવેલા કરમકાંના [illegible] ચાની કશી અરજ નથી. તેઓ વિદેની બાબત કેટલિક વિગતો આસમાન સફાનિઓમાં ખાસ બોલવામાં આવી નથી [illegible]. અહીં તો અવસ્તાના આથામાંથી એકજ ફકરો માત્ર ઉતારી શકાયું. તે "આથા [illegible]" માંથી લીધો છે. પેગમ્બરે પોતે પોતાની બખાતમાં એક સવાલ પૂછે, અને તેના જવાબ તે પોતેજ અશાંતિક દમે આપે છે—

"જરથુસ્ત્ર! એવો કોણ ધણી છે જેને તારો સાચો દિલ છે: એવો કોણ છે જેને પોતાની જુદાઈ તેઓને માટે વખાણ પવિત્ર મયની ખ્વહેશ નમિછે! તે બહાદુર વિસ્તારપ છે. અને તેણે પોતાની દરબારમાં દીનની વખાણ આગને જેઓ પાસે દીન કબૂલ કરાવી છે તેઓને હું બધી મનશ્નીના સુખનોથી નામ દઈ બોલાવું છું. "વિવાગમનાં આનદાનના હમિસ્તરપના ફરિદો! તમોને હું આમ કહુંખું કે તમોએ બદીયા નેકીઓ તાહાત વિકાન્યા છે, અને જે હામો કે દાદનજાના બદલા કરમાંના છે તે બાબ બાવીને તમોએ તમારે પોતાને માટે અર (ગાથી) અખિત્યાર કરેલી છે.

"હુતાઓક્ષના બેટા અમે જરથોસ્ત્ર! આપણા પવિત્ર ફરિસ્તાને મદદનાને, કે જેઓને સુખના દેવાની આપણ દાનત રાખીએ છીએ, તેઓનાં બદલે તું ત્યાં જા, કે જ્યાં અનંઘ્રરિ (એકદિલી; પૂરી ઉપર મરકઝ દરજ) ગા (ગાથી) થાન બેઠાપથી છે, જ્યાં વોહુમનોનુ રાજ્ય (હાક) હંમેશ મુકરર સ્થાપવામાં આવેલું છે. અને જ્યા અહુર-મઝદ અરદીબેહસ્ત વગેરે વસે છે. અને જ્યાં હુતાઓક્ષના બેટા, અમે જરથોસ્ત્ર,

[illegible] ([illegible]) [illegible]."

[illegible] ([illegible]) [illegible] ([illegible]) [illegible] ([illegible]) [illegible]

[illegible]

[illegible]

[illegible] " [illegible] " [illegible]

અને [illegible] હતા, [illegible]

[illegible] અને [illegible] નથી [illegible]

જે નિયમો કેજે તમારા (અમશાસ્પંદોના) છે તે હું જાહેર કરીશ, અને જે કાંઇ તમારા નિયમો સાથે મળતું નહિ હોય તેનું કદીજ જાહેર નહિ કરીશ."

દીન ઉપર ઇમાન લાવનારાઓને લગતા એવાજ અગિક ઇશારાઓ ગાથાના છંદ રૂપી ગાયનોમાં અનેક ઠેકાણે આવેલા છે; પણ તે બાબે હવે વધારે બોલવાની જરૂર નથી. જરતોસ્તનાં પોતાના ફરજંદો અને કુટુંબને લગતા મુખ્ય મુદ્દાની વાતો બીજા બાબમાં રજુ કરેલી છે, કે જેમાં તેજ બાબતનું વર્ણન આપેલું છે. હવુજ (હ્વોગ્વ) ખાનદાનને લગતું વંશાવળીનું ઝાડ તેજ બાબમાં આપેલું છે, કાંયકે પોઉરૂચિસ્ત અને જામાસ્પની, તથા હ્વોવિ (હ્વોગ્વી) અને જરતોસ્તની પોતાની વચ્ચે થયલી શાદીથી બનેલી બેશાવંદીની ગાંઠ તેમાં દેખાડેલી છે. તખ્તનાં પાદશાહથીજ ઉતરતા ધણીઓ સાથ બેશાવંદીની ગાંઠથી પોતે બંધાઇને જરતોસ્તે દરબારમાં પોતાનો મરતબો કેટલો બધો મજબુત કીધો હતો તે હવે સહેલથી ધ્યાનમાં ઉતરશે. આ બાબતમાં જે કાંઇ ખોલાસાઓ આપવામાં આવ્યા છે તેઓમાંના લગભગ સઘળા ખોલાસાઓનું મૂળ અવસ્તા પોતેજ છે.

દરબારમાં બિરાજનારા બીજા ધણીઓનું દીનમાં દાખલ થવું.

ગુસ્તાસ્પનાં દરબારી નજીક સાથ લગોલગ સબંધ રાખનારા જે ધણીઓ દીનમાં દાખલ થવા હતા તેઓમાના બેના નામો એકદમ જાહેર કરી દેવાં જોઇએ. એઓમાનો એક તો પાદશાહનો ભાઇ જરિરવઇરિ (જરીર). અને બીજો તો પાદશાહનો બહાદુર બેટો સ્પેન્તોદાત (અસ્ફંદિયાર) છે. તેઓના નામો ગાથામાંથી મળી આવતાં નથી, પણ અવસ્તા બાકીના રચાયલી યસ્નોના લખાણોમાં દીન ઉપર ઇમાન લાવનારાઓમાં તેમનાં નામો સૌથી પહેલા લખાએલા છે, અને પેહેલવી "દીનકર્દ" તથા "ઝિકર મુનાકિબ વિજર" નામનાં પુસ્તકોમાં તો દીનનાં સૌથી પહેલા દાખલ થનારાઓ તરીકે જણાવીને તેમની સ્તુતિ થાઇ છે. આ ખાસ પેહેલવી દસ્તાવેજ વળી એવું પણ દેખાડે છે કે ઘણાએક અમીર ઉમરાવો અને પાદશાહી ખાનદાનીઓ દીન તરફ પહેલા ખેંચાયા હતા. "દીનકર્દ"મા એવું જણાવ્યું છે કે "સૌથી પહેલાં જરીર, અસ્ફંદિયાર, ફ્રશોસ્તર અને જામાસ્પ, તથા દેશના કેટલાક આગેવાનો જેઓ બીજા આદમીઓમાં અનોખી ખાનદાનના મશહુર, નેક રીતે ચાલનાર, બધા

બાબ ૭.

ભલી દીનનો ફેલાવો.

શરૂઆતનો ધર્મ સંબંધી વિસ્તાર.

શરૂઆત, કિશ્મરનું સર્વનું ઝાડ—સંખ્યાબંધ લોકોનું દીનમાં આવવું; ભલી દીનનો ફેલાવો; શરૂઆતનો ધર્મને લગતો વિસ્તાર—ઇરાનમાં મજહબનું આગળ વધવું—તુરાનમાં થોડાક દીન કબૂલ રાખે છે—દીન કબૂલ કરનારા ખાતરીથી મનાતા હિંદુઓ—બ્રાહ્મણ ચંગ્રંઘાચની વાત—હિંદુ રૂષી "વ્યાસ"—યુનાનીઓએ દીન કબૂલ કરવાની કથા—શું જરતોશ્ત બેબિલન ગયો હતો?—સારાંશ.

કિશ્મરનું સર્વનું ઝાડ.

જરતોસ્તની તથા ગુસ્તાસ્પે નવી દીન કબુલ રાખી તેની હકીકત જણાવતાં શાહનામામાં બયાન કીધું છે કે ગુસ્તાસ્પે મજહબ કબુલ રાખવાની યાદગારીમાં ખોરાસાન અથવા બેકત્રિયામાં આવેલા તરશીઝ નામના જીલ્લાનાં કિશ્મર નામે શેહેર મધે બાંધેલાં આતશખાનાંના દરવાજા આગળ જરતોસ્તે એક ઝાડ રોપ્યું હતું અને તેનાં થડ ઉપર એવો લેખ કોતરાવ્યો હતો કે "ગુસ્તાસ્પે ભલી દીન એખ્તિયાર કીધી છે." આ અજાયબ જેવું ઝાડ, કિશ્મરનાં આ સર્વનો ઉપરબાર અને જમાનો ચમત્કારિક થઇ પડ્યા, જે બાબેની બિના "ફરહંગે જેહાંગીરી," "દબિસ્તાન," અને બીજાં લખાણોમાં આવેલી છે. જે અલંકાર આપવામાં આવ્યો છે તે ઉમદા છે; દીનને ઝાડનું રૂપ આપવામાં આવ્યું છે, કેજે પોતાની શાખાઓ પાંથરી નાખે છે ને ગોયા જરતોસ્તનો મજહબ પાદશાહ અને દરબારની મુરબ્બી દાખલની મેહરબાનગી ભરેલી સંભાળ હેઠળ ઝડપથી ફેલાવો પામે છે.

દીનમાં દાખલ થનારા બીજા આસામીઓ; ધર્મનો ફેલાવો; શરૂઆતનો ધર્મ સંબંધી વિસ્તાર.

પાદશાહની નજદીકનાં મંડળની બાહેર હવે દીન એખ્તિયાર કરવાનું કામ સ્હવેરી શરૂ થયું. બેશક આમ લોકોમાં મજહબને માટેનો

[illegible]

[illegible]

[illegible]

પાછળ રાખ્યું છે, કેમકે ક્રમ શેવટે "કેવાની અર્દશીર કે જેને તેઓ સ્પેન્દદાતનો બેટો વોહુમન કહે છે તેણે સરઅંજામ ઉતાર્યું હતું." ગુસ્તાસ્પની ધર્મ સંબંધી જેહેમતને લગતી કથા બીજા લખનારાઓ પણ એવીજ જાહેર કરે છે. દાખલા તરીકે ઇબ્ન અલ-અથીર નામનો આરબ ગ્રંથકાર જણાવે છે કે જ્યારે ગુસ્તાસ્પે દીન કબૂલ રાખી ત્યારે "તેણે પોતાની પ્રજાનાં લોકોને પણ તેમજ કરવાની ફરજ પાડી, અને તેઓએ તે કબૂલ રાખી નહી ત્યાંસુધી તેણે તેમને મોટી સંખ્યાને કતલ કીધી." આ પાછલા જમાનાનો મહમદિયાન વીચાર હશે, તો પણ આગ લગાડવા અને તલવારથી કાપી નાંખવાના ઇશારા અવસ્તામાંથી બેશક મળી આવે છે. ધર્મના ફેલાવા માટેની લડાઇઓ ઇરાનમાં અને ઇરાનની બાહેર ચલાવવામાં આવી હતી તે બાબેનાં હવે પછીના પ્રકરણમાં ઉપલી બાબતને લગતા વધુ પુરાવાઓ જોવામાં આવશે. પહેલાં તો ખુદ ઇરાનમાંજ દીનનો ફેલાવો કેમ થયો તેની આપણે ખબર લેવી જોઇએ.

મઝહબનો ઇરાનમાં ફેલાવો.

આ વાત ઘણે દરજ્જે ચોક્કસ છે કે ખુદ ઇરાન સરજમીનમાં જરતોસ્તના મઝહબનો આશ્રય પાદશાહી સત્તાની દ્રષ્ટીથી જોયા તેને પવન નખાયો હોય તેમ ઝડપથી આગળ વધી ચાલ્યો હતો. જુની દીનમાંથી નવી દીનમાં લોકોને દાખલ કરવાં એજ જ્યાં જોઇએ ત્યાં મુખ્ય કામ થઇ પડ્યું હતું. મઝહબના સાથીઓ વધતાજ ચાલ્યા, અને જે લશ્કરની સરદારી દરબારે લીધી હતી તેના ઝુંડ તળે દિગ્વિજય અંજામ કરનારા સિપાહીઓ મોટી સંખ્યામાં જમા થવા લાગ્યા. એઓમાંના ઘણાઓનાં નામો પણ અવસ્તાવાણી ઉપરથી તથા પાછલાં સાહિત્યો ઉપરથી જાણીએ છિયે. યસ્તોમાંથી આપણને સારી ઇબારતમાં રચાયલી એક ટીપ મળે છે, કે જેમાં નજદીક એકશો પવિત્ર પુરૂષોનાં નામો આપેલાં છે કે જેઓ પાદશાહ ગુસ્તાસ્પનાં મંડળ સાથ તાલુક ધરાવનારા હતા. દેખીતી રીતે તેઓ જરતોસ્તી દીનના પહેલા ચેલાઓ હતા, જેઓ 'પઓઇર્યોત્કએશ' કહેવાતા હતા. શરૂઆતના જમાનામાં મઝહબ ક્યાં સુધી અને કેટલી ઝડપથી ફેલાયો તે આપણ જાણતા નથી. તોપણ આપણ એટલું તો જાણિયેછીએ કે સીસ્તાનના મુલકમાં દીનનો સંબંધી પહેલો ફેલાવો કરવામાં આવ્યો હતો. કેમ પાછળથી જોવામાં આવશે તથા "સગસ્તાનના ચમત્કારો" એ નામના

પેહેલવી ગ્રંથને આધારે તે સાબેત કરવામાં આવશે, કેજે ગ્રંથ બાબે બીજે ઠેકાણે ઇશારો કીધેલો છે. ઈરાનના બેશક એવાબી કેઇ કેઇ ભાગો હતા કેજે માત્ર નામનાજ જરતોસ્તી હતા. ગુસ્તાસ્પના ખરેખર મરતબા અને પાદશાહાતના સવાલ સંબંધી અટકળો પણ એકથી વધારે થયલી છે. કઇ કઈ સરજમીનો અને મુલુકોમાં દીનનો ફેલાવો થયો હતો અને ખુદ ઇરાન સરજમીનમાં તે કેટલીક મુદત આગમજનો થયો હતો તે સિદ્ધાંત પણ બીજા ભાગમાં ચુનોચરા કરવા જોગ્ય છે. એક વાત ચોકસ છે, અને તે એ કે જરતોસ્તી મજહબને ઇરાન દેશમાં પ્રજાનો ધર્મ થઇ પડવાની સજત હતી.

દીન કબૂલ રાખનારા થોડાક તુરાની ચેલાઓ.

ફક્ત ઇરાન સરજમીનની સરહદમાંજ દીનના ફેલાવાનો વીસ્તાર આવી રહેલો ન હતો. અવસ્તાવાણી ઉપરથી આપણ જાણિયે છીયે કે બીજા મુલુકો અને દેશોએ પણ નવી દીનની ખુશખબરીનો પોતાનો હિસ્સો મેળવ્યો હતો. તેમાં જેમ ઇરાન દેશના અશો લોકોનાં ફરોહરો યાને રક્ષક શકતિઓને યાદ કરવામા આવી છે તેમ એ દેશની બાહેરનાં અશો લોકોનાં ફરોહરોને પણ યાદ કરવામાં આવ્યાં છે. પણ એ સઘળુ જાણવામાં કેટલોક જમાનો વહી જવો જોઇયે એમ જણાય છે. અને એવા દીન કબુલ રાખનારા (ઇરાન સિવાયના) એક દુજન દેશો અને મુલુકોમાં તુરાન દેશ પણ છે, કેજે નવી દીનના આશિષ મેળવવામાં પોતાનો ફાળો માગે છે. દીન ઉપર ઇમાન લાવનારા ધણીઓની ફરવશિ યાને રક્ષક શકતિઓ (ફરોહરો) ને જ્યાં યાદ કરવામાં આવી છે ત્યાં આપેલી કાયદાસર ટીપમાં તુરાનીઓને પણ તેમનાં નામો દઇને યાદ કીધા છે (જુઓ ફરવરદીન યસ્ત, ફકરો ૧૧૧ થી ૧૨૯.) ખરેખર એ ટીપમાં પવિત્ર આત્મા દાખલ જેઓને ગણ્યા છે તેઓમાં વરાજના બેટા ફ્રરતનું પણ નામ આવેલું છે, કે જેને "દીનકર્દ" એક તુરાની દાખલ ઓળખાવે છે, અને કેયામતને છેલે દિવસે જેઓ રસ્તાખેજનું કામ સંપૂર્ણ કરવામાં મદદ આપશે તેઓમાં "તુરાનના મુલુકો ખાનેના વરાજના બેટા ફ્રસ્તંન" નું નામ પણ તે દાખલ કરેછે. ખુદ ગાથાવાણીમાં પણ જરતોસ્તે એક શ્લોક તુરાની ફ્રયાનના નબીરાઓના સંબંધમાં લખ્યો છે, કારણ કે પેગમ્બર તરફ ભેચાવલાઓમાંનો તે એક હતો અને જેને તેનું ઠેરવેલું ઇનામ આપવા માટે

પસંદ કીધો છે. જરથોસ્ત તેના સંબંધમાં આ મુજબના મેહેરબાનગી ભરેલા સખુનો બોલે છે—

"જ્યારે તુરાની ફ્રયાન, કે જે આમેઈતિના મુલકોનો ઉચંપણી વધારો કરે છે, તેનાં ફરજંદો તરફ અને ફરજંદોનાં ફરજંદો તરફ રાસ્તી આવી, અને જ્યારે બસાં મને તેઓની સાથે રેહાણ કીધું, ત્યારે હોરમઝદ તેઓનાં સુખને માટે તેઓને આવી મળતો જાહેર થાય છે.

"માણસોમાંથી આ ધણીએ સપેતમાન જરથોસ્તને પોતાના સખાવતથી ખુશ કીધોછે માટે તે સ્તુતિ કરવાને લાયક દરજ્જે પહોંચ્યો છે; તેને અહુરમજદે જીંદગી બક્ષી છે અને વોહુમનોએ (બસાં મને) તેનાં દુનિયાઇ સુખમાં વધારો કીધો છે, માટે તેં અમો રાસ્તીનાં કામમાં તમારો ભલો દોસ્ત ગણિયે છિયે."

આ ખુબી ભરેલાં તુરાની ખાનદાનનો એક વંશજ, જેનું નામ યોસ્ત ફ્રયાન (અવ૰ યોઇસ્તો યો ફ્રયાનાંમ) હતું, તેને અવસ્તાના એક કવિતાઇ ફકરામાં તેનાં ડહાપણને માટે તથા અખ્ત (અવ૰ અખ્ત નામના એક જુદા જાદુગર ઉપર ફતેહ મેળવવા માટે વખાણ્યોછે. ફિરસો "યોસ્તેફ્રયાનો" નામના પેહેલવી વાર્તા-ગ્રંથમાં લંબાણ આપેલોછે, માટે અહીં તેની વિગત આપવાની જરૂર નથી.

દીન કબૂલ રાખનારા ખાતરીથી મનાતા હિંદુઓ.

નવા ધર્મ મતના ફેલાવા બાબે ચલાવવામાં આવેલી બાબત ભરેલી કોશેશો વિષેનો ઇશારો મોટાં ફારસી કાવ્ય શાહનામામ આપણને મળેછે. ફિરદૌસી (અથવા દકીકી) લખેછે કે આખી દુનિયા દીન ફેલાવવાનાં પવિત્ર કામ માટે અરજ઼ાસ્પની ફતેહમંદ ફોજે મદદ આપીને મોબેદોને મોકલવામાં આવ્યા હતા. ધર્મ ફેલા ફતેહમંદ મેદાનો દાખલ રૂમ સરજમીન અથવા એશિયા મેનર યુરોપને તથા હિંદુસ્તાનને પણ ગણેલા છે. બીજાંઓ કરતાં પુરાણું પેહેલવી પુસ્તક "શિકંદ ગૂમાનીક વિજાર" (કે જે સદીમાં રચાયું હતું તે) એજ હકીકતનું બયાન આપતાં અજ઼્દિયાર અને ઝરીર વિષે, તથા ગુસ્તાસ્પના બીજા પા બેટાઓ કે જેઓએ દીન કબુલ રાખી હતી તેઓ વિષે, તથ માટે ચાલેલી લડાઇઓ અને ખુનરેજી વિષે બોલેછે, અને ક

હિંદુસ્તાન તરફ પણ ભટકયા હતા. હિંદુઓએ દીન કબૂલ રાખી હતી તે બાબેનો દાવો પાછલાં લખાણોમાં મજબૂતીથી કરવામાં આવ્યોછે, અને જ્યારે આપણ હિંદુઓ અને ઇરાનીઓ વચેની સગાઈ તથા મહમદિયાનોના જુલમાતને લીધે પાર્સીઓએ હિંદુસ્તાનમાં આશ્રો મેળવ્યો હતો તે હકીકત ધ્યાનમાં લઇયે છિયે ત્યારે ઉપલી બિના ઘણી અચરત પમાડનારી લાગતી નથી.

ચંગ્રંઘાચ નામના બ્રાહ્મણની વાત.

પારકા દેશો ખાનેથી આવીને દીન કબૂલ રાખનારા ચેલાઓમાં સર્વેથી રસીલી કહાણી જોવી હોય તો તે કદાચ ચંગ્રંઘાચ નામના એક બ્રાહ્મણ પંડિતની જણાશે, કે જે એક પાછલી ફારસી વાર્તામાં આપેલીછે. આ પંડિત જરતોસ્તના ધર્મ મતનું ખંડન કરવા માટે હિંદુસ્તાનથી ગુસ્તાસ્પની દરબારમાં આવેછે, પણ એ હિંદુ આચાર્ય તે મહાન ઉસ્તાદના હાથ ઉપર માઅત થાયછે અને ઇરાનના મહા ગુરૂ ઉપર ફિદા થઈ તેનો ચેલો બનેછે. આ રસિલી કથા બીજી બાબતો જોડે "ચંગ્રંઘાચ નામુ" નામના આગલી ફારસી ભાષામાં રચાયલા એક કાવ્ય ગ્રંથમાં આપેલીછે, કે જે ગ્રંથ તેરમી સદીમાં બન્યો હતો. આ પુસ્તકના કર્તા બાબે કહેછે કે તે અસલી રએ શેહેરનો રહેવાસી જરતોસ્ત બેહરામ મજદૂ નામનો હતો, કે જેણે વળી "જરતોસ્ત નામું" પણ બનાવ્યું હતું. આ બાબતને લગતી હકીકતનો આપણો મૂળ આધાર આંકુટિલ દુ પેરોંછે, તેનાં મત સાથે જો આપણ એકમત થઇયે તો એમ જણાશે કે જરતોસ્ત નામાની પેઠેજ "ચંગ્રંઘાચ નામુ" પણ પેહેલવી આધારો ઉપરથી રચાવું હતું.[1] આ બ્રાહ્મણ પંડિતના વટલવા વિષેની આ વાર્તા "દબિસ્તાન"માં ટુકમાં જણાવેલી છે, અને "દસાતીર"માં તે બાબે સહેજ ઇશારો કરેલો છે, પણ તેની શરેહમાં વિગત આપેલી છે. આ સઘળાં ઉપરથી એ વાર્તાનો ફેલાવો જણાય છે. આ વાર્તાની મૂળ બાબતને લગતોજ એક ટુંક હતેખાબ આપવાજોગ છે, અને તે એંકુટિલે પોતાના ગ્રંથમાં દાખલ કરેલા ચંગ્રંઘાચ નામામાંના વિસ્તારવાર હેવાલ ઉપરથી અહીં રજુ કરવામાં આવે છે.

---

1 આ ગ્રંથને હજુ રપીતલ થયેલા કોઇની ચલુતો નથી, તોપણ "જરતોસ્ત નામા"ની માફક તે પણ પ્રસિદ્ધિ પામી શકે.

વાર્તાનો સાર.

હેંદુ બ્રાહ્મણ પંડિત ચંગ્રઘાચ એક તત્વશોધક ઓલમા છે, કે જેનાં જ્ઞાન અને ડહાપણની વાતો આખા ભરતખંડમાં પ્રકાશિત થયેલી હતી, અને જે બાબે ઇરાનમાં પણ જાણ્યુ પડેલી હતી. વળી એમ પણ કહે છે કે પાદશાહ ગુશ્તાસ્પના વજીર જમાસ્પનો તે ગુરૂ થતો હતો, કેજે પાદશાહે જ્યારે જરતોસ્ત તરફ ફિદાગીરી બતાવી ત્યારે તેણે આ પંડિતની મેહરબાનગી ખોઈ દીધેલી લેખાઈ હતી. એટલા માટે આ બ્રાહ્મણ પેલા નવા ઉગી નિકળેલા પેગામ્બર ઉપર વિશ્વાસ મુકવા માટે પાદશાહને ઠપકો દેનારો એક પત્ર લખે છે. આખરે તે પોતે જરતોસ્ત સાથ તકરાર ચલાવવા અને તે હજારાનો પરાજય કરવા માટે પોતાની ઉપર ફિદા થયેલા ચેલાઓનાં મોટાં ટોળાં સાથ ગુશ્તાસ્પની સૂચના ઉપરથી બલખ ખાતે આવે છે. પણ જે ઘણી તિરસ્કાર બતાવવા આવ્યો હતો તે તો નમસ્કાર કરવા મંડી ગયો. પેલો જ્ઞાની પોતાના સવાલો જરતોસ્તને પુછે તે આગમજ તો પોતાને મળેલી અગમ બુદ્ધિથી પેગમ્બર તે સઘળાનો જવાબ આપવાને તૈયાર થાય છે અને આ ધર્મ સંબંધી તકરાર કેજે કેટલાક દિવસો સુધી ચાલી હતી તે સાંભળવા માટે દેશના ઘણાએક ભાગો ખાતેથી ભેગા થયેલા બનેલા ઓલમાઓના મોટા મેળાવડાને દરમયાન, પોતાના હરીફને તકરાર અને વખતમાં પોતાનાં હથિયારો વાપરવાની તક મળે તે આગમજ હોરમજદનો પસંદ કીધેલો ગુરૂ (જરતોસ્ત) તેનાં તે હથિયારો પડાવી લેછે. અવસ્તાવાણીની એક કેતાબ અથવા નસ્ક, કે જેમાં પેલા હિંદુ તકરારીના દરેક મુશ્કેલ સવાલનો જવાબ આગમજથી અપાઇ મુકેલો છે, તે વાંચીને જરતોસ્ત પેલા બ્રાહ્મણને અચરત કરે છે અને તેની સદ-વર ફુળજાણગી કરી નાખે છે. એટલી તો સંપૂર્ણ રીતે તે હિંદુ પંડિતની ખાત્રી થાય છે અને નવી દીન બાબેની તેની ખાતરી થાય છે, કે અજાયબ જેવી બોલાચાલીથી તે પોતાનો પરાજય કબુલ કરે છે, અને પછી તેને દીનમાં દાખલ કરવામાં આવે છે. તે દીન અખત્યાર કરે છે, ખુદ જરતોસ્તનાં પોતાના હાથથી તે અવસ્તાવાણીની એક નકલ મેળવે છે, અને પછી તેનો ભારી ઉત્સાહી ચેલો બનીને હિંદુસ્તાનમાં અને તેની આસપાસના મુલકોમાં પેગામ્બરના ધર્મોપદેશનો ફેલાવો કરવામાં સામેલ થાય છે, કે જેથી કરીને એ રીતે એંસી હજાર જીવડાઓ બરહક દીનની રોશની મેળવવા પામે છે. આ અજાયબના બનાવની પહેલી

જાગતી રાખવા માટે એક જશન મુકરર કીધેલું છે. મુખ્તેસરમાં વાર્તા આ મુજબની છે, કેજે હયુચરના ધર્મ ગુરૂઓના મેળાવડાઓ અને ધર્મ સંબંધી તકરારો તથા વરવાંધાઓની આપણુને થોડી ઘણી યાદ આપે છે.

ઉપર જણાવ્યું તેમ આ કથા વધારે પાછલા જમાનામાં ઉત્પન્ન થયલી જણાય છે, અને મહમદિયાન જમાનામાં ઇરાની જરતોસ્તીઓએ હિંદુસ્તાનમાં આસરો મેળવ્યો તે પછી એ કથા જન્મ પામી હશે, કે જેમ વખ્ત વહેતો ગયો તેમ બ્રાહ્મણો અને દસ્તુરો કદાચ એક બીજા સાથે ધર્મ સંબંધી તકરારમાં અને લડતમાં ઉતર્યા હોય. તોપણ એ કથા "જરતોસ્ત નામા" જેટલી પુરાણી છે. કેજે નામામાં પુરાતન બાબતો દાખલ કીધેલી સાબેત થઇ છે; અને ઉપર બોલાસો કીધા મુજબ એકજ કર્તાએ એ બન્ને ગ્રંથો બનાવેલા છે. પણ હિંદુસ્તાન અને ઇરાન વચ્ચે તવારીખના સઘળા જમાનાઓમાં ધર્મ સંબંધી વહેવાર અને સબંધ ચાલુ હતો, એ તો બેશક છે. કોઇ પણ મોટો ધર્મ પોતાનાજ સ્વદેશની હદમાં ગોંધાઇ રહેતો નથી. અને ધર્મ સંબંધી જુંબેશો અને તકરારો કરતાં વધારે સાધારણ બનાવ બીજો કોઇ નથી. નાઇઘાહ ગઓતેમ સાથની ધર્મ સબંધી તકરાર બાબે અવસ્તાવાણીમાં ઇશારો કીધેલો છે, કેજે ઘણી કોણ હતો તે બાબે થયલી તરેહવાર કલ્પનાઓમાં કોઇ કોઇએ ઉપલો બ્રાહ્મણ ચંગ્રંઘાચ નાઇઘાહ ગઓતેમ હતો એમ દેખાડવાની તજવીજ કીધેલી છે. જરતોસ્તની વીદ્વાનો સાથની તકરારોના સબંધમાં પેહલવી લખાણો જણાવે છે કે તેઓ પોતાના સવાલો પુછે તે આગમજ પેગામ્બર તેમના જવાબો આપવાને શક્તિવાન હતો. એ બાબતનો ખોલાસો એક આગળા સદામાં આપવામાં આવ્યો છે. આ વાત બનવા જોગ છે કે ઉપલી વાર્તા કેજે કલ્પ દંતકથા જેવી છે તેનુ મૂળ આપણુને અવસ્તામાંથી મળી શકે, પણ તે આ બુલ ભરેલા વિચારને આધારે કે અવસ્તા ભાષાનાં વિનોયણુ "ચંગઘાચ્" મા એક વિશેષ નામનો ઇશારો સમાયલો છે. "વિસ્પરદ" માં આ નામ આવેલું છે તેને આંકુટલ દુ પેરો પોતે ઉપલા હિંદુ પંડિત બાબેનોજ એક ઇશારો સમજ્યો છે. બીજા હાથ ઉપર ઈરાન આવનારા એક હિંદુ પંડિતની આ દંતકથા વેદાંતનાં પ્રખ્યાત મહાગુરૂ શંકર-આચાર્ય માટેના એક ઇશારા દાખલ પાછળથી બનાવી કહાડેલી છે એમ કોઇ કોઇ વિદ્વાનો કહે છે. આ અભિપ્રાય ઉપલા બ્રાહ્મણનું નામ "દબીસ્તાન" માં સંકરા-

ડાસ લખેલું મળી આવે છે (જેને નામને ચરેક કરનાર ચંગ્રેઘાચ સમજ્યો છે), ને નામનું રૂપ વેદાંતના ઉપલા મોટા ધર્મગુરૂનાં નામ (શંકર-આચાર્ય) સાથ એક મળતું આવતું જણાવાથી ખાસ કરીને બાંધવામાં આવેલો છે, પણ એ અભિપ્રાય એક હિંદુ પંડિત ઉપર એક દાનાની ઓળખાની ફતેહની ખુબી દેખાડવા માટેજ ઉપલી વાર્તા ખાસ બનાવી કાઢવામાં આવી છે એમ ગણવાને આપણે ખાસ જ્યારે કબુલ થઈએ ત્યારેજ તારી શકે છે.

હિંદુ પંડિત વ્યાસ.

ચંગ્રેઘાચના દીનમાં વટલવાને લગતી વાર્તાનું એક પરિણામ "દસાતીર"માં કહેલી "બિયાસ" ની વાર્તામાં મળી આવે છે, અને તે ઉપરથી "દબિસ્તાન" ના લખનારે તે પાછી ઉતારી લીધી છે. આ અહેવાલમાં જણાવે છે કે જ્યારે ચંગ્રેઘાચના વટલવાની ખબર હિંદુસ્તાન ખાતે ફેલાઇ ત્યારે બિયાસ (વ્યાસ) નામનો એક બીજો પંડિત જરતોસ્તની વડાઈને રદ કરવા અને તેને પોતાના ધર્મ મત પ્રમાણે વટલાવવાના ઇરાદાથી હિંદુસ્તાન ખાતેથી ઇરાન આવ્યો. તોપણ પોતાના પુરવજની માફક વ્યાસ પોતે પણ જરતોસ્તની પેગંબરી ખબરદારીથી છક થઇ જાય છે, જેનો જ્ઞાન તેના છુપના છેક માહેલા ભાગ સુધી ફરી વળે છે. આમ હોવાથી તે પણ દીન કબુલ રાખે છે, અથવા ("દસાતીર"ની ચરેકના શબ્દોમાં બોલિએ તો) "યઝદાનનો તેણે આભાર માન્યો અને જરથી દીન સાથે ને પોતે જોડાયો, જે પછી હિંદ ખાતે તે પાછો ફર્યો. આ વાર્તા એની આગમજ આપેલી વાર્તાનો બીજો ભાગ માત્ર છે, અને એ બનેથી દંતકથા અને કલ્પિત કથાનું એવું મિશ્રણ બન્યું છે, કે જે વેદના કલ્પિત કર્તા વ્યાસને જરતોસ્ત સાથના સબંધમાં લાવવા માંગે છે.

યુનાનીઓએ દીન કબુલ કરવાની કલ્પિત વાતો.

રૂમનો મુલક[1] જરતોસ્તી દીનના કાબુમાં આવ્યો હતો એવી પેહલવી "શિકંદ ગુમાનીક વિજાર" અને ફારસી શાહનામામાં દંતકથાને આધારે આવેલી હકીકતો આગળ આપી ગયા છિએ. આ દંતકથા પાછલા જમાનાની છે; પણ મેહર-પરસ્તી, કે જે જેમ સારી પેઠે જાણીતું છે તેમ યુરોપમાં ઘણી ફેલાઇ ગયલી હતી, તે પુજાનેજ ધ્યાનમાં રાખીને જરતોસ્તી મજહબ તરફ વલવાનું જો આપણે પસંદ કરિએ તો એક

1 આ નામમાં એશિયા માઇનર, મીસર અને રૂમી સોલ્તનતનો સમાવેશ થ૦ ગયે ?

બાબતમાં આ દંતકથા સચાઇથી ઘણી વેગળી નહિ જણાશે. વળી ધર્મ તરફ હિંદાગીરી બતાવનારાઓ પરદેશો ખાતે પોતાના મજહબના અસાધારણ ફેલાવા બાબેનો દાવો કરે તો તેથી અકુદતી નથી. "દસાતીર"માં નોંધ કીધા મુજબની અને "દબિસ્તાન"માં તેની ખબર આપ્યા મુજબની જે ત્રીજી મોટી જ્ઞુબેશ અથવા ધર્મસંબંધી ઝગડામાં જરતોસ્તને ઉતરેલો અને ફતેહમંદ નિવડેલો માની લેવામાં આવે છે તે એક યુનાની ફિલસુફ અને ઉસ્તાદ સાથની તકરાર છે. તેને લગતો અહેવાલ બેશક બનાવટી છે, પણ બીજા ઘણીઓને દીનમાં લેવાના કહેવાતા બનાવો જોડે આ અહેવાલ લક્ષમાં લેવા જોગ છે, અને તેનો કદાચ દૂરનો પડઘા ઈરિદ્દહાનવાલા દમ્જાનાં લખાણમાંના એક ફકરા ઉપરથી મળે છે, કે જેમાં યુનાનીઓ પોતાને વટલાવવા માટે થતી કોશેશોના કેવા અખાડા કરતા હતા તેનું વર્ણન આપેલું છે.

યુનાનીઓને દીનમાં લેવાના બનાવ બાબેની વાર્તા મુખ્તેસરમાં આ મુજબની છેઃ એક ભવિષ્યવાદી ફકરામાં "દસાતીર"નું લખાણ જણાવે છે કે તિયાનૂર (ફાર્સીમાં તૂત્યાનૂશઃ દબિસ્તાનમાં જણાવ્યા મુજબ નિયાતૂસ) "યૂનાખ (ફાર્સીમાં યુનાન એટલે ગ્રીસ) ખાતેથી દીનના ખરેખરા મામલા બાબે (અએ જરતોસ્ત!) તારી સલાહ લેવા માટે આવશે. તે શું પુછશે તે હું તને કહીશ, અને જે પોતાના સવાલો મુકે તે આગમજ તું તેને જવાબ દેજે." આ ફકરા ઉપરની શરેહમાં, તેમજ "દબિસ્તાન"માં ખુલ્લા શબ્દોમા જણાવ્યું છે કે અસ્ફંદિયારે ઘણાએક મુલ્કોમાં દીનનો ફેલાવો કીધા પછી યુનાનના દાનાઓએ ઉપલા બલેલા માણસને ઇરાન ખાતે મોકલ્યો હતો. આ ઉપરથી આપણુ એવું અનુમાન કરી શકીશું કે આ બનાવ જો ખરેખર બન્યોજ હોય તો તે પાદશાહ ગુસ્તાસ્પે દીન કબલ રાખ્યા પછી થોડેક વરસે બનવો જોઇએ. આગળની માફક આ વખ્તે પણ અહુરમજ્દ બહ્મ ખાતે આવતા પેલા પરદેશીને શો જવાબ દેવો તે પોતાના પેગામ્બરને શિખવે છે. તે જરતોસ્તને તેની ફતેહની ખાતરી આપેછે, અને શરેહમાં વધાર્યું છે કે "જ્યારે પેલા યુનાની (ગ્રીક) એલમાએ (જરતોસ્તના) આ સઘળા શબ્દો સાંભળ્યા ત્યારે તે દીનમાં દાખલ થયો અને ખોદાના પ્યારા પેગામ્બર જરતોસ્તના હાથતળે જ્ઞાન સંપાદન કીધું. વળી ઇનામ દાખલ શાહાનશાહ ગુસ્તાસ્પે તેને યુનાનના હેરબદોના તથા તેજ દેશના મોબેદોના વડા દાખલની પદવી બક્ષી."

આ વાતો ભલે એટલી વજનદાર યા એતબાર હોય, તોપણ તે વગરની નથી, કાંઈક ઇરાન અને યુનાન કે જ્યાં ધર્મને લગતો વહેવાર ચાલતો હતો તે દેશો વચેના પુરાણા સંબંધ બાબેની એક કથાની દેખાતી આ વાતો ઉપરથી મળી આવે છે. યુનાન અને ઇરાન વચે લડાઇઓ ચાલી તેની આગમજ એ બને દેશો બાતે વળી ગયલી પ્રજાઓ વચેના સંબંધની કંઇક યાદદાસ્ત આરી દંતકથામાં અપ્રગટ છુપાઇ રહેલી હોય. યુનાનીઓમાં જરતોસ્તની દીનનો ફેલાવો કરવ બાબેની તજવીજ વિષે હકમ-અઝ-ઇરક્ઝાનીએ કરેલા ઇશારા બાબે, પેહલવીમાંના એક દાખલા તથા ફિરદોસીનાં શાહનામાંની એક દંતકથ જોડે, આગળ જણાવી ચુકયા છિએ. આપણે ભૂલી જવું નહિ જોઇએ કે અવસ્તાવાણીનો યુનાની ભાષામાં તરજુમો થયો હતો, એમ "દીન કર્દ"માં જણાવેલું છે. વળી યુનાનીઓએ પોતે કરેલા મજદયસ્નના ઇશારાઓ પણ આપણે યાદ કરીશું કે પ્લેટો, હેરોડોટસ, પિથોગોરસ અને બીજાઓ જરતોસ્તી મઝદયસ્નની અસર તળે આવ્યા હતા. પેહેલો યુનાની ઇસમ કે જેને જરતોસ્તી દીનમાં વટલાવવા આવ્યો હતો તેનું નામ (તિયાનૂર, નૃતિયાનસ, અથવા નિયાનૂસ) બેશક સમજાય નહિ એવું છે, અને તેનું વાંચણ પણ અચોક્કસ પણ એ ઘણું કરીને પિથાગોરસ હોય એમ સુચવવામાં આવ્યું છે. દીનમાં સેરાની વાત બનાવટી હોય, કેમકે બનવાજોગ છે, અથવા દેખીતા બનાવ ઉપરથી તેને આધાર મળ્યો હોય, કેમકે નહિ બને છે, તોપણ તેની નોંધ લેવી યોગ્ય છે. પિથાગોરાસના સંબંધમાં કહેવાય છે કે તેણે બેબિલન મધે મગી ઉસ્તાદના હાથ નીચે રહીને મઝદયસ્નની તાલીમ લીધી હતી.

શું જરતોસ્ત કદી પણ બેબિલન ગયો હતો?

બેબિલન વિષે બે.પ્રતા. આમ્મે બાબતના સંબંધમાં પેહેલી "દીનકર્દ"માં આવેલી એક બાબતનો ઇશારો કરવો ફરજ લાગુ પડે છે કે જેમાં જણાવ્યા મુજબ "બાબેલ"ના અસલ જુઠા ધર્મ-મત અને બદીના જરતોસ્તના મઝદયસ્ને પ્રગટ કર્યો હતો. નહાસકને "દીનકર્દ" દીનના એક નોંધેલો ગ્રંથ છે. તેમાં એ ફકરામાં જણાવ્યું છે કે "જદુ રોજ નક્ષત્રોને નેહાકે બાબેલ ફરેદોની વખણિક બાબતો હતીમાં આણી હતી; અને તેન ...ઓને લીધે બાબલબાત મૂર્તિ પુજવા લાગ્યાં હતા, કે જેનો વધ

દુન્યાનો નાશ હતો; પણ તેની સામે થઈને જરતોસ્તે દીનના જે ફતેહમંદ કલામો જાહેર કીધા તેમની બરકતથી પેલું જાદુ ટોનાં સઘળું વિખેરી નાખીને નિર્બળ કરી નાખવામાં આવ્યું."

અલબત આ વાત કંઈક રીતે બનવા જોગ છે કે દીનને આવી રીતે મજબૂત પાયા ઉપર લાવીને જરતોસ્ત પોતે ખરેખાત ધર્મનો ઉપદેશ કરવા માટે તથા પોતેજ પેગામ્બર છે એવો દેખાવ આપી પોતાનો કાબુ ચલાવવા માટે દીનના ફેલાવાને થકી મુસાફરીએ નિકળ્યો હતો. તેણે જેજે શેહેરોની મુલાકાત લીધી હતી તેઓમાં બેબિલન પણ હતું એમ કબુલ રાખવાને આપણ તૈયાર નહિ હોઈએ, તોપણ આ વાત માનવી કેવળ અશક્ય નથી કે તેણે ઘણીએક જગાઓની ભેટ લીધી હતીજ, કે જેમાંની એક કદાચ પર્સિપોલિસ પણ હશે. આ વાત ખરી છે કે કોઈ કોઈ અસલી લખનારાઓએ પિથાગોરાસને જરતોસ્તનો, પોતાનો, અથવા કંઈજ નહિ તો માઝી ધર્મગુરૂઓનો, ચેલો જાહેર કીધો છે, કે જે ગુરૂઓ બેબિલન ખાતે પગભર થયલા હતા, અને જેમની માંથવાણીના ભેદભરમોથી તેને જાણીતો કરવામાં આવેલો હતો. જરતોસ્તની જાતિ મુસાફરી બાબેના તર્ક વિતર્ક ઘણો ભાર મુકીને બોલવાની કંઈ જરૂર નથી; જ્યાં મજહબની અસર ઉપજાવવાનીજ વાત આવી ત્યાં પેગામ્બર પોતે જાતે ગયો નહિ હોય તોપણ પોતે કરેલી અસર મારફતે તે ત્યાં ગયલો હોવો જોઈએ. આ બાબતમાં બુદ્ધનાં પગલાંનું બીજું સ્વરૂપ આપણને મળી આવે છે.

સારાંશ.

દીનના ફેલાવાને લગતી જેટલી વાત હાલ કયાસ ઉપજાવી આપણ ભેગી કરી શકિએ તેટલી ઉપરથી એવો સાર નિકલે છે કે ધર્મગુરૂઓની કોશેશથી જેમ ઇરાન સરજમીન મધ્યે તેમજ પરદેશો ખાતે અવસ્તા-વાણીનો ફેલાવો થયો હતો. હિંદુઓ દીનમાં દાખલ થયા હતા તેની વાતો કહેવામાં આવી છે, તેમજ યુનાનીઓએ પણ દીન કબલ રાખવાની કહાણીઓ ચાલી છે. પોતાના ધર્મ-મતની સામાન્ય હિલચાલમાં જરતોસ્તે પોતેથી ભાગ લીધો હોય એ બનવા જોગ છે, પણ તેણે બેબિલનની મુલાકાત લીધી હોય તેની કંઈ સાબેતી મળતી નથી. મજહબને માટે જેહમત ખેંચવામાં તેનો વખત સદા પસાર થતો હતો, એ બેશક છે; અને એ જેહમતોનાં પરિણામ દાખલ જે ફળ હાંસલ થયાં, તથા ધર્મના ફેલાવાનાં હવે પછીનાં વરસોમાં જે થોડક બનાવો બન્યા તેમની નોંધ હવે પછીનાં બે પ્રકરણોમાં કરવામાં આવી છે.

બાબ ૮.

મજહબનો વિસ્તાર.

જરતોસ્તના ઉપદેશનાં બીજાં થોડાંક વરસો.

શરૂઆત—દીનમાં દાખલ કરવાનો એક જાણવાજોગ બનાવ—એક અપંગ માણસને જરતોસ્તે સાજો કરવાની દંતકથા—જરતોસ્તનાં વિદ્યાજ્ઞાન બાબેનો સવાલ—બીજી જાણવાજોગ બાબતો અને બનાવો—પવિત્ર આતશો—સારાંશ.

શરૂઆત.

જરતોસ્તની જીંદગી લાંબી હતી, અને તેના ધર્મોપદેશ કરવામાં ઘણાં વરસો વિતી ગયાં હતાં; તોપણ ગુસ્તાસ્પે દીન કબુલ કીધો ત્યારથી તે અરજાસ્પ સામે ચલાવવામાં આવેલી ધર્મ સંબંધી પવિત્ર લડાઈઓની શરૂઆત સુધીમાં ગુજરી ગએલાં પંદર યા તેથી વધારે વરસોના મુદતના જુદા જુદા બાનાઓમાં આપણી ઇચ્છા મુજબ પહોંચી શકિયે એવી સઘળી વિગતો દંતકથા ઉપરથી આપણને મળતી નથી. બીજા બોલોમાં બોલિયે તો, જરતોસ્તની જીંદગીનાં પીસ્તાલીશમાં વરસથી સાઠમા વરસની વચેની મુદતમાં બનેલા બનાવોને વહેંચી નાખવાનું કામ સહેલ જણાતું નથી. આપણ ચોકસપણે જાણિયે છિયે કે એ વરસો જરતોસ્તની ઉપોગી જીંદગીને લગતાં હતાં, બરજસ્પની તરફની પ્રસાર કરી મુકેલાં બળવાન મગજ ધરાવનાર માણસનાં એ વરસો હતાં, અને આગલાં પ્રકરણમાં જે બનાવોનું બયાન આપવામાં આવ્યું છે તેમાંના થોડાક બેશક આ મુદતને લગતા અથવા કદાચ એ પછીની મુદતમાં બનેલા હોય. આગલાં પ્રકરણમાં જણાવેલા બનાવોની વહેંચણી કદાચ ઘણીજ સંભાળથી થઇ છે એવી છાપ આપણાં મન ઉપર બેશક જતો હશે તો તે બનાવોને આપણ હાલનાં પ્રકરણના સંબંધમાં ગણવાની છુટ લઇશું. જો એ બંને વચે તફાવત દેખાડવા માગિયે તો તે એ છે કે છેલાં પ્રકરણમાં મોટે ભાગે ધર્મના ફેલાવા અને દીનમાં દાખલ કરવાના બનાવોની નોંધ કીધી છે, અને આ પ્રકરણમાં ધર્મ ગુરૂઓની જેહમત

અને ધર્મગુરૂઓના અધિકાર બજાવવાને લગતી બિના જોડે ધર્મના ઉપ
અને ધર્મના બંધારણને લગતી બાબતો દાખલ કરવામાં આવી છે. તો
આટલી વાત ધ્યાનમાં રાખવી જોઇશે કે આ મુદ્દતમાંજ બન્યા
એવી રીતે બનાવોની નોંધ લેવાની તજવીજ કરવાનું કામ પુરા સં
સાથ બજાવવું મુશ્કેલ છે, અને એ કામ એક અજમાયશ જેવું
હાથ લાગેલી બાબતોને કોઇ પણ ઉપયોગમાં લેવાની તજવીજ ક
જેવું ગણવું જોઇશે.

દીનમાં દાખલ કરવાનો એક જાણવાજોગ બનાવ.

તોપણ એક બનાવ આ મુદ્દતના દરમયાનમાજ એક ચોક્કસ
રસમાંજ મુકરર બનેલો દંતકથા આપણને જણાવે છે. એ બના
જેટલો ભાર મેળીને નોંધ લેવામાં આવી છે તે ઉપરથી તે ખરે
અગત્યનો ગણાવો જોઇયે: અને તેટલા માટે આપણ તેની એકદમ ખ
લઇશું એ બનાવ એક કાફરને, એક કવીગ યાને બુતપરસ્ત ધર્મગુ
દીનમાં લેવાને લગતો છે, કે જેને સાચી દીનમાં જુની લેવામા આ
હતો. એ બનાવની નોંધ "જાદ-સ્પરમ"ના લખાણોમા આવેલી
જેમાં આ પ્રમાણે જણાવ્યું છે. "(દીનના) વીરામાં વરનમાં આ કર
કેજે કુદેહનો બેટો થાય છે, તે (દીન તરફ) ખેચાયો છે." [illegible]
કવીનું મુકરર નામ જણાયું નથી તે પણ તેટલા માટે ... [illegible]
કંઇ ઓછો ખાતરી ભરેલો જણાતો નથી, અને ... [illegible]
દંતકથામાં જણાવેલી દીનના "દીનના વરન"ની તારીખ ... [illegible]
કબુલ રાખિયે તો એ બનાવને ... [illegible]
શકિયે, કેજે વખ્તે જરતોસ્ત પોતાની જીંદગીના ... [illegible]
હોઇ શકે. આ બધી બાબતોને લીધે કરેલો ... [illegible]
પડતો નથી.

જરતોસ્તે એક અપંગ માનસને સાજો કરવાની દંતકથ

જરતોસ્તના ધર્મોપદેશના ... [illegible] અને ... [illegible]
ના ફેલાવા માટેની તેની મુસાફરીની બાબત એ ... [illegible]
ની એક યાદદાસ્ત દાખલ, એક અપંગ ... [illegible]
દંતકથાવાળો બનાવ, જો તેની કારકિર્દીના ... [illegible]
જો નહિ હોય તો, તે બાબે આપણ ... [illegible]
આ વાતો પેહલેવાનવાળા શાહરેસ્તાનીએ કહી ... [illegible]

૧૧૫૩ માં છપાઇ ગયો છે), અને તેઓ બનાવ ફારસિસ્તાનના પ્રાંતમાં બનેલો જણાવે છે. તે હેવાલ આ મુજબનો છેઃ "જ્યારે તે (યાને જરથોસ્ત) દીનાવરમાં એક અપંગ માણસ આગળથી પસાર થઇ જતો હતો ત્યારે તેણે ત્યાંનાં લોકોને એક રોપાનું વર્ણન કરી નિશાની આપી, અને કહ્યું કે તેના રસનાં ટીપાં આ માણસની આંખમાં નાખવાં, અને તે જોવાને શક્તિવાન થશે; લોકોએ તેમ કીધું અને પેલા આંધળા માણસની આંખ પાછી જોતી થઇ." કદાચ આ બનાવ જરથોસ્તની જીંદગીની આગળી મુદતમાં અથવા તે દેસેદેશ રખડયો હતો તે વેળા બન્યો હોય, તોપણ જરથોસ્ત પોતાની ખબરદારીથી અથવા દીનની પોતાની ખુબીથી દરદીઓને સાજા કરવાની ચમત્કારિક શક્તિ ધરાવતો મનાતો હતો તે હકીકતને આ બનાવ સિદ્ધ કરી આપે છે. દીનની એવી ખુબી વિષેના પુરતા દાખલા અવસ્તાવાણીમાં રચાયલાં "વંદીદાદ" નાં દફતરમાંથી મળી આવશે.

જરથોસ્તનાં વિદ્યાજ્ઞાન બાબેનો સવાલ.

અપંગ માણસને સાજો કરવાના ઉપર જણાવેલા હેવાલવાળી હકીકત ઉપરથી એક બીજી બાબત રજુ થાય છે, કે જેની નોંધ લેવી જોઇયે છે. એ બાબત જરથોસ્તની એલમને લગતી ખબરદારી બાબેના સવાલ સંબંધી છે, કે જે ખબરદારીની વાત કદકથાએ ખુલ્લી કબુલ રાખેલી છે અને જે પેગામ્બરને તેના ઉપદેશનાં કામમાં મદદ લાગેલી હોવી જોઇયે. ધર્મનું શિક્ષણ આપવાનાં પોતાનાં કામને દરમ્યાન તે પોતાનાં મનને વહેવારૂ તેમજ અવહેવારૂ અને મનકલ્પના જેવી વસ્તુ આપતો હતો એવા પુરાવા મળે છે. દીનને લગતા લખાણ હેવાલો બતાવી આપે છે કે જેમ શરીરને લગતી તેમજ જીવને લગતી જરૂરિયાતો પુરી પાડવાની અગત્યતા પેગામ્બર પુરેપુરી સમજતો હતો. બિમારી ધર્મના ફેલાવા માટે પરદેશ ખાતે જતાં કોઇ કોઇ નિશાનરી ખાતાઓમાં તબીબી જ્ઞાન આજે પણ વગર જરૂરિયાતનું અથવા તે વગર ચાલી શકે એમ ગણાતું નથી. પુરાતન કાળના મથો ઉપરથી જણાય છે કે જરથોસ્તી ધર્મ પુસ્તકો પોતાની સર્વવિદ્યાસબંધ જેવી ખુબીને લીધે જીંદગીની ઘણી જરૂરિયાતો માટે જવાબ દઇ શકતાં હતાં. અવસ્તા ભાષામાં રચાયલા દીનકર્દ નસકોને માટે કહે છે કે તેઓમાં તમામ એલમ હુનરની બાબતોના સમાસ કીધેલા હતા, અને વળી પુરાનાઓ પણ લખી જાય છે કે જરથોસ્તે સિદ્ધ પદાર્થવિજ્ઞાન વિષે, તેનાગ્નોઓ

(અને અનેક બિજા) લિધે, તથા કીમતી પથરા (હીરા માણેક વગેરે ખનિજ પદાર્થો) લિધેલા મયો રહેલા હતા. ખરી વાત છે કે એ મયો જરતોસ્ત તરફથીજ રચવાની કશી જરૂર નથી; પણ જરતોસ્ત અથવા તેના ચેલાઓ પોતાની જીંદગીને દરમ્યાન કેટલા [illegible] જાણી હતા તે આ ઉપરથી માલુમ પડે છે. મજકુરમાં આ વેહદાર તત્વ (વિધાજ્ઞાન)ની હાજરી [illegible] લિધાની છે, કે જેને લીધેજ દીન તરફ જે ઘણાએક પુરૂષ નહિ ખેંચાત તેઓ ખેંચાયા હતા, અને જેણે દીનના ફેલાવાનાં કામના કાંઈ થોડી મદદ આપેલી હોવી નહિ જોઈએ

પેગમ્બર અને તેના ચેલ [illegible] આ [illegible] જ્ઞાન, [illegible] [illegible]

[illegible]

બીજી રસિકી બાબતો અને બનાવો.

આ વરસોની મુદતનેજ લાગુ પડી શકે એવા થોડાએક વધારે રસિલા બનાવો અને બાબતો દંતકથાએ જાળવી રાખ્યાં છે. એક એવી સૂચના થઈ છે કે જરતોસ્તે આજરબાઈજાનની પોતાની સ્વદેશી ભુમિ ઝમિનાં પોતાનાં મકાનની મુલાકાત લીધી હશે. જરતોસ્તે કલ્પના કર્યા મુજબ હોરમજદે તેને હુકમ આપીને એક ચોક્કસ જગાએ આગળ વધવા ફરમાવ્યું હતું તે બાબતમાં અવસ્તામાં જે ફકરો આવ્યો છે તે ઉરૂમિયા બાબેનો છે, એમ આંકુટલ દુ પેરો ધારી ગયો છે. પણ એ બાબેના ફકરાનો ખોટો અર્થ ઉઠાવાથી[1] તે આમ કહે છે. આંકુટલ વળી એમ પણ સમજી ગયો છે કે જરતોસ્ત જ્યારે ઇસ્તખ્ર (પર્સિપોલિસ) આગળ ગયો ત્યારે ગુસ્તાસ્પ પણ તેની સાથે હતો. તબરી (અને તેની પછી બુંદરી) જણાવી ગયો છે તેને આધારે મસુદી લખે છે કે પવિત્ર આતશના કેમલાઓમાંના એકને ખારઝિમથા ખાતેથી લાવીને ફારસમાં દારાબગર્દ આગળ તખ્તનશીન કરવા બાબે જરતોસ્તે ગુસ્તાસ્પને સમજાવ્યો હતો, અને એ બનાવ ઉપરથીજ દેખાઈતી રીતે આંકુટલે ઉપલો વિચાર આપેલો છે. તબરી બયાન કરી જાય છે કે બાર હજાર બળદોનાં ચામડાં ઉપર સોનાના હરફે અવસ્તા વાણી લખી લેવામાં આવી હતી. અને "ગુસ્તાસ્પે એ લખાણને ઇસ્તખ્રમાંવે દજ્નીસ્ત (અથવા જર્નીસ્ત?) નામે જગામાં સલામત રાખ્યાં હતાં." આ વાતના સંબંધમાં વળી એવીબી દંતકથા છે કે જરતોસ્તે શિખવ્યા મુજબ જાનારુપે અવસ્તાવાણી લખી લીધી હતી (જુઓ આગાડી સફે ૭૫ મે), અને વળી બીજી દંતકથા એવી છે કે અવસ્તાવાણીની આ સઘળી પહેલી નકલને શપીઝાન (અથવા એવી રીતે આ નામ વંચાતું હોય તે નામવાળી જગા)ના ખજાના બંધ રાખવામાં આવી હતી.

આજ મુદતને દરમિયાન આપણે એવી કલ્પના કરી શકીશું કે નવા મજહબને મજબૂત પાયા ઉપર ગોઠવવાનો તથા નીચે બયાન આપ્યું છે તે મુજબના આતશો માટેનાં મકાનો સ્થાપવાનો, તથા વડા ગુરૂ ધાપઉનો પોતાનો અધિકાર તરફદાર રીતે બજાવવાનાં કામોમાં જરતોસ્ત રોકાઈ ગયો હતો. તેનાં આ છેલ્લાં કામોમાંનું એક આતશની

---

૧ અવસ્તાના "આ વંત દિવ" શબ્દોને આંકુટલે "ઉરૂમિયા" સમજ્યો છે અને એ રીતે તેણે તેમનો ખોટો અર્થ ઉઠાવ્યો છે. તેનું એકદિન મજુકૂર પણ દેખાતા જુદ અવસ્તાનાં દાખલા જેમ જુઓ ક.પી. ૩

આદરને ગુનાહની પરીક્ષા કરવાનો કાયદો રચવાનું, અથવા ગુન્હાઓ દીન કબુલ રાખવાના ગુનાહની યાદગારીમાં ફિરમર આને સોનું [illegible] હતું, કે જે બને બાબતો [illegible] આપજુ [illegible] ફિરે. એજ મુદ્દતમાં વળી પેગમ્બરી બાબેનાં [illegible] હતો તેને મળ્યાં હતાં તથા ધર્મ સંબંધી પવિત્ર બાબતોના ખોલાસાઓ કરવામાં આવ્યા હતા જે ઉપરથી "બહમન યસ્ત" (અને તેની પછી "જરતોસ્ત નામુ") જરતોસ્ત ઉપર ઉતરેલી બેહરેસ્તાનની એવાજ એક આકાશી બાબતની નોંધ લે છે, કે જે [illegible] સાત દિવસો સુધી [illegible] અથવા [illegible] હજરતને દરમ્યાન દીનનું તમામ [illegible] તે આગમની [illegible] નવી [illegible] એક [illegible] કે [illegible] પેગમ્બર [illegible] હતું; અને [illegible] એક [illegible] ([illegible] માં થઈ [illegible]) [illegible] નામે [illegible] હતો, કે [illegible] હતો, તે [illegible] હતું.

પવિત્ર આતશો.

[illegible]

જરથોસ્તના જમાનાની આસપાસ ઇરાનમાં હસ્તી ભોગવી ગયલાં જુદાં જુદાં દશ આતશખાનાંઓ અથવા આતશપૂજનની જગાઓ બાબે જણાવીને મસુદી તથા શાહરસ્તાની એ દરેકનું નામ ઠામ આપેછે. જરથોસ્ત પોતે એક નિશાપુર ખાતે તથા બીજું નિશીધા ખાતે એવાં નવાં આતશખાનાઓ બંધાવેછે. વળી તેની અરજ ઉપરથી પાદશાહ ગુસ્તાસ્પ જમશેદના આતશની શોધ કરેછે, કે જેને ખોરાસ્મિયા મધે તખ્તનશીન કરવામાં આવેલો હતો, અને પછી તેને ઇરાનમાં દારાબ-ગર્દ ખાતે તખ્તનશીન કરાવેછે. આ ઉંચા આતશને માટે કહેછે કે ખાસ મોબેદ લોકો તેની સેવાપરા કરતા હતા. બીજાં આતશખાનાંઓ સીસ્તાન, રૂમ (કોન્સ્ટાન્ટીનોપલ.) બગદાદ, યુનાન (આતશ વિના,) હિંદુસ્તાન અને ચીન ખાતે હતાં એમ જણાવવામાં આવ્યુંછે. કુમીસ (કોમિસીની) મધેનાં આતશકદેહ બાબેનો ઇશારો એછે: જણાવા-જેગ નથી, કે જેનું નામ "જરીર" હતું, અને તે દેખાદતી રીતે ગુસ્તા-સ્પના ભાઇ જરીરનાં નામ ઉપરથી આપવામાં આવ્યું હતું.[1]

આ સઘળા આતશોમાં ત્રણ એવાછે કે જે સાસાનીઓના પાછલા જમાનામાં એ પવિત્ર તત્વના સેવક પ્રતિનિધિ દાખલ જણાયા હતા, અને તેઓ ધર્મગુરૂ, લડવૈયા, અને કારીગરો, એવા કોમના ત્રણ સંસારી વર્ગો પાડવામાં આવ્યા હતા તેમની જોડે બંધ બેસતા આવતા હતા. આ ત્રણ મોટા આતશોનાં નામો નીચે મુજબ આપવામાં આવ્યાંછે:—

૧ લો—આ ત્રૂ ર ફ્ ર ન બ ગ: ધર્મગુરૂઓનો આતશ. આ આતશ, કે જેનું નામ ફ્રેનબગ, ફ્રોબા, ખુરદાદ. ખોરદાદ છે, અને જે નામ ફ્રૈનો-બગ અથવા ફ્રૈનો-દાત (એટલે જે ખોદાઇ ગુરવાઓ આતશ અથવા નૂરી આતશ) ઉપરથી બિગડેલું છે, તે ઇરાનના સર્વથી પુરા-તન અને સર્વથી પવિત્ર આતશોમાંનો એક છે. તેની કહેવાતી છેક પિમ (જમશેદની પાદશાહી જેટલી પુરાણી છે, અને ખોરાસ્મિયાની ભૂમિમાં એટલે કે કેસ્પિયન સમુદ્રના ઉગમણા કાંઠા ઉપર તેને તખ્તનશીન કર-વામાં આવ્યો હતો, અને જો એ બાબતમાં સાધારણ રીતે મનાતી હકીકત આપણ કબુલ ગણિયે તો, કએ ગુસ્તાસ્પ એ આતશને તે મુલક ખાતેથી કાબુલ મધે લાવ્યો હતો.

૨ જો—આ ત્રૂ ર ગૂ શ ન સ્પ (ગુશસ્પ) લડવૈયાઓનો આતશ. ગૂશનસ્પ નામ ધાવું કરીને વર્શનસ્પ ઉપરથી બગડેલું છે. જેનો અર્થ 'નર ઘોડો' થાય છે. આ ઘણો પુરાણો આતશ હતો, અને જ્યારે કએ ખુસવે મૂર્તિપૂજાનો નાશ કીધો ત્યારે તેણે શરૂઆતથી બાગ બજાવ્યો હતો. તેને ઉરૂમિયા સરોવરની પડોશમાં, અથવા એ સરોવરના કાંઠા ઉપર આવેલા અરનવંદ પહાડ ઉપર તખ્તનશીન કરવામાં આવ્યો

---

1 આમ શાહરસ્તાની જણાવે છે, પણ મસુદી એ નામનું ...જ ૩૫ અથવા વાંચણ (જેરીચ) આપેછે.

કોઇ [illegible] નામા" મુજબ, ખાસ પાંચમામાં [illegible] કરી [illegible] તેમ, ગુજરાતને [illegible] કરવાનાં કામમાં મદદ આપવા માટે [illegible] જે [illegible] આવ્યા હતા તેઓમાંનો એક [illegible] (જુઓ [illegible]).

[illegible]

[illegible]

બાબ ૯.

જરતોશ્તી દીન માટેની પવિત્ર લડાઈ

—:o:—

જરથોસ્તની જીંદગીમાં છેલ્લાં વીશ વરસો.

"Fight the good fight of faith."—*Timothy.*

શરૂઆત—અવસ્તામાં ધર્મની લડાઇ—અરેજત્ અસ્પ અથવા અરજાસ્પ અને પવિત્ર લડાઇ—દુશ્મનીની શરૂઆત; કારણ અને જમાનો—અરજાસ્પનું નામું—તેનો પહેલો હુમલો; પવિત્ર લડાઈ શરૂ થાય છે—અરજાસ્પનું લશ્કર અને તેના સરદારો—ગુશ્તાસ્પનું લશ્કર અને તેના સરદારો—પહેલાં જંગની લડાઇઓ—ધર્મી લડવૈયા દાખલ અસ્ફંદિયાર, અને તે પછીના બનાવો—અરજાસ્પની બીજી ચઢાઇ; છેલી પવિત્ર લડાઇ—સારાંશ.

શરૂઆત.

અહીં સુધી વાંચનારને જણાશે કે દીનનાં વધારાનાં કામમાં એવા તેનો માર્ગ કેવળ મોકળો હતો અને તેમાં તેને ફતેહજ મળ્યા કીધી હતી. પણ ખરેખર જોતાં એમ તો કાંઇ બની શકેજ નહિ. જુના મજહબ તરફના લડવૈયાઓ સાથ હજુ તો આપણને કામ લેવું છે, અને તવારીખમાં પુરાવા છે કે દીનની ફતેહ થાય ને આગમજ એકથી વધારે સખ્ત લડાઇઓ લડવામાં આવી હતી. સઘળાજ ધણીઓને સહેલથી દીનમાં દાખલ કરવામાં આવ્યા ન હતા. દીનની તવારીખના શરૂઆતના સૈકાઓને સણગારવાને માટે તેમની ગાંખણી કરતાં તલવાર વધારે યોગ્ય નિશાની થઇ પડે.

નવા મજહબના પહેલા તબક્કાનાં વરસોમાં દુનિયાનાં લોકો સાથ સલાહસંપથી અને પાડોશી રાજ્યો તરફ એકસરખી બલી મનસુનીથી વર્તવાની પ્રથમ કલ્પના કરવામાં આવી હતી, પણ ચોકસ સંજોગોને લીધે એ ભલા વિચારથી લોકોને જાણીતા કરવાના કામને જેવી જોઇયે તેવી રીતે આગળ વધવા દેવામાં આવ્યું ન હતું. જ્યારે દીનને માટેની લડતો શરૂ થઇ ત્યારે ખૂનખાર લડાઈ અને દુશ્મની જલદીથી ઉભી થઈ. દીન વિરૂદ્ધ બુતપરસ્તીના જંગી પોકારથી હવા ભરાઇ જવા લાગે છે. પુરાણા રાજદ્વારી અને પ્રજા પ્રજા વચેના કજીયા નવો રંગ પકડે છે—અને એ નવો રંગ તે ધર્મ સંબંધી જુસ્સેહનો રંગ છે. આ હેલ્લી બિના ઇરાન અને તુરાન વચેની અસલી દુશ્મનીને લીધે કેવળ

ખરી છે, અને એ દુશ્મની અવસ્તામાં જણાવ્યા મુજબ અહ્રેમન પ્રેમના વડા એરેજત-અસ્પ, અથવા પાછલા જમાનામાં તે સાધારણ રીતે ઓળખાયો છે તેમ તુરાની અરજાસ્પ, અને જરતોસ્તી દીનના પવિત્ર યઝદિ કવિ વીશતાસ્પ (કએ ગુશ્તાસ્પ,) વચ્ચે ધર્મ ધર્મની લડાઇ દાખલ નહેમરથી બરપા થાય છે. દરેક વીરે આતશ અને પવિત્ર દુન્યાના મઝદયસ્નની ખિદમત બજાવે છે; પણ એ દરેક માટેની મઝલ એક પછી એક લડાઇ લડીને કાપવાની છે. ખુનરેજી અને આફત એ દરેકની આગળ આગળ ચાલે છે.

અવસ્તામાં જણાવેલી ધર્મની લડાઈ.

અરજાસ્પ નામેના [illegible] લડાઇઓનુ આપણુ બયાન કરીએ તે અગાઉ આપણે પહેલા આ નોંધ લેઇએ કે અવસ્તા-[illegible] કેટલીક બાબતો નોંધેલી છે, કે જેમને પુરા-ણકાલીના [illegible] લડાઇ દાખલ ગણવામાં આવી છે. અવસ્તામાં જણાવ્યું છે કે [illegible] બળવાન દુશ્મનો સાથના લડાઇમાં ગુશ્તાસ્પ, અથવા તેના [illegible] માટે [illegible] કરે છે, અને તેમના [illegible] અને દરેક [illegible] નહિ તો [illegible] આપણુ [illegible] છે, [illegible] અને [illegible] અને [illegible] આપણુ [illegible] ગુશ્તાસ્પ, [illegible] અથવા [illegible] કરે છે. [illegible] એ લડાઇનો [illegible] કરેલુ કામ [illegible] થઇ હતી [illegible] આપણુ [illegible] કે દરેક [illegible] હતી.

અરજાસ્પ અને પવિત્ર લડાઇઓ.

[illegible] અને [illegible] અરજાસ્પ, અથવા, [illegible] છે તેમ, [illegible] કે [illegible] તે [illegible] હતી [illegible] છે, અને [illegible] કે [illegible] આ [illegible]

ઓના સંબંધમાં દંતકથારૂપી પુષ્કળ હકીકત જળવાઈ રહેલી છે. જરતોસ્ત અને તેની દીનની તવારીખમાં તેઓ મોટી અગત્યતા ધરાવે છે અને તેટલામાટે વધારે વિગતથી તેમની ખબર લેવી જોઇયે છે. આ લડાઇઓની વિગતો અવસ્તા ઉપરથી, પેહેલવી લખાણો ઉપરથી, શાહનામા ઉપરથી, અને આરબ તવારીખોમાં આવેલા થોડાક ઇશારાઓ ઉપરથી ભેગી કરી શકાશે. શાહનામામાં આપેલો હેવાલ ઇસ્વી સનની દશમી સદી જેટલો પુરાણો છે, અને તેનો એક ભાગ ફિર્દુસીની આગમજ થઇ ગયલા દાકર દકીકીના હાથનો બનાવેલોછે. આ હેવાલની એક હજાર બેતોનું બયાન આપતાં ફિર્દુસી પોતે ખુલ્લું જણાવે છે કે એ બેતો ખાબમાં મને દકીકી તરફથી મળી હતી. આ એક હજાર બેતો જરતોસ્ત અને ગુસ્તાસ્પ બાબે તથા દીનનો પાયો રચવાના સંબંધમાં બનાવેલી છે.

અરજાસ્પ સામે ચલાવવામાં આવેલી લડાઇને પેહેલવી લખાણોમાં "દીન બાબેની જંગ" ને નામે ઓળખી છે. અવસ્તાવાણીનાં અને પેહેલવી લખાણોમાં એરેજત-અસ્પ (અરજાસ્પ) ને ખ્યઓન (પેહેલવીમાં ખ્યોન)ને નામે જાણીતા થયલા દુશ્મનોનો સરદાર જણાવેલો છે. આ ખ્યઓન પ્રજાનો ખરી કે ખોટી રીતે અસલી લખનારાઓએ જણાવેલી ખિયોનિટી નામની પ્રજા સાથ મુકાબલો કરવામાં આવે છે. ગમે તેમ હોય તોપણ અરજાસ્પ બુતપરસ્ત લોકોમાં સર્વથી વડો સત્તાધારી દુશ્મન સરદાર થઇ ઉભો છે, જેને શાહનામામાં તુરાન, તુર્કસ્તાન, ચીનનો પાદશાહ ગણ્યો છે.

જોકે અવસ્તામાં આ વાત ખુલ્લી જણાવેલી નથી કે અરજાસ્પ સાથે ધર્મનાં બે યુદ્ધ થયાં હતાં, તોપણ તે બે જુદી જુદી ચડાઇઓ લાગ્યો હતો તેની આપણી હને સાબેતી છે. શાહનામા અને બીજાં પુસ્તકોમાં આ બાબત જેવી ખુલાસાવાર મળે છે તેવી પેહેલવી લખાણોમાંથી મળતી નથી; પણ પેહલવી લખાણોમાં આ લડાઇ માટે સતર વરસોની મુદત વિતી જતી જણાવેલી છે તે દંતકથાની તારીખ ઉપરથી એવું અનુમાન કરી શકાય છે કે બે જંગ અથવા બે હુમલા થયા હતા. આ બન્ને ધર્મ સંબંધી લડાઇઓનું પરિણામ ઇરાનની ફતેહમાં આવ્યું હતું. તોપણ થોડાક વખત સુધી ફતેહને ભારી ખરાબી ખમવા વિના તે આવ્યું ન હતું. પહેલાં યુદ્ધમાં ગુસ્તાસ્પનો ભાઇ જરીર, અને જરીરનો બેટો બસ્તવઇરિ (બસ્તવાર અથવા નસ્તૂર) લડાઇમાં શરવિર દાખલ

ખરી છે, અને એ દુશ્મની અવસ્તામાં જણાવ્યા મુજબ ખ્યઓન પ્રજાના વડા એરેજત્-અસ્પ, અથવા પાછલા જમાનામાં તે સાધારણ રીતે ઓળખાયો છે તેમ તુરાની અરજાસ્પ, અને જરતોસ્તી દીનના પવિત્ર શરવિર કવિ વીસ્તાસ્પ (કએ ગુસ્તાસ્પ,) વચ્ચે ધર્મ ધર્મની લડાઇ દાખલ નવેસરથી બરપા થાય છે. ફતેહ શેવટે આતશ અને પવિત્ર કુસ્તીના મઝહબની ખિદમત બજાવે છે; પણ એ ફતેહ માટેની મંજલ એક પછી એક લડાઇ લડીને કાપવાની છે. ખુનરેઝી અને આફત એ ફતેહની આગળ આગળ ચાલે છે.

અવસ્તામાં જણાવેલી ધર્મની લડાઈ.

અરજાસ્પ સામેની મોટી પવિત્ર લડાઇઓનું આપણુ બયાન કરિયે તે આગમજ આપણે પહેલાં આ નોંધ લેવી જોઇએ કે અવસ્તાવાણીમાં પણ બીજી કેટલીક ભયંકર લડતો નોંધેલી છે, કે જેમને બુતપરસ્તીની સામેની પવિત્ર લડાઇ દાખલ ગણવામાં આવી છે. અવસ્તામાં જણાવ્યું છે કે આઠ બળવાન દુશ્મનો સાથની લડાઇમાં ગુસ્તાસ્પ, અથવા તેનો બહાદુર ભાઈ જરીર ખોદાઈ મદદ મેળવવા માટેઓજરખાદી કરે છે, અને તેમની આ બંદગીના જવાબમાં તેમના વાવટાઓને ફતેહ મળે છે. આ શિકસ્ત પામેલા લડવૈયાઓનાં કુંટુંબ નહિ તો નામો આપણુ જાણિયે છીયે, કેમકે યસ્તોમાં તે આપેલાં છે, ત્યાં તાંથ્રયવંત્ અને પેશન વીસ્પ-થૌર્વો-અસ્તિના એરો અસ્ત-ઓર્વંત્, દર્શિનિક અને સ્પિન્જોરૂપ, અને પેશોચંઘ તથા હુમયક, એટલાં નામો આપણુ વાંચિયે છિયે. આ સઘળાઓને દુરવંદ, બુતપરસ્ત, બેઇમાન, અથવા પાંખડ મત ધરાવનારા કહ્યા છે. તેઓ સામેની લડાઈની વિગતો માંશ ભાગ્યે ગૂમ થઇ છે. એ લડાઇની મુદત તરફ જોતાં એઓમાંની થોડીક આગળ જણાવી ગયા તેમ દીનમાં ચેલાઓને દાખલ કરવાનું કામ ચાલ્યું તે વખ્તે થઇ હતી. પવિત્ર અવસ્તાવાણીમાં કરેલા દાવા ઉપરથી આપણુ જાણિયે છિયે કે ફતેહ ઇમાન લાવનારાઓનેજ મળતી હતી.

અરજાસ્પ અને પવિત્ર લડાઇઓ.

ગુસ્તાસ્પનો હડહડતો શત્રુ અને કટ્ટો વેરી અરજાસ્પ, અથવા, પાછલા જમાનાની તવારીખમા તેને નામ મળ્યું છે તેમ, બુરી દીનવાળો તુરાની છે. ઇરાની પ્રજાના મઝહબનો તે એક જબરો હરીફ થઇ ઉભો છે, અને આપણુ નસીબવાન છિએ કે તેની સાથની આ લડાઈ-

ઓના સંબંધમાં દંતકથારૂપી પુષ્કળ હકીકત જળવાઈ રહેલી છે. જરતોસ્ત અને તેની દીનની તવારીખમાં તેઓ મોટી અગત્યતા ધરાવે છે અને તેટલામાટે વધારે વિગતથી તેમની ખબર લેવી જોઇયે છે. આ લડાઇઓની વિગતો અવસ્તા ઉપરથી, પેહેલવી લખાણો ઉપરથી, શાહનામા ઉપરથી, અને આરબ તવારીખોમાં આવેલા થોડાક ઇશારાઓ ઉપરથી ભેગી કરી શકાશે. શાહનામામાં આપેલો હેવાલ ઇસ્વી સનની દશમી સદી જેટલો પુરાણો છે, અને તેનો એક ભાગ દિ-કુંસીની આગમજ થઇ ગયેલા શાયર દકીકીના હાથનો બનાવેલો છે. આ હેવાલની એક હજાર બેતોનું બયાન આપતાં ફિરદૌસી પોતે ખુલ્લું જણાવે છે કે એ બેતો ખાબમાં મને દકીકી તરફથી મળી હતી. આ એક હજાર બેતો જરતોસ્ત અને ગુસ્તાસ્પ બાબે તથા દીનનો પાયો રચવાના સંબંધમાં બનાવેલી છે.

અરજાસ્પ સામે ચલાવવામાં આવેલી લડાઇને પેહેલવી લખાણોમાં "દીન બાબેની જંગ" ને નામે ઓળખી છે. અવસ્તાવાણીનાં અને પેહેલવી લખાણોમાં અરેજત્-અસ્પ (અરજાસ્પ) ને ખ્યઓન (પેહેલવીમાં ખ્યોન)ને નામે જાણીતા થયલા દુશ્મનોનો સરદાર જણાવેલો છે. આ ખ્યઓન પ્રજાનો ખરી કે ખોટી રીતે અસલી લખનારાઓએ જણાવેલી ચિયોનિટી નામની પ્રજા સાથ મુકાબલો કરવામાં આવે છે. ગમે તેમ હોય તોપણ અરજાસ્પ બુતપરસ્ત લોકોમાં સઘળેથી વડો સત્તાધારી દુશ્મન સરદાર થઇ ઉભો છે, જેને શાહનામાંમાં તુરાન, તુર્કસ્તાન, ચીનનો પાદશાહ ગણ્યો છે.

જોકે અવસ્તામાં આ વાત ખુલ્લી જણાવેલી નથી કે અરજાસ્પ સાથે ધર્મનાં બે યુદ્ધ થયાં હતાં, તોપણ તે બે જુદી જુદી ચઢાઇઓ લાગ્યો હતો તેની આપણી હને સાબેતી છે. શાહનામા અને બીજાં પુસ્તકોમાં આ બાબત જેવી ખુલાસાવાર મળે છે તેવી પેહેલવી લખાણોમાંથી મળતી નથી: પણ પેહલવી લખાણોમાં આ લડાઇ માટે સતર વરસોની મુદત વિતી જતી જણાવેલી છે તે દંતકથાની તારીખ ઉપરથી એવું અનુમાન કરી શકાય છે કે બે જંગ અથવા બે હુમલા થયા હતા. આ બન્ને ધર્મ સંબંધી લડાઇઓનું પરિણામ ઇરાનની ફતેહમાં આવ્યું હતું. તોપણ થોડીક વખત સુધી ઇરાનને બારી ખરાબી ખમવા વિના તે આવ્યું ન હતું. પહેલાં યુદ્ધમાં ગુસ્તાસ્પનો ભાઇ જરીર, અને જરીરનો બેટો બસ્તવહરિ (બસ્તવાર અથવા નસ્તૂર) લડાઇમાં શરવિર દાખલ

નામ કહાડે છે; બીજા યુદ્ધમાં ગુસ્તાસ્પનો બેટો અસ્ફંદિયાર પોતાનાં ચમત્કારિક બળથી બજાવેલાં કામોથી ઉપલા બંને પેહલવાન લડવૈયાઓની કીર્તિને પણ ઢાંકી નાખે છે. આ લડાઇઓને જરતોસ્તી દીનની આગળી તવારીખ સાથ લાગતું વળગતું હોવાથી તેમનું થોડુંક વર્ણન આપવું અને એ બાબત ઉપર થોડીક તકરાર ચલાવવી બધે બેસતું જણાય છે. એ બાબેના આપણા મૂળ આધારો વિષે આગળ જણાવી ગયા છિયે (જુઓ સફે ૬ ઠે તથા ૪૦ મે); એ બાબતની ખરેખરી કદર પિછાનવા માટે વાંચનારે "યાદગારે જરીરાન" નામની કેતાબમાં તથા શાહનામામાં આ દંતકથાનાં અથવા કહાણીનાં બયાનો વાંચવાં જોઇયે, કેમકે પુસ્તકો ઉપરથી વારે ઘડીએ એ બયાનો ઉતારવામાં આવ્યાં છે. અહીં આપણી કને તેઓમાં આપેલાં બયાનોમાથી ઉતારા કરવા અથવા સાર ખેંચવા જેટલીજ જગા ફાજલ છે.

દુશ્મનીની શરૂઆત, તેનાં કારણ અને જમાનો.

સાસાની જમાનાના વખતની જરતોસ્તી દંતકથામાં આપેલી તારીખ જો આપણ કબૂલ રાખિયે તો એવું જણાય છે કે ગુસ્તાસ્પના દીનમાં દાખલ થવા પછી સતર વરસ રહીને અરજાસ્પ સામેની લડાઈ પહેલવહેલી જાગી હતી. "જાદ-સ્પરમ"નાં પેહેલવી લખાણોમાં જણાવે છે કે "દીનનાં ત્રીશમાં વરસમાં ખ્યોન લોકો આવ્યા અને ઇરાનના મુલકોમાં ચઢાઇ લાવ્યા." ડૉ૦ ઇ. ડબ્લ્યુ. વેસ્ટે દંતકથા ઉપરથી ઉપજાવેલી તારીખને આધારે આ બનાવને આપણ ઇસ્વી પૂર્વે ૬૦૧ નાં વરસમાં મુકી શકિયે. એજ રીતે શાહનામુ પણ બતાવે છે કે પાદશાહના દીનમાં દાખલ થવા પછી મોટું જંગ જાગ્યું તે આગમજ થોડોક વખત ગુજરવો જોઇયે.[1] અહીં ઉમેરી શકાશે કે આ યુદ્ધની છેલી લડાઇનો દિવસ "યાદગારે જરીરાન" માં ફ્રરવરદીન આપેલોછે.

બંને પાદશાહો વચ્ચે ઉઠેલા ઝગડાનાં કારણો તપાસતાં અસલ દુશ્મનીનું દેખીતું કારણ એ જણાયછે કે ગુસ્તાસ્પે અરજાસ્પને ચોથાઇ તથા મેહસુલ ભરવાનું જારી રાખવાની ના પાડી હતી અને તે ઉપરથી

---

૧ આ વખતે જરતોસ્ત ખુજર્ગ વયે પહોંચ્યો હોય તેમ શાહનામામાં તેને "પીર" કહ્યોછે દંતકથા મુજબ આ વેળા તેની ઉમર સાઠ વરસની હશે. "યાદગારે જરીરાન"માં આટલો બધો જમાનો ગુજરેલો જણાવ્યો નથી. તેમાં તો જરતોસ્તને બદલે જમાસ્પને પાદશાહનો ધર્મ સંબંધી સલ્લાહકાર જણાવ્યો છે.

અરજાસ્પે તે માટે વખ્તે વખ્ત દબાણ ચલાવ્યા કીધું હતું. લડાઈનું એ બહાનું હતું. પણ દુશ્મનીનું ખરેખરૂં કારણ તો બન્ને પાદશાહો વચ્ચે પડેલી ધર્મ સંબંધી વિરૂધતાનું જણાયછે: કાંએકે ગુસ્તાસ્પે નવી દીન એખ્તિઆર કીધી તેજ આ મુશ્કેલીની હાલતમાં ખરેખરી પ્રગટ થાયછે. હવે આ ધર્મ સંબંધી સવાલ ચોથાઇની બાબત સાથે ખચીત ગુંચવાઈ ગયલોછે, અને એ બંનેને જુદાં પાડવાની વકી રાખવી મુશ્કેલછે. ચોથાઇની બિના પેહેલવી "દીનકર્દ" માં તેમજ શાહનામામાં નોંધાયલીછે. બીજા હાથ ઉપર "યાદગારે જરીરાન" માં ધર્મ સંબંધી પંચાતીને લડાઈનું મુખ્ય કારણ ગણેલીછે. જ્યારે આ ઝગડાનો સવાલ ગુસ્તાસ્પની દરબારમાં ઉભો થાયછે ત્યારે શાહનામામાં જણાવ્યા મુજબ જરતોસ્ત રાજદ્વારી બાબતોમાં મજબૂત હાથે કામ લેતા અને રાજ્ય સત્તા ધરાવતા એક વડા ગુરૂના અધિકાર સાથ દેખાવ દેછે. તે ગુસ્તાસ્પને આગ્રહ કરેછે કે ચોથાઇ ભરવાનું સાફ ના પાડવું. એ બનાવ અગામજ આ વાત જાણીતી હતી કે અરજાસ્પે સાચી દીન કબુલ રાખવાની ના પાડી હતી; અને તેથી રાજદ્વારી મામલાનો નીવેડો આણવામાં આ મોટા ધર્મગુરૂ (જરતોસ્ત)ને અધિક લાભ મોટે ભાગે ધર્મ સંબંધી હેતુનોજ હતો એ દેખીતી વાત હતી.' એટલા માટે પેગામ્બરની નજરમાં એવુંજ આવતું હતું કે હવે દુરાજનો નાશ થવાનોજ. એ રીતે ત્યારે ઇરાન સામે અરજાસ્પના ગુસ્સાને ઉશ્કેરી આપવા માટે દોજખના દેવોજ ઉઠી ઉભા થયા હતા. "દીનકર્દ" એવું માનેછે કે ચોથાઇ આપવા માટેની ગુસ્તાસ્પની મુકરર અને ખાતરીના બાબેની ખબર અરજાસ્પને છુપી રીતે આપનાર ગુસ્સાના મોટા દેવ અએશ્મ સિવાય બીજો કોઇ હતો નહિ. નીચલા ફકરા ઉપરથી સઘળી હકીકત જણાઇ આવશે: "જ્યારે વિસ્તાસ્પે દીન કબૂલ રાખીને સચાઇની વખાણ કીધી ત્યારે દોજખમાંના દેવો અશકત થઇ પડ્યા, અને અએશ્મ દેવ ખ્યોનના મુલક તરફ ધસ્યો, અને ખ્યોન લોકોમાંના છેવ-લેણ અરજાસ્પ આગળ ગયો, કે જે તે જમાનાના ઘાતકી પાદશાહોમાં સર્વથી બળવાન હતો; અને ખ્યોન લોકોના મુલકમાંના મુખ્યાબધ માણસોના સર્વથી મજબુત ભયાનક સિપાહીઓને લડાઇને માટે તે (ઇરાન ઉપર) ઉશ્કેરી લાવ્યો."

અરજાસ્પનું શેવટનું નામું.

આ ઉપરથી તરત અજાસ્પ ગુસ્તાસ્પ ઉપર એક નામુ લખેછે અને જે શરતે પોતે સુલેહ જાળવી રાખશે તે તેમાં જણાવેછે; તથા શેવટે એવી મતલબની ધમકી ઉમેરેછે કે ગુસ્તાસ્પે નવી દીન છોડી દેવી જોઇયે અથવા બે મહિનામાં ઇરાન સરજમીન ઉપર હુમલો આવે તે માટે તૈયાર રહેવું જોઇયે. આ હકીકત માટેની શાહદત "યાદગારે જરીરાન" ઉપરથી તેમજ શાહનામાં ઉપરથી મળેછે. ઉપલો સંદેશો ખરો હોય કે ખોટો, તોપણ તેની વિગતોની મતલબ એજ બંને દફતરોમાં જળવાઈ રહેલીછે. જે બે કાસદોને આ શેવટનું નામુ આપીને અરજાસ્પ રવાના કરેછે તેમનાં નામ હજાર ટોળાવાળા વીદ્રફ્શ અને નામખ્વાસ્તછે. અરજાસ્પનાં રાજ્યવાળો તથા અવસ્તામાં જણાવેલા ખ્યએન લોકોનો મુલક ક્યાં આવેલો હતો તે બાબે આગલા સફાઓમાં ઇશારો કીધોછે. અહીં આપણે એટલીજ નોંધ લઇશું કે શાહનામું તુરાનીઓને જીહુન નદીની પેલી બાજુ ઉપર વસતા જણાવેછે, અને અરજાસ્પે પોતાના એલચીઓને ખલ્લખ અથવા ખલ્લુખ શેહેર ખાતેથી બલ્ખ ખાતે રવાના કીધેલા કહેછે. જો કે આ બંને પાદશાહો વચેની મુશ્કેલીનો મૂખ્ય ઉશ્કેરણી કરનારો જરતોસ્ત હતો, તોપણ અગરજો જામાસ્પ આપણને (ગુસ્તાસ્પના) સલાહકાર દાખલ વરૂપણ લેતો જણાય તો તે અસંભવિત ગણાશે નહિ, કેમ કે તે તેનો વડો પ્રધાન, વડો મેહસુલી અમલદાર અને વડો વજીર હતો. અરજાસ્પનો ઉપલો અભિમાની ભરેલો સંદેશો ભણતાંજ ગુસ્તાસ્પનો લડાયક ભાઇ જરીર દરબારમાં એકદમ ઉઠી ઉભો થાયછે અને અરજાસ્પના એલચીઓનાં મ્હોડાં ઉપર લડાઇમાં ઉતરવાની પોતાની ખુશી બહાદુરીથી જાહેર કરે છે. ઉપલા સંદેશાના જવાબમાં તે એક સખ્ત નામું લખે છે, જેને પાદશાહ પસંદ કરે છે, અને પછી એલચીઓ પાછા ફરે ત્યારે પુગાડવા માટે તે તેમને હવાલે કરે છે. પછી તરત લડાઈ જાહેર કરવામાં આવે છે.

અરજાસ્પનો પહેલો હુમલો, અને ધર્મની લડાઇ.

"દીનકર્દ" જણાવે છે કે અવસ્તાના "વિસ્તાસ્પ-સાસ્તો" નામના ગૂમ થયલા નસ્કમાં નીચલી બાબતનો હેવાલ લખેલો હતો : "ઉશ્કેરવો ખ્યોનવાલા અરજાસ્પને ગુરસાના દેવે વીસ્તાસ્પ સાથની લડાઈ તથા જરતૂસ્તનાં અકળામણ માટે; તૈયારી અને હીલચાલ કરવી એ લડાઇ

માટે પારદ્યાક વિસ્તારથે, અને તે બાબેની બીજી બિના." આ ટુંક પણ ખુલ્લી હકીકત ઉપરથી અવસ્તા જમાનની તે રસિલી કેતાબ ગૂમ થવા બાબે આપણને ઘણી દિલગીરી પેદા થાય છે. પણ બીજી બાબનોના સંબંધમાં બન્યું છે તેમ આ બાબતને લગતી પણ ઘણી એક હકીકત બેશક પેહેલવી અને પાછલાં ફારસી સાહિત્યમાં ખરેખર બચવા પામી છે; અને એ બિનાથી પેહેલવી "યાદગારે જરીરાન" તથા શાહનામામાં આવેલી હકીકતોને વધારે વજન એમ મળે છે કે તે હકીકતો ખરેખરા જુના આધાર ઉપર રચાએલી છે અને તેટલામાટે તેઓ વધારે ધ્યાન પુગાડવા જોગ છે. પાછલા સફાઓમાં જે બાબતનું બયાન કરવામાં આવેલું છે તે વાંચતી વેળા આ બિના ધ્યાનમાં રાખવી જોઇએ.

સામસામાં લશકરોની સંખ્યા અને તેઓની ગોઠવણીના સંબંધમાં "યાદગારે જરીરાન" તથા શાહનામું એ બંનેએ કલ્પિત રંગ દઇને ભપકાદાર ચિત્રો દોર્યાં છે. આજનાં તવારીખનાં દફતરોમાં પણ જેમ સાધારણ છે તેમ આ લશકરોમાં કેટલાં માણસો લડવા ઉતર્યાં હતાં તેની ગણત્રી ઘણી ફેરફેર મળે છે. અરજાસપનાં લશકરનાં સંબંધમાં "યાદગારે જરીરાન"ના એક ફકરામાં જણાવ્યું છે કે તે ૧૩૧૦૦૦ માણસોનું હતું.[1] શાહનામામાં એટલું બધું ખુલ્લું જણાવ્યું નથી, પણ તેમાં અરજાસપનાં લશકરની બે પાંખિયાળી ફોજ તથા અનામત રાખેલી ફોજની એકંદર સંખ્યા ૩૦૦૦૦૦ ની જણાવી છે, સો જોકે એ સંખ્યામાં લશકરના મુખ્ય ભાગની સંખ્યાને ગણત્રીમાં લીધી નથી. બીજા હાથ ઉપર ગુસ્તાસ્પનાં લશકરની ખરેખરી ગણત્રી "યાદગારે જરીરાને" કહ્યા મુજબ તે ૧૪૪૦૦૦ માણસોનું હતું, તો જોકે તેમાં એક વાર એમ પણ જણાવ્યું છે કે આ લશકરની સંખ્યા ગણાય નહિ એટલી બધી હતી. બીજા હાથ ઉપર શાહનામામાં ગુસ્તાસ્પનાં લશકરની આ સંખ્યા મોઘમ રીતે હજારો હજાર (૧૦૦૦x૧૦૦૦ની જણાવેલી છે.

અરજાસ્પનું લશકર અને તેના સરદારો.

જે દંતકથા ઉપર હિંદુઓએ અથવા ખરૂં કહિયે તો દકીકીએ પોતાના કવિતાઇ હેવાલનો આધાર બાંધ્યો છે તેમાં જે શેહેર ખાનેથી અરજાસ્પ પોતાનું લશકર લઇને ઉતરી આવ્યો તેને સઘળે ઠેકાણે એક

[1] એ પુસ્તકના બીજા ભાગમાં વળી જણાવ્યું છે કે એ સંખ્યા ૨૨૦૦૦૦૦૦ માણસોની હતી; પણ અહીં આંકડામાં ભૂલ હોવી જોઇએ.

સરખી રીતે બન્નેને નામે જણાવેલું છે. અહીં એક વાર ફરીને ઉપર જણાવેલાં "વિસ્તારપ-ગ્રાસ્તો." નરકની ખોટ યાદ આવે છે. હુમલો લઈ જનારાં પોતાનાં લશ્કરની કુચની ગોઠવણ અરજાસ્પે કેવી રીતે કીધી હતી તે ગોઠવણ પણ શાયર જણાવવાને શક્તિવાન થયો છે. આ ગોઠવણ લડાઇનાં મેદાનમાં સજ્જ સમારીને પોતાનાં લશ્કર તથા તેના સરદારોને ઉભા રાખવાની ખરેખરી ગોઠવણથી ઘણી જુદી પડે છે; પણ લડાઈ અને લશ્કરની જગાની જરૂરિયાત મુજબ ગોઠવણોમાં ફેરફાર થવા જોઇયે તે એક શાયર પણ સમજી શકે છે. કુચ કરતી વેળા લશ્કરની કેવી ગોઠવણ હતી તે પાસેના સફામાં આપેલી આકૃતિ ઉપરથી જણાશે.

સર્વથી પહેલાં ચાલતાં લશ્કરની સરદારી ખશાશને સોંપવામાં આવી છે. લશ્કરની બંને પાંખોની સરદારી અરજાસ્પના પોતાના બે ભાઇઓ કુહરમ અને અંદરીમાન (અવસ્તા મુજબ વંદરેમઇનિ)ને આપી છે. જેઓમાંના દરેક જોડે ત્રણ લાખ ચુનંદા સિપાઇઓ છે. આખાં લશ્કરનો મુખ્ય સરદાર ગુર્ગંસાર અને તુરાની જુડો બીદ્રફ્શને સોંપવામાં આવ્યો છે. પોતાની સલામતી અને સગવડને માટે અરજાસ્પ પોતે લશ્કરના મધ્યભાગમાં રહીને કુચ કરે છે. લશ્કરની હરોળની ફોજની સરદારી દૂશદીવને આપેલી છે.

હમણાંજ જણાવ્યું તેમ, કુચની ઉપલી ગોઠવણ લડાઇનાં મેદાનમાં લડતી ફોજોની ગોઠવણથી જુદી છે. શાહનામામાં એ બાબેનો જે રસિલો હેવાલ આપેલો છે તે મુજબ અરજાસ્પનાં લશ્કરને લડાઈ માટે સજ્જ સમારીને ઉભું રહેલું બીજા સફામાં આપેલી આકૃતિ મુજબ આપણુ કલ્પિ શકીશું. લડાઇનાં બયાન ઉપરથી ખુલ્લું જણાય છે કે જેમ ઘણીવાર બીજે ઠેકાણે બને છે તેમ ઉગમણા દેશોનાં જંગમાં પણ એમાં લશ્કરની એકઠી લડત ચલાવ્યાને બદલે અને લશ્કરી ગોઠવણ બદલ્યા કરવાનેબદલે ચુનંદા પેહેલવાનોનાં બહાદુરી ભરેલાં એકલે હાથનાં પરાક્રમોથી લડાઇ જીતાતી હતી. આપણુ કલ્પિ શકીશું કે આ જંગમાં ગુસ્તાસ્પનાં લશ્કરને હોરમજદ અને અરજાસ્પનાં લશ્કરને આહરેમન રાહબર થઇ ફતેહનો રસ્તો દેખાડતા હવા. શાહનામામાં લડાઇનું જે બયાન આપેલું છે તે ખરેજ

શાયરીથી ભરપુર હશે, પણ તે વાંચવા જેમ છે. લડાઈ વેળા શત્રુનું લશ્કર નીચે મુજબ સજ સમારી ઉભું હતું:—

જંગમેદાનમાં અરજાસ્પનાં લશ્કરની ગોઠવણ.

(શાહનામા મુજબ.)

બીદરફ્શ :	ગુર્ગસાર :
૧૦૦૦૦૦ લશ્કર સાથે	૧૦૦૦૦૦ લશ્કર સાથે

અરજાસ્પ અને નામખ્વાસ્ત :

ચુનંદા સવારો સાથે

અનામત ફોજ

૧૦૦૦૦૦ લશ્કરની

કુહરમ :

હરોલનાં લશ્કર સાથ

આ લડાઇમાં બીદરફ્શ અને ગુર્ગસારને એકેક લાખ માણસોનાં લશ્કરની બનેલી એકેક પાંખની સરદારી આપેલી છે. નામખ્વાસ્ત સરદાર ચુનંદા સવારો જોડે લશ્કરની વચોવચમાં ઉભોછે, કે જ્યાં અરજાસ્પ પોતે પણ ઘોડેસ્વાર થયલો છે,[1] ૧૦૦૦૦૦ માણસોના અનામત રાખેલાં લશ્કરને એવી રીતે ગોઠવ્યું છે કે તે સઘળાં ભાગોના લશ્ક-

[1] "યાદગારે જરીરાન" મુજબ જેમ વિશ્તાસ્પ તેમજ અરજાસ્પ પણ લશ્કરોને હુકમ ફરમાવવા માટે ટેકરી ઉપર પોતાની બેઠક બનાવી લડાઈનો તમાશો જુએ છે.

શેને મદદ આપી શકે. આ વેળા લશ્કરની હરોલની સરદારી કુદરમને[1] આપવામાં આવી છે, કેજે સરદારી ચઢાઇ લાવનારાં લશ્કરની ધસી આવતી કુચ વેળા દુશ્મનને મળેલી હતી. અરજાસ્પના સરદારોમાં માત્ર બેજ જણ આ લડાઇમાં ખરેખરા પ્રખ્યાત થયલા જણાય છે. એક નામ ખ્વાસ્ત અને બીજો બીદરફ્ષ.

ગુશ્તાસ્પનું લશ્કર અને તેના પેહલવાનો.

વિસ્તાસ્પની ફોજોની સખ્યા બાબે આપણે હમણાંજ ઇશારો કીધો છે. ઇરાનીઓની બાજુએ જે ત્રણ સુનંદા પેહલવાનોએ નામદારી મેળવી છે, તેઓમાં પહેલો ગુશ્તાસ્પનો હિમતવાન ભાઇ ઝરવીર જરીર, બીજો જરીરનો બેટો બસ્તવર (નસ્તૂર.) અને ત્રીજો ગુશ્તાસ્પનો પોતાનો કીર્તિવંત બેટો અસ્ફંદિયાર છે, "યાદગારે જરીરાન"માં ગુશ્તાસ્પના ભાઇઓમાંના પાદ-ખુસ્રવ[2] નામના એક બીજા ભાઇ વિષે તેમજ વળી ગુશ્તાસ્પનો એક માનિતો બેટો, કે જેનું નામ ફ્રેશોકર્દ અથવા ફ્રશાવર્દ[3] છે, તેને વિષે પણ ઇશારા કરેલા છે. વળી શાહનામું ગુશ્તાસ્પના એક બેટા અર્દશીરનું, શેરો અથવા (મોહલ મુજબ) હીરમઝ્દનું, શેદાસ્પનું, જમાસ્પના બેટા ગરામીનું, વિશતાસ્પના બેટા નેવજારનું, તેમજ બશુતન (યાને પશુતન)નું અને નૂશ-આદર (યાને અનૂશ-આદર) નામનો અસ્ફંદિયારનો એક બેટો (કેજે બીજાં જંગમાં જ્વારિદના હાથ ઉપર માર્યો ગયો છે તેનું) નામ પણ જણાવી જાર છે અને જંગોના સઘળા હેવાલોમાં બહાદુર અસ્ફંદિયારનું નામ જણાર છે. દેખીતી રીતે પહેલાં જંગમાં તે ઘણો જ્વાન માલુમ પડે છે, અને

---

૧ અરજાસ્પના ભાઇ કુહરમ અથવા ગુહરમનું નામ વખરી ગોહરમ એનું આપે છે. ઇરાની લશ્કરમાંથી ચેહારપે તેને લાવા બોલાવ્યો ત્યારે લશ્કરની હરોલમાંથી તેની સામે લડવા ઉતરેલો હોવો જોઇએ.

૨ અવસ્તામાં આ નામ જણાતું નથી. ડાર્મેસ્ટેટે સૂચવે છે કે ફ્રરવર્દ યશ્તમાં જે ખુજસ્રવંધુ નામ છે તે એજ છે; પણ એ બિના શક ભરેલી

૩ ફ્રરવરીન યશ્તમાં ફ્રશોકર નામને યાદ કીધું છે. તે એજ નામ એમ ફેસ્ક સૂચવે છે. ડાર્મેસ્ટેટે શાહનામાના ફર્શીદવર્દ સાથે આ નામ સરખાવે છે, પણ ફ્રશાવર્દ તો પહેલાં જંગમાં માર્યો જાય છે, અને ફર્શી વર્દ બીજાં જંગમાં જીવ આપે છે; માટે એ બંનેને આપણે ગુંચવી નાખ જોઇએ નહીં. ફ્રશાવર્દ તે કદાચે ફ્રરવરદીન યશ્તમાં યાદ કીધેલો ફ્રષદાંખ્ય હોઇ શકે.

ચાપરીથી ભરપુર હશે, પણ તે વાંચવા જોગ છે. લડાઈ વેળા શત્રુના લશ્કર નીચે મુજબ સફ સમારી ઉભું હતું:—

જંગમેદાનમાં અરજાસ્પનાં લશ્કરની ગોઠવણ.

(શાહનામા મુજબ.)

બીદરફ્શ : | ગુર્ગેસાર :

૧૦૦૦૦૦ લશ્કર સાથે | ૧૦૦૦૦૦ લશ્કર સાથે

અરજાસ્પ અને નામખ્વાસ્ત :

ચુનંદા સવારો સાથે

અનામત ફોજ

૧૦૦૦૦૦ લશ્કરની

કુહરમ

હરોલનાં
લશ્કર સાથ

આ સમાચમા બીદરફ્શ અને ગુર્ગેસારને એકેક લાખ માનુસોનાં લશ્કરની બનેલી એકેક પાંખની સરદારી આપેલી છે. નામખ્વાસ્ત સરદાર ચુનંદા સવારો જોડે લશ્કરની વચોવચમાં ઉભોછે, કે જ્યાં અરજાસ્પ પોતે પણ ઘોડેસ્વાર થએલો છે,[1] ૧૦૦૦૦૦ માણસોના અનામત પાછળનાં લશ્કરને એવી રીતે ગોઠવ્યું છે કે તે સઘળાં ભાગોના લશ્કર-

---

1 "બહારે જરીરાન" મુજબ એમ વિસ્તારથ તેમજ અરજાસ્પ પણ લશ્કરોને હુકમ ફરમાવવા માટે ટેકરી ઉપર પોતાની બેઠક બનાવી લડાઈને વખતે જુએ છે.

શકે મદદ આપી શકે. આ વેળા લશ્કરની હરોલની સરદારી કુદરમને[1] આપવામાં આવી છે, કેજે સરદારી ચઢાઇ લાવનારાં લશ્કરની ઘસી આવતી કુચ વેળા દુશ્મનને નડેલી હતી. અરજાસ્પના સરદારોમાં માત્ર એજ જણ આ લડાઇમાં ખરેખરા પ્રખ્યાત થયલા જણાય છે. એક નામ અસ્તવ અને બીજો બીદરફ્શ.

ગુસ્તાસ્પનું લશ્કર અને તેના પેહલવાનો.

વિસ્તાસ્પની ફોજોની સંખ્યા બાબે આપણે કમનસીબે કાંઇ ઇશારો કીધો છે. ઇરાનીઓની બાજુએ જે ત્રણ ચુનંદા પેહલવાનોએ નામદારી મેળવી છે, તેઓમાં પહેલો ગુસ્તાસ્પનો હિમતવાન ભાઇ ઝરીર જરીર, બીજો જરીરનો બેટો બસ્તવર (નસ્તૂર,) અને ત્રીજો ગુસ્તાસ્પનો પોતાનો કીર્તિવંત બેટો અસ્ફંદિયાર છે, "યાદગારે જરીરાન"માં ગુસ્તાસ્પના ભાઇઓમાંના પાદ-ખુસ્રવ[2] નામના એક બીજા ભાઇ વિષે તેમજ વળી ગુસ્તાસ્પનો એક માનિતો બેટો, કે જેનું નામ ફ્રશોકર્દ અથવા ફ્રષાવર્દ[3] છે, તેને વિષે પણ ઇશારા કરેલા છે. વળી શાહનામું ગુસ્તાસ્પના એક બેટા અર્દશીરનું, શેરો અથવા (મોહલ મુજબ) હોરમજ્દનું, શેધસ્પનું, જામાસ્પના બેટા ગરામીનું, વિશ્તાસ્પના બેટા નેવજારનું, તેમજ બસ્તન (યાને પશુતન)નું અને નૂશ-આદર (યાને અનૂશ-આદર) નામનો અસ્ફંદિયારનો એક બેટો (કેજે બીજાં જંગમાં જ્વારેદના હાથ ઉપર માર્યો ગયો છે તેનું) નામ પણ જણાવી જાય છે અને જંગોના સઘળા હેવાલોમાં બહાદુર અસ્ફંદિયારનું નામ જણાય છે. દેખીતી રીતે પહેલાં જંગમાં તે ઘણો જવાન માલુમ પડે છે, અને

---

1 અરજાસ્પના ભાઈ કુદરમ અથવા ગુદરમનું નામ વળી ગોહરમજ એવું આપે છે. ઇરાની લશ્કરમાંથી ચોહારપે તેને લડવા બોલાવ્યો ત્યારે તે લશ્કરની હરોલમાંથી તેની સામે લડવા ઉતરેલો હોવો જોઈએ.

2 અવસ્તામાં આ નામ જણાતું નથી. દાર્મેસ્ટેટર સૂચવે છે કે ફ્રવરદીન યશ્તમાં જે યુજસ્રવંધૂ નામ છે તે એજ છે; પણ એ બિના શક ભરેલી છે.

3 ફ્રવરદીન યશ્તમાં ફ્રષોકર નામને યાદ કીધું છે. તે એજ નામ છે એમ વેસ્ટ સૂચવે છે. દાર્મેસ્ટેટર શાહનામાના ફ્રશીદવર્દ સાથ આ નામને સરખાવે છે, પણ ફ્રષાવર્દ તો પહેલાં જંગમાં માર્યો જાય છે, અને ફ્રશીદવર્દ બીજાં જંગમાં જીવ આપે છે, માટે એ બંનેને આપણે ગુંચવી નાખવા જોઈતા નથી. ફ્રષાવર્દ તે કદાચ ફ્રવરદીન યશ્તમાં યાદ કીધેલો ફ્રષદાંમવરેસ હોઈ શકે.

લડાઇ માટે ગુસ્તાસ્પનાં લશ્કરની ગોઠવણ.

(શાહનામા મુજબ.)

શેદાસ્પ:	અસ્ફંદિયાર:
(લશ્કરની સંખ્યા આપી નથી)	૫૦૦૦૦ લશ્કર સાથે.

જરીર:

૫૦૦૦૦ લશ્કર સાથે

લશ્કરનો મોટો ભાગ.

બસ્તવર

(હૈરાવના લશ્કર સાથે.)

પેહલવાન દાખલ તે જે નામ કહ્યાં છે તે બીજાંજ મોટા જંગમાં કહાડે છે; તોપણ બન્ને જંગોમાં તે એક સરખો રોહનતન પેહેલવાન જાહેર થાય છે. "યાદગારે જરીરાન" મુજબ ગુસ્તાસ્પનાં કુટુંબના બીજા બત્રીસ બેટાઓ કપાઇ જાય છે; પણ એ સંખ્યામાં અરજાસ્પ સામેની બીજી પવિત્ર લડાઇના હેવાલને નજરીમાં લેવામાં આવ્યો નથી શાહનામુ ગુસ્તાસ્પના કતલ થએલા બેટાઓની સંખ્યા આડત્રીસની જણાવે છે, પણ બીજા હાથ ઉપર આ સંખ્યા બન્ને જંગો મળીને

રૂપથી જણાય છે. શાહનામા મુજબ લડાઇના મેદાનમાં ગુસ્તાસ્પનું લશ્કર કેવી રીતે સજ સજાવી લડવા ઉતર્યું હતું તે પાસેની આકૃતિમાં બતાવ્યું છે. આપણને એકવાર ફરીને દિલગીરી જણાવવી જોઇએ કે પેલો ખોવાઇ ગયલો "વિસ્તાસ્પ-સાસ્તો" નસ્ક આપણી કને નથી, કે જેમાં "દીનકર્દ"ના જણાવ્યા મુજબ "લડાઇને બારેની પાદશાહ વિસ્તાસ્પની ગોઠવણ અને હીલચાલ"નું બયાન આપેલું હતું.

પહેલું મોટું યુદ્ધ ક્યાં ચાલ્યું હતું તેનાં ઠેકાણાની જગા ખુલ્લી માલુમ પડતી નથી. શાહનામુ જેહુન અથવા ઑક્સસ નદીના કાંઠા ઉપર તે ચાલેલી જણાવે છે; પણ "યાદગારે ઝરીરાન" લડાઇના મથક દાખલ મર્વ વિષે ઇશારો કરતું જણાય છે, કેજે પણ ઇરાનનાં ઇશાન ખુણા તરફજ આવેલું છે; પણ એ બાબતમાં આ ગ્રંથનું લખાણ ચોકસ નથી.

આમ ખુલ્લું જણાય છે કે આ પહેલાં યુદ્ધમાં, સહેજ વખ્તને અંતરે, બે મુખ્ય લડાઇઓ થઇ હતી. "યાદગારે ઝરીરાન" અને શાહનામા વચ્ચે જે દેખીતો થોડોક તફાવત અને ફેરફેર છે તે આ રીતે લેતાં મટી જાય છે. ઉપલા અંતરના સંબંધમાં શાહનામું જણાવે છે કે અરજાસ્પે પહેલો હુમલો કીધો તે વેળાની લડાઇ અને જે લડાઇમાં ઝરીરનું મોત નિપજ્યું તે વચે બે આઠવાડિયાં ગુજરી ગયાં હતાં. લડાઇના સંબંધમાં "યાદગારે ઝરીરાન" તે મામલો અને તે બનાવ કુદરતી રીતે પસંદ કરે છે કે જેમાં તેનો પેહેલવાન ઝરીર આગેવાન ભાગ લેતો જણાય છે. લડાઇ થવાને અગાઉથીજ વખ્તે જામાસ્પ હકીમે બને બાજુવાળાઓના લાભમાં જે સઘળી ફતેહ અને જે સઘળી ખુઆરી થવાની હતી તેનું ભવિષ જોઇને તે કહી આપ્યું હતું, તે બાબે બને હેવાલોમાં જણાવેલું છે; અને આવતી કાલે જે ખુશહાલી અને દિલગીરી, થોડા વખ્તની શિકસ્ત પણ છેવટની પુરેપુરી અને ચોકસ ફતેહ જાહેર થનાર હતી તે બાબે તે પાદશાહ આગળ ખાત્રી વદે છે, ગુસ્તાસ્પ લડાઇનો તમાશો પરોક્ષમાં આવેલી એક ટેકરી ઉપરથી જુએ છે. પહેલી લડાઇમાં જરતોસ્તી દીનવાળાઓની બાજુનાં સંખ્યાબંધ માણસો માર્યાં જાય છે. તેઓમાંના કેટલાકના નામો મળી આવે છે, અને તે મોટે ભાગે પાદશાહના બેટાઓ છે; જેવા કે—અર્દશીર, હોરમજદ (અથવા શેરો), શેદાસ્પ, નેવજર, પાદ-ખુસરુ, અને ફરશાવર્દ (?). એઓમાંના ઘણુએક પેલા હોશિયાર દેવજાત

નામખ્વાસ્તના હાથ ઉપર માર્યો જાય છે. લડાઇના સઘળા હેવાલોમાં જે સર્વથી રસિલો છે તે કદાચ જામાસ્પના અજીત બેટા ગરામીનાં બહાદુરી ભરેલાં પરાક્રમનું બયાન છે, કે જેને "યાદગારે જરીરાન"માં ગરામીક-કર્દને નામે ઓળખાવ્યો છે. એક ઘણેજ બારીક વખ્તે તે બહાદુરી ભરેલી શિદ્દતથી શાહનશાહી ઝુંડો શત્રુના હાથમાં જતો બચાવી લેછે, કે જેનાં તે કામથી સર્વમાં હિમત પેદા થાય છે. પોને લડાઇમાં માર્યો જાય છે ત્યાં સુધી તે તે ઝુંડાને પોતાના દાંતો વચે પકડી રાખીને તેનો બચાવ કરે છે.

આ પહેલી શરીલી લડાઇ પછી ટુંક વખતને અંતરે બીજી અને શેવટની લડાઇ થાય છે. આ લડાઇમાં મુખ્ય લડવૈયો જરીર હતો તે બાબે કશો શક નથી. તે ખુલ્લા હુમલામાં માર્યો જતો નથી, પણ તેણે બીદરફ્શને લડાઇમાં પોતાનો હમનબર્દ માંગ્યો હતો ને જાદુગરના હાથ ઉપર ચોરી છુપાઇ ભરેલાં દાવપેચથી તે જીવ આપે છે. જરીરનાં કમભાગ્યનાં મોતનો કીર્તિ ભરેલો કીનો તેના જવાન બેટા બસ્તવરે (નસ્તુરે) અને શૂરવીર અસ્ફંદિયારે લીધો. "યાદગારે જરીરાન-"ના શબ્દોમાં કહિયે તો, "જેમ આદર ઇજદ ઘાસની ગંજીમાં, જુસ્સા ભેર સળગી ઉઠે છે અને તુફાની પવનના ઝપાટાથી આગળ વધી જાય છે તેમ બહાદુર જરીરે લડાઇ શરૂ થતાંજ તેને આગળ વધારવા માંડી પોતાની તલવારને દર ઝટકે તે દશ દશ ખ્યોન સિપાહીઓ કાપી નાખતો હતો, અને વળી પોતાની શમ્શીરનો ફટકો માર્યા પછી તેને પાછી ફેરાવતો ત્યારે બીજા અગ્યારનો તે જાન લેતો હતો. જ્યારે ભુખો અને પેયાસો થતો ત્યારે તે ખ્યોન લોકોનાં લોહી તરફ માત્ર નજર કરતો અને પાછો તાજો થઇ જતો હતો પણ ઉપર કહ્યું તેમ આ મહાન લડવૈયો દગાનો ભોગ થઇ પડયો; વીદરફ્શ (વેદ્રફ્શ અથવા બીદરફ્શ) જાદુગર કે જેને અરજાસ્પે જરસ્તન નામની પોતાની બેટીનો સુંદર હાથ ઇનામ દાખલ આપવાની કબૂલત આપેલી છે તેણે પછ-વાડેથી ફેંકેલો ઝેહરી ભાલો તેનું દિલ વિંધી નાખે છે અને તે જમીન દોસ્ત થાય છે. આ પેહલવાન પડયો કે હવે ગુસ્તાસ્પની વારી આવે છે અને જેબી ઘણી જરીરનાં મોતનો કીનો લે તેને પોતાની ખુબ-સુરત શાહજાદી હુમાઇ શાદીમાં આપવા માંગે છે, જરીરનો નવજવાન બેટો બસ્તવર, કેજે ઉમરે બાળક છે પણ કુવતે અને હિમતે પેહલ-વાન છે, તે આગળ ધસે છે અને અસ્ફંદિયાર સાથ મળીને દગાબાજ

વીદરફ્‌ને કાપી નાખે છે, તુરાની લશ્કરોને નસાડે છે, પોતાની આગળ તેમને નસાડતાં તે તેઓમાં કતલ ચલાવે છે. અને અસ્ફંદિયારની મદદથી અરજાસ્પને શિકસ્ત આપી, કમીનો બનાવી, મારેલો અને તુટેલો કરીને તેનાં પાયતખ્ત ખાતે પાછો ફેરવે છે.

હવે બહાદુર અસ્ફંદિયાર હાર પામેલા તુરાનીઓને વીસામો ખાવા દેછે, કેમકે વર્તણુક તેના અમીરી ખવાસને બંધ બેસતી આવે છે, તો જોકે શાયર વર્ણન કરે છે તેમ તેના સિપાહીઓ તો નાસભાગમાં પડેલાં આખાં લશ્કરને કાપી નાખવા માંગતા હતા. લડાઇમાં માર્યા ગયલાઓની સંખ્યા આપવાને શાહનામું શાકતવાન છે. ગુસ્તાસ્પનાં લશ્કરમાંથી ૩૦૦૦૦ સિપાહીઓ કપાઇ મયલા ગણાયા છે, કે જેઓમાં પાદશાહના આડત્રીશ બેટાઓ પણ હતા. અરજાસ્પનાં લશ્કરમાંથી જેઓ માર્યા ગયા તેઓ ૧૦૦૦૦૦ કરતાં વધારે ગણાયા છે. વિગત આપનાર એક કાવ્ય લખનારને માન બરેલી થઇ પડે એવી ચોકસાઇ સાથ શાયર વળી આ સંખ્યાઓ ઉમેરવાને પણ શક્તિવાન છે કે આ માર્યા ગયલાઓમાંના ૧૧૬૩ ઉંચી પદ્દીવાળા ધણીઓ હતા, અને ૩૨૦૦ સિપાહીઓ જખમી થયા હતા તે તો જુદા. હવે શત્રુઓ જોડે સુલેહની બોલીઓ ધર્મ સંબંધી શરતો સાથ કરવામાં આવે છે, અને જરતોસ્તી મજ-હબની પહેલી મોટી ફતેહનું કામ પાર ઉતરે છે.

લડાઇ પુરી થયા બાદ પોતાને મળેલી ફતેહનાં ખુશહાલી ભોગ-વવા માટે ગુસ્તાસ્પ પોતાના ઇરાન મુલકમાં થઇને બલ્ખ શેહેર તરફ કુચ કરી જાય છે. કહે છે કે ઇરાનીઓની રીત મુજબ તેણે પોતાની બેટી હુમાઇને બહાદુર અસ્ફંદિયારને શાદીમાં આપી, અને પેલા જવાન પેહ-લવાન બસ્તવર (નસ્તુર)ને ૧૦૦૦૦૦ ચુનંદા સિપાહીઓનું લશ્કર આપીને ફરમાવ્યું કે ફતેહ સંપૂર્ણ કરવા માટે તેણે અરજાસ્પનાં પાયતખ્ત ખલ્લખ તરફ ધસી જવું. એક બીજા બેટા ફરશીદવર્દને ખોરાસાનની હાકમી ઉપર મોકલ્યો. કેમકે પ્રાંત હવે પછી અરજાસ્પ સામેની બીજી પવિત્ર લડાઇનાં મથક દાખલ પ્રખ્યાત થાય છે. ગુસ્તાસ્પ પોતે હવે એક નવું આતશનું મકાન બાંધે છે અને જામાસ્પને તેનો વડો દસ્તુર બનાવે છે. દીનને માટે તેનું છેવટનું અને સર્વથી અગત્યનું કામ તો એ છે કે તે જરતોસ્તના મજહબમાં સઘળાં લોકો અને સઘળી પ્રજા-ઓને દાખલ કરવા ફરમાવીને તેહમતન અસ્ફંદિયારને બીજી સર જમીનો ખાતે ધર્મની લડાઇ જગાડવાનાં પવિત્ર કામે રવાના કરે છે. જ્યારે આ બહાદુર લડવૈયો અને તાબેદાર બેટો એ કામ પાર પાડીને આવે ત્યારે ઇરાનનું તાજ અને તખ્ત ઇનામ દાખલ તેને હવાલે કરવાની પાદશાહ કબુલાત આપે છે.

અસ્ફંદિયારની મુલકગીરી, અને તે પછીના બનાવો.

આ દેલાવર પેહલવાનને નસીબ કેવું યારી દેછે તે દંતકથામાં જણાવેલું છે. શાહનામા મુજબ દીન માટેની તેની પવિત્ર લડત એટલી તો ફતેહમંદ નિવડે છે કે બીજા મુલુકોની જોડે "રૂમ અને હિંદુસ્તાન" જેવા દેશો ખાતેથી પણ ગુસ્તાસ્પની દરબારમાં કાસદો રવાના કરીને "જરતોસ્તના જંદ અવસ્તા" મોકલી આપવાની અરજ કરવામાં આવે છે. આ અરજ મોટી ખુશીથી કબૂલ રાખીને ગુસ્તાસ્પ દરેક દેશ ખાતે અવસ્તા વ જંદની એકેક નકલ મોકલાવે છે. "અરૂમ અને હિંદુસ્તાન" ખાતે ધર્મના ફેલાવા માટેની લડત ચલાવવાની અસ્ફંદિયારની જેહમત બાબેનો ઇશારો આપણુ આગળા સફાઓમાં કરી ગયા છિયે.

આ સઘળું બનવાને માટે ઘણો વખ્ત ગુજરી ગયલો હોવો જોઇયે, અને દીનમા લેવા તથા દીનનો ફેલાવો કરવાને લગતાં આગળાં પ્રકરણોમા જે બનાવોનુ વર્ણન કરવામાં આવ્યું છે તેઓમાંના કેટલાએક કદાચ આ વખ્ને અનેલા હસે. ઇરાન ખાતે જે સમાધાની ચાલતી હતી તેનો એ માટે બેશક લાભ લેવામાં આવ્યો: અને "દીનકર્દ"મા જણાવ્યું છે તેમ જરતોસ્તના શિખવ્યા મુજબ જમારપે ઘણુંકરીને આજ અવસ્તાવાણી લખી લીધી હશે. એ રીતે 'સઘળુ સમાધાન ચાલે છે. અસ્ફંદિયારની દરેક કોશેશને ખોદા તરફથી ફતેહ મળે છે. અને છેલે સરવાળે આ ફતેહોથી પોતે હકદાર થયો છે, એમ સમજીને પાદશાહની કબૂલત મુજબનું તાજ પહેરવાની ઉમેદમાં તે પોતાના બાપને ભેટવા જાય છે. પણ તાજ કાંઇ તેને મળતું નથી. કુરજમ (અવસ્તા મુજબ કવારજેમ) નામનો તેનો એક તુમડાં લડાઉ ભાઇ જુઠ્ઠુ સાચુ કરીને પોતાના બાપ આગળ આ તેહેમતન પેહલવાનની બદગોઇ કરે છે. આ તોહમત ઉપરથી પાદશાહ અસ્ફંદિયારને બેડી ઠોકીને તથા ખોરાસાનમાં એક પહાડ ઉપરના ગુમ્બદાન નામના ડુંગરી કિલ્લામાં કેદ કરીને તેની ફતેહોનો બદલો વાળે છે. આ પહાડને અવસ્તામાં તથા "બુન્દેહસ્ન"માં સ્પેન્તોદાતને નામે ઓળખ્યો છે. શાહનામું આગળ ચાલતાં જણાવે છે કે ઉપલા બનાવ પછી તરતજ પાદશાહ ગુસ્તાસ્પ બલ્ખ છોડી રૂસ્તમની મુલાકાતે "બે વરસ"ને માટે સીસ્તાન અને જાબુલિસ્તાન ખાતે જાય છે.

શાહનામામાં અહીંસુધીની હકીકત જણાવ્યા પછી ફિર્દુસીની આગમજના શાયર દકીકીનો લખેલો હેવાલ ખતમ થાય છે, અને એ પછીનો હેવાલ ફિર્દુસી પોતે હવે આગળ લંબાવે છે. આ બન્નેના હેવાલોમાં વિચાર અને દમામના સંબંધમાં જે ચોકસ ફર્ક જણાય છે તેનું કારણ એજ છે.

અરજાસ્પનો બીજો હુમલો.

છઠી ધર્મની લડાઇ.

આગળ જણાવી ગયા તેમ ગુસ્તાસ્પના અને હુમલાઓની વચ્ચે થોડાંએક વરસો ગુજરી ગયાં હતાં, એમ ક્રમરૂપી ઇતિહાસ દાખલ શાહનામું જણાવતું જણાય છે; અને દંતકથામાં આપેલા જરતોસ્તી બનાવોની ગણી આપવી તારીખો જો આપણ ભેગી કરિયે તો તે ઉપરથી પણ એ વાતને ટેકો મળશે. ઇરાનમાં રાજદ્વારી બાબતો હવે જુદું સ્વરૂપ ધારણ કરવા માંડે છે. અસ્ફંદિયારના કેદખાને પડવાનો લાભ લઇને તુરાની અરજાસ્પ પોતાનાં લશ્કરો પાછાં ભેગાં કરે છે, અને પોતાના આગળ ફતેહ કરનાર ઉપર કીનો લેવાની તૈયારીઓ ચલાવે છે. એક વાર ફરીને તે ઇરાન ઉપર ચઢાઇ લાવે છે, અને એ રીતે ધર્મની બીજી લડાઇ શરૂ થાય છે. જે દંતકથાને આધારે ફિરદોસી બયાન આપે છે તેને માટે તે દાવો કરે છે કે તે ઘણી પુરાણી છે. તો પણ તે જે વિગતો આપે છે તે ઘણી વિચિત્ર છે, અને રાજ્યકારભારનું કદરૂપું ચિત્ર તે ઉપરથી માલુમ પડે છે. ગુસ્તાસ્પની તેનાં પાયતખ્ત ખાતેની ગેરહાજરીથી બલ્ખ નબળું પડી ગયલું અથવા રક્ષણ વિનાનું રહી ગયલું જણાય છે. આમ હોવાથી અરજાસ્પ એ શેહેર ઉપર ફતેહમંદી સાથ છાપો મારે છે, શેહેરના કિલ્લાની દેવાલ આગળ બૂઢ્ઢો પાદશાહ લોહરાસ્પ લડાઇમાં માર્યો જાય છે; નૂશ-આઝર આતશનું મકાન લૂંટાઇને નાશ પામે છે; મુબેદો પોતાની પવિત્ર પરસ્તેશનાં કામમાં મશગુલ હતા ત્યાંજ માર્યા જાય છે; તેમનાં પવિત્ર લોહીથી પાક આતશને સર્દ કરવામાં આવે છે; અને સર્વેથી માઠો બનાવ તો એ બને છે કે જે આતશની દીનદાર જરતોસ્તીઓથી મોટાં આદરમાન સાથ સંભાળ લેવામાં આવતી હતી તેના પવિત્ર શોલાનાં તખ્તની હજુરમાં પેગમ્બર જરતોસ્ત ઉભેલો હતો તે વેળા તુરાનના ખુની જનુની હલ્લો લાવનારાઓના હાથ ઉપર તે પોતાના મજહબને માટે જીવ આપે છે. જરતોસ્તના મરણને લગતી થોડીક વધુ દંતકથાઓ જોડે, ઉપલા ખાસ બનાવોને લગતી વિગતો હવે પછીનાં પ્રકરણમાં વધારે વિસ્તારથી આપવામાં આવેલી છે. આ દિલગીરી ભરેલા બનાવ ઉપરથી "બુન્દેહેશ" કેતાબમાં આપેલી વરસોની ગણત્રીને આધારે બીજી ધર્મ સંબંધી લડાઇની તારીખ શુમારે ઇસ્વી પૂર્વે ૫૮૩ નાં વરસ ઉપર મુકવાને બની આવે છે

બીજાં પવિત્ર યુદ્ધની પહેલી લડાઈ.

(શાહનામાં મુજબ.)

ઇરાન.	તુરાન.
બસ્તવર. (નસ્તૂર)	કન્દર
ગુસ્તાસ્પ	અરજાસ્પ
ફરશીદવર્દ	કુહરમ

હવે બનાવો ઝપથી બનવા માંડે છે. ગુસ્તાસ્પને સીસ્તાન


ખબર મળે છે કે લોહરાસ્પ માર્યો ગયો છે અને જરથોસ્તે દીનની ખાતર જીવ આપ્યો છે. ખોરાસાન ખાતે પોતાના બેટા ફરોશિરઝનો લશ્કર ખાસ એકઠું કરવાની તે ફરમાન કરે છે. શાહનામામાં જણાવ્યું છે કે ગુશ્તાસ્પે બલ્ખમાં રહેલો વીરા હતો. પણ તેમાં કોઈનાં ખબર ઉપરથી તથા “ઝોહર ફરૂમેશ” નામેના એક પહેલવી ઈલાજ ઉપરથી, એવું જણાય છે કે ગુશ્તાસ્પ ખોરાસાનમાં ફરોશિરઝને જઈ મળ્યો, કે જ્યાંનો એ હાકેમ હતો. આપણું અહીં યાદ કરીયું કે ફિર્દોસી પોતે પણ ખોરાસાનનો વતની હતો, અને ત્યાંની દંતકથાથી તે વાકેફ હશે એમ એમ. શાહનામાં લશ્કરોએ જે બંધબાનું જો બયાન ફિર્દોસીએ આપ્યું છે તે અહીં આપણે નોંધીયું, અને ઈરાન કેરાના નકશા ઉપર એ નજર ફેંકીયું તો એ જંગના મેદાનમાં જરથોસ્તી દીનની ઉચ્ચી જગાઈ ઉભાઈ હશે તેનો ઠરાવ મુખ્ય કરીને ખ્યાલ આપણને આવશે.

આફસોસ, કે અરજાસ્પ અને તુરાનના મજહબને માટે લડાઈ લડનારાં લશ્કરની સરદારી હમણાં નેકબખ્ત અસ્ફંદિયારના હાથમાં રહેલી નથી! શાહજાદા ફરોશિરઝને લડાઈમાં જખમ થાય છે, કે જેથી બેવકૂફ વખતમાં તેનું મોત નિપજે છે. ગુશ્તાસ્પને લડાઈના મેદાનમાંથી નાસી છૂટવામાં આવે છે, અને તે નીશાપુરના આગળ જણાતા પહાડોના મુખમાં આવી પહોંચે છે. દુશ્મનોએ એક ઘેરો ઘાલી ઊંચી ટેકરી ઉપર ઘેરાઈ જાય છે. જરથોસ્તની દીન ફિકર કરેલા અરજાસ્પ અને તુરાનના પણ આગળ ધપાધપ થઈને પૂરી પડવાની તૈયારીમાં જણાય છે. પણ અસ્ફંદિયાર એક વાર ફરીને બાજી ન ભાગી લે છે. આ વખતે અજીબ વધીક વચ્ચે સઉ કોઈને એવો લાગ્યું કે તે કેદી શાહજાદો કે જેને બેડી ઠોકી તેને કિલ્લામાં બંધ કીધેલો છે, કે જે કિલ્લાવાળા પહાડને અવસ્તામાં તેનું જ નામ મળેલું છે, તેજ આ પાદશાહતને તેને બાપે ભુખના નાશમાંથી બચાવી શકશે. શાહનામાં મુજબ જામાસ્પ છુપી રીતે અસ્ફંદિયારની મુલાકાત લે છે, અને પોતાની ઉપર ગુજરેલા થાતકી જુલમનો ભૂલી જવા તથા દેશને માથે આવી પડેલા ખરેખરાં આફતમાંથી તેને સલામત બચાવી લેવા માટે તે તેને સમજાવી ઠેકાણે લાવે છે. ફુર બેડીમાંથી છુટો થઈને તે મદદ આપવા દોડી જાય છે, અને ફતેહ મેળવવા માટે જરથોસ્તી મજહબનાં લશ્કરની સરદારી એક વાર ફરીને લે છે. તેને સરદારી ઉપર આવેલો જોઈ હિમત પકડીને લશ્કર એક ઉંચી લડાઈ શરૂ કરે છે, અસ્ફંદિયારે

પુર ઍપ્તયાર અને હકુમત મળેછે. શાહનામામાં જણાવ્યા મુજબ ગુસ્તાસ્પની ફોજોની ગોઠવણમાં જે એકશો ફેરફાર કરવામાં આવ્યો હતો તે એ હતો કે આગલી લડાઇમાં કાતેલ જખમથી ઘાયલ થઈ

બીજાં ધર્મનાં યુદ્ધની છેલ્લી લડાઈ.

(શાહાનામા મુજબ.)



મરણ પામેલા ફરીબરઝની જગા ગુરઝાએ (કેરૂંબ) ને મળેછે, અને તેથી કરીને બસ્તવર (નસ્તુર) જમણી પાંખની સરદારી લેછે. અરજાસ્પનાં

લશ્કરની ગોઠવણ આગળ હતી તેને મળતીજ આ વેળા પણ રાખેલી હતી: ફિરદોસીએ જણાવ્યા મુજબ બન્ને લશ્કરો પાસેના સહરામાં બતાવ્યું છે તેમ સામસામી, સામસામે ઉભાં હતાં.

અસ્ફંદિયાર પુરેપુરી અને મોટી ફત્તેહ મેળવેછે. અરજાસ્પ નાસીને તુરાન જતો રહેછે, પણ હવે તેને આશ્રો લેવા દેવામાં આવતો નથી. અગ્રત અસ્ફંદિયાર તેના દેશ ઉપર ભયાનક હુમલો લઇ જાયછે, તેનાં પાયતખ્ત ઉપર હલ્લો કરી તેને સર કરવામાં આવેછે, અને તે પોતે પણ છેવટે કપાઈ મરેછે. આ બનાવની ખુશહાલીના આવાજનો પડઘો "દીનકર્દ"ના એક ફકરામાંથી મળી આવે છે. ઇરાનના વાવટા ઉપર અને જરતોસ્તની દીનના ફત્તેહમંદ ઝુંડ ઉપર ફત્તેહ જ્યાં જોઇએ ત્યાં બિરાજેલી જણાય છે.

મોટી ધર્મ સંબંધી લડાઇના બીજા હુમલાની એ રીતે આખેર આવે છે, કેજે જરતોસ્તી દીનનાં બવિસને મજબુત કરવામાં ખરેખરો મદદગાર થઇ પડયો; કારણ કે એ મજહબ પોતાને મળેલા આ આચકા સામે વડી રહ્યો અને જે બળની ઉપર તે ફાવ્યો તેથી તેને મજબુતી મળી. દંતકથા મુજબ આ ફતેહ ઉપરથી દુનિયાંનાં લોકોને નવી દીનમાં દાખલ કરવાની નવી તજવીજો ચાલી, પણ તે સઘળી કાંઇ કેવળ ફતેહમંદ ઉતરી નહિ. લેકિન અસ્ફંદિયાર, કેજે દીનનો ફેલાવા માટે આટલો બધો ખંતી હતો તે પોતે રૂસ્તમ સાથની એકલી લડાઇમાં માર્યો જાય છે, કે જેને તે પાદશાહ ગુસ્તાસ્પની અસલ ખાહેશ ઉપરથી તથા દીન ફેલાવવા માટેની પોતાની સદાની મજબૂ તૈયારીને લીધે નવી દીનમાં વટલાવવા ગયો હતો. અસ્ફંદિયારનાં મોતન સંબંધમાં ફિરદોસી જે દાસ્તાન જણાવે છે તે કદાચ બનાવટી હશે તોપણ સીસ્તાનની ભૂમિમાં દીનનો ફેલાવો કરવા માટે જે જેહાદ ખેંચવામાં આવેલી જાહેર છે તેની કાંઇક યાદદાસ્ત એ વાર્તા સમાયલી છે.

પવિત્ર લડાઈઓનો ઇતિહાસ.

મુખ્ય કરીને દાસ્તાનો જેવા આધાર ઉપરથી અગર જો તવારી આપણે બેગી કરી શકિયે તો જરતોસ્તની દીનના લાભમાં થય અરજાસ્પ સામેની ધર્મ સંબંધી પવિત્ર લડાઇની વાર્તા ઉપર મુજબ છે. અવસ્તામાં અને પહેલવી લખાણોમાં અરજાસ્પને એક ખ્યો અથવા ખ્યોન કહ્યો છે: શાહનામામાં અને બીજે ઠેકાણે તેને તુરા

સમજવામાં આવ્યો છે. એ બન્ને નામો દેખીતી રીતે એકના એકજ છે. વળી દંતકથા મુજબ અરજાસ્પે બે જુદી જુદી ચડાઇઓ કીધી અથવા લડાઇઓ ચલાવી હતી, તો જોકે સર્વેથી જુના હેવાલો એ બિના કેવળ ખુલ્લી કરતા નથી. પેહલવી "બુન્દેહરન"ને આધારે બનાવેલી જરતોસ્તી વરસોની ગણત્રી જો આપણુ કબૂલ રાખિયે તો પહેલી લડાઇમાં અરજાસ્પની શિકસ્ત ઇસ્વી પૂર્વે ૬૦૧ માં થયલી હોવી જોઇયે. આ જંગની મુખ્ય લડાઇ તે હતી કે જેમાં પાદશાહ ગુસ્તાસ્પનો ભાઇ જરીર માર્યો ગયો હતો. અરજાસ્પ પોતાની બીજી ચડાઇ લાવ્યો તે આગમજ નજદીક વીશ વરસોની મોટી મુદત ગુજરી ગયલી મનાય છે. આ બીજા જંગની તવારીખ દંતકથા મુજબ ઇસ્વી પૂર્વે સુમારે ૫૮૩ ઉપર મુકાય છે. જરતોસ્તનું મરણ કે જે આ વખ્તેજ નિપજેલું જણાય છે તે ઉપરથી આ તારીખ આપવામાં આવે છે. આ જંગની શેવટની લડાઇઓ જે મયકો ખાતે થઈ હતી તે ખોરાસાનનો પ્રાંત હોય એમ માલુમ પડે છે. દીનનો મોટો ફેલાવો કરનાર અસ્ફંદિયાર છેલ્લી ફતેહ હાથ કરે છે, કે જેથી ઇરાનનો મજહબ મજબૂત પાયા ઉપર મુકરર થાય છે, તો જોકે એ ફતેહ ભોગવવા જરતોસ્ત પોતે જીવતો રહેવા પામતો નથી.

બાબ ૧૭.

જરતોશ્તનું મરણ.

એક મહાન પેગમ્બરની કારકિર્દીનું શેવટ.

શરૂઆત—વીજળીથી અથવા આકાશ ઉપરથી પડેલા આતશથી જરતોશ્તનું મરણ નિપજવાના યુનાની તથા રૂમી અહેવાલ—એક દુશ્મનને હાથે તેનું મોત નિપજવાની ઈરાની દંતકથા—શેવટ.

શરૂઆત.

કેઓકે મારીન ક્રોફર્ડની "જરતોશ્તરઅર" નામની નવલકથા વાંચી હશે તેઓને કદાચ પુરાતન ઈરાનના પેગમ્બરનાં મરણથી એ કથા સમાપ્ત થાય છે તે ધ્યાનમાં હશે; તે છેલ્લું વર્ણન તેમાં આપેલું છે તે યાદ કરશે. એ નવલકથા લખનારે આપેલી હકીકતનું મૂળ ગમે તેવું હોય—તેનાં મનની મરજી પ્રમાણે કલ્પના વિચાર મારફતે કોઈપણ મળ આધાર હોય તો—તેણે દોરેલું ચિત્ર એવું તો સારૂં છે કે તે વાચકને સાચું લાગી જાય છે, અને એ બનવું જ્યાં તેનું દોરેલું તે ચિત્ર સંભારથી પણ વેગળું નહિ હોય, એ બનવાજોગ છે. તોપણ જરતોશ્તનું મોત સ્તખર (પર્સિપોલિસ) ખાતે નિપજ્યું હતું એમ માનવાનો કશો પણ આધાર નથી; પણ તે ધર્મનો પવિત્ર મકાન મધે બંદગી કરતો હતો તે વેળા તેનું ખુન રેડવામાં આવ્યું હોય એમ માનવાનો સબબ છે ખરો. એ બાબતમાં દંતકથા જુદી પડે છે; તોપણ જરતોશ્તના મરણના સવાલ બાબેની હાથ લાગી શકે એવી બાબતો ટુંકમાં ભેગી કરવાની આ પ્રકરણની મતલબ છે.

જરતોશ્તનાં મરણ બાબે યુનાની અને રૂમી હકીકત.

એમ્પીડોકલિસ ઉપર ગુજરેલી મુસીબત બન્યા પછી, એક મહાન મુનિને મોતેકર બરેમી રીતે આ દુનિયા છોડી હતી એમ જાણીને આપણને અચરતી ઉપજતી નથી. યુનાની તથા રૂમી ખ્રિસ્તી ધર્મગુરૂ લખનારાઓ જરતોશ્તના ગુજરવા બાબેનો બનાવટી અહેવાલ આપે છે. તેનું

સેટર કાંઇ આમ બેહોના જેવું સાધારણ નથી. તે વીજળીથી અથવા આકાશ ઉપરથી આવેલાં બળતાંથી માર્યો જાય છે; કેજે હકીકત ખતા-ઇબ્નદને દેવતાઇ પદવી આપવા બાબેનાં લખાણમાં આતશી ગાડી તથા નરીમાનને આકાશ ઉપરથી ઉતરી આવવાના અહેવાલની યાદ આપે છે. જરતોસ્તનાં મરણ બાબેની એ હકીકત નીચે મુજબની મળે છેઃ—

(ક) ઇસવી સનની બીજી સદીને સુમારે પ્રગટ થયલાં એક પુસ્તક[૧]માં એક ઠેકાણે જરતોસ્તને નુહનાં કુટુંબવાળા હેમ અથવા મિસાઇમ તરીકે પિછાનવામાં આવ્યો છે, અને તેને એક જાદુગર અને નજુમી ગણીને શ્રાપ દેવામાં આવ્યો છે. તેમાં લખ્યું છે કે લોકોને ઠગવા માટે તે આકાશમાંના સેતારાઓને કાબુમાં રાખતો હતો, પણ અંતે એક ચોકસ તારાના મવક્કલ ફરેસ્તા અથવા રક્ષક આત્માએ તેની તાબેદારીમાં રહેવું પડતું હોવાથી ગુસ્સે થઇને પોતાના કીનામાં તેના ઉપર આતશનો પ્રવાહ છોડયો, અને એ રીતે તે મહાન જાદુગરને એજન કીધો. પણ આ રીતે આતશથી બળીને ખાક થઇ ગયલાં તેનાં શરીરની રાખને બુલ ખાધેલા ઇરાનીઓએ પવિત્ર મરતબો આપ્યો તથા જે સેતારો તેને આતશ મારફતે ઓદાની હજુરમાં લઇ ગયો તેની તેઓ નેમાજ કરવા લાગ્યા. એટલા માટે તેના મરણ પછી તેને "જોરોઆસ્ટર" એટલે જે 'જીવતો તારો' એવું નામ મળ્યું. જેઓ જરતોસ્તનાં નામનું યુનાની ભાષામાં જે રૂપ બને છે તે સમજતા હતા તેઓજ તેનાં નામનો આવો અર્થ કરે એ કેવું નવાઇ જેવું !

(ખ) એક બીજાં ખ્રિસ્તી પુસ્તક[૨]માં જરતોસ્તને નિમરોડ ઠરાવવા માગ્યો છે, અને જણાવ્યું છે કે તે પોતાનાં મનની ગરૂરીમાં છકી જઇ એક સેતારા પાસે આખી દુનિઆની સત્તા મેળવવા માગે છે, કેજે ઉપરથી આકાશેથી વીજળી પડે છે અને નિમરોડ નાશ પામે છે, અને પેલા "તારાના પ્રવાહ" ઉપરથી તેને એ પ્રમાણે "જોરોઆસ્ટર"નું નામ મળે છે. વળી તેમાં ઉમેર્યું છે કે ઇરાનીઓએ તેનાં તનને ભુમિદા કરી તે ઉપર એક મંદિર બાંધ્યું, અને આકાશ ઉપરથી આવેલી વીજળીને પવિત્ર આતશ ગણી તેની પરસ્તેશ કરવા લાગ્યા અને જ્યાં સુધી તેઓએ એ પ્રમાણેની પરસ્તેશ જારી રાખી ત્યાં સુધી તેઓની પાદશાહી કાયમ રહી હતી, પછી બેબિલોન્યનો તે

---

૧ *Clementinae Recognitiones.*

૨ Clementine *Homilies.*

આતશના અંગારા ચોરી ગયા અને તેથી દુનિયા ઉપર તેઓ સાહેબી ચલાવવા લાગ્યા.

(ગ) દુસેનો રહેનાર મિસરી, કેજે ઇસ્વી સન ૫૩૮-૫૭૦ માં થઇ ગયો, તે જરતોશ્ત અને ઝેમ (ઝેમ અથવા ઝુમ)ને એકનાએક ગણીને તેનાં નામનો "ઝળકતો તારો" એવો અર્થ કરે છે, અને એવું જણાવે છે કે આકાશ ઉપરથી આવેલ આતશમાં તે બળી ગયો હતો માટે ઇરાનીઓ તેને એક દેવતા ગણીને પૂજતા હતા.

(ઘ) ઇસ્વી ૬૨૯ માં લખાયલી એક કેતાબમાં[1] જણાવે છે કે જરતોશ્તે પોતાનાં આતશી મોત બાબે આગાહી કીધી હતી, અને તે ઇરાનીઓને ફરમાવી ગયો હતો કે મારાં બળી ગયલાં હાડકાંની રાખને જાળવી રાખવી. વળી તેમાં લખ્યું છે કે તે ઉરીન નામના નક્ષત્રો સેતારાની પ્રાર્થના કરતો હતો એટલામાં એક આકાશી તીર મારફતે તે માર્યો ગયો હતો, અને ઇરાનીઓએ આજના વખત સુધી તેની રાખ જાળવીને રાખી છે.[2]

વધારે સંપૂર્ણતાને ખાતર એક ઉપેર દાખલો આ ઉમેરી શકાય કે પાંચમી સદીમાં થઇ ગયલા ઓરોસ્યસ જરતોશ્ત અને નીનસ બાબેની પાછલા જમાનાની ચાલુ વાર્તાનો આધાર પકડીને કહે છે કે નીનસે લડાઇમાં જરતોશ્ત ઉપર ફતેહ મેળવીને તેનો જીવ લીધો હતો. અરજાસ્પ સામેની લડાઇનો કદાચ આ એક પડઘા હશે.

જરતોશ્તના મરણ બાબે ઇરાની દંતકથા.

કલ્પિત કહાણીનો મુલક છોડીને દંતકથાની વધારે સંગીન ભૂમિ ઉપર આપણુ આવિયે હોયે તો આપણને પેગમ્બરના મરણના સંબંધમાં પાછલાં પવિત્ર જરતોસ્તી લખાણોમાં આપણને એકનીએક હકી-

---

1 *Chronican Alexandrinum.*

૨ છઠી સદીમાં થઇ ગએલા મેલેલાસનાં, દશમી સદીમાં થઈ ગએલા સુઇડાસનાં, ૧૧૦૦ના સૈકાની આસપાસ જનાર ક્રોનિકલ સેડ્રેનસનાં, ૧૧૫૦ માં થઈ ગએલા માઈકલ ગ્લાયકાસના અને ૧૪૬૮ માં ઇરાની ઓલાદ ગએલા ક્રોનિકલ દામાસ્કસના પુસ્તકોમાં ઉપલીના જેવીજ સહેજ સહેજ ફેરફાર સાથની બિના લખેલી છે એ સઘળી હકીકત ક્લેમેન્ટાઇન ઉપરથી લીધેલી છે, અને એ સઘળા લખનારાઓ જરતોશ્તને એક નજુમી ગણીને જણાવે છે કે પોતાના પર મેહરબાનીની નિશાની દાખલ આકાશ ઉપરથી એક આતશી તીર આવ્યા અને તેથી તે માર્યો ગયો હતો.

કત મળે છે, તો જોકે સહેલથી સમજી શકાય એવા સબબોને
એ બિના પુદ અવસ્તાવાણીમાં જણાવેલી નથી. આ દંતકથા કેવળ
રખી રીતે જણાવે છે કે જરતોસ્તનું મરણ સીનોતેર વરસની ઉ
પજ્યું હતું, અને બ્રાતોક-રેશ નામના એક તુરાનીને હાથ તે
તો હતો. આ બનાવ તુરાનીઓએ બલ્ખ ઉપર છાપો માર્યો તે
ચો હતો કે બીજા સંજોગો વચ્ચે બન્યો હતો તે બાબે હવે પછી જ
ામાં આવશે. "જાદ-સ્પરમ"નાં પેહેલવી લખાણો મુજબ દી
માં-૪૮ માં વરસમાં અથવા ઇરાની ગણત્રી મુજબ ઇસ્વી
૩ નાં સાલમાં સીતોતેર વરસ અને ચાલીસ દહાડાની ઉમરે
સ્ત ગુજર પામ્યો હતો. તેનાં મરણનો દહાડો અને મહિનો એ
તે આપેલો છે, જેની નીચે નોધ લેવામાં આવી છે. તેની ઉમર સં
વરસની હતી ને બાબે મસ્ટી જેવા મહમદિયાન લખનારાઓ
ણાવી જાય છે, અને નીચલા ફકરાઓ ઉપરથી જણાશે કે
તીનું નામ દરેકમાં એક સરખું જણાવેલું છે.

(૧) "જાદ-સ્પરમ"નાં લખાણમાં એ બાબે આ મુજબની
લી છે "દીનનાં સુડતાલીશમાં વરસમાં સીતોતેર વરસ અને ચા
ડાની ઉમરે, આર્દિબેહેસ્ત મહિનો અને ખુરશેદ રોજે, જરતે
૪૨ પામે છે. અને દએ મહિનોને ખુરશેદ રોજે પુરા થતા
ારેલા મહિનાઓ સુધી તેને યાદ કરવા માટે આગળ લાવવો જોઇ
ાકથા મુજબ તેનાં મરણનો દિવસ અર્દિબેહેસ્ત મહિનો અને ખુ
જ છે; એટલે જે જરતોસ્તી વરસના બીજા મહિનાનો અગ્યા
ાસ.

(૨) "દીનકર્દ"માં આપણ વાચિયે છિયે કે "પોતાના
ઠી સીતોતેર વરસે (હોરમઝ્દ સાથની) મુલાકાત પછી સુડતા
સે, અને ગુસ્તાસ્પે દીન કબૂલ રાખ્યા પછી પાત્રીસ વરસે જરતે
૪૨ પામ્યો......"

(૩) "દાદિસ્તાને દીનીક" જણાવે છે કે ઘણાજ દુષ્ટ
ામાંનો "એક તૂરે બ્રાદર વક્ષ નામનો એક કરપ અને પા
દુમર હતો, કે જેણે ઇનસાનોમાંના સર્વથી સરસ (એટલે જે
સ્ત) ને મારી નાખ્યો હતો." અગરજો આ કરપ તેજ હોય કે
રતોસ્ત જ્યારે જવાન હતે. તે વેળા તેનો જીવ લેવા માગ્યો
ા તે બહુજ લાંબી ઉમ્મરનો ગણાવો જોઇયે.

(૪) દીનની તવારીખને લગતા બનાવોમાંના એક દાખલ જણાવેછે કે "આદ્રો-રેશને હાથે જરતોશ્ત પોતે મારી ગયો હતો." પેશોતન દસ્તુર બેહરામજી સંજાણાએ તરજુમો કરેલી "દીનકર્દ" માં લખ્યુંછે કે "પાતકી ધર્મગુરૂઓમાં સર્વેથી પાતકી તુરે બરતુત (એટલે તુરે બ્રાદર-વક્ષ) હતો, કે જે 'પુરા ખરાસનો અને જરતોશ્તની દીનનો નાશ કરવાને ખાહેશમંદ હતો."

(૫) મોટી ઇરાની "બુન્દેહસ્ન" નો એક ફકરો ટાંકી ડાર્મેસ્ટેટરએ તેનો તરજુમો આપ્યોછે, તેમાં મરકોસ નામે એક જાદુગર અને દેવનું બયાન આવેછે, કે જે દેવ "જરતોશ્તનું મોત નિપજાવનાર તુરે બ્રાદ્રોક-રેશની ઓલાદમાંથી" જન્મ પામી નાશનાં એક સ્વરૂપ દાખલ આ દુનિયા ઉપર આફત વરસાવવા માટે એક હજાર વરસની આખરીએ દેખાવ દેશે.

(૬) ફારસી ઇબારતમાં લખેલી કેતાબ "સદ-દર" જેઓ હાઇડનની બનાબએલા ગુનેહગારછે તેઓની ટીપમાં "તુરે બ્રાદરવક્ષ જેણે જરતોશ્તને માર્યા" તેને પણ દાખલ કરે છે. કાવ્યમાં લખેલી "સદ-દર" માં પણ એજ બિના જણાવેલીછે.

(૭) પેહેલવી બહમન યસ્ત એજ દંતકથા બાબે ઇશારો કરેછે, કારણ કે જ્યારે ખોદાતાલા સાથની એક મુલાકાતને દરમ્યાન કિનાર પાસે જરતોશ્ત અમરગી માગેછે ત્યારે હોરમજ્દ તે બક્ષવાની ના પાડી એવો જવાબ આપેછે કે—"જ્યારે હું તને અમર કરીશ, અએ જરતુશ્ત સ્પીતામાન! ત્યારે તો પેલો કરપ તુરે બ્રાદર-વક્ષ પણ અમર થશે; અને જ્યારે તે કરપ તુરે બ્રાદર-વક્ષ અમર થશે ત્યારે તો રસ્તાખેજ અને ભવિષ્યની જીંદગી બની શકશે નહિ."

પેહેલવી-ફારસી દંતકથા આ રીતે એકમત છે કે જરતોશ્ત તુરે બ્રાદર-વક્ષ અથવા બ્રાત્રોક-રેશના હાથ ઉપર ખુઆર થયો હતો; પણ એ દંતકથા આ બાબતમાં કશી ખાસ વિગત આપતી નથી. ફિર્દોસી જ્યારે આ બનાવને ઇરાન ઉપરના તુરાનીઓના હુમલાના વખતમાં બનેલો જણાવેછે, અને બલખ ઉપરના હુમલા તથા નવ-આદરનાં આતશ-ખાનાના નાશ ભેગા જરતોશ્તનું મોત નિપજેલું જાહેર કરેછે, ત્યારે તે કોઇ ઇરાની દંતકથા ઉપરથીજ એમ લખતો હોવો જોઇયે. બીજા ફારસી લખનારાઓ પણ એજ દંતકથા કબુલ રાખતા જણાયછે. તેઓ ઉપરથી નીચે ઉતારા આપ્યાછે.

(૮) શાહનામું સેચ્ચના દેખાવનું આ રીતનું રસીલું બયાન કે
"આ ઉપરથી તુરાનનું લશ્કર બલ્ખમાં દાખલ થયું અને ખુન તથા
લથી જેહાન અંધારી બની ગઇ. તેઓ આતશનાં મકાન (આતશ
તરફ તથા મેદ્રેસ અને જરીન જાતિ ભરેલાં અએવાન
ધરવા તેઓએ જંદઅવસ્તા સદંતર બાળી નાખી, અને તેઓ
અએવાન તથા મેહેલને એકસરખી રીતે સળગાવી દીધાં. ત્યાં (આત
કદેહમાં) એંસી મુબદો હતા કે જેઓ ખોદાનું નામ દેવ
પોતાની જબાનને કદી બંધ રાખતા ન હતા; તે સઘળાઓને તેઓ
આતશની ખાસ હજુરમાંજ કાપી નાખ્યા અને તેમની બંદગી
જીંદગીનું સેંટર આપ્યું. તેમનાં લોહીથી જરતોસ્તનો આતશ બુ
નાખ્યો. આ ગુરને કોણે કાપી નાખ્યો તે હું જાણતો નથી." ગુ
રપ આ વેળા સીસ્તાન ખાતે હતો તેને જ્યારે કાસદ દુખભરી ખ
આપેછે કે શેહર લુટાયુછે, "પાદશાહોનો પાદશાહ" લોહરાસ્પ
ગયોછે, તથા પેગામ્બર અથવા વડો ગુર (કે જે કોઇજ નહિ
જરતોસ્ત પોતેજ હોવો જોઇયે તે) ને મારી નાખવામાં આવ્યો
ત્યારે ઉપલીજ વાર્તા પાછી કહી બતાવવામાં આવેછે. એ બાબેની
એવી મતલબની છે કે: "તેઓએ બલ્ખ શેહેરના દરવાજા આ
પાદશાહોના પાદશાહ લોહરાસ્પને કતલ કીધોછે, અને અમારા
હવે અંધારા તથા દુખ ભરેલા બની ગયાછે, કાએકે તુરાનીઓ
આદરનાં મકાનમાં દાખલ થયાછે અને દીનના સરદાર (જરતો
તથા સઘળા મુબદોના માથા તેઓએ છુંદી નાખ્યાંછે, અને તે
ખુનથી રોશન આતશને સર્દ કીધો છે."

(૯) રૂપકીજ બાબતના સંબંધમાં નસર અથવા સાદી (
તમા) લખેલું શાહનામું કે જેને માટે હાઇડ કહી ગયોછે કે કોઇ
ધર્મગુરએ ફિર્દુસી ઉપરથી સારાંશ ખેંચી કહાડીને તે બનાવે
તેમાં પણ એમજ જણાવેલું છે. "કહી ગયા છે કે જ્યારે અરજા
લશ્કરે ઇરાન ઉપર ચઢાઇ કીધી ત્યારે એ બાબેની જેવી ખબર
તેવોજ લોહરાસ્પ એબાદતગાહ છોડીને લડાઇનાં મેદાનમાં
ચાલ્યો. તેણે ઘણાઓના જીવ લીધા, અને (બલ્ખબામીનાં અ
કદેહમાં હતા તે) એંસી મુબદો જોડે પોતે બી કપાઇ ગયો.
લોહીથી આતશને સર્દ કરવામાં આવ્યો, અને પેલા એંસી ધ
ઓમાં જરતોસ્ત પેગામ્બર પણ હતો, કે જે પણ આ લડાઇમાં
થયો હતો."

(૧૦) "દબિસ્તાન" નામનું પાછલા જમાના (ઇસ્વી ૧૭ મી સદી)નું ફાર્સી પુસ્તક દાવો કરે છે કે અસલી ઇરાની સત્તાને આધારે તેણે નીચલો અહેવાલ લખ્યો છે, કે જેમાં જણાવ્યા મુજબ ધર્મને માટે જીવ આપનાર જરતોસ્તે પોતાના ખુની તુરબરાતુરહશ (યાને તૂરે બ્રાદર-વક્શ) ઉપર પોતાના હાથમાંની તસ્બીહ (બેરખાની માળા) ફેંકીને તેનો જીવ લીધો હતો, અને એ રીતે તેના ઉપર પોતાનો કીનો પોતેજ લીધો હતો. એ બાબેનો ફકરો આ મુજબનો છે. "જરતોસ્તના ચેલાઓએ બનાવેલી કેતાબોમાં તેમજ ઇરાનની પુરાતન તવારીખોમાં એવું લખેલું છે કે અરજાસ્પના બીજા હુમલા વેળા પાદશાહ ગુસ્તાસ્પ સીસ્તાનમાં જાલની મેહમાનદારી માણતો હતો, અને અસ્ફંદિયાર દેજ ગુમ્બદાનમાં બંદીવાન પડેલો હતો. આ ઉપરથી લોહરાસ્પ ખોદા-તાલાની એબાદતમાં મશગુલ હતો તે તમામ છોડી દઇને લડાઇમાં ઉતર્યો અને ત્યાં માર્યો ગયો, જે પછી તુરાનીઓએ શેહેર હાથ કીધું. તુરબરાતુર અથવા તુરબરતુરહશ નામનો એક તુરાની જરતોસ્તના એબાદતગાહમાં દાખલ થયો, અને પેગમ્બરે દીનને કાજે તલવારથી જીવ આપ્યો. તોપણ એ વખતે જરતોસ્તના હાથમાં તસ્બીહ પકડેલી હતી તે તેણે તેના ઉપર ફેંકી, અને તેમાંથી એવો તો રોશનીનો તેજસ્વી પ્રકાશ નિકળ્યો કે તેનો આતશ તુરબરાતુર ઉપર પડયો અને તેને બાળી નાખ્યો."

(૧૧) પાછલા જમાનાની ફાર્સીના બીજા બે ફકરાઓ જરતોસ્તનો અંત ભયંકર રીતે આવેલો જણાવે છે. એ બંનેની હાઇડે નોંધ લીધી છે, અને તે ઉપરથી તેમને અહીં લાગુ કીધા છે. પહેલો ફકરો ફાર્સી તવારીખનવેસ મજદી (જે ઇસ્વી ૧૬ મી સદીમાં થઇ ગયો છે તે) ઉપરથી લીધો છે. તેણે અરજાસ્પના ખુનખાર હુમલાની તથા બલખનાં આતશકદેહમાં મોબદોના માર્યા જવાની હકીકત જણાવીને લખે છે કે "તેણે જરતોસ્તના આતશને માટે ગુરૂઓનાં લોહીથી બુઝાવી નાખ્યા અને પછી સીરાજના કોઇએક પક્ષીએ જરતોસ્તને પોતાને પણ કાપી નાખ્યો.

(૧૨) ત્રીજો ફકરો "રહંમે બેદાગીરી" નામના ગ્રંથમાં આવેલો ફકરો છે, કે જેમાં દેખાતી રીતે જરતોસ્તના મરણના દિવસ બાબે તેમજ ગુસ્તાસ્પની દરબારના તે પહેલવહેલા દીન કબુલ કરવા ગયા તે દિવસ બાબે લખેલું જણાય છે. કાએકે એ દિવસો આવતા જણાતી

ગયા છિયે, તે પેહેલવી પુસ્તકોમાં આપેલા દિવસોને મળતા આવે છે. તે ફકરો આ છે:—"ત્રીશમે યાને અનીરાન રોજે તે ઇરાનમાં દાખલ થયો હતો, અને પંદરમે યાને દએબમેહર રોજે તે દિલગીરીમાં ઇરાન છોડી ગયો હતો." (જુઓ સફે ૪૦ મે તથા સફે ૧૨૮ મે).

સારાંશ.

જરતોસ્તનું મરણ વીજળીથી અથવા આકાશ ઉપરથી આવેલા આતશથી નિપજવાના જે હેવાલો યુનાની તથા રૂમી ખ્રિસ્તી ગુરૂઓનાં લખાણોમાંથી મળી આવે છે તે કલ્પિત જણાય છે. ઇરાની દંતકથા મુજબ તેનું મોત ભયંકાર હતું અને તે એક તુરાનીને હાથે નિપજ્યું હતું, કે જેનું નામ અપકીર્તિ સાથ જળવાઇ રહેલું છે. સઘળા પાછલા ઇરાની લખનારાઓ કહે છે તેમ જ્યારે બલ્ખ લુટાયું ત્યારે આતશ કદેહમાં તેણે દીનને ખાતર જીવ આપ્યો હતો કે નહિ તે ચોકસપણે કહી શકાતું નથી, તો જોકે એમજ બનેલું હોયની.

બાબ ૧૧.

જરતોસ્તનાં મરણ પછીના બનાવો.

—:o:—

દીનનો પાછલો નસીબો.

"Still did the mighty flame burn on,
Through chance and change, through good and ill,
Like its own God's eternal will
Deep, constant, bright, unquenchable."—

MOORE'S *Lalla Rookh.*

શરૂઆતનો ખોલાસો; બનાવોનો અનુક્રમ—જરતોસ્તનાં મરણ પછીનાં પહેલાં દશ વરસો—દીનના વિશેષ વધારાની ગવાહી—પહેલવહેલા ચેલાઓનાં મરણ—પાછલા ચેલાઓ અને જાનશીનો—ભવિષવાણી અને ભવિષના બનાવો—સારાંશ.

શરૂઆતનો ખોલાસો; બનાવોનો અનુક્રમ.

મોટો પેગમ્બર મરણ પામ્યો, અને દીનને માટે જીવ આપનારા ગુરૂઓના લોહીથી પવિત્ર આતશને પાક કરવામાં આવ્યો, તે ઉપરથી આપણુ ઘડીભર એમ ધારી શકિયે કે જરતોસ્તનો મજહબ હવે નાશ પામવો જોઇએ. પણુ આપણુ જોઇ ગયા છિયે તેમ, સારાં બાગ્યે એમ થવાની સુરત હતી નહિ. તકદીર, સંજોગ અને ખુબીના જુદાજ હુકમો નિકળ્યા હતા. નવેસરથી રોશન થયલા પવિત્ર આતશની ચિંગારી આપણે જોઇ છે; હોરમજદને ખાતર પવિત્ર લડાઇઓમાં ઇસ્તાયશી કીર્તિ ભરેલી ફતેહની વાત આપણુ કહી ચુક્યા છિયે; અને હવે દીનની ધજા એકવાર ફરીને ઉંચી ઉડે છે. જરતોસ્તનાં મરણ પછીનાં વરસોમાં બનેલા બનાવોનો અનુક્રમ ટુંકમાં જણાવી જવા સિવાય હવે વધારે વાતો જણાવવાની થોડીજ છે. બીજા બોલોમાં કહિયે તો હવે આપણુ તે મુદ્દામાં દાખલ થયે છિયે, કે જ્યાં ખરેખરી તવારીખ દંતકથા જોડે સાથેસાથ ચાલે છે.

બહમન યશ્ત મુજબ દંતકથા જણાવે છે કે "કયાની અરદેશીર, કે જેને બીજાઓ સ્પેન્દ-દાત (અસ્ફંદિયાર)નો બેટો વોહૂમન (બહમન) કહે છે," અને જેને આપણુ અરદેશીર દરાજદસ્ત (અથવા "લાંબા હાથ-

વાળા)ને નામે ઓળખિયે છિયે, તેણે "દીનનો આખી દુનિયામાં ફેલાવો કીધો હતો." ખરેખરી તવારીખ આ બાબત સાથ એટલી હદ સુધી મળતી આવે છે કે આર્ટાઝર્કસિસ લોંગિમેનસ (અર્દેશીર દરાજદસ્ત) એક આતુર જરતોસ્તી પાદશાહ હતો. વળી તવારીખના સહ્વાઓ ઉપરથી આપણુ જાણિયે છિયે કે કંઇજ નહિ તો છેલ્લા હખામની પાદશાહોના જમાનાથી જરતોસ્તી દીનને ઈરાની પ્રજાના મજહબ દાખલ કબુલ રાખવામાં આવી હતી. અફસોસ! તવારીખે વળી પોતાના યાદગાર સહ્વાઓમાં આની પણુ નોંધ લીધી છે કે દુનિયા ફત્તેહ કરવાની પોતાની ફતેહમંદ કુચને દરમ્યાન સેકંદરે આખી પાર્સી શેહેનશાહતને ઘાતકી ફટકો લગાવ્યો હતો. "બુરી સજતના" અથવા "નફરીન પામેલા ષ્ષ્કંદરે" દરેક ઠેકાણે પોતાની શમ્શેરથી કેવી રીતે નાશ પાંથરી નાખ્યો, તથા અસલી પાર્સી પાદશાહોના ખજાના ભેરે જરતોસ્તના ધર્મ પુસ્તક અવસ્તાની પવિત્ર કેતાબોને કેવી રીતે બાળી નાખી તેની પણુ દંતકથા એકસરખી રીતે નોંધ લે છે. જ્યાંસુધી ઇસ્લામે જરતોસ્તી દીનનો છેવટનો પરાજ્ય કીધો, કે જ્યારે અવસ્તાની જગા કુરાને અને હોરમજ્દની જગા અલ્લાહે લીધી, ત્યાંસુધી ઉપલો શોકકારક બનાવ જરતોસ્તી મજહબની તવારીખમાં એક અતિ અંધકાર ભરેલા દિવસ જેવો બિહામણો થઇ પડેલો હતો.

પણુ જરતોસ્તનાં મરણુ અને સેકંદરના આવવા વચેની બે સદી અથવા વધારેની મુદ્દત તરેહવાર ધર્મ સબંધી બનાવોથી ભરેલી છે કે, જે બનાવોની નોંધ સાસાની જમાનાના ધર્મગુરૂઓનાં લખાંણોમાં સભાળથી ઉતારેલી છે, અને જરતોસ્તની જીંદગીની તવારીખના સબંધમાં તે બનાવોની ખબર અહીં ઉતારવી યોગ્ય છે. કાઇરસ અથવા હોરમજ્દની પરસ્તેશ કરનાર પરહેજગાર દારાયસ પાદશાહના અમલને લગતા બનાવોનો સમાસ સામાન્ય રીતે અગ્રુ દિયારનાં પરાક્રમોમાં થયલો છે એમ આપણુ સમજીયે નહિ ત્યાં સુધી, એ પાદશાહો વિષે કશો ઇસારો મળી આવતો નથી, એ ખરેખર ઘણું નવાઇ જેવું લાગે છે. આ એક એવો સિદ્ધાંત છે કે જે બાબેની ચુનોચેરા મજહબની તવારીખને વધારે લાગુ પડે છે. જરતોસ્તનાં મરણુ પછીનાં વરસોના સંબંધમાં પેહેલવી લખાણોમાંથી પુરતી વિગતો અને બનાવો મળી આવે છે, કે જેથી એ વરસોની મુદતના જેવી તેવી રીતે ભાગ પાડી શકાય છે. તોપણુ પહેલાં થોડાંક વરસો તો ખરેખર દંતકથાની મોઢવણુ મુજબજ નોંધીએલા લાગે છે.

જરતોસ્તના ગુજરવા પછીનાં પહેલાં દશ વરસો.

દંતકથા ઉપરથી આપણ જાણિયે છિયે કે પાદશાહ ગુસ્તાસ્પ જરતોસ્ત પછી ઘણાં વરસ જીવ્યો હતો, અને પેગામ્બરની જીંદગી સાથ જે ચમતકારિક બનાવો જોડાયલા હતા તે તેનાં મરણ બાદ બંધ પડ્યા ન હતા, પણ દીનની મુરબ્બીગીરી કરનાર આ પાદશાહના આખા અમલમાં અંતર્યામીઓ અને ચમતકારો જાહેર થવાં ચાલુ રહ્યાં હતાં તે બાબે દંતકથા ખાતરીપૂર્વક જે કાંઇ જણાવેછે તે ઘણું દિલપસંદ લાગેછે. તે આકાશી મહાપુરૂષ (જરતોસ્ત) ની મોહિની અને પ્રતાપનો કાબુ હજુ દૂર થયો ન હતો. જરતોસ્તનાં મરણ પછીનાં પહેલાં દશ વરસ ખરેખર ગુસ્તાસ્પના અમલમાં બનાવોથી ભરપુર હતાં, અને એક બનેલા ચમતકારની તથા એક જાહેર થયેલી નિશાનીની પેહેલવીમાં કહેલી એક કલ્પિત વાત આપણા વાંચવામાં આવેછે, કે જે પુરવું દેખાડેછે કે હવે ખોદાઇ મેહેરબાનગી આ પાદશાહ ઉપર ઉતરીછે, અને જે આગળ હકારી જાતી એક ગાડીના રૂપમાં દીનના ફેલાવાના વધારાને સરખાવેછે.

પુરાતન લડવૈયા ઓનો, કે જે સેંકડો વરસ આગમજ મરણ પામ્યો હતો, તેનો જાન કેવી રીતે ફરીથી દેખાવ દઇને ઉલટમંદ પાદશાહ (ગુસ્તાસ્પ) ની મુલાકાત લેછે અને તેને એક કરામત ભરેલી ચારથ (ગાડી) નજર કરેછે, તે બાબે "દીનકર્દ" મા બયાન આપેલુંછે. આ ચારથ એક પળકારામાં બેવડી બની જાયછે,—તેના એક ભાગ રૂહાની અને બીજો ઇસ્માની બનેછે એ પછી 'દીનકર્દ" મા વિશેષ એમ જણાવ્યુંછે કે—'આ દુનિયાને લગતી ચારથમાં ખુન્ન મગરબાનોર હમે ગુસ્તાસ્પ જણા વિચારોની ખુશાલીમા આગે થઇ નોઇદનિયાન ખાનદાનીઓના ગામ તરફ ફરવા નિકળ્યા, અને પછી જેહાનને લગતી ગાડીના રૂપ ખાનદાનના ગામોનો જાન નવેથી વરસ જીંદગી તરફ હંકારી ગયા (યાને બેહસ્ત તરફ પાછા ફર્યા)" આકાશી ગાડીનો આ અલંકાર રૂપક બુંદેહેશ તથા "ફ્રવના સ્ક" જેવા લાગી જાય છે અને અહીં આપણ એક બીજી પુરાણી દંતકથા યાદ કરીશુ, કે જે એવું જણાવે છે કે ગુસ્તાસ્પ મઝદાના ઘુપા ભેદ જાણવાથી જાણીતો હતો,

દીનના વધુ ફેલાવાની ગવાહી.

'દીનકર્દ'ના લખાણમાં જાહેર કરે છે કે "અરજાસ્પની લડાઇથી ફારગ થયા પછી પાદશાહ ગુસ્તાસ્પે આસપાસના મુખ્ય મુલકો ઉપર

દીન કબૂલ રાખવા માટે પેગામ તથા હોરમજદની પરસ્તેશવાળા મજહબની કેતાબો, કેજે તમામ ગ્નાનથી ભરપુર છે, તે મોકલાવી." એ પછી આ લખાણમાં વધુ એમ જણાવે છે કે થોડાં વરસની મુદતમાં દીનનો ફેલાવો ઘણી ઝડપથી થયો. દીનને ખાતર જીવ આપનારા દીનદારોનું લોહી તેજ એ દીનનાં ફેલાવાનું મૂળ થઇ પડયું. અને એ વધારો એટલી તો ઝડપથી થયલો જણાય છે કે "દીનકર્દ" તવારીખના એક ચમતકાર દાખલ દાવો કરે છે કે અવસ્તાના ગૂમ થયલા સ્પેન્દ નસ્કમાં બયાન કીધા મુજબ દીન પ્રથમ જાહેર થયા પછીનાં સતાવણ વરસની મુદતમાં તેનાં આગમનની વાત "હફત કેસ્વર જમીનમાં પ્રસીદ્ધ થઇ ચુકી હતી." હજુ તો ગુસ્તાસ્પ જીવતો હતો તે મુદતમાં આ સઘળું બનેલું ધારવામાં આવે છે. વળી દીન ચોતરફ કબલ રખાઇ હતી તેની એક સાબેતી દાખલ ઉપલાજ લખાણમાં એવી હકીકત જણાવવામાં આવી છે કે "મજહબ બાબે પરપુછ કરવા થકી બીજા મુલકો ખાતેથી થોડાક ઘણીઓ હનુમના ખાનદાનવાળા ફરેશોસ્તર પાસે આવ્યા હતા." પરદેશો ખાતેથી આ પવિત્ર પરપુછને માટે આવેલા વડા ધર્મગુરૂઓમાંના બે અગ્નિ ખુખ્રા તથા નેરસ ખુસ્રા તરફના મુલકો ખાતેથી આવ્યા હતા. તેમનાં નામો રિપતિ અને એરેજરાસ્પ આપવામાં આવ્યા છે, કેજે નામો અવસ્તામાંથી પણ મળી આવે છે. એજ રીતે ઇસુખ્રિસ્તનાં મરણ પછી તેનાં ચેલાઓ દીનનો ફેલાવો કરવા માટે વણીએક ભુમિઓ તરફ ગયા હતા.

પહેલવહેલા શાગેર્દોનું મરણ.

ગુજર પામેલા ઉસ્તાદનાં ફરમાનો ખુલ્લાં કરવા તથા તેના ઉપદેશોનો ફેલાવો કરવા માટે જરતોસ્તનો જાની દોસ્ત ચેલો અને શાદીથી બનેલો બેથી ફરેશોસ્તર ઘણાંએક વરસો સુધી જીવતો રહેછે. "જાદસ્પરમ"નાં લખાણોમાં જણાવ્યા મુજબ જરતોસ્ત પછી પંદર વરસે, "દીનનાં ચેસઠમાં વરસમાં, અર્દિબેહસ્ત મહિનામાં," તેને પણ બોદાને બારસું તેડું આવે છે. તેનો પ્રખ્યાત બાઇ જામાસ્પ, અથવા ડાહ્યો જામાસ્પ, કેજે પાદશાહનો વડો વજીર હતો અને દીનના વડા ગુરૂ દાખલ આખા દેશમાં જરતોસ્તના જાનેનશીન દાખલનો અધિકાર ભોગવતો હતો, તે ફરેશોસ્તર પછી માત્ર એકજ વરસ વધારે જીવવા પામેછે. "જાદસ્પરમ" મુજબ "દીનનાં ચોસઠમાં વરસમાં જામાસ્પ કેજે જરતોસ્ત પછી દસ્તુરાન દસ્તુર થયો હતો તે ગુજર પામ્યો." આ મહા

ખરેખર મોબેદોના મોબદ હતો. એ પછી તેને વરસે તેનોજ દામાદ જેની પુરે કહ્યું છે, કે તેનું નામ પણ અવસ્તામાં આ- છે. દીનની ગેબીમાં વાગ્યામાં હતું એક જિના નોંધાયલી છે, અને […] અસ્મોક-અન્વનોનુ મરજુ છે (જેને અવસ્તામાં અસ્મો-અન્વા- એ ઓળખાવ્યો છે.) બીજા વરસમાં વળી અમ્પ હતુમાર માર્યો છે, અને તેનું નામ પણ અવસ્તામાં તથા બીજે ઠેકાણે આવેલું […] છે.

પાછલા જમાનાના યાગેદો અને જયેનર્થીનો.

જે પેદેશી લખાણમાંથી ઉપલા ફકરાઓ ઉતાર્યા છે તે વખતના છ મોટા મરદઓ[1]માં નામો પણ આપે છે. એઓમાંનો એ જરથોસ્તની બે બેટીઓ ફ્રેના અને ઓતો. અને એક બેપાલ હતો […] અદરબોસ્તોસ્તો છે. આ વધુ નામો અવસ્તામાં આવેલાં છે, […] પ્રકરણમાં તે આવેલાં છે (જુઓ લો મે.) એ પછી વેદ- (અવસ્તા મુજબ વેદનેનધ)નું નામ આવે છે, જે દીનનો આલીવ- […] વરસમાં અથવા જરથોસ્તના ગુજરવા પછી સાત વરસ રહીને […] પામ્યો હતો. પણ એ સવળાંઓમાં સંપથી અમલનો મરદમાર […]નની ભૂમિમાં આવેલાં […][1]નો રહેવાસી તેનો[2] છે, કે જેને […] કહે છે કે તે એકલો વરસ જીવ્યો હતો. અને જે દીનના […] ઘણા પોતાની પાછળ એક સો એક મુકી ગયા હતો, જેનો […] એકરે આવી દીનનો નાશ કીધો ત્યા સુધીની વહીમાં ચાલુ હતો.

જુનાની લખનારાઓ પણ જરથોસ્ત પછી ઉતરી આવેલા માણસો અથવા સાગેદોની એક લાંબી ઓળાર કબુલ રાખી જાય છે. […] લેખરફસ (જેણે ઇસવી બીજી અને ત્રીજી સદીમાં […]) ઇસવી પૂર્વે ૨૫૦ ના […] હેમોડોરસની […] જુનાની […] આધારે જણાવ્યું છે કે "જરથોસ્ત પછી ઘણાએક […] ગુરૂઓ, જેવાકે, ઓસ્તાનિસ, એસ્ત્રંપસિકસ, ગોબ્રાયસ, પાઝા- […], નકરે […]નો નાશ કીધો ત્યાંસુધીના સિલસિલાવાર […] ઉપર આવ્યા હતા. લાટિન લખનાર પ્લિનિ એપસકોરસ […] એક મહા ધર્મગુરૂઓનું નામ આપી જાય છે, અને પાછલાદ

૧ આ વખત એક લખનાર મુજબ પાર અને વરોવરની વચ્ચેથી વહેતી […] નદીના કાંઠા ઉપર આવેલો છે.

૨ અવસ્તામાં આ નામ સચેત છે

જર્કસિસ યુનાન દેશ ઉપર મોટી ચઢાઇ લઇ ગયો તે વેળા જે માગી ગુરૂ તેની સાથે ગયો હતો, અને જેણે તે દેશમાં માંથ્રવાણી દાખલ કીધી હતી, તેનું નામ ઓસ્થાનિસ આપી જાય છે. અને એ રીતે ધર્મગુરૂઓની આ સાંકળ સેવટ નહિ આવે તેમ ચાલુ રહે છે; અને નસીબદેવીના ઘોડા વારના સારા માઠા ફેરફારો અને સંજોગો છતાં ગાદી સાચવનારાઓની પહેડી આજ સુધી, એટલે જે મુંબઇના આતશ બેહરામમાં પવિત્ર આતશના કેબલાની જાળવણી કરનાર આજના પ્રતિનિધિઓ સુધી, વગર તુટવે કાયમ રહેલી છે!

ભવિષ્યવાણી અને ભવિષ્યના બનાવ.

અત્યાર આગમજ ઘણી વેળા ઇશારો કરવામાં આવ્યો છે તેમ, પેહેલવી બાહમન યશ્ત એક બનાવટી ખાબનું વર્ણન આપે છે કે જેમાં જરતોસ્તને દીનનાં ભવિષ્યની આખી તવારીખ પોતાની આગળ ખુલ્લી મુકાયલી જોઇ હતી, એમ ધારવામાં આવે છે. તેની નજર આગળ ઉગમાં થતાં ઝાડની ચાર અથવા સાત શાખાઓ તે દીનના સેવટનાં વરસો સુધીના સોના, રૂપા, તીખાં અને લોખંડના જમાના-ઓની સંખ્યા બતાવે છે, કે જે સર્વ માટે ભવિષ્ય કહેવામાં આવેલું છે. તોપણ આ ભવિષ્યવાણીઓ કાંઇ પુરાણી નથી, પણ મહમદિયાનોની ફતેહ પછી જ્યારે જરતોસ્તી મજહબ ઇસ્લામના રસ્તા જતાં ઘણી આ-ગળ નિર્બળ થઇ ગયો તે વખતની આ ભવિષ્યવાણીઓ છે. તોપણ એકજ ફિતારથી નજર દોડાવી જતા એ વાણીઓ મજહબની આખી તવારીખ ખુલ્લી પાડી બતાવે છે. અને મજહબના સ્થાપકે પોતે પોતાનાં ડહાપણથી તથા પેગામ્બરી નજરથી પ્રજાઓ અને ધર્મોના ઇતિહાસની માફક સાધારણ રીતે પોતાની દીન બાબે અગમચેતી કીધી હોત તેમ આ ભવિષ્યવાણીઓમાં દીનના બનનારા મોટા બનાવોનો સંક્ષેપ આપ્યો છે.

સારાંશ.

જરતોસ્તી દીન તેના સ્થાપક જોડે મરણ પામતી નથી. દેશમાં બનેલા બનાવોથી તેની તવારીખના માર્ગમાં ફેર પડેલ છે, પણ તોપણ હજુ તે જીવતી રહી છે. પેગામ્બરનાં મરણ અને એક દરેક આવતા વચે પસાર થયલાં વરસોના બનાવોની દંતકથામાં જેટલી હદ સુધી નોંધ કરવામાં આવી છે તેટલી હદ સુધી જરતોસ્તની ઝિંદગીના પરિણામ દાખલ તે બનાવો નોંધવા જોગ છે, અને દંતકથા તથા ખરેખરી તવારીખ વચેની સરખામણી દાખલ એ બનાવો મનોરંજક લાગે છે.

બાબ ૧૨.

શેવટ.

—:o:—

અને હવે અસલી ઇરાનના પેગામ્બરની જીંદગી અને દંતકથાની તેનું શેવટ આવ્યું છે—કે જે મહાન દાના પુરૂષ દુનિયા ઉપર પોતાનો ક્ષ બેસાડી જવા માટે પેદા થયો હતો,—કે જેણે ત્રીશ વરસની ઉમરે તાની દીન ચલાવવા માંડી હતી, અને જે સીતોતેર વરસની વયે બળા-રથી મરણ પામ્યો હતો. તેની કારકિર્દીના સફાઓ એક વાર ફરીને પણે ઉતાવળે ઉથલાવી જઇશું. સંપૂર્ણ વખ્તે જન્મ પામીને ખ્રિસ્તી તેની આગમજની સાતમી સદીના છેલ્લા અર્ધા ભાગમાં તે એક પેગા-ર દાખલ દેખાવ દેછે, અને તેના ઉપદેશની મુદત મીડીયન અમલની ખરીનાં તથા પાર્સી પાદશાહતની શરૂઆતનાં વરસો વચે આવે છે. પોતે ઇંગ્લંડના શબ્દોમાં બોલિયે તો "મીડ અને પાર્સી લોકોના ધારા"ના ક સર્વેથી પુરાણા નમુના અને પ્રતિનિધિ દાખલ રજુ થાય છે. જ્યારે હુદીઓને પકડી લઇ જઇ બેબિલન ખાતે કેદમાં નાખ્યા ત્યારે, અથવા દેવાલ ઉપર લખાયલા અપશુકન ભરેલા લેખ વાંચવામાં (બેબિ-લનના) નજુમીઓ નિષ્ફળ થયા ત્યારે તે ઉકળાવવા માટે દાનાલ આવે

આગમજ તો જરતોસ્તના ઉપદેશોએ ઇરાન સરજમીનમાં ઉંડાં ળિયાં ઘાલી દીધાં હતા. થેલિસ, સોલન અને અસલી જમાનાના ાત દાના પુરૂષો જ્યારે થઇ ગયા તેજ જમાનામાં જરતોસ્ત પણ હસ્તી ાગવી ગયો છે. તે કન્ફ્યુસનો અગ્રેસર હતો, કે જે ચીનાઇ ફિલસુફ ચીનાઇ પ્રજાના એતેકાદના ઉપદેશો પુરવા કરવા માટે જન્મ લેનાર તો. તેણે ઇરાનમાં જે રણશિંગડું ફુંક્યું તેનો પડઘા પાછળથી હિંદુ-સ્તાનમાં જ્યારે સર્વે માયા ત્યાગ કરવાથી મળતાં તારણને લગતો ઉપદેશ તરસ્યા જીવડાઓને કરવા માટે કુળવાન બુદ્ધ બાહેર આવ્યો ત્યારે જુદાંજ સુર સાથે થયો. શેવટે જરતોસ્ત ઉગમણું દેશના તે દાના માણસોનો પિતા અને તેઓનો ઉમદા નમુનો છે, કે જેઓ બથલેહેમ ખાતે ઓગીનાં દિવસો ખાલી દુનિયાની તરતની જન્મ પામેલી રોશની (ઇસુખ્રિસ્ત) ને નમસ્કાર કરવા માટે ગયા હતા.

જરતોસ્ત એક માગી હતો. માગી લોકો હિરોડોટસ મુજબ માડવામાં વસનારો એક ફીરકો હતો. જેકે તે (ઇરાનના) પશ્ચિમ ભાગમાં

આત્રોપાતેની ખાતે જન્મ પામ્યો હતો તોપણ પેગામ્બર દાખલની તેની કારકિર્દિનો ઘણો જમાનો ઉગમણી, બેકત્રિયામાં, અથવા દેશના એજ ભાગમા હોય એ બનવા જોગ છે. તેના ઉપદેશનાં બિયાંને ઉગમણુ ઇરાનમાં ફલદ્રુપ જમીન મળી આવી તેની આપણી કને ખરેખરી શાહદતો છે. બાકીનું કામ ધર્મ સંબંધી લડાઇથી પાર પડ્યુ. ઇરાન અને તુરાન વચ્ચેની પવિત્ર લડાઇઓ, બલ્ખ ઉપરનો હલ્લો, અને ખોરાસાન અથવા બલ્ખપાંમીમાં થયલાં મોટાં જંગોમાં શેવટે મળેલી ફતેહ, એ સર્વેનું દાસ્તાન આગળ આપણ કહી ગયા છિયે. ધર્મનો ફેલાવો હજુ ચાલુજ છે. મીડયાએ પોતે પણ એરાક પેગામ્બરનો સુધારો કબુલ રાખ્યો. "ફ્રવર્તિ" એક મીડયન નામ છે, તેનો અર્થ ચુસ્ત "એકરાર" કરનાર એવો કરે છે (એટલે કે જરતોસ્તી મજહબ સ્વિકારનાર). અને દીન મીડયામાં કબુલ રાખવામા આવી હતી તેની સાબેતી દાખલ આ નામ એક દાખલા તરીકે રજુ કરવામાં આવે છે, તો જોકે આ એક અસલી માજી નામ જેવું જણાય છે અને તે "ફ્રવર્તિ" સાથ મળતુ આવે છે, કેમકે ફ્રવર્તિ શબ્દ દેખીતી રીતે જરતોસ્તી મજહબનાની આગમજનો હૈયાત હતો. અલ બીરૂની ખુલ્લી રીતે જણાવે છે તેમ માજી લોકો જરતોસ્તના જમાનાની પણ આગમજના નજીક હતા, પણ વળી તે ઉમેરે છે કે જમાનાની મિદેશમા એમના એવા સ્વરૂપ અને વમર ભેળના કોઇ રહ્યા નહિ કે જેઓ જરતોસ્તના મજહબ મુજબ અમલ કરતા નહિ હોય. આ ઉપરથી સાબેત થાય છે કે જરતોસ્તના ઉપદેશો કેવા સર્વે તરફ કબુલ રખાતા હતા. કેવી રીતે અને કેવી રીતે જરતોસ્તી દીન મૂળ ઇરાન (પર્સિસના પ્રાંત)મા દાખલ થઇ, તેને લગતા સવાલની સુનોવેર કરવાનું બીજા જમાને માટે નાખવુ જ

આ સઘળાં ઉપરથી જે સામાન્ય અનુમાન કહાડવામાં આવ્યા છે તેમના સંબંધમાં અમો કહી શકીશું કે જે ઘણુંએક લખાણો ઉપર તેમનો પાયો રચવામાં આવ્યો છે તેમની સચ્ચાઇ યા ખોટાઇ બેનક જમાનો સાબેત યા નાસાબેત કરી શકશે. અલબત્ત કરીને છેલ્લાં વરસોમા દંતકથાને બહાલી મળે એવી જે વલણ જોવામાં આવે છે તે ઉપરથી અમરને આપણ દરિયાફ્ત કરિયે તો ઉપલાં લખાણોમાંનાં થોડાક બનાવટને બદલે ખરી હકીકતના પાયા ઉપર રચાયલાં દેખાડી શકાશે. તોપણ થોડાંક કેવળ મન કલ્પિત સાબેત થશે. એ બનેમાં જે સચ્ચાઇ હશે તે ઉપરથી આપણ ફાયદો મેળવીશું. વળી એઓમાંથી થોડાક

પ્રજાઓની તવારીખો અવ્યવસ્થા દોષ વિનાની નથી એમ જણાશે. આ સર્વ રોશની ખાળી, અમલ કરીને જ્યારે અમે આ બાબત ઉપર બહાર મોકલીને જણાવીશું કે જે વેળા યાહુદીઓના પુસ્તકો પેગમ્બરોનો જમાનો પણ હતો તેજ જમાનાને સુમારે જરતોસ્ત આપમેળે આવે પશ્ચિમ અને મીડિયામાં જાહેર થયો હતો, ત્યારે જરતોસ્તી મજહબ અને યાહુદીઓના ધર્મ વચ્ચેની સગાઈના સંબંધમાં જે વિચારો થાય છે તેમનો પ્રથમ દરજ્જે કંઈ નવું જ સ્વરૂપ ધારણ કરી શકશે, કેમકે ઉપરથી આ-પણે જાણીએ છીએ કે કેદ પકડાયલા યાહુદીઓને શરૂઆતમાં સમરિયા આગળથી મીડ લોકોનાં મોટા શહેરો આગળ પાડી લઈ જવામાં આવ્યા હતા. બીજા હાથ ઉપર અવસ્તાઓ ઉપરથી આપણે જાણીએ છીએ કે બેબિલન આગળ દેશનિકાલ થયેલા યાહુદીઓના જમાના આગમજ જર-તોસ્તે પ્રચારેલું, પેગમ્બરીનું, અને મિસરના જેવીજ કબુલાત આપનારું સ્વરૂપવંતુ થયેલું હતું અને વાળ્યું વળાયું હતું.

વળી એકજ સમયમાં હસ્તી ભોગવતી અવલો રાજ્યોની તવારીખ બાબેનાં આપણાં જ્ઞાન ઉપરથી યાદ કરીશું કે એકબતાનું રાજ્ય જો ખરે-ખર હસ્તી ભોગવી ગયું હોય તો તે મીડિયાનાં રાજ્યની મોટાઈનું સરણુ થયું હતું, અને મીડિયાની પાદશાહત ઈરાનની કીર્તિવંત હકુમત આગળ ધોવાઇ ગઇ હતી. યુનાને ઈરાનની કીર્તિને ઉંચામાં ઉંચી રીતે ચઢેલી કબુલ રાખી છે. જોકે યુનાનીઓ ઈરાનીઓને લડાઈમાં હરાવે છે, તો-પણ માજી લોકોનાં ડહાપણ અને ઈરાની લોકોની ફિલસુફીની વાતો તેઓ હજુ સુધી કરે છે. પ્લેટો, પિથાગોરાસ અને બીજા મોટા ફિલસુફોને માટે દાવો કરવામાં આવે છે કે તેઓએ માજી લોકોની ડાહાપણની હકી-કત શીખી છે; અને પાછલી મહમદિયાન અથવા જરતોસ્તી દંતકથા-ઓમાં જણાવ્યું છે કે ઈરાનનાં પુરાતન પવિત્ર પુસ્તકો, કે જેઓમાં સર્વ જાતનાં જ્ઞાનનો અર્ક સમાવેલો હતો, તેમનો યુનાની ભાષામાં તર-જુમો કરવામાં આવેલો હતો.

અને ફરી શેહનશાહતના જમાના વિષે બોલિયે તો જે મિસાલે ઈરાનીઓ સાથની લડાઈને લીધે યુનાનીઓ જરતોસ્તીઓ સાથના સંબંધમાં આવ્યા હતા તેમ તેજ લડાઈને લીધે રોમ પણ તેવાજ સંબંધમાં આવ્યું હતું. જરતોસ્તી મજહબનું એક સ્વરૂપ મેહર-પરસ્તીને નામે જાણીતું છે, કે જે રોમમાં અને પશ્ચિમ યુરોપમાં દાખલ થયું હતું. પ્લેટોની ફિલસુફીનો નવી ઢબથી ઉપદેશ કરનારા-

ઓનાં શિક્ષણ ઉપર ખચીત જરતોસ્તી મઝહબની અસર થયા વિના રહી ન હતી, તેમજ વળી પાછલા જમાનાનો જરતોસ્તી મઝહબ તેની અસર વિનાનો ન હતો. જરતોસ્તી ઉપરથી ઉભા થયલા માની ધર્મના ઉપદેશો થોડોક વખત સુધી ખ્રિસ્તી ધર્મ-મતને ખલલકર્તા થઈ પડયા હતા. આ સઘળા દાખલાઓમાં બન્ને પક્ષો વચેનો સંબંધ બેશક અરસપરસનો હતો. કોરાનના સધ્ધાઓ અને મોહમદના ઉપદેશો પણ, જે દીનને તેણે તલવારથી જેર કીધી, તે દીનની અસરથી ખાલી નથી. પવિત્ર આતશનો શોલો કદી પણ બુઝાયો નથી; તે પાક કેબલો હજુ રોશન રહેલો છે; અને જરતોસ્તની દીન હજુ જીવતી છે. હા, અને અસલી ઈરાનના પેગામ્બરની દીન ઉપર વફાદારીથી ઇમાન રાખનારા આજના પારસીઓ છે તેવાજ તે મહાન ઉસ્તાદનું નામ રાખનારા લાયક પારસો જ્યાસુધી હૈયાત છે ત્યાંસુધી કિસ્મતની કેરબદલી ગમે તેવી હશે તોપણ જરતોસ્તી દીન હૈયાતી ભોગવતી કાયમ રહેશે.

શેવટ.

તરજુમો કરનાર તરફની

નોટો.

[આ પુસ્તકના અસલ લખાણમાં કેટલેક ઠેકાણે નોટસ દાખલ કરેલી છે; એમાંના ઘણાખરાની, તરજુમો પૂરો કર્યા બાદ અંગ્રેજી બુકના એક લખનારોના માટે ખાસ કરીને અમુક ફકરાઓ સમાવેશ કરવા લેવામાં આવેલું છે; તેવા ફકરાઓમાંથી કેટલાક વાંચનારને સમજાવવા થવાની જરૂર જણાય છે. અને તેટલા માટે આ ઠેકાણે તરજુમો કરનાર તરફના વધારા દાખલ નીચલી નોટો લખવામાં આવી છે.]

૧—અગલી ધર્મ શિખવનારા ફિરસ્તાઓમાં જરથોસ્તનો મરતબો.

(પાને ૧. લીટી ૧૨)

આપણા ગ્રંથકારે હજરત જરથોસ્ત અને તેનાં એહદાવના સંબંધમાં ગમે એટલી દિલબરીથી કામ લીધું છે તોપણ તેના કેટલાક વિચારો આપણી તરફની ટીકા વિના પસાર થઈ દેવા જેવા નથી.

પહેલા તો તે જરથોસ્તને હજરત ઇબ્રાહિમ, મુસા, વગેરે મિસરી અને યાહુદીઓના પેગમ્બરો સાથે સરખાવવાની જરૂર જોતો નથી. તેઓને સરખામણીની બાહેર રાખીને પ્રોફેસર જેકસન બીજાઓ સાથ જરથોસ્તને સરખાવે છે તેઓને તેણે તેની બરાબરીની સપાટી ઉપર મોકલવા આવ્યા છે બુદ્ધ સાથની જરથોસ્તની તેણે કરેલી સરખામણી બાબે ૨ જી નોટમાં હું બોલીશ. અહીં કોન્ફ્યુશસ અને સોક્રેટિસ બાબેનો પ્રકારે કહીશ તે લખે છે કે એઓને "જે ઇજ્જત અને માન બરાબર દરજ્જેને લાયક છે તેજ પદવી, તેજ ઇજ્જત અને તેજ માન બરાબર મરતબો જરથોસ્તને પણ આપવા લાયક છે." અહીં આ સર્વેનો મરતબો એક સપાટી ઉપર મોકલતાં આપણું દિલ ડચકે છે, કેમકે કોઈપણ જરથોસ્તને નામે ઘણી માન બરાબર ગણાય નહિ. બુદ્ધ, કોન્ફ્યુશસ અને સોક્રેટિસ હિંદુસ્તાન ચીન અને યુનાનમાં ગમે એટલા મોટા મરતબો

ભરાતી ગયા હોય, પણ જરતોસ્તના મરતબા બરાબરની તેમની મોટ ગોઠવવામાં જરતોસ્તના બહુ પુરાણા જમાના તરફ, તેના શુદ્ધ અને સાચા સુધારા તરફ, કોઇ પણ દેશી કે પરદેશી મહાગુરૂની નકલ કરી તેને પગલે નહિ ચાલતાં પોતાનાંજ આત્મજ્ઞાનની મદદથી સચાઇ અને ભલાઇનો માર્ગ એખ્તિયાર કરવાની તેણે સર્વથી પહેલી હામ ભીડી હતી તે તરફ, મસ મોટા હરીફોની દરકાર વિના અને મોટી મોટી લાલચોની પરવા વિના એક ઇશ્વરવાદી મજામાં દાખલ કરવામાં જાતિ અકલનાં બળથી જે ફતેહ તેણે મેળવી હતી તે તરફ, નરમ આંખ મિચામણી થયથી એક જરતોસ્તીને તરત દેખાઇ આવે છે.

કોન્ફુસ્યસ કાંઇ પેગમ્બર ન હતો. સોક્રેટિસ માત્ર ફિલસુફ હતો. સચાઇને શોધનારા તો દરેક દેશમાં અનેક હોય છે—પણ તેટલા માટે તેઓ સઘળા પેગામ્બરી દાવાને લાયક ગણાતા નથી. તેઓના ચેલા હોય, પણ તે ચેલાઓ પોતાના ગુરૂનાં ઉપદેશને પેગામ્બરી માન આપતા નથી, અથવા આપે છે તો તે ઝાઝી મુદત ટકતું નથી. સોક્રેટિસની સખત એથન્સમાં સોફિસ્ટ અથવા સુફીને નામે ઉગી નિકળેલા શિક્ષા ગુરૂઓની શિખવણી સામે વધારે હતી. તેઓ ફિલસુફી શિખવતા હતા પણ તેમને ફિલસુફ ગણવાની ના પાડી સોક્રેટિસ તેમનો તિરસ્કાર કરતો હતો. તે ઇ. પૂ. પાંચમી સદીમાં થઇ ગયો, એટલે જે ડૉ૦ વેસ્ટ અને પ્રો૦ જેક્સને આપેલા જરતોસ્તના જમાના પછી માત્ર એકજ સદી બાદ, એ સદીની મુદતમાં ઇરાન અને યુનાનને દોસ્તી તેમજ દુશ્મનીથી એકબીજા સાથ ઘણો સબંધ પડેલો જણાશે; અને તોપણ સોક્રેટિસે શું શિખવ્યું ? અને તે કેટલી હદ સુધી ? જરતોસ્તના ઉપદેશોનો સારો અભ્યાસ કરવાની તેણે પુરતી તક મળેલી હોવી જોઇએ, અને તોપણ જરતોસ્તની બરાબરની ઇજ્જત અને મરતબો હાંસલ કરવા જેવું તેણે શું કીધું છે ? તે પોતાને કોઇ ખોદાઇ કામ બજાવવા આ દુનિયામાં આવેલો સમજતો હતો; તે પોતાની અંદર કોઇ દેવ અથવા ફરેસ્તાને ફરતો માનતો હતો, કે જે તેને સારી શિખામણો દેતો અને સાચે રસ્તે ચલાવતો હતો, અને એ સત્ય વચનો તે પોતાની કોમના નાના મોટા, ગરીબ તવંગર, સઘળાંને શિખવતો હતો. તેનું લખાણ કશું નથી—તે માત્ર મોરેલીસ્ટ વાતચીત મારફતે જેઓ છુટ તેમને નીતિબોધ આપતો હતો. તોપણ તે માનતો હતો કે તેનામાં ડહાપણ કશું ન હતું. વળી તે ધર્મ શિખવનાર પણ ન હતો. તેણે

૬૫૨ એપન્સના એક કિસમના દેવતાઓને નહિ માનવાનું અને તેમને બદલે બીજી કિસમના દેવતાઓની પૂજા કરવાનું તોહમત મેલાયું હતું. સચ્ચાઇનો તે તરફદાર હતો, જુવાની અમગનિ તે શિખવનાર હતો. એજ તેની શિખવણી હતી. એટલુંજ તેનું મહત્વ હતું. યુનાનમાં એ મારે તે મહાનપુરુષ લેખાય તે બરાબર છે; પણ બીજા મહાન પુરુષો સાથ—અમલ કરીને જરતોસ્તની સાથ—તેની સરખામણી થાય, અને એકસરખો મરતબો અપાય, એ અચંબા ભરેલું છે.

હવે કૉન્ફુસ્યસ તરફ જુઓ. તે એક ફિલસુફ હતો. બાળપણથી યાદદાસ્તશક્તિમાં એટલો બળિયો હતો કે ત્રીજાંદ વરસમાં તે મા[illegible]ન્દરિન થયો. બાપને બદલે બપાયાએ તેને કેળવ્યો. ૩૩ મે વરસે તેણે પોતાનાં વતનવાળાં લૂનાં રાજ્યમાં ધર્મ સંબંધી ઉપદ્રવ્ય[illegible] વાનું માથે લીધું અને તેમાં તે ફાવ્યો. તે વખતે ચીનાઇ કૈદેના[illegible] આજના જમાના માફક મંડાઇને એકત્ર બનેલી ન હતી, પણ નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાઇ ગયલી હતી, માટે કૉન્ફુસ્યસને પોતાની [illegible] વના લૂનાં રાજ્યમાં પાર ઉતારવાને બની આવ્યું. લૂના રાજ [illegible] પ્રજા તેના તરફ મોટાં માનથી જોવા લાગ્યાં, તોપણ તેને ફેક [illegible] નાસી જવાની ફરજ પડી. જોકે આ રીતે ભટકતી જીંદગી [illegible] તેને ફરજ પડી તોપણ એ હાલતમાંથી તેણે ધર્મજ્ઞાન આપવું [illegible] રાખ્યું, અને જુદાં જુદાં રાજ્યોમાં ભટકી ત્યાંનાં લોકોને [illegible] જ્ઞાન સંપાદન કરવાના રસ્તા દેખાડવા માંડ્યા. આ રીતે તેના [illegible] વધી ગયા, જેઓમાંથી તેણે ૧૦ જણને પસંદ કીધા અને [illegible] પોતાનાં અંતરજ્ઞાનથી વાકેફ કીધા. આ દશ ચેલાઓએ [illegible] ચોતરફ ફેલાવ્યો અને પછી તે સર્વમાન્ય થઇ પડે [illegible] પાંચમી અને છઠી સદીમાં થઇ ગયો (૫૫૧-૪૭૮), [illegible] ગુજર્યો. તેનાં મોતની ખબર સાંભળીને લૂનો રાજા [illegible] અને એ વખતથી તેની એક પીર દાખલની [illegible] વખાણોને ચીનાઓ જ્ઞાનના ભંડાર તરીકે [illegible] દર્શાવેલી સ્વચ્છ નીતિ બહુ વખણાય છે. આ [illegible] પેગામ્બર ન હતો; તેણે બશારતનો દાવો [illegible] નમાં એકજ પરમાત્મા છે એવું કહ્યું [illegible] યા બહિશ્તની દુનિયા, અથવા બદી માટેની [illegible] ઇનામ વિશે તે કંઇજ કહી ગયો નથી [illegible]

બાદ હસ્તી ભોગવી ગયો છે, અને ચીન સુધી જરતોસ્તી અને ખ્રિસ્તિન પાદશાહોનો ડંકો વાગી રહેલો હતો માટે જરતોસ્તી ધર્મનો અભ્યાસ કરવાની કૉન્ફ્યુસ્યસ જેવા ગુરને ઘણીજ સરસ તક મળવી જોઇએ. તેના ઉપદેશોની જગા પાછળથી બુદ્ધની શિખવણીએ લીધી હતી.

કૉન્ફ્યુસ્યસની થોડાંક વરસ આગમજ (ઇ. પૂ. ૬૦૦) ચીનમાં એક બીજો ધર્માચારી થઇ ગયો, તેનું નામ લાઓત્સી છે, કે જેના ઉપદેશમાં ખોદાની હસ્તીની જાજમ વાતો આવે છે. તેની શિખવણી મુજબ રુહ તરેહવાર અવતાર લે છે, અને ચાહે તે બદનમાં દાખલ થઇ શકે છે. તેના મથનોથી ચીનાઓ ધર્મપુસ્તક દાખલ પવિત્ર ગણતા હતા

ઉગમણા દેશોના મોટા ધર્મસ્થાપકોની સરખામણીમાંથી મી૦ જેકસન વગુદિ અને ખ્રિસ્તી ધર્મના "મોટા સ્થાપકો"ને બાદ કરતા આવે છે. પણ તેનું કારણ આપતો નથી. મુસા અને ઇસા આપણાં ગમે એટલાં મોટા માન અને ભારી મરતબાને લાયક છે તોપણ આજે ધર્મોના મુકાબલાની વિદ્યા (Science of Comparative Religion) એ બતાવી આપ્યું છે કે એ બને મજહબો જરતોસ્તી મજહબની પાછળના છે, અને તેઓમાં કેટલુંક એવું છે કેજે જરતોસ્તના મજહબને આભારી છે. ચેન જેવા આજના મોટા ખ્રિસ્તી ધર્માધ્યક્ષના આ સખુનો છે કે—

"Did not the Persian religion [illegible] the second Isaiah onwards so greatly interested the Jews, included a belief in retribution after [illegible] centuries before the period of the Psa[illegible] Iranian religion had its own independent development and its d[illegible] of the "last things" as you will probably agree is peculiarly its own ..... Had it not came into contact with Zoroastrianism Israel would, historically speaking, have struggled in vain to satisfy its greatest religious aspiration.'

પણ એ બાબતના ખુલાસો કરવાનો મારો હેતુ નથી.

૨—જરતોસ્ત અને બુદ્ધ.

(જુઓ ૨ થીથી ૫)

બુદ્ધ સાહેબની જરતોસ્તની સરખામણી મને એટલી લાયક દેખ તોપણ મુખ્ય રંગ ધ્યાનમાં લેવાની છે કે: જગતના પેદા કરનારની

દમ્મી, અને એ પછી બુદ્ધિના કાનના સમાધાનની વાત. બુદ્ધના મતલબ ઉપર દુનિયાની સર્વે જાતી ફિરકા હોય તો ચિંતા નથી, પણ જરૂરનું એટલુંજ છે કે અંદરથી નેકી આવે, જ્યાંથી નેકીની સમજ, તે છે ! કોને ફિકરી છે ? જરથુસ્તી મતલબમાં છે તેમ એ બેમાંના એક એકે કરવી જરૂરી નથી. ધિરજના સ્વભાવ કરનાર હેતુ કાંઇ ખ્યાલમાં આવ્યુ નથી; અવિચારી જંદગી હેતુ કાંઇ આવ્યું નથી. પણ ઉકરતી આમભાવિત અને નેકી આવી તેમ કરનાર કેઈ છે એવા ભેદ પણ જ નહિ નથી. માણસજાતને દુખમાંથી ઉગારવા અને સુખમાં લઈ જવા માટે "નિરવાણ" બુદ્ધ કહ્યું છે. હવે એક મેજર પોતાની Pure નામની નવલકથામાં કેઇ ઇનામી મનહરની તરફ કરીને લખ્યું છે. તેમાં આ શબ્દો છે કે—

"Humanisation cannot be effected by charity; it m… but justice can accomplish it. That is the gathering cry which is going up from every nation."

જરથોસ્તી મતલબમાં કોઇ બુદ્ધિ આપવાની હિંમત અને તેના જેવા જે સવાલો કોઇ ઉંચાઇથી ધર્મની રીતમાં લિખ્યા હોય તેમને દરેક જરથોસ્તનાં અંદરી પુરાણાં ચિરાગ તરફ જોવાની જરૂર છે, કે જેમ ઇનસાફ આ દુનિયાનો દેખાડ્યો છે—ઇનસાફ બીજી દુનિયાનો દેખાડ્યો છે; જેમાં ખુદા માણસની સાનની તરફ રાખી છે. તે અંદરી ખુદા કે જેનો ખાસ કામના ભોગી અવસ્થામાં થઈ પડ્યા હોય તેમનુ મોત વરીક આવ્યું; અને તોપણ જેમાં ખરા અને સાચા માણસ માટે આ દુનિયા તથા પેલી દુનિયાનાં સુખ અને શાન્તિનાં ઇનામો જાહેર કીધાં છે. એટલુંજ નહિ પણ નેક માણસની જગા હોરમજદની પોતાની મિજલિસમાં થતી જણાવી છે. બુદ્ધ ધર્મમાં પણ કાંઇક એવું દેખાડ્યુ છે કે જેણે "નિરવાણ" મેળવ્યુ હોય તે કોઇ આકાશી દેવતાનીમાં ભળી જાય છે.

બુદ્ધનાં ફરમાનો ઘણાં રૂડા છે—ઘણા બોધદાયક છે. નીતિ તેણીથી ભરેલાં છે, પણ તેની એ સર્વ સ્તુતિ છતાં તેમાં ધર્મિનો કાંઇ કોઇ કહ્યાવો નથી—પેગમ્બરનો પિતા કોઇ કહ્યો નથી. બુદ્ધ પરમેશ્વરને નકાર્યો નથી પણ બુદ્ધને ઇશ્વરી ફરજ સોંપાયેલ હોય તેમ કહે છે કે તે સર્વ માણસજાતનુ તારણ કરશે—દરેક નાનાં કે મોટા દુખ આથી ઉગારશે. એ દુખો માણસ પોતે પોતાના ગુસ્સાને કાબુમાં રાખી જાણતો નથી તેથી ઉત્પન્ન થાય છે, પણ જે બુદ્ધના ફરમાન્યા

મુજબ તે ચાલે તો તે સર્વ કષ્ટોમાંથી મુક્ત થાય છે, અને છેવટે પોતેજ 'બુદ્ધ' બને. પણ જો કોઇ તેમ નહિ કરે તે દુખી થઇને અંતે એવા ઊંડાં ખાડામાં ગૂમ થઇ જશે કે જેનું તળિયુંજ નથી—તે માણસે ફરીથી ઉગરવાની આશાજ નથી; માટે તે કેવળ નાશ પામી હસ્તીથી સદાનો સદંતર નાબુદ થઇ જશે. અહીં જોવાનું છે કે જે ધર્મ મુજબ એવા પાપી જીવને પણ સદાનો નાશ પામતો જાહેર કરે તે ધર્મ જીવ અમર છે એમ કદી સ્વિકારતો હોવો નહિ જોઇયે. અને જીવની અમરતા જેમાં આપણુ જોતા નથી તે દુનિયાનાં લોકને માટે આયદેહ ઘણુ ફાયદા ભરેલું ફરમાન લેખી શકાય એ શક ભરેલું છે. બીજા હાથ ઉપર બનુજ ધર્મી માણસ તે લેખાયો છે કે જે પોતાના તમામ જુસ્સાઓને પોતાના કાબુમાં રાખી શકે; તે ખરો 'બુદ્ધ' થઇ શકે; દેવતાઓ સામે પણ ને બુદ્ધ સદાની મુક્તિ મેળવે; ફેરફારો તેને નડે નહિ. જન્મ, ઉમર અને મરણને આધીન આકાશી દેવદેવીઓ પણ છે, પણ ખરો બુદ્ધ તેવી કોઇ પણ હાલતને આધીન નથી. તે તો દેવતાઓથી પણ ચઢતો છે; સૃષ્ટિ નાશ પામશે પણ બુદ્ધને કોઈ નડનાર નથી—તેનો નાશ નથી—તેની બરાબરી કરનાર કોઇ નથી.

નેકીનો બદલો તે આ છે. પણ એ બદલો ક્યાંથી મળ્યો ? કોણે આપ્યો ? કોઇએ નહિ. બુદ્ધના ઉપદેશોમાં તેવો કોઇજ છેજ નહિ. તેના ધર્મમાં અમરપણું એકલા શુદ્ધ 'બુદ્ધ'નીજ છે—તેથી ઉલટા જીવમાત્રનું પરિણામ તો હમેશાં હમેશનો નાશ છે. પણ આ અમર બુદ્ધ દુનિયાને, સૃષ્ટિને, કોઇને પણ ભવિષ્યમાં શા ખપનો છે, તે બુદ્ધની શિખવણીઓમાં શોધવા માંગનારને મળશે નહિ. તેમાં એક પરમેશ્વરની હસ્તી સ્વિકારીજ નથી; તેમાં દેવતાઓ છે, પણ તેમને બીજી કોઈબી મોટાઇ આપી નથી; તેમની આકેબત પણ ઇનસાનના જેવીજ કહી છે; તેમનો નાશ પણ મનુષ્ય જેવોજ કહી છે. તેઓથી ચડતો બીજો કોઇ દેવતા નથી—તેઓને પેદા કરનાર કોઇ નથી. ખરેખર આખી જગત અથવા આજની વિદ્યા મુજબની અગણિત દુનિયાઓ કે સર્વ મંડળો કે સૃષ્ટિઓના પેદા કરનારને શોધવા જવાની જરૂર નથી, કેમકે તેવો કોઇ છેજ નહિ. જે કાંઈ છે તે પેલો 'બુદ્ધ' છે. તેજ સર્વનો વડો છે—પછી તે પોતાની આ શૈરતની હાલતમાં ગમે તે હોય; તેનુ ગરીબપણુ ગમે તે કંગાળ હોય; તેનું શૈરત ભવિષ્યમાં ગમે તે હોય.

"નિર્વાણ" એટલે મોક્ષ અથવા મુક્તિ સંબંધી મોટું ઇનામ છે; પણ

તેનો ફાયદો કશો નથી. નિર્વાણનો અર્થ કોઈ નાબુદી કરે છે; પણ નિર્વાણનો અર્થ વધી શાંતિ મેળવવાનો—આરામ પામવાનો થાય છે. બનુંફ કહે છે કે એક ખરા બુદ્ધિસ્તની સર્વથી ચડતી નેમ તે નિર્વાણ છે.

બુદ્ધનો ધર્મ ફિલસુફીથી ભરપુર છે-મેં ઉપર કહ્યું તેમ દુનિયાની સર્વ ખાહેશને કબજામાં રાખવા બાદની ચડતાંમાં ચડતી નીતિ એ ધર્મ શિખવે છે. જરતોસ્તે શિખવેલી ઘણી નીતિઓ એમાં આપણ જોઈયે છિયે; પણ તેમ જરતોસ્તી ફરમાનોથી ઘણું ઉલટું અહીં આપણી નજરે પડે છે.

૩—જરતોસ્તની હસ્તી બાબે શક.

જરતોસ્ત એક વહારીખી પુરૂષ છેજ......પાછાંજ વરસોની વાત ઉપર આગળ વધેલા વિદ્વાનો તરફથી એ બિના ઉપર થોડા વખત સુધી શક નાખવામાં આવ્યો હતો"—સફે ૩, લીટી ૨૮-૩૦.

આ શક નાખનારાઓની સંખ્યા મોટી નથી. કર્ન નામે એક જર્મન વિદ્વાને ૧૮૫૭ માં આવો શક બતાવ્યા પછી નીબર વગેરેએ પણ એવોજ અભિપ્રાય આપ્યો હતો. ત્યારપછી ૧૮૮૦ માં મી૦ જેમ્સ દાર્મસ્ટેટરે "જંદ અવસ્તા" ના પ્રસિદ્ધ તરજુમાવાળાં દફતરની ૧ લી આવૃત્તિમાં એવોજ શક નીચલા શબ્દોમાં જાહેર કીધો હતો:—

"When be (Zoroaster) lived no one knows, and every one agrees that all that the Parsis and the Greeks tell of him is mere legend, through which no solid historical facts can be arrived at."

આ અને એવાજ બીજા વિચારો આપનાં ઉપલા વિદ્વાને જરતોસ્તને એક કલ્પિત માણસ ગણ્યો હતો, પણ પાછળથી તેણે પોતાના એ વિચારોમાં કેટલોક સુધારો કરી જરતોસ્તની હયાતીને ઇનસાફ આપ્યો છે. બીજી હાથ ઉપર સ્પીગલ, હાઉગ, ગેલ્ડનર, મિલ્સ, અને બીજા સઘળા વિદ્વાનોએ અને લખનારાઓએ જરતોસ્તની હસ્તી કબુલ રાખેલી છે, અથવા તે બાબે કશો પણ શક ઉઠાવ્યો નથી.

૪—શેક્સપિયર અને બેકન.

"શેક્સપિયર અને બેકનને લગતી તકરાર યાદ કરવા જેવી છે."—સફે ૪, લીટી ૮-૯.

નામાંકિત શેક્સપિયરનાં જવાનીનાં વરસો કેવી રીતે ગુજર્યાં તે આજે જોઇયે તેવી માહિતી મળતી નથી. તેની કેળવણીના સંબંધમાં પણ પુરતી ખબરદારી નહિ હોવાથી આજે એક નાનો પક્ષ એવો ઉભો થયો છે કે જે કહેવા માંગે છે કે આ મહા ગુરના ઉત્તમમાં ઉત્તમ નાટકો તેનાં પોતાનાં ભેજાંનાં ફળ નથી, પણ તેના જમાનામાં લૉર્ડ બેકન નામનો મહા વિદ્વાન હયાત હતો તેણે તે બનાવેલા છે અને શેક્સપિયરનાં નામથી તેઓ પસાર થઈ ગયા છે. આ પક્ષ કહેવા માંગે છે કે બેકન ઉપર તે જમાનાની રાણી એલિઝાબેથની ઇતરાજી હતી તેથી પોતે જાહેર પડવાને બદલે તેણે પોતાનાં નાટકરૂપી લખાણો શેક્સપિયરને નામે પસાર થવા દીધા હતા. ઉપલા પક્ષકારો પોતાનો દાવો સાબેત કરવા માટે આ નાટકોમાંથી બેદબરેલા શબ્દો એવી કલા-કીને તેમાંથી બેકનનું નામ ચોક દેખાડી આપવા નિકળ્યા છે.

૫—"દીનકર્દ" અને "ઝાદ-સ્પરમ" નામની પેહલવી કેતાબો.

"એ બાબતના ખાસ [illegible] ... "દીનકર્દ" [illegible] તથા 'ઝાદ-સ્પરમ'માંથી [illegible] લખાણો છે."—સફે ૫, લીટી ૧૩-૧૪.

પારસીઓ કને આજે જાહેર રહેલા પેહેલવી ભાષાના પુસ્તકોમાં "દીનકર્દ" સૌથી મોહટું દફતર છે. તેને કેટલાક ભાગમાં વહેંચેલું છે, જેમાના પહેલા બે ભાગ ગુમ થએલા છે; બાકીના ૩ જા થી ૯ ના ચુંથેલા ભાગો આજે હયાત છે. આ પુસ્તક ઘણું પ્રાચીન જણાય છે. તેનાં [illegible] દફતરના [illegible] જમાનાની [illegible] રીતે [illegible] દફતરખાનું નાશ પામ્યા પછી કેટલેક વખતે [illegible] પુસ્તકમાં લખાયું [illegible] તેનાં [illegible] તરજુમો થઈ હતી, અને તે [illegible] હોશંગને [illegible] નામે [illegible] જાણીતા [illegible] એક મોટો ગ્રંથ બનાવ્યો હતો, પણ પાછળથી [illegible] થઈ ગયો હોવાથી [illegible] નામે [illegible]

હાતાને મળી આવી તેવી બાબતોનો એક સંગ્રહ પેહેલવી ભાષામાં કીધો, અને તેને "દીનકર્દનું" નામ આપ્યું, કે જેનો અર્થ "દીનમાં જે કહેલું છે તે" એવો થાય છે. આ ગ્રંથના સાતમાં દફતરમાં મજદ-યસ્ની મજહબની મોટાઇ અને ખુબીનો હેવાલ આપ્યો છે, અને તે દરમ્યાન અશો જરતોસ્તની જીંદગીની કેટલીક હકીકત આપી છે. આ હકીકતનો આધાર આપણા હાથના ગ્રંથકર્તા મી૦ જેક્સને પોતાનાં લખાણમાં લીધો છે. દીનકર્દ પહેલી ક્યારે તૈયાર થઇ તેનો સન મુકરર થઇ શક્યો નથી, પણ આજે આપણા હાથમાં છે તે હાલતમાં તે પ્રો૦ વેસ્ટ મુજબ ઇસ્વી ૯૦૦ માં આવી હતી.

યુદાન-યિમનો બેટો જાદ-સ્પરમ એક ભણેલો હેરબદ હતો, જે દીનની બાબતમાં પુછાતા સવાલોના જવાબો આપતો અને મુશ્કેલ બાબતોના ખુલાસા કરતો હતો, તેનો ભાઇ હેરબદ માનુશ્ચિહર પાર્સ અને કેરમાનનો "રદ" યાને વડો દસ્તુર હતો. આ જાદ-સ્પરમના આપેલા જવાબો અને ખુલાસાઓ વગેરેમાંથી ચુંટી કહાડેલાં લખાણો આજે હયાત છે. આ લખાણોને ચાર ભાગમાં વહેંચેલાં છે, જેમાંના પહેલા ભાગમાં અશો જરતોસ્ત અને તેનાં ખાનદાનને લગતી બિના આવેલી છે, અને તેનો આધાર આપણા ગ્રંથકાર મી૦ જેક્સને જરતોસ્ત નામાનાં હાલનાં દફતરમાં છુટથી લીધો છે. આ લખાણોનો જમાનો ઇસ્વી સનની દશમી સદીની આખેરી ઉપર મુકવામાં આવે છે. ડૉ૦ હાડગ મુજબ ઇસ્વી ૯૮૧ માં જાદ-સ્પરમનો ભાઇ દસ્તુર મિનોચેહર યુદાન-દમાન હયાત હતો, કે જેણે "દાદેસ્તાને દીની" નામની મોટી પેહેલવી કેતાબ લખી હતી.

૬—માગી ધર્મગુરૂઓ.

"દીનકર્દ નામનું પેહેલવી પુસ્તક 'અવસ્તા વ ઝંદને માગી લોકોનાં પવિત્ર ધર્મપુસ્તક તરીકે ગણે છે.....માગી લોકો જરતોસ્તની પણ આગમચ હયાત હતા."—પ્રકે ૭, ટીકી ૧૨-૧૩.

મીડયા દેશના ધર્મગુરૂઓ આ નામે ઓળખાતા હતા. કેટલાકો એમ ધારે છે કે "માગી" નામ 'મજદી' અથવા 'મજદયસ્ની ઉપરથી ટુંક અને અપભ્રંશ થએલું છે. અપભ્રંશ તો એ બોલ શકદાર છે, પણ વધારે માનવાજોગ તો એ છે કે હજરત જરતોસ્તના જમાનાના જે અશો લોકો 'મઘવ' અથવા 'મઘુને નામે ઓળખાતા હતા, જેઓ

બાબે આથામાં તેમજ વંદીદાદમાં ઇશારા પણ છે તે ઉપરથી હખામની જમાનામાં 'મગુ' થયો અને યુનાની લોકોએ તેને 'માગી' બનાવી દીધો. આ મઘુ અથવા મગુ અથવા માગી ધર્મગુરૂઓનું ચલણું જેમ કૈયાની, તેમજ હખામની અને સાસાની જમાનાના પાદશાહોની દરબારમાં ભારી હતું, અને તેઓ દીનના તેમજ દેશના પેશવા ગણાતા હતા. વડા દસ્તુરો તો વડા વજીર જેવા હતા.

માગી નામ બૈબલમાંથી પણ મળે છે. યુનાનીઓ આ ધર્મગુરૂઓને 'મગોષ'ને નામે ઓળખતા હતા, જે અવસ્તાના મઘુ શબ્દને મળતોજ લાગત છે. એ શબ્દનો અર્થ તેઓ "વિદ્વાન"નો કરતા હતા. હિરોડોટસ મુજબ માગી એક ટોળાનું નામ છે, અને એ પુરાતનકાળના મુબદોનો ટોળો હોવો જોઇએ, કે જેઓ જરતોસ્તની પણ આગમજ હૈયાત હતા.

૭—જરતોશ્ત બાબે અસલી લખનારાઓ.

"પુરાણા ઉત્તમ લખનારાઓના દફતરોમા જરતોશ્ત કેવી મોટી આબરૂ ભોગવી ગયો છે તે ઉપલા ઇશારાઓ દેખાડી આપે છે.—સફે ૮, લીટી ૧૯-૨૧.

પ્રો૦ જેકસન અશો જરતોસ્ત બાબે લખી જનારાઓની એક યાદી આપે છે, તે ઉપરથી નીચલો ઇતેખાબ ઉપજાવી કહાડયો છેઃ—

એવું જણાય છે કે જરતોસ્તને માટે એકંદર ૮૦ લખનારાઓના ગ્રંથોમાં ૨૦૦ ઠેકાણે ઇશારાઓ, ફકરાઓ અને લખાણો આવ્યાં છે. એઓમાંના મુખ્ય અને જાણીતા અસલી લખનારાઓ નીચલા છેઃ—પ્લેટો (ઇ. પૂ ૪૨૭-૩૪૭); જેન્થૅાસ (ઇ. પૂ. પાચમી સદી); ડાયોડોરૅાસ સીકૅલાસ (૧ લી સદીમાં); કોર્નિલ્યસ એલેકઝાંડર પોલુહિસ્ટૅાર (ઇ. પૂ. ૧ લી સદી), પ્લિનિ (નાનો) (ઇસ્વી ૨૩-૭૯); પ્લુટાર્ક (શુમારે ઇસ્વી ૪૬-૧૨૦); ડાયૅાન ક્રિસારટોમૅાસ (ઇસ્વી ૧ લી સદી); ક્લેમેન્સ એલેકઝાંડ્રિસ (ઇસ્વી ૩ જી સદી); ડાયોજીનિસ લેયર્સ્યસ (શુમારે ૨૧૦ ઇસ્વી); પોર્ફ્યરસ (ઇસ્વી ૩ જી સદી); યુસીબ્યસ (ઇસ્વી ૨૬૪-૩૪૦); આમિયેનસ માર્સેલિનસ (ઇસ્વી ૩૩૦-૪૦૦); પ્રોકોપ્યસ (ઇસ્વી ૫૦૦); એગેથ્યસ (ઇસ્વી ૫૩૬-૫૮૨); આરસિડોરસ (ઇસ્વી ૫૭૦-૬૩૬); સુઇડાસ (ઇસ્વી ૧૦ મી સદીની અધવચ); મોઝીસ ઑવ ખોરીની; ઇત્યાદી.

જરથોસ્તના આગમ બાબતે યુનાનીઓ, રૂમીઓ, આર્મિનીઅનો, ચીનાઓ અને ત્યારબાદ દેશની લખનારાઓ ઉપરાંત આરબો, ઈરાનીઓ, યુરોપિયનો વગેરે લખી ગયા છે, જેમની સંખ્યા બહુ મોટી છે. પણ આ સઘળા લખનારાઓમાં એક સરખાપણું ઘણું જણાવાજોગ છે અને તે નહિ ધારેલો દેશમાંથી મળી આવ્યું છે. પ્રો૦ જેકસન જણાવે છે કે તેઓ દેશની પુરાણી ધર્મપોથી "દબીસ્તાન મઝાહબ"ના જરથોસ્તના જન્મવિષયમાં એક દંતકથા લખેલી છે, તેનો સાર નીચે મુજબનો છે:—"(આબોહવાના અસર દરમ્યાન લખેલી) તે ઘણી સારી અને માનવંતી હતી તેનું નામ જરથોસ્ત આપનારાઓમાં) તે ઘણી સારી અગાઉ હતો. (૫૮૦) આશરે હતું. ત્યારે તે જનમ્યો ત્યારે રડવાને બદલે હસ્યો હતો, અને તેટલી બધી અજાયબ વાતોમાં બધેથી રહ્યા અંતર બન્યા હતા, અને તેટલી બધી અજાયબ વાતોમાં બધેથી વાત દુનિયામાં ફેલાઈ છે. આ જરથોસ્તનાં ઘણાં નામ હતાં. અને લોકે ઉપરાં કામથી તેના જન્મદિને ખોટો વાળેલા તે જાદુગરો ઘણી ભમતા હતા, તોપણ તે દુનિયામાં બચ્યા અને બિલકુલ ઘણી અમલનો હતો, તોપણ તે દુનિયામાં જન્મ્યા અને શિક્ષકોની ઘણી એક ફિરસ્તાએ તેને પોતાનો પાદશાહ પયગંબર ગણ્યો. તેના ઉપરથી જતિ અનાજવાની જુદે જુદે લીધા, અને જ્યારે તેની જતિને જોવા આપાસ આવ્યા ત્યારે તેને આજ્ઞાનું નામ મળ્યું. અમે તેને એવા કહિયે છિયે; તેના બીજા મશહુર નામો હતાં. પણ જેમ તેનાં નામો જોવા ગયા તેમ અનેક પ્રકાર ગુમ થઈ ગયાં."

૮—જરથોસ્તનો જમાનો.

"જરથોસ્તની હયાતીનો જમાનો ઈસવી પૂર્વે સાતમી સદીના છેલ્લા ભાગ અને છઠી સદીની આરંભની વચ્ચે મુકાય છે. . દંતકથાઓના આધાર પ્રમાણે ડૉ૦ વેસ્ટે જરથોસ્તના મોટા બનાવો જેવા જમાનો ઈસવી પૂર્વે ૬૬૦ થી ૫૮૩ સુધીના વરસોનો આપ્યા છે." પાને ૧૭, લીટી ૨૫.

અહીં વાત એ છે કે આવો જરથોસ્ત ક્યા જમાનામાં થઈ ગયો તે બાબે નક્કીપણે કહેવાને સાધન એક નથી, તોપણ ડૉ૦ હ. વેસ્ટ અને પ્રોફેસર જેકસન જેવા મોટા સાહેબના જમાનાને ઈસવી સનની પૂર્વે ૬ ઠી અને ૭ મી સદીમાં મુકવા માગે છે તે વાત એકદમ કબુલ રાખી શકાય તેવી નથી. એમ બને સાહેબોએ પોતાની આ વાતનો આધાર બે ત્રણ પેહલવી પુસ્તકો ઉપરથી અને તે ગ્રંથોને આધારે લખાયલા એ વાનું આરબો અને ફારસી દફતરો ઉપરથી લીધા છે. એટલામાટે એ પેહલવીનો આધાર રદ થાતો મહમદિયાન પુસ્તકોનો આધાર એકદમ બિનપાયેદાર થયા જોઈએ. હું એ આધાર કેવો લુલો છે તે દેખા-

કવાની આ ઠેકાણે અદના તજ્વીજ કરીશ. ઘણી નવાઇની વાત છે કે અસલી યુનાની તથા રૂમી લખનારાઓના આધારને પડતો નાખીને ઉપલા બંને વિદ્વાનોએ પેહેલવીનાં બે પુસ્તકોને આ ગણત્રીના સંબંધમાં આધાર બાંધવાજોગ ગણ્યાં છે, તો જોકે તેઓમાંના મુખ્ય "બુન્દહેસ્ન"ની એજ બાબતને લગતી વરસોની બીજી ગણત્રીઓ ઉપલા બંને કાબેલ વિદ્વાનોને ભૂલભરેલી જાહેર થઇ છે, જે બાબે આગળ ચાલતાં હું દાખલાથી જણાવીશ.

પેગામ્બર બાબે લખનારાઓના ત્રણ વર્ગ.

મી૦ જેકસને પેગામ્બર સાહેબના જમાના બાબે લખનારા યા ઇશારો કરી જનારાઓના ત્રણ તબક્કા પાડયા છે, જેમાંનો એક વર્ગ એમ કહે છે કે અશો જરતોસ્ત ઇસ્વી પૂર્વે ૬૦૦૦ વરસો ઉપર થઇ ગયો છે; બીજા તબક્કાવાળા લખનારાઓ જરતોસ્તને એસીર્યા દેશના નેનસ અને સેમિરામિસ નામના રાજા રાણીના જમાનામાં મુકે છે; પણ આ પાદશાહી જોડાંનો પોતાનો જમાનોજ્બી અચોકસ છે માટે તેમને આધારે પેગામ્બરનો સનો શોધી કહડાય એમ નથી. ત્રીજો તબક્કો અથવા વર્ગ દંતકથા ઉપરથી લખનારાઓનો છે. જેઓમાં ઉપર કહેલા પેહેલવી તથા મહમદિયાન મુસ્ફકારો મુખ્ય છે. તેઓનું કહેવું એવું છે કે હજરત જરતોસ્ત પછી રાસ્ત દીન ત્રણશો વરસો સુધી પાક઼ અને અશોઇ સાથ સલામત રહી હતી, પણ ત્યારબાદ સેકંદર રૂમીએ ઇરાન જીતીને તેને ખરાબ કીધી હતી. હવે સેકંદરનો જમાનો જાણીતો છે, માટે તે ઉપર ત્રણ સદી વધારીને વેસ્ટ અને જેકસન ગણાવવા માગે છે કે ઇરાનનો પેગામ્બર સેકંદરની આગમજ ત્રણશો વરસો ઉપર— એટલે જે ઇસ્વી પૂર્વે છઠી સદીમાં હૈયાતી ભોગવી ગયલો હોવો જોઇયે.

આ છેલા વર્ગવાળા લખનારાઓની ગણત્રીને ઉપર જણાવેલા બંને ઓલમાઓ કબૂલ રાખે છે. એ સાહેબોની આ ગણત્રી બાબે સુનોચેરા કર્યા આગમજ પેગામ્બરનો જમાનો વધારે પુરાણો ગણાવનારાઓનો તેમ કરવાનો આધાર ટુંકમાં જોઇ જશું.

વર્ગ ૧ લો—ઇ. પૂ. ૫૦૦૦ વરસ ઉપર જરતોસ્તને મુકનારા અસલી લખનારાઓ.

યુડોકસસ, એરિસ્ટોટલ અને હર્મિપસ નામના યુનાની લખનારાઓ જેઓ ઇસ્વી સનની ત્રણથી વધારે સદીઓ આગમજ થઇ ગયા છે, તેઓનાં બખાણોને આધારે તેઓ પછીના પ્લિનિ (વડો,) પ્લુટાર્ક,

ડાયોજીનિસ, નિન્ટેલસ વગેરે જુનાની લખનારાઓ જણાવી જાય છે કે હજરત જરતોસ્ત ટ્રોયની લડાઇની ૫૦૦૦ વરસ આગમજ થઇ ગયો હતો, અને એ લડાઇની તારીખ ઇસ્વી પૂર્વે ૧૧૮૪ ઉપર મુકાય છે માટે જરતોસ્ત ઇસ્વી સનની ૬૧૮૪ વરસ આગમજ થઇ ગયલો ગણાય છે. ઉપર કહેલો લખનાર યુડોક્સસ ઇસ્વી સનની ૩૬૮ વરસ અગાઉ, એરિસ્ટોટલ ૩૫૦ વરસ અગાઉ, અને હર્મિપસ ૨૫૦ વરસ અગાઉ થઇ ગયો હતો.

હવે જો પેહેલવી લખનારાઓ મુજબ જરતોસ્ત પછી તેની દીન માત્ર ૩૦૦ વરસમાંજ સેકંદરને હાથ ખરાબ થઇ હોત તો તે બાબે એરિસ્ટોટલને સાથી સરસ ખબર મળી શકત, કેમકે તે સેકંદરનો પોતાનો ઉસ્તાદ હતો. ત્યારે તો તે જરતોસ્તને પોતાના જમાનાની ૩૦૦ વરસ આગમજ થઇ ગયલો જાહેર કરત; પેગામ્બર ટ્રોયની લડાઇની ૫૦૦ વરસ આગમજ થઇ ગયો હતો એવું જાહેર કરવાનો તેનો કશો સબબ રહેત નહિ અને જાણી જોઇને આ ખોટું વરસ તે કદી લખી જાત નહિ.

પ્લિનિ અને પ્લુટાર્ક જેવા પ્રખ્યાત લખનારાઓ, જેઓ ઇસ્વી સનની ૧ લી સદીમાં હૈયાતી ભોગવી ગયા છે, તેઓ ઉપલા ગ્રણ અસલી લખનારાઓનો આધાર પકડીને જરતોસ્તનો અતિ પુરાણો જમાનો જણાવી ગયા છે. તેઓ સેકંદર પછી હૈયાત હતા, માટે સેકંદર આગમજ ૩૦૦ વરસ ઉપર જરતોસ્ત હૈયાત હોત તો તેઓને તેમ જાહેર કરવામાં કશી હરકત ન હતી.

ડાયોજીનિસ લેયર્શિયસ, કેજે ઇસ્વી બીજી ત્રીજી સદીમાં થઇ ગયો છે તે પણ ઉપલા બેને મળતોજ જરતોસ્તનો જમાનો જાહેર કરતાં એક તરીજ બિના અન્વાળામાં આપે છે. લીડયા દેશમાં જેન્થસ નામે એક લખનાર ઇસ્વી સનની આગમજ ૫૦૦-૪૫૦ માં હસ્તી ભોગવી ગયો છે, તેને આધારે ડાયોજીનિસ જણાવે છે કે હખામની તખતાના મોટા પાર્સી પાદશાહ જર્કસિસની પણ ૬૦૦૦ વરસ આગમજ જરતોસ્ત હૈયાત હતો. કેટલાંક લખાણોમાં ૬૦૦૦ ને બદલે ૬૦૦ નો આં કડો જણાવેલો છે. એકબારગી આ છેલો આંકડો આપણું કબુલ રાખિયે તોપણ જર્કસિસ ઇસ્વી પૂર્વે પાચમી સદીમાં હતો માટે જરતોસ્તનો જમાનો ઓછામાં ઓછો કસુબ્રિસ્ટની ૧૧૦૦ વરસ આગમજનો ઠરે. અને તેમ લેતાંબી જેઓ તેને સેકંદરની ૩૦૦ વરસ આગમજ મુકવા માંગે છે તેઓનો ગણુતી મોટી પડે છે. અગરજો જરતોસ્ત ખરેખર

ઈ. પૂ. ૬ ઠી સદીમાં હોત તો તે ઉપલા જેન્થસનો લગભગ સમકાળી યાને એકસરખા જમાનાનો હોત, અને તેમ જો હોત તો એ લખનાર તેને ઉપર જણાવ્યા મુજબ પુરાણા વખ્તમાં થઇ ગયલો કદી જણાવત નહિ.

લેકટેન્સયસ નામે લખનાર વધારે ખબરદારીથી જણાવે છે કે જરતોસ્તનો મુરબી હીસ્તાસ્પિસ રોમ શેહેરનો પાયો નખાયાની ઘણું આગમજ મીડયા દેશનો પુરાણો પાદશાહ થઇ ગયો હતો. હવે રોમનો પાયો ઇસ્વી પૂર્વે ૭૫૩ માં નખાયલો મનાય છે, તે રીતે જોતાં જરતોસ્ત એ વરસની ઘણું આગમજ હયાત હોવો જોઇએ. અહીં પાછી તેકદર આગમજ ત્રણ સદીની વધુતી જમીનદોસ્ત થાય છે. હખામની તખ્તના પાદશાહોમાં હીસ્તાસ્પિસ નામનો કોઇ થઇ ગયલો નથી અને લેકટેન્સયસે જેને મીડયાનો હીસ્તાસ્પિસ જાહેર કીધો છે તે કોઇજ નહિ પણ [illegible] ગુસ્તાસ્પ હોવો જોઇયે.

અનેક જરતોસ્ત હોવાનો સબબ.

[illegible] સીકેલસ એક નામજ બિના જાહેર કરે [illegible] તે એમ કહે છે કે બેબિલન દેશમાં કેટલાક મીડીયન પાદશાહો રાજ્ય ચલાવી ગયા હતા તેઓમાંના એકનું નામ જરતોસ્ત હતું. હવે બેરોસસ નામના એક ખાલ્દી [illegible] આધારે આ [illegible] જાહેર થઇ છે, અને ડોક હાઇડે [illegible] ઉપર આ મીડયન પાદશાહો [illegible] બેબિલનમા હાકમી ચલાવી ગયલા [illegible] તે [illegible] નેક [illegible] ઉપલા [illegible] મીડયન હાકમો [illegible] બેબિલનમા [illegible] [illegible] નામ [illegible] જરતોસ્ત [illegible] ઉપર [illegible] હતું [illegible] જરતોસ્ત હોય તે [illegible] [illegible] [illegible] જણાવે છે કે [illegible] [illegible] [illegible] ઘણી [illegible]

મે ઓળખાતા હોય, પણ પેગમ્બરની જમાને નેમનાર પંડિતો, તો 'જરથુસ્ત્રોત્રેમો'ને નામે ઓળખાતો જતો હતો. હવે પેગમ્બર તેમની દેખાની 'ખાસ' બાબ. કેમ "જરથુસ્ત્ર-ત્રેમો" એ ચેલિયન રેડ કરીને ત્યાં તે જમાનાના સૈંથ, મુળબ ગીતને ભગની પૈશબાક મર દેશને ભમની બાદશાહી મળાવી હોય; અને તે ઉપરથી તેના ણી આવનારા પાદશાહોની ઉપમાંમ, યાને જરથુસ્ત્રો-ત્રેમો"ને નામેજ ઓળખાયા કીધા હોય, તો તે બનવા જેમ છે. અમે તેમ હોય, પણ ને ઉપરથી આટલી વાત સિદ્ધ થાય છે કે ઈસી પૂર્વે બેથી ત્રણ હજાર વરસ ઉપર જરતોસ્ત અને જરતોસ્તી મઝદયશ્ન હૈયાત હતા; એમ હેરોડોટસની આગમજ માત્ર ૩૦૦ વરસે ઉપરથી તેમની પ્રથમ હસ્તી ન હતી.

પ્લિનિએ અનેક "જરતોસ્ત"નાં નામો સાંભળેલાં લાગે છે; અને તે ઉપરથી તેનાં મનમાં ગુંચવાડો ઉત્પન્ન થયો જોઈયે; પણ ઉપલી હકીકતથી એ ગુંચવાડાનો ખુલાસો થઈ જાય છે. કેટલાક લખનારાઓ અનેક "જરતોસ્ત" થઈ ગયા જણાવી જાય છે. તેનું કારણ પણ એજ છે કે પેગમ્બરના જાનેનશીનીઓને તેનુંજ નામ મળતું હતું.

પ્રો૦ જેક્સન ઉપલા સઘળા અગલી યુનાની લખનારાઓએ આ-પેલા વરસોની મુદતને ખુલાસેથી જણાવે છે, અને કહે છે કે જર-તોસ્તના હજારો સાથે ઇરાનીઓએ આપેલી સમજણ બરાબર નહિ ધ્યાનમાં લેવાથી તેઓ પેગમ્બરને આટલાં હજારો વરસો ઉપર મુકી ગયા છે. પણ આ સમજણ આપનારા ઈરાનીઓ તે કોણ? જો પેહેલવી ગ્રંથો લખનારાઓજ ને હોય તો તેમની સેંકડો વરસો આગમજ થઇ ગયલા યુનાની લખનારાઓએ નહિ પણ પેહેલવી લખનારાઓ-એજ વરસોની ગણત્રી આપવામાં ભુલ ખાધેલી સિદ્ધ થશે. એ બાબદ ઉપર યોગ્ય વખતમાં હવે હું આવુંછું.

વર્ગ ૨ જો— જરતોસ્ત, નૈનસ તથા સેમિરામિસનો જમાનો.

હવે આ મથાળાંવાળી બાબતની આપણું ટુંક તપાસ લઇ જઇયે. નૈનસ અને સેમિરામિસ એસિરિયા દેશનાં રાજરાણી હતાં, જેમનો જમાનો નક્કી નથી. કોઇ તેને ઇસ્વી પૂર્વે ૨૦૫૯ તો કોઇ ઇ. પૂર્વે ૮૦૦ વરસો ઉપર મુકે છે. ટીસ્યસ નામનો યુનાની લખનાર ઇસ્વી પૂર્વે ૪૦૦ માં થઇ ગયો, અને જે હખામની સલ્તનતના પાદશાહ આર્તાજરક-સિસ નીમનની દરબારમાં ૧૭ વર્ષ સુધી નામીચા તબીબ દાખલ નામિનો હતો, તે લખનારને આધારે ડાયોડોરસ સીક્યુલસ નામે લખ-

નાર, કેજે ઇસ્વી સનેની ૧ લી સદીમાં થઇ ગયો છે, તે એવું જણાતી જાય છે કે મજકુર નૈનસે એક મોટાં લસ્કર વડે બેકત્રિયા ઉપર હુમલો કરી ત્યાંના રાજા ઓક્ષ્યાર્ટિસ ઉપર ફતેહ મેળવી હતી. આ પાદશાહનું નામ અવસ્તાવાણીમાંથી મળતું નથી, પણ મી૦ જેકસન સુચવે છે કે ફરવરદીન યસ્તના ૧૨૮ મા ફકરામાં આવેલાં ઉ ૫ ૫ ૫ તુ-એ રેત નામ સાથ ઉપલું નામ મળતું આવે છે. તે ફકરો તપાસી જોતાં તેમાં લખ્યું છે કે "પવિત્ર ઉ૫૫૫ત્-એ રેતની ફ્રવશિને અમો યાદ કરિયે છિયે." આ ઉપરથી એમ નથી ઠરતું કે નૈનસના હલ્લા વેળા એ નામનો પાદશાહ બલ્ખમાં હતો; તેમજ ફરવરદીન યસ્તમાં જે કેટલાંક નામોને યાદ કીધાં છે તેમ કરવાનો ખાસ સબબ પણ આપણને જણાતો નથી. કેટલાક પાદશાહોનાં, પહેલવાનોનાં, દીનના મદદગારોનાં અને પેગામ્બરના વડાઓનાં નામોને યાદ કરવાની મતલબ તરત સમજ પડે છે; પણ આ ઉ ૫ ૫ ૫ ત એ રેત તે ગુસ્તાસ્પ પછી થઇ ગએલા પાદશાહોમાનો એક હોય અને તે દીનદાર હોવાથીજ તેનું નામ ઉપલા ફકરામાં યાદ કીધું છે કે કેમ તેની સમજ પડતી નથી.

પણ નીચલા દાખલા સાથ એ સિનાને આપણ સંબંધમાં લઇશું. ઇસિબ્યસ નામે લખનાર સિન્સેલસને આધારે એવું જણાતી જાય છે કે રાણી સેમિરામિસે બલ્ખના પાદશાહ ઝરોસ્ત્ર મગ (=મેગસ)ને હરાવ્યો હતો. આ ઉપરથી જણાય છે કે નૈનસે ઉ ૫ ૫ ૫ ત-એ રેત પાદશાહને અને તેની રાણી સેમિરામિસે ઝરોસ્ત્ર અથવા એટલે કે પેગામ્બરના અનુયાયીન "ઝરથુસ્ત્ર-તેમો"ને હરાવ્યા હતા. હવે આ નૈનસ તથા રાણીએ બલ્ખ ઉપર બે વખતે ચડાઇ કીધી હોય, અને તેઓમાંની એકમાં રાજાએ પાદશાહને તથા બીજીમાં રાણીએ વળી મજકુર પાદશાહને શિકસ્ત આપી હોય એવું કંઇ નથી. વળી તેમ હોય, તોપણ નૈનસ અને તેની રાણીના જમાનાના ઝરોસ્ત્રનો આગ્ય(?) … મુકરર થયા તો પેગામ્બર પોતેજ હોવા હતો એટલું તો ઉપલી મિસાલ સિદ્ધ કરે છે; અને જે નૈનસ્નો નજદીકમાં નજદીક જમાનો ક્રી૦ પૂ૦ ૮૦૦ તો કબુલ રખિએ તોપણ પેગામ્બર તેનકરની ૩૦૦ નહિ પણ ૫૦૦ વરસ આગમજ હસ્તી ભોગવી હોવા ઠરશે. જે નૈનસ ક્રી૦ પૂ૦ ૨૦૦૦ વરસ ઉપર થઇ ગયેલો હોય અને તેજ જમાનામાં ઝરોસ્ત્ર હોવા હોય તો પેગામ્બરની હસ્તી તેનકરની ૧૩૦૦ વરસ આગમજ હોવી જોઇયે. પણ પેહલવી પુસ્તકે મુજબ પેગામ્બરનું મરણ ઇસ્કન્દરનાં મોતમાં નહિ પણ આખાની અલ્ટાનેકદરનમાં લિખ્યું હતું. અને તે તેજ

ઇરાન ઉપર ચઢાઇ એસીરીઆ નહિ પણ તુરાન તરફથી આવી હતી, માટે સેમિરામિસે જે જરતોસ્તને હરાવ્યો તે પેગમ્બર નહિ પણ કોઇ જાએનશીન શુર હોવો જોઇએ. એમ જોતાં જરતોસ્ત- નેનસની પણ આગમજ થઇ ગયેલા હોવા જોઇએ.

એજ રીતે જસ્ટિન, આર્નોબ્યસ, પોલસ ઓરોસ્યસ, વગેરે નેનસના હરીફ દાખલ જરતોસ્તનું નામ આપે છે, પણ એ સઘળે ઠેકાણે આપણે જરતોસ્ત તે પેગમ્બર નહિ પણ તેના એક જાયેનશીનને સમજવો જોઇએ. સુઇદસ પણ પ્લિનિની માફક બે જરતોસ્ત કરપી જાય છે, જેમાંનો એક પેગમ્બર પણ બીજો "જરથુસ્ત્રો–તેમો" હોવો જોઇએ, જેને તે "નજુમી" કહી જાય છે.

વર્ગ ૩ જો—દંતકથા મુજબ જરતોસ્તનો જમાનો.

"બુન્દેહેશ" નામનું એક પેહલવી પુસ્તક છે કે જેયોમર્દથી ઇરાનના જુદા જુદા રાજાના પાદશાહોએ કરેલા અમલનાં વરસોની ગણત્રી આપે છે. એ પુસ્તકમાં લખ્યું છે કે સેકંદરના સનની ૨૫૮ વરસ આગમજ જરતોસ્તે દીન ફેલાવવા માંડી હતી, અથવા તે જગ જીતનાર રૂમીની આખેરીની ૨૭૨ વરસ આગમજ પેગમ્બર થઇ ગયો હતો. ઉપર આપણે જોઇ ગયા તેમ સેકંદરનો સન ઇસ્વી પૂર્વે ૩૫૫ થી ૩૨૩ સુધીનો સિદ્ધ થયો છે, અને તે ઉપરથી ગણતાં જરતોસ્તનો સન ઇસ્વી પૂર્વે સાતમીથી છઠી સદીની વચે મુકી શકાય છે. પ્રો૦ જેક્સન કહે છે કે હખામની વંશની પાદશાહાતની શરૂઆતમાં જરતોસ્ત થઇ જવો જોઇએ. અને એ વંશની શરૂઆત તો ઇસ્વી પૂર્વે ૬૫૮ ની ગણાય છે, માટે અંદાજ જરતોસ્તનો હોવો જોઇએ.

જો આ તકરાર કબુલ રખાય તો સવાલ ઉઠે છે કે જરતોસ્તના મુરબ્બી ગુસ્તાસ્પનો જમાનો કયો? જેઓ ગુસ્તાસ્પને દારાયસ હિસ્તાસ્પિસ ગણવા માંગે છે તેઓ પ્રો૦ જેક્સનની આ ગણત્રીથી વિસ્મય પામશે; પણ તેમની અચરતીને શાંત પાડવા માટે જવાબ આપવામાં આવે છે કે પેગમ્બરના મુરબ્બી અને દીનના મોટા થાંભ રૂપે ગુસ્તાસ્પે ૧૨૦ વરસની લાંબી મુદત સુધી પાદશાહી ભોગવેલી દંતકથા ઉપરથી— એટલેકે ઉપર જણાવેલી પેહેલવી કેતાબ "બુન્દેહેશ" ઉપરથી— માલુમ પડે છે. તેમ હોતાં અને ઉપલી ગણત્રી મુજબ અમલ કરતાં ગુસ્તાસ્પનો જમાનો ઇસ્વી પૂર્વે ૬૬૦–૫૪૦ નો આવે છે. આ સુધારેલી અને શુદ્ધ કીધેલી તારીખ ડૉ૦ વેસ્ટે આપેલી છે, અને પ્રો૦

જેકસન તે કબુલ રાખે છે. હવે ખરેખરી તવારીખ આપણને કહે છે કે હખામનની ટોળાવાળા મોટા પાર્સી પાદશાહ દારાયસ હીસ્તાસ્પિસે ઇ. પૂ. ૫૨૧ થી ૪૮૫ સુધી રાજ્ય ચલાવ્યું હતું; પણ એ તારીખને તથા એ પાદશાહ યા તેનાં હખામની વંશને પેહેલવી લખનારાઓએ કદી ગણત્રીમાં ગણ્યાંજ નથી, અને તેઓ તો ગુસ્તાસ્પનો અમલ ૧૨૦ વરસનો જણાવી ગયા છે, માટે આપણને કહેવામાં આવે છે કે તેઓએ આ ૧૨૦ વરસની લાંબી મુદતમાં દારાયસ હીસ્તાસ્પિસનો, તેના બેટા જર્કસિસનો, તથા દારાયસની આગમજના પાદશાહોનો અમલ પણ ગણ-ત્રીમાં લીધો છે, અને તેમ કરીને ૧૨૦ વરસની લાંબી મુદત ગુસ્તા-સ્પને આપી દીધી છે.

પણ આ દલીલ ખાત્રીપૂર્વક જણાતી નથી. નીચે હું એ કોઠા આપુછું (અને એ બને પ્રો૦ જેકસને પણ પોતાનાં દફતરમાં આપેલા છે), તે ઉપરથી જણાશે કે વેસ્ટે ઉપજાવેલા કોઠામાં અને હખામની પાદશાહોના ખરેખરા કોઠામાં વરસોનો મોટો તફાવત માલુમ પડે છેઃ—

વેસ્ટ મુજબ :			સ્ટોકનિસ મુજબ :		
પાદશાહ.		અમલના વરસો	પાદશાહ.		અમલનાં વરસો.
ગુસ્તાસ્પ	૧૨૦	ઇ. પૂ. ૬૬૦–૫૪૦ ::	કોઇરસ	ઇ. પૂ.	૫૫૮—૫૨૯
			કમ્બાઇસિસ	,,	૫૨૯—૫૨૧
			દારાયસહીસ્તા	,,	૫૨૧—૪૮૫
			જર્કસિસ	,,	૪૮૫—૪૬૫
બહમન (અર્દશીર દરાજદસ્ત)	૧૧૨	૫૪૦–૪૨૮ ::	આર્તાજર્કસિસ (લોંગીમાનસ)	,,	૪૬૫—૪૨૫
હમાઇ	૩૦	૪૨૮–૩૬૩ ::	દારાયસ (નોથસ)	,,	૪૨૫—૪૦૫
			આર્તાજર્કસિસ (નીમન)	,,	૪૨૫—૩૬૨
દારાઇ	૧૨	૩૬૩–૩૫૧ ::	આર્તાજર્કસિસ (ઓકસ)	,,	૩૬૨—૩૪૦
દારાઇ–ઇ–			આસિસ	,,	૩૪૦—૩૩૭
દારાઇ	૧૪	૩૫૧–૩૩૭ ::	દારાયસ (કોડોમાનસ)	,,	૩૩૭—૩૩૦

ઉપલા કોઠા ઉપરથી ચતુર વાંચનાર જોઇ લેશે કે હખામની ટોળાના મોટા ચાર પાદશાહોના યાદગાર અમલની ભેળસભેળ કરી તેને એક કેયાની પાદશાહના અમલ સાથે સરખાવવાની તજવીજ કર્યા

છતાંબી "બુન્દેહશ્ન"માં આપેલાં ગુસ્તાસ્પના અમલનાં ૧૨૦ વરસોનો ફરવાળો આવી શકતો નથી. આ મેળમેળ છતાંબી માત્ર ૧૦૭ વરસો થઇ શકે છે, અને હજુ બીજાં ૧૩ વરસોની ખુટ પડે છે. એ ખુટ પ્રો૦ વેસ્ટની ગણત્રીમાં આપણુ જોઇએ છિયે, કેમકે ઉપલો કોઠો એ વિદ્વાનનો પોતાનો ઉપજાવેલો છે. હવે પ્રો૦ જેક્સન ગુસ્તાસ્પનાં ૧૨૦ વરસો બરાબર લાવવા માટે એ પાદશાહને છેક દખામની જમાનાની શરૂઆતમાં—અથવા બરાબર બોલિયે તો એ રોગાના પાદશાહોની મોટાઇની શરૂઆતમાં—મુકે છે, એટલેકે તેમ કરીને મહાત્મા કાઇરસ પાદશાહના અમલની આગમજનાં થોડાક વરસો પણ ઉમેરવા માને છે.

આ સઘળું શાને માટે! "બુન્દેહશ્ન" જેવી ઘણા ભરૂસા વગરની, અનેક હાથે રચાયલી, છેક પાછલા જમાનામાં બનેલી, પેહેલવી જેવી સેમેટિક ભાષામાં પ્રગટ થયલી એક કેતાબમાં આપેલી ભુલ ભરેલી અથવા અતિ ઘણી વધારી મુકેલી અમલનાં વરસોની ગણત્રીને ખરી પાડવા માટે! ૧૨૦ વરસનો એક પાદશાહનો અમલ આજે કોઇના માનવામાં આવે નહિ, અને તેટલામાટે તેને માનવા સરખો દેખાડવા સારી આપણા કાબેલ વિદ્વાનો ઉપરા ગોઠવણ આપણી પાસે કબુલ-રખાવવા માગતા જણાય છે, કે જેમ બનવું મુશ્કેલ છે. "બુન્દેહશ્ન" નો જમાનો ચોક્કસ નથી, પણ તે ઇરાનમાંથી પારસીઓનું રાજ્ય ગયા બાદ ઇસ્વી સનની છઠી યા સાતમી સદીમાં બનેલી ધારવામાં આવેછે. ઇરાનનું રાજ્ય ઇસ્વી ૬૫૧ માં નાશ પામ્યા પછી દીનની પુરી ખરાબી થઇ હતી, અને તે ખરાબી પછીના જમાનામાં ઇરાનમાં જે જરતોસ્તીઓ પોતાનો મજહબ જાળવી રાખ્યા હતા તેમની કને પોતાનાં દીન આઇન કે તવારીખનાં પુસ્તકો પણ જેવી જોઇએ તેવી હાલતમાં બચ્યાં નહિ હોય એ બનવા જેમ છે. અને તેવી માઠી હાલતના જમાનામાંજ અગરજે "બુન્દેહશ્ન" રચાઇ પુરી થઇ હોય તો તેમાં ગુસ્તાસ્પ જેવા પાદશાહના અમલની મુદત બેખબરીથી જાહેર કરવાનો ઘણો સંભવ રહેલો જોઇએ.

પેહેલવી લખનારાઓની મુશ્કેલીનું તોલ આજે આપણાથી સહેલથી થઇ શકનાર નથી. તેઓએ જે મેહનત ખેંચીને દીન આઇન તથા તવારીખ વગેરેનાં નાનાં મોટાં લખાણો કીધાં છે તે અનેક રીતે આજે ઉપયોગી થઇ પડયાં છે. તેઓએ પોતાનાં જમાનામાં મળી આવેલી લેખીત યા કંતકથાની આધારો ઉપરથી પોતાથી બનતું કીધું છે. પણ તેથી તેઓએ જે કીધું છે તે કાંઇ સઘળુંજ સહી નહિ હોય.

તેઓની બેખબરી કેટલી બધી હશે તેનો એક દાખલો આ છે કે હખામનની ટોળાની હસ્તી બાબે તેઓ પોતાનાં લખાણમાં કશું જણાવી જતા નથી. તે ટોળાના પાદશાહોએ પર્વતો ઉપર કોરાવેલા પાદગાર લેખો અને બંધાવેલા નામીચા મેહલો વિશે પેહલવી લખનારાઓ એક બોલ પણ જણાવી ગયા નથી, તો જોકે તે પાદશાહો હોરમજદપરસ્ત હતા. એનું કારણ એજ કે દેશ અને દીનની અફડાતફડી પછી તેઓને એ નામીચાં વંશ બાબે કશી ખબર રહી જ નહિ. તોપણ એ વંશના થોડાક છેલા પાદશાહોનાં નામો તેમને દંતકથાએ લાવી આપ્યાં, અને એ નામોને તેઓએ કેયાની વંશમાં ગોઠવી આપ્યાં. આમ ગોઠવવાનું એક મૂળ કારણ એ હતું કે કએ ગુસ્તારપ પછી ઇરાનમાં શું થયું તેની કોઇને ખબર હતી નહિ, અને તેથી હખામની ટોળાના આર્તાજ-કસિસ લોંગીમાનસથી દારાવસ કોડોમાનસ સુધીના પાદશાહોનાં પોતાને હાથ લાગેલાં નામોને તેઓએ કએ ગુસ્તારપ પછીના પાદશાહો દાખલ મુકી દીધાં. એ બિના પર્વતો ઉપરના લેખોથી આયના માફક સિધ થઇ છે, કેમકે જે પાદશાહોને તેઓએ કેયાની વંશમાં મુકી દીધા છે તેઓના નામો હખામનીઓના લેખોમાં છે, રૂમીઓનાં લખાણોમાં છે, ઇત્યાદિ.

જરતોસ્તના સદી જમાનાનો એક અડસટો.

આ નોટને આટલી બધી લંબાવવાની મારી મતલબ ન હતી, પણ એ મોટા વિદ્વાનોની આપેલી ગણત્રી ખાતરી ભરેલી નથી એમ દેખાડવા માટે વાંચનારનાં મનનો સંદેહ ભાગવાની જરૂર છે. હવે આટલું લખાણ કર્યા છતાં શેવટ શું? એમ વાંચનાર પુછશે. જરતોસ્તનો જમાનો અગરજો ઇસ્વી પૂર્વે છઠી–સાતમી સદીમાં નહિ હોય તો તો તે કયાં મુકાવો જોઇયે? આ સવાલોનો ખોલાસો હુંકમાજ આપી શકશે. ઉપર આપણે જુનાની લખનારાઓને આધારેજ દેખાડતા આવ્યાં છિયે કે જરતોસ્ત સેકંદરની આગમજ ૩૦૦ વરસો ઉપર થઇ ગયલો હોવો જોઇયે નહિ. હવે હું દેખાડવા માંગુંછું કે આમ કાં નહિ હોય?

૧ લું કારણ એ કે—જરતોસ્તની ગાથાવાણી અને અવસ્તાવાણીની બાશા કરતાં હખામની પાદશાહોના પહાડો ઉપરના લેખોની બાશામાં ફેર છે; એટલોબધો ફેર છે કે જેવો એક શુદ્ધ બાશા બદલાઇને બિગડતી વેળા નજર આવે છે. આ ઉપરથી જણાય છે કે હખામની બાશા વાપરનાર દારાયસ હીસ્તાસ્પિસનો જમાનો ગાથાવાણીવાળી અવસ્તા બાશા વાપરનાર કએ ગુસ્તારપથી જુદો અને પાછલો હતો.

૨ જું એ કે—હખામનીશીઅન અમલના વખતમાં પાયતખ્ત ખાસ ઇરાન દેશના કિરમણ ભાગમાં હતું. કેયાની પાદશાહોની હકીકત વગેરેનાં બયાનોમાં ઇરાનના આયમણ ભાગ વિષે આપણુ લગભગ કશું વાંચતા નથી. બીજા હાથ ઉપર હખામની પાદશાહોનું પાયતખ્ત અને વળી ખાસ પર્સિપોલિસ ઇરાન સરજમીનના આથમણુ ભાગમાં હતું, અને કેયાની પાદશાહો માફક તેમને ઉત્તરે તુરાનીઓ સાથ નહિ પણ આથમણે યુનાનીઓ વગેરે સાથ લડાઇ થતી હતી. એ ઉપરથી જણાય છે કે એ બન્ને રાજાઓના જમાના માફક તેમના દેશ પણ જુદા હતા. બીજા બોલોમાં કહીએ તો ગુસ્તાસ્પ તે કાંઇ દારાયસ હીસ્તાસ્પિસ હતોજ નહિ, અને તેથી જરતોસ્ત જે ગુસ્તાસ્પના જમાનામાં થઇ ગયો તે કદી છઠ્ઠી સદીમાં હોયજ નહિ.

૩ જું કારણ—મને એવું લાગે છે કે પેહેલવી લખનારાઓએ જરતોસ્તની દીનને ૩૦૦ વરસો સુધી સ્વચ્છ હાલતમાં રહેલી જણાવી છે તેમાં કદાચ સચ્ચાઇ હશે, પણ તેઓએ સેકંદરની આગમજ પેગામ્બરને ૩૦૦ વરસો ઉપર થઇ ગયલો જાહેર કરવામાં થાપ ખાધી છે. પેગામ્બર પછી યા ગુસ્તાસ્પશાહ પછી દીન અસલ પાકીજગી સાથે ૩૦૦ વરસ કાયમ રહી હશે અને ત્યાર બાદ તેને સેકંદરે નહિ પણ ઉપર જણાવેલા એસીરીઆના પાદશાહ નીનસે યા રાણી સેમિરામિસે ખરાબ કીધી હશે; પણ તે વાત ભૂલી જવાયાને લીધે અને હખામની પાદશાહોને કેયાની વંશાવળીમાં ગોઠવી આપવા પડવાને લીધે તેઓએ સેકંદરનું નામ દીન દુશ્મન દાખલ જોડવી દીધું હશે, તો જોકે પાછળથી દીનની નવેસરથી રચના થયા બાદ સેકંદરે ખરાબી કરવાની વાત કાંઇ ખોટી ઠરશે નહિ. હું એમ કહેવા માગું છું કે પેગામ્બર સાહેબ પછી ૩૦૦ વરસે દીન ખરાબ કરનાર સેકંદર નહિ પણ એસીરીઅન પાદશાહ હશે; અને તેમ માનવાનું એક વળી કારણ એ છે કે અશો જરતોસ્તની આથારવાણીમાં દીનને જે સ્વચ્છ હાલતમાં આપણુ જોઇયે છિયે તેવી પાક હાલત ત્યાર પછીનાં અવસ્તાવાણીનાં ભાગુતરોમાં જળવાયલી જણાતી નથી, એટલુંજ નહિ પણ તેમાં જુદાં જુદાં એસીરીઅનોના એતેકાદ મુજબના દેવતાઓ અને દેવીઓનાં નામો દાખલ થયલાં આપણુ જોઇયે છિયે. જ્યાં સુધી એસીરીઅનોના અમલ તળે જરતોસ્તીઓ આવી પડ્યા ન હોય ત્યાં સુધી અવસ્તાવાણીનાં પાક ભાગુતરોમાં તે જુદદીનોના મજહબના દેવદેવીઓ દાખલ થવા પામેજ નહિ.[૧]

૧ આ બાબેના વધારે ખોલાસાને માટે જુઓ અમારી "તવારીખે હખામનીઆન," સફે ૮૦થી ૮૮.

આ મારો તર્ક છે. અગર જો એ ખરો પડે તો એ પરથી એ-કવું સાબિત થશે કે એલીરીનો ઇરાદો [illegible] દીન પ્રગટ કરે ને આ-[illegible] ઓછામાં ઓછાં ૩૦૦ વરસ અગાઉ અગર યરૂશાલમની હસ્તી હોવી જોઈએ.

[illegible] સિદ્ધાંતને આધારે [illegible] ઈ. સ. [illegible] માં પેગમ્બર સાહેબના એક [illegible] "[illegible]" ([illegible]) એ ખિલાફત [illegible] કરી ત્યાં પો-તાનું [illegible] હતું, જેને [illegible] વરસો સુધી [illegible] રહ્યું હતું. એ [illegible] બે [illegible] ઉપર [illegible] યરૂશાલમનો [illegible] ને નીચલા [illegible] આપી શકીશું,—તો જોકે [illegible] પછી [illegible] પેગમ્બ-[illegible] [illegible] મુકું છું, [illegible] નીચે મુજબ [illegible]:—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અમલ ભોગવી અથવા સિદ્ધ થાય છે ત્યારે તેમની પણ આગમજ પેગા-મ્બર જરથુસ્ત્ર સ્પીતામાનની દેખાતી હોવી જોઇએ. ટુંકમાં તે અગ્રે સાહેબ, કે જેને અવસ્તાવાણીમાં એક ઉગતા સૂર્યના કહેલો છે, તે ઇસ્વી સનેની આગમજ સાડી [illegible] વરસો ઉપર હસ્તી ભોગવી ગયલો જણાય છે, જે બનાવને આજે સાડાચાર હજાર વરસો થયાં છે. આ ગણત્રી કોઇ ફેરફારની પણ સહી નથી. હવે પછી એમાંથી ભુલ જણાય યા એ કરતાં વધારે પુરાણો જમાનો જાહેર થાય, એ બનવાજોગ છે.

૯—દારાયસ હીસ્તાસ્પિસને ગુસ્તાસ્પ ગણવાની ભૂલની શરૂઆત.

"આ પાદશાહ (ગુસ્તાસ્પ)ને દારાયસના બાપ હીસ્તાસ્પિસ સાથ એક ગણવો વાજબી કારણ નથી. ખરેખર આમ્મિનસ માર્સેલિ નસે તેઓ બન્નેને આમ એકનાએક ગણ્યા છે, અને કોઇ કોઇએ તે ગ્રંથ-કારને એ બાબતમાં ટેકો પણ આપ્યો છે; પણ ફક્ત એગેથ્યસના વખતથી આ બાબતમાં શક ઉઠાવવામાં આવ્યો હતો ને બેશક વાજબીજ હતો."—સફે ૧૫ લીટી ૬-૧૧.

હજરત જરથોસ્તના જમાના બાબેની નોટમાં ઉપર જણાવેલી બાબતનો પુરતો ખોલાસો થઇ ચુકેલો છે ત્યાં (સફે ૧૫૪) દેખાડવામાં આવ્યું છે કે કેયાની અને હખામનની જમાના વચ્ચે, બાપા વચ્ચે, એટલો બધો ફરક અને તફાવત છે કે એ બન્ને ખાનદાનો અને ખાનદાનીઓ એકનાએક હોઇ શકેજ નહિ. આપણા કાબેલ ગ્રંથકારે પણ ઉપર ટાંકેલી લીટીઓ મુજબ ગુસ્તાસ્પ અને દારાયસ હીસ્તાસ્પિસને એક ગણતા કબુલ રાખવાની ના પાડી છે; તોપણ જરથોસ્તને દારાયસ હીસ્તા-સ્પિસથી થોડાંજ વરસો આગમજ થઇ ગયલો મી૦ જેક્સન જણાવવા માગે છે, કેમકે તે તેને ઇસ્વી પૂર્વે ૭ મી અને ૬ ઠી સદીની વચમા મુકે છે. આ બે એકેકથી ઉલટી મિના લાગી જાય છે. હવે ગુસ્તાસ્પ દારાયસ નથી એ વાત ખરી હોય તો બન્નેના ખાનદાનો જુદાં અને જમાના પણ જુદા સાબેત થવાં જોઇએ; અને તેમ જો સાબેત થાય તો પછી ગુસ્તાસ્પનો જમાનો દારાયસનીજ પહેલીના પહેલા પાદશાહોના જમાનામાં શી રીતે મુકી શકાય ? ત્યારે તો એ બન્ને ખાનદાનો, એટલે કે હખામની અને કેયાની, એકજ વખતમાં સત્તા ભોગવતાં હોવા જોઇએ; કાંતો નહિ તો ગુસ્તાસ્પના અમલની આખરી અને દારાયસ હીસ્તાસ્પિસના અમલની શરૂઆત એકેકને અડવી જોઇએ; કાંઇક

આ માગે તર્ક છે. અગર જો એ ખરો પડે તો એ પરથી એટલું સાબેત થશે કે એમીનોનો ઇરાન ઉપર દીન ખરાબ કરે તે આગમજ ઓછામાં ઓછાં ૧૦૦ વરસ અગાઉ અશો જરથોસ્તની હસ્તી હોવી જોઇએ.

૪ થું એ કે—ઊપર જણાવેલા સિક્કાઓને આધારે જણાય છે કે હસ્તી પૂર્વે ૨૭૫૮ માં પેગમ્બર સાહેબના એક જાનેનશીન "જરથુસ્ત્રોતેમો" (ઝરથુસ્ત્ર હઝુર) એ બેબિલન ફતેહ કરી ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું, જેણે ૨૨૪ વરસો સુધી ચાલુ રહ્યું હતું. એ બનાવની આગમચ ખાસ બે સદી ઉપર હજરત જરથોસ્તનો જમાનો મુકિયે તો નીચલા સાલ ઊપર આપણ આવી પહોંચીયું.—તો જોકે ડૉ૦ હાઉગ પછી જેકસન જેવા ઘણા જમાનાના વિદ્વાનો પેગમ્બરનો જમાનો ઇ૦ પૂ૦ ૬ ઠી સદી ઊપર મુકે છે, જેઓ [illegible] જેકસનની જણાવી કરતા બેહદ જુનો છે—

ઇ૦ પૂ૦ ૨૭૫૮ માં જાનેનશીન જરથોસ્તે બેબિલન ફતેહ કરી પોતાનો વંશ સ્થાપ્યો.
૨૦૦ તે બનાવની ૨૦૦ વરસ આગમચ પેગમ્બર સાહે-
ઇ૦ પૂ૦ ૨૯૫૮ બની હસ્તીનો જમાનો.
૧૯૦૫ હસ્તી સન પછી આજ સુધીનો ગાળો. અને હ-
૪૮૬૩ તેમનો જમાનો આવે.[1]

આ રીતે જોતા એવું જણાય છે કે અશો જરથોસ્ત [illegible] [illegible] કરેલી [illegible] કે જો [illegible] ૧ જણાવી [illegible] નહિ [illegible] છે. એજ રીતે [illegible] ૬૦૦૦ વરસ [illegible] [illegible] [illegible] નથી. [illegible] [illegible] [illegible] [illegible] છે, અને તે [illegible] [illegible] [illegible] [illegible] જરથોસ્તને [illegible] [illegible] [illegible] [illegible] [illegible] હોવો જોઇએ, અને એ [illegible] [illegible] [illegible]

1 [illegible]

અમને એટલી અથવા નિશ્ચય થાય છે ત્યારે તેમની પણ આગમજ પેશ-
ત્તર જરથુસ્ત્ર સ્પીતમાનની હયાતી હોવી જોઇયે. ટુંકમાં તે મરહૂમ
સાહેબ, કે જેને અવસ્તાવાચકોએ એક ઇલ્મી કહેલો છે, તે ઇસ્વી સનની
આગમજ સાડી છસેહ વરસો ઉપર હતી એમ તેઓ જણાવે છે,
જે ગાથાને આજે આશરે હજાર વરસો થયાં છે. આ ગણત્રી કાંઈ
મિસરની યા સદી નથી. હવે પછી એમાંથી જરા જણાય યા એમ કરતાં
ત્યારે પુરાણા જમાના જાહેર થાય, એ અજાયબ છે

૯—દારાયસ હીસ્તાસ્પિસને ગુસ્તાસ્પ ગણવાની ભૂલની શરૂઆત.

"આ બાદશાહ (ગુસ્તાસ્પ)ને દારાયસના બાપ હીસ્તાસ્પિસ સાથે એક ગણેલા વિષેનું કાંઈભી કારણ જણાતું નથી. એમીયાનસ માર્સેલિનસ વગેરે તેઓ બંને આમ એકનાએક ગણતા છે, અને કોઈ કોઈએ તો તેમ જણાવેલ છે કે આ બાબતનાં કેટલાં પણ અફસોસ પણ એક કેમ્બેસીસના વખતથી આ બાબતમાં શક કરાવવામાં આવેલા હતા તે બેશક બાતમીદાર હતો."—સફે ૧૫, લીટી ૩-૧૧.

હવેરહ જરથોસ્તના જમાના બાબેની નોટની ઉપર જણાવેલી બાબતનો પુરતો ખુલાસો થઈ ચુકેલો છે ત્યાં (સફે ૧૪૯) દેખાડવામાં આવ્યું છે કે કેયાની અને હખામની જમાના વચ્ચે, બાપ વચ્ચે, એટલો બધો ફરક અને તફાવત છે કે એ બને ખાનદાનો અને ખાનદાનીઓ એકનાંએક હોઈ શકેજ નહિ. આપણા હાલના બચાવરે પણ ઉપર ટાંકેલી લીટીઓ મુજબ ગુસ્તાસ્પ અને દારાયસ હીસ્તાસ્પિસને એક ગણવા કબુલ રાખવાની ના પાડી છે; તોપણ જરથોસ્તને દારાયસ હીસ્તાસ્પિસથી થોડાજ વરસો આગમજ થઈ ગયલો મી૰ વેસ્ટ જણાવવા માંગે છે. કેમકે તે તેને ઇસ્વી પૂર્વે ૭ મી અને ૬ ઠી સદીની વચમાં મૂકે છે. આ બે એકેકથી ઉલટી ખિના લાગી જાય છે. જો ગુસ્તાસ્પ દારાયસ નથી એ વાત ખરી હોય તો બંનેનાં ખાનદાનો જુદાં અને જમાનો પણ જુદો સાબેત થવાં જોઇયે; અને તેમ જો સાબેત થાય તો પછી ગુસ્તાસ્પના જમાનો દારાયસનીજ પહેડીના પહેલા પાદશાહોના વખતના કેવી રીતે મુકી શકાય? ત્યારે તો એ બંને ખાનદાનો, એટલે કે હખામની અને કેયાની, એકજ વખતમાં રાજ્ય ભોગવતાં હોવાં જોઇયે; કંઈજ નહિ તો ગુસ્તાસ્પના અમલની આખરી અને દારાયસ હીસ્તાસ્પિસના અમલની શરૂઆત એકેકને અડકવી જોઇયે; કાંએકે

આ મારો તર્ક છે. અગર જો એ ખરો પડે તો એ પરથી એ-ટલું સાબેત થશે કે એસીરીયનો ઇરાન ઉપરનો હીન ખરાબ કરે તે આ-ગમજ ઓછામાં ઓછાં ૩૦૦ વરસ અગાઉ અશો જરથોસ્તની હસ્તી હોવી જોઇએ.

૪ થું એ કે—ઉપર જણાવેલા સિન્કેલસને આધારે ગણત્રી થઇ છે કે ઇસ્વી પૂર્વે ૨૪૫૮ માં પેગામ્બર સાહેબના એક જાયેનશીન "જરથુસ્ત્રેન્તેમો" (દસ્તુરાન દસ્તુર) એ બેબિલન ફતેહ કરી ત્યાં પે-તાનું રાજ્ય સ્થાપ્યું હતું, જેણે ૨૨૪ વરસો સુધી ચાલુ રહ્યું હતું. એ બનાવની આગમજ માત્ર બે સદી ઉપર હઝરત જરથોસ્તનો જમાનો મુકિયે તો નીચલા સારાંશ ઉપર આપણ આવી શકીશું,—તો જોકે ડૉ૦ હાઉગ પછી ગેલ્ડનર જેવા અવરતા જાણનારા વિદ્વાનો પેગામ્બ-રના જમાનો ઇ. પૂ. ૧૪ મા સદી ઉપર મુકે છે, જેણે વેસ્ટ અને જેકસનની ગણત્રી કરતાં જુદો જુનો છે:—

ઇ૦ પૂ૦ ૨૪૫૮ માં જાયેનશીન જરથોસ્તે બેબિલન ફતેહ કરી પોતાનો વંશ સ્થાપ્યો.

૨૦૦ તે બનાવની ૨૦૦ વરસ આગમજ પેગામ્બર સાહે-

ઇ૦ પૂ૦ ૨૬૫૮ બની હયાતીનો જમાનો.

૧૯૦૯ ઇસ્વી સન પછી આજ સુધીનો વખત. અશો જર-

૪૫૬૭ થોસ્તનો જમાનો આજે.[1]

આ રીતે જોતાં એવું જણાય છે કે અશો જરથોસ્ત પેહેલવીશા-સ્ત્રોની હકીકત મુજબ હસ્તી [illegible] કે [illegible] થઇ ગયો હોય તે મનુષ્ય કોઇ નહિ મનાય એવી છે. એમ રીતે [illegible] ૧૦૦૦ વરસો ઉપર એ મહા પુરૂષ થઇ ગયો હોય એમ [illegible] સાબિત [illegible] વિના અટકળમાં ઉતરી શકતું નથી. હવેથી એમ [illegible] છે [illegible] અગાઉ અટકળ કરતાં વેધારા નકામની છે, અને તે [illegible] આપણે પણ [illegible] કે [illegible] ફતેહ કીધું તેની બે [illegible] સદી આગમજ [illegible] જાણી હોવી જોઇએ. જો જરથોસ્તને [illegible] હવે તે [illegible] દસ્તુરાન દસ્તુર જરથુસ્ત્ર-તેમો [illegible], અને એ બનાવની આગમજ ત્યારે બેબિલનમાં [illegible] જરથુસ્ત્રન્તેમો [illegible]

[1] આ [illegible] " [illegible] [illegible]" [illegible]

અમલ ભોગવી ગયલા સિદ્ધ થાય છે ત્યારે તેમની પણ આગમજ પેગા-મ્બર જરથુશ્ત્ર સ્પીતામાનની હેયાતી હોવી જોઇએ. ટુંકમાં તે અશો સાહેબ, કે જેને અવસ્તાવાણીમાં એક ઇરાની કહેલો છે, તે ઇસ્વી સનની આગમજ સાડી છત્રીસશો વરસો ઉપર હસ્તી ભોગવી ગયલો જણાય છે, જે અનાયને આજે સાડાચાર હજાર વરસો થયાં છે. આ ગણત્રી કાંઇ ગોઠવણની યા સહી નથી. હવે પછી એમાંથી ભુલ જણાય યા એ કરતાં વધારે પુરાણો જમાનો જાહેર થાય, એ બનવાજોગ છે.

૯—દારાયસ હીસ્તાસ્પિસને ગુસ્તાસ્પ ગણવાની ભુલની શરૂઆત.

"આ પાદશાહ (ગુસ્તાસ્પ)ને દારાયસના બાપ હીસ્તાસ્પિસ સાથ એક મળતો જણવાને કાંઇબી વાજબી કારણ નથી. ખરેખર આમિયેનસ માર્સેલિનસે તેઓ બન્નેને આમ એકનાએક ગણ્યા છે, અને કોઇ કોઇએ તે લખનારને એ બાબતમાં ટેકો પણ આપ્યો છે; પણ એક એગેથીઅસના વખતથી આ બાબતમાં શક ઉઠાવવામાં આવ્યો હતો તે બેશક વાજબીજ હતો."—સફે ૧૫ લીટી ૬-૧૧.

હજરત જરથોસ્તના જમાના બાબેની નોટમાં ઉપર જણાવેલી બાબતનો પુરતો ખોલાસો થઇ ચુકેલો છે. ત્યાં (સફે ૧૪૪) દેખાડવામાં આવ્યું છે કે કેયાની અને હખામની જમાના વચ્ચે, બાપા વચ્ચે, એટલો બધો ફરક અને તફાવત છે કે એ બન્ને ખાનદાનો અને ખાનદાનીઓ એકનાંએક હોઇ શકેજ નહિ. આપણા કાબેલ ગ્રંથકારે પણ ઉપર ટાંકેલી લીટીઓ મુજબ ગુસ્તાસ્પ અને દારાયસ હીસ્તાસ્પિસને એક ગણવા કબુલ રાખવાની ના પાડી છે; તોપણ જરથોસ્તનો દારાયસ હીસ્તાસ્પિસથી થોડાંજ વરસો આગમજ થઇ ગયલો મી○ જેકસન જણાવવા માગે છે, કેમકે તે તેને ઇસ્વી પૂર્વે ૭ મી અને ૬ ઠી સદીની વચમાં મુકે છે. આ બે એકેકથી ઉલટી બિના લાગી જાય છે. હવે ગુસ્તાસ્પ દારાયસ નથી એ વાત ખરી હોય તો બન્નેનાં ખાનદાનો જુદાં અને જમાનો પણ જુદા સાબેત થવાં જોઇએ; અને તેમ જો સાબેત થાય તો પછી ગુસ્તાસ્પનો જમાનો દારાયસનીજ પહેલીના પહેલા પાદશાહોના જમાના કેવી રીતે મુકી શકાય? ત્યારે તો એ બન્ને ખાનદાનો, એટલે કે હખામની અને કેયાની, એકજ વખતમાં રાજ્ય ભોગવતાં હોવા જોઇએ; કેમકે નહિ તો ગુસ્તાસ્પના અમલની આખરી અને દારાયસ હીસ્તાસ્પિસના અમલની શરૂઆત એકેકને અડતી જોઇએ; કાંએક

વેસ્ટનાં આપેલાં વરસો મુજબ ગુસ્તાસ્પ ઇસ્વી પૂર્વે ૬૬૦-૫૪૦ માં હતો, અને સહી તવારીખ મુજબ દારાયસ હીસ્તાસ્પિસ ઇસ્વી પૂર્વે ૫૨૧-૪૮૫ માં રાજ્ય ચલાવી ગયો હતો.

આ બાબતનો પ્રથમ ગુચવાડો પ્રો૦ જેક્સનના જણાવ્યા મુજબ એમિયેનસ માર્સેલિનસ નામે એક રૂમી લખનારે ઉત્પન્ન કીધો હતો, કે જે ઘણી ઇસ્વી સનની પાંચમી સદીમાં થઈ ગયોછે. આ લખનાર ગુસ્તાસ્પને હીસ્તાસ્પિસ માની લઇ ખુલ્લું કહેછે કે દારાયસ ગુસ્તાસ્પનો બેટો હતો. "હીસ્તાસ્પિસ" નામ યુનાનીઓએ "વીસ્તાસ્પ" ઉપરથી બિગાડેલુંછે, અને એ બંને એકજ નામ છે તેમાં શક નથી. હવે બે જુદી જુદી ભૂમિઓમાં બે જુદા જુદા જમાનાના ધણીઓનાં ઉપલાં નામો મળતાં આવ્યાં તે ઉપરથી તેમને એકમળતા ઠોકી બેસાડવાની આ સપર પહેલી તજવીજ થઇ, તો જો કે દારાયસનો બાપ હીસ્તાસ્પિસ કાંઇ પાદશાહી અમલ ઉપર આવેલો હતોજ નહિ. આ પહેલી ગયળમયળ થઇ તે વળા ઇરાનના બોસ્તાન કે નક્શે રૂસ્તમ જેવા પર્વતો ઉપરના ખીલા રોકા લેખોની હસ્તી જાહેર થયલી ન હતી: અને ઉપલા રૂમી લખનારને આધારે છેક ૧૮૩૫ નાં સાલ સુધી ઉપર મુજબનોજ ભૂલ યુરોપના તવારીખનવેશો કરતા આવ્યા હતા. પણ મીરેક્રેડ, લાસન અને સર હેનરી રોલિન્સને ઉપલા લેખો ઉકેલાવીને હખામનીશી રોબાના પાદશાહોને અજવાળામાં આવ્યા ત્યાર પછી એ ભૂલવું બોપાણું જાહેર થઇ ગયું, કે જેમા મોટી મદદ આપનાર ડૉ૦ હાઉગ અને જ્યોર્જ રોલિન્સન છે. આ બંને કેયાની તથા હખામનીઓને એકજ રોબાના પાદશાહ ગણવાનો તર્ક જમીનદોસ્ત થયા છતાંબી આજે એમિયેનસ માર્સેલિનસ તથા તેને પગલે ચાલનારા લખનારાઓ કરતાં તવારીખની બાબતમા વધારે બેખબરી ધરાવનારી "બુન્દેહેશ" તથા "અર્દાવીરાફ" જેવી કેતાબોને આધારે ડૉ૦ વેસ્ટ જેવા વિદ્વાન ઉપલાં બને ખાનદાનોની ખાડી બેળસેળ કરવા માંગેછે, અને પ્રો૦ જેક્સન તેના વિચાર સાથ મળતો થાયછે, એ ઘણી તાજુબીની વાતછે.

ઉપલા એમિયેનસ માર્સેલિનસે કરેલા ગોટાળા પછી એક સદી બાદ થઇ ગયલા રૂમી લખનાર એગેથ્યસે તેના ઉપલા તર્ક બાબે શક બતાવ્યો હતો, તોપણ તે તર્ક મજબૂત રહેવા પામ્યો. ત્યાર પછી એલેક્ઝાંડરિયા ગેઉરના ધર્મગુરુ યુટિચ્યસે એમ વાત ચલાવી કે જરતોસ્ત દારાયસ દીસ્તાસ્પિસની આગમજ થઇ ગયલા બે હખામની પાદશાહો કમ્બાઇસિસ અને સ્મર્દિસના જમાનામાં થઇ ગયો હતો. એ ઓરંગાને

પણ દેવલોકોએ જાદે ખાની લીધિ. એ રીતે જોતાં એગ્નિવેત્સ્યો વ[illegible]ક વિના આમ રહેવ પામ્યો ન હતો.

હવે એવા ખોટા તર્ક ઉભા કરનારાઓ અને તેમને પગલે ચાલનારાઓની તકરારને તોડનાર એક બીજા પુરાવો પુર્વે ૧ લી સદીમાં થઇ ગએલા નિકોલાઉસ દમાસ્કેનુસ નામે લખનારે જાહેર કીધોછે. તે એ કે જ્યારે હખામની રાજાના મોટા સાર્થી પાદશાહ કાએરસે લીદીઆના રાજા ક્રીસસને કેદ પકડી તેને આતશની ચેહમાં બાળી નાખવાનો હુકમ કીધો ત્યારે એ મહાત્મા પાદશાહનું ધ્યાન આ જરતોસ્તી ફરમાન તરફ ખેંચવામાં આવ્યું હતું કે આતશમાં જીવતાં યા મુએલાં માણસનાં શરીરને બાળી તેને ખરાબ કરાય નહિ. અગરજો આ ફરમાન પોતાને યાદ આવ્યાથી કાએરસે ક્રીસસને બાળી નાખવાનો હુકમ પાછો ફેરવ્યો હોય તો તે હુકમ આપનાર એ પાદશાહની આગમજ થઇ જવો જોઇએ. અને કાએરસ તો દારાયસની ૩૭ વરસો આગમજ થઇ ગયો હતો, માટે ગુસ્તાસ્પ દારાયસની પહેલાં વરસ આગમજ હેવાની ખાત્રી અસલો સાબેત થવો જોઇએ. પણ એટલુંજ નથી. આતશમાં લાશને બાળવાનો ગુનાહ જરતોસ્તી મજહબનાં પુસ્તકોમાં ફરમાવેલોછે ખરો. પણ તે ફરમાન જરતોસ્તનાં આથાવાણીમાં નથી; તે ફરમાન જરતોસ્તની હેયાતી બાદ તેના જાયેનશીન જરથુસ્ત્રોતેમો યાને પહેલા શાગેર્દોએ આપેલા હોવાં જોઇએ. એ ઉપરથી સિદ્ધ થાયછે કે જરતોસ્ત એ ફરમાનો અપાયાની પણ ઘણા વરસ આગમજ થઇ ગયો હતો, અને તેટલા માટે ગુસ્તાસ્પનો જમાનો પણ તેટલોજ પુરાણો હોવો જોઇએ.

૧૦—જરતોસ્તની જન્મભૂમિ.

"જરતોસ્તની જન્મભૂમિનો સવાલ એક એવી બાબતછે કે જે ઉપર બહુ તકરાર ચાલીછે" સફે ૧૫, લીટી ૧૩.

આ વાત ખરીછે, અને તકરાર ચલાવનારા વિદ્વાનો હજુ કશા ચોકસ નિવેડા ઉપર આવ્યા નથી. કોઇ તેને બાક્ખનો તો કોઇ રગે (રય) નો વતની કહેછે. દંતકથાને આધારે આપણા અથકાર એવાં કોવટ ઉપર આવે છે કે પેગામ્બર સાહેબનો પિતા આઝરબાઇજાન પ્રાંતનો રહેવાસી હતો, અને તેમની માતાનું વતન રગે શેહર હતું. ના૦ જેક્સન કહે છે કે જરતોસ્તનો જન્મ ઉરૂમિયા સરોવરની પડોશમા થયલો હોવો જોઇએ. આ સવાલ ઘણો રસિલો છે, પણ એ મનોહર તકરારમા ઉતરવાનો આ જગા નથી. હું અહીં માત્ર એકજ

બત રજુ કરવા માગુતું, અને તે એકે જરતોસ્તની જન્મભૂમિ ખસ એક ત્રીજી જગા માટે પણ દાવો ઉઠાવવામાં આવ્યો છે. મારા ભેલ મિત્ર શમ્સઉલ ઓલમાં જીવનજી જમશેદજી મોદીએ આ ત્રીજી ગા પહેલીજ વાર આપણી હજુર હમણાજ રજુ કીધી છે. "યાદ-રે જરીરાન" વગેરે નામની પોતાની નવી કેતાબમાં "આમુઇ" નામે ક શેહરનો ઇશારો કરતાં તેવણ જણાવે છે કે અશો જરતોસ્ત એ હરનો રહેનાર હતો. ઉપલી પેહેલવી કેતાબના એક ભાગ "શત્રોઇહાએ ઇરાન"માં લખ્યું છે કે "આમુઇ શેહર પુર મરકીવાળા જાદુગરે એટલે આહરેમને) સ્થાપ્યું અને સ્પીતમનો જરતોસ્ત એ શેહેરનો તો." એ રીતે આ પેહેલવી લખાણે જરતોસ્તના જન્મ શેહરના વાલમાં આ ત્રીજાં શેહરનો દાવો રજુ કીધો છે. એરવદ જીવનજી એ ખતમાં લંબાણ નોટ આપી એવાં શેવટ ઉપર આવે છે કે "એ મુઇ શેહેર ત્યારે એજ બણી રએના મુલકમાં હોવું જોઇએ. તેમ ણીતો આપણને નખરીસ્તાનમાં આમુયે કરી શેહેર મળે છે, જે આ લના વખારે જાણીતાં નામે જણાયલું છે." (સફે ૧૧૧). જો આમ ય તો પછી જરતોસ્તનાં જન્મ શેહેરને માટે ઉગમણને બદલે આથ-મનો દાવો સિદ્ધ કરવામાં એક નવી દલીલ ઉમેરાય છે.

૨૧—બુદ્ધનાં દેશાટન.

"આ ઉપરથી ત્રાઇ વાચનારને બુદ્ધના દેશાટનની વાત યાદ આવશે"—
૧૬ લીટી ૧૯-૨૦

૨૯ વરસની વયથી બુદ્ધે ઘરબાર—બલકે રાજપાટ—છોડીને દેશા-ટ અખ્તિયાર કીધું. તેને માટે કહે છે કે તે એક રાજાનો દીકરો ; પણ સર્વથી પુરાણાં લખાણો મુજબ સુદ્ધોદાન નામના એક માત-ર જમીનદારનો તે બેટો હતો, જેની અનેક બાયડીઓમાંની એક યાદેવીએ તેને જન્મ આપતાજ પ્રાણ મુકયા હતો. આ બાલકનું સલ નામ સિદ્ધાર્થ હતું, પણ તે સાક્ય અથવા સાક્યમૂનિને નામે ણુ ઓળખાતો હતો. તેનો જમાનો ઇસ્વી પૂર્વે પાંચમી સદી ઉપર ય છે. સાક્ય નામની આર્ય પ્રજાનાં પાયતખ્ત કપીલવસ્તુ ખાતે પોતાની જુવાની ગુજારી, જે દરમયાન તેની શાદી થઇ, રહુલ મે બેટો જન્મ્યો—જે પાછળથી તેનો ચેલો થયો—અને પછી સર્વ સાર તજીને બુદ્ધ ઉપર કહ્યું તેમ ૨૯ મે વરસે સાધુ થઇ ભટકવા

નિકળ્યો. એ વખતથી તે શાતમરૂપિને નામે ઓળખાવા લાગ્યો. સાત વરસ સુધી તે શેહેરે શેહેર બટકયો. માણસનું ઘડપણ જોઇ તથા મોત આવતું જાણી, તેમજ દુખ ભોગવવું પડતું અનુભવી, તેનું દિલ દુનિયા ઉપરથી ઉઠી ગયું. તે સર્વદા સુખ અને શાંતિ મળે એવી જગાની શોધમાં નિકળ્યો. બે પ્રખ્યાત ગુરૂઓની તેણે એક પછી એક સેવા ઉઠાવી. પ્રથમ વેંશાળી અને પછી રાજગૃહ ખાતે તેને તેમનો ભેટો થયો. પણ તેઓથી પોતાનાં મનનું સમાધાન નહિ થવતું જોઇને તેણે તેમને છોડી દીધા. મગધનાં રાજ્યમાં બટકીને તે ઉરૂવિલવા નામે નગરીમાં જઇ પુગ્યો, જ્યાં જીવને મારવા, ઇચ્છાઓને કબજામાં રાખવા દમ બાંધવા, અને બીજાં અનેક કષ્ટોમાં તેણે કેટલાંક વરસો પસાર કીધાં. ભુખ્યા રહેવા, મોજશોક તથા સંસારી માયા ત્યાગવા, અને સમાધીમાં બેસી તપ કરવાનાં અનેક વાણાં તેણે કરી જોયાંઃ તોપણ જેની શોધમાં તે હતો તે તેને મળ્યું નહિ. પણ અંતે ઉપલી મુદત પછી તેને તેનું ગ્યાન થયું અને તે પછીજ તે "બુદ્ધ"ને નામે ઓળખાયો.

૧૨—જરતોરતની પહેલી મિનોચેહર અને ગયોમર્દથી.

"ઇરાનના પાદશાહ માનૂશચીહર (મિનોચેહેર)નાં ખાનદાનમાં જે કિશ-અની પાદશાહી પહેડીની આખર આવે છે તે ખાનદાનથી જરતોશ્તંન ઉતરી આવેલો જણાવવામાં, અથવા વધારે આગળ વધીને તેને ગાયોમર્ત (ગયોમર્દ) એટલે જે ઇરાનનો બાવા આદમ—સર્વ માણસજાતનો પિતા—સુધી પીસ્તાલીશમી પહેડીએ લઇ જવામાં દીંકાની કથા પોતાની તરફથી કાંઈ ઓછી કુતેહ'મદ થરતી નથી."—સફે ૧૬. લીટી ૨૯–૩૩.


"દીનકર્દ,"માં જણાવ્યા મુજબ સર્વે માણસજાત ગયોમર્દથી ઉતરેલાં છે. ગયોમર્દથી ઉતરેલા ફ્રવાક નામે એક પુરૂષ હતો, જેને માટે "બુન્દેહેશ"માં લખે છે કે તે પાદશાહ હોશંગનો બાપ હતો, અને ગયોમર્દના બેટા સિયામકનો બેટો હતો. "દીનકર્દ" પ્રમાણે આ ફ્રવાકના ચાર બેટાઓ હતાઃ—હોશંગ, વેહુદાદ, અઝીદાદ અને તાજ. હોશંગની પહેડીમાં ઇરજ ઉતરેલો હતો, કેજે ઇરાનને સુધારનારો મોટો પાદશાહનો વડો હતો. આ ઇરજથી જરતોશ્તના વડવાઓ ઉતરેલા હતા, તે સફે ૧૭ મે આપેલી ટીપ ઉપરથી જણાશે.

મિનોચેહેર પાદશાહ ઇરજની બેટીનો બેટો હતો. તેના બાપનું નામ "દીનકર્દ" મુજબ નેર્યોસંગ હતું, જે નામ પેહેલવી જબાનમાં નહિ વંચાયાથી ફિર્દોસીએ શાહનામામાં નેર્યોસંગને બદલે પશંગ નામ વાપર્યું છે.[1] "બુન્દેહેશ્ન" પ્રમાણે મિનોચેહેર ઇરજ પછી ૧૦ મી પેહેડીએ જન્મ્યો હતો. તેના બાપના બાપાનું નામ પણ ઇરજ હતું; પણ ફરેદુનના બેટા ઇરજની અને તેની વચે તો ૯ પેહેડીઓ થઇ ગઇ હતી. જરતોસ્તની પેહેડીને મિનોચેહેરથી ગયોમર્દ સુધી આગળ લંબાવવાની આપણા ગ્રંથકાર મી૦ જેક્સને તજવીજ કીધી નથી, માટે "બુન્દેહેશ્ન"ને આધારે હું તે નીચે મુજબ ઉતારૂં છું:—

ગયોમર્દ
માશ્ય
સિયાકમક
ફ્રવાક
હોશિયંગ
અંઘદ
વીવંઘાદ

તખ્મોરૂપ	યિમ ક્ષયત
	વનફ્રેશન
	રમક-તોરા
	ગેફર-તોરા
	સ્પેદ-તોરા
	સીયાક તોરા
	બોર-તોરા
	સોક-તોરા
	પુર-તોરા
	ફ્રેદુન

૧ જુઓ દસ્તુર પેશોતન બેહરામજીની "દીનકર્દ" દફતર ૭, સ૦ ૩૯૦-૯૨



આ લાંબી ટીપ ઉપરથી જણાશે કે ગયોમર્દથી મિનોચેહેર ૨૭ મી પહેડીએ ઉતરેલો છે. મિનોચેહેરથી અશો જરતોસ્તની પહેડી ૧૫ મી છે, માટે ગયોમર્દથી જરતોસ્ત ૪૧ મી પહેડીએ ઉતરેલો ઠરે છે. આ પહેડીઓ ઉપર ઝાઝો ઇતબાર રાખવો જોઇતો નથી.

૧૩—જરતોસ્ત બાબે ભવિષ કહેનાર બળદની કથા.

'પાદશાહ કઈ કસ (કએ કાઉસ)ના અમલ વેળા...એક ફર્ષે બળદને વાચાશક્તિની નવાજેશ થઇ. એવી નેમથી કે ભવિષ્યની આલમ...જે દીન મેળવનાર છે તે દીન બાબેનું ભવિષ તે બળદ ભાખે."—ફ્રે ૨૨, સતર ૩-૬.

"દીનકર્દ" અને "જાદ-સ્પરમ"માં એક કલ્પિત કહાણી છે, જે જોકે પહેલી નજરે હસી કહાડવા જોગ દીસે છે, પણ તે માત્ર એક સુંદર અલંકાર છે. કલ્પના કીધી છે કે ઇરાન અને તુરાન વચેની હદ મેહદુદ નકી કરવાનું કામ હોરમજદે એક ફર્ષે બળદને સોંપ્યું હતું, જે એક જંગલમાં વસતો અને પોતાની ખરીથી, બને દેશોને લડતાં અટકાવવા, હદ મુકરર કરતો હતો. જ્યારેબી વાંધો ઉઠતો ત્યારે આ મોટો બળદ હદ જાહેર કરી તે દૂર કરતો. પાદશાહ કએ કાઉસને તુરાની જમીન લેવાનો લોભ થયો, અને તેથી તેણે આ બળદને મારી નાખવાનું

કારભારથીજ પેદા થયલું છે, અને જેમ પેગંબર અગણિત છે તેમ ફિરેસ્તાની સંખ્યા પણ નહિ ગણાય એટલી મોટી છે. અમશાસ્પંદો પછી ઇજદો, અને ઇજદો પછી ફિરેસ્તાનો દરજ્જો ગણેલો છે.

૨૫—જરથોસ્તની માતાનું નુર.

"એજ નુર...ફરવરદીન જરથોસ્તની માતા...ના ચેહરા સાથ જોડાઇ જઇને તેણી પંદર વરસની ઉમરે પુગે છે ત્યાં સુધી તેણીમાં રહે છે. એજ ઉમરે તેણી પોતાનાં પહેલાં બાળકને—યાને ઇરાનના પેગંબરને જન્મ આપે છે...જ્યારે તેણી એક છોકરી હતી ત્યારે તેણીમાં રોશની ફરી પરેશાં નુરના મોજેજાથી મકાનને દીપે તેણી એટલો તો અજોબ ચળકાટ મારતી હતી," ઇત્યાદિ.—સ્ફ ૧૨, સતર ૧૬–૨૫ ઇ.

આશો જરથોસ્ત નરાની બાળક હતો, અને તેને મળેલું નુર ઠેઠ તેની માંથી શરૂ થયું હતું એવું પેહેલવી પુસ્તકો ઉપરથી માલુમ પડે છે. દાખલા તરીકે "દીનકર્દ"માં જણાવ્યા મુજબ આ નુર હોરમજ્દ તરફથી નિકળી સુર્ય ચંદ અને સેતારાઓમાં ફરી આવી આ દુનિયામાં ઝોઇશ નામે ધણીનાં મકાનમાંના આતશમાં લાગુ થયું, અને ત્યાંથી ફ્રાહીમરવાનાંમન્ઝોઇશ નામે શખ્સની ઓરતમાં લાગુ થયું. કે જે વખ્તે તેણીએ એક બેટીનો જન્મ આપ્યો હતો, અને તે બેટી તે જરથોસ્તની માતા હતી. આ નુરચંદ છોકરીના ચેહરાના પ્રકાશથી તે જમાનાના બુરા આદમીઓ નાઉમેદ થયા, અને તેઓ દરેક તદબીરથી તેણીનો જાન લેવા તૈયાર થયા. તેણીના બાપે જાહેર કીધું કે અંધારી રાત્રે તેણીની હાજરીથી પ્રકાશ મળે છે, અને જે ઓરડામાં આતશ નહિ હોય ત્યાં જો તે બેઠી હોય તો રોશની મારે છે, તથા આતશવાળા ઓરડામાં તેની હાજરીથી ગર્મી અને તેજમાં વધારો થાય છે, ઇત્યાદિ. અને આ પિતા ફ્રહિમ અને કરપ લોકોની બુરાઇને લીધે પોતાની આ નુરવાળી બેટીને અરાક નામે ઇલ્કામાં જ્યાં સ્પીતામ ખાનદાનવાળાઓનું ગામ હતું ત્યાં તે ખાનદાનના વડા પદીરગતરાસ્પોને ઘર મોકલાવી દેછે, કે જેના બેટા પોરૂશસ્પો જોડે તેણીની શાદી થાય છે, અને જરતોસ્ત પેઠાં આકાશી નુરથી નુરી બનીને જન્મ લેછે.

જરતોસ્ત અને તેની માતાનાં નુરની ઉપલી કલ્પિત બિના ઉપરથીજ ઇસુખ્રિસ્ટ અને તેની માતાની તસ્વીરોમાં તેમના ચેહરાની આસપાસ ફરી વળેલાં દેખાતા નુરની બિના લીધી હોય એ બનાવજોગ છે. જરતોસ્તની માતાનાં યા મરિયમનાં આવાં નુર બાબે અવસ્તાવાણીમાં કે બાઇબલમાં કહ્યું નથી. એ બધું પાછલા વખ્તની કલ્પનાને આભારી છે.

૧૬—હોમનો રોપો.

(સફે ૨૩, સતર ૪.)

હોમ નામનો એક રોપો થાયછે, કે જે સંસ્કૃતમાં સોમને નામે ઓળખાયો છે. વેદિક આર્યો આ સોમના રોપામાંથી એક જાતનું પીણું બનાવતા હતા, જેથી પીનાર કેફી બનતો હતો. પણ આ રીતે કેફી બનેલા ધણીઓ ખરાબી કરતા હતા, માટે ઇરાની આર્યોએ સોમને બદલે એક બીજા રોપાને ચુંટી તેમાંથી એક જાતનું પીણું બનાવ્યું, કે જે કેફ લાવવાને બદલે પીનારને માટે તનદુરસ્તી ભરેલું તથા તેને હુશિયારી આપનારૂં મનાતું હતું. આમ છતાં ઉપલા રોપાનું અસલ નામ હોમ કાયમ રહ્યું, તો જોકે તે હોમ યા સોમથી તદન જુદોજ રોપો હતો.

હોમનો રોપો પહાડો ઉપર ઉગે છે, અને તે દવાના ગુણો ધરાવે છે. અફગાન અને બલુચી લોકો અસલી ઇરાની રહેવાસીઓથી ચાલતા આવેલા રેવાજને વળગી રહી આજેબી "હુમ" નામના એક પાળા દવા તરીકે ઉપયોગમાં લેછે, અને તે અવરતા જમાનાવાળો "હઓમ" નોજ પાળો મનાયછે. આ રોપા અથવા પાળાને "હઓમ જાઇરિ" ને ખાસ નામે ઓળખ્યોછે, કેમકે તે લીલો અને તાજોછે. આ મુખ્ય નામ સિવાય તેને બીજાબી નામે ઓળખ્યોછે.

૧૭—પાંચ કરપ ભાઇઓ.

"તેનો (દુરાસરૂનનો ઘાતકી ભાનિયો અને ચ દાલ મદદગાર બ્રાતોક-રેશ નામનો એક છે, કે જેનું નામ જરતોસ્ત જ્યારે જીવીને પહોંચેછે ત્યારે પેગમ્બરનાં મોત સાથ રોવટનો સંબંધ ધરાવેછે એ બ્રાતોક-રેશ પાંચ કરપ ભાઈઓમાંનો એક છે.—" સફે ૨૬ સતર ૫.

આ પાંચ કરપ ભાઇઓ જરતોસ્તના બાપ પોરૂશસ્પના સામના મુખ્ય જાદુગરો અથવા બુતપરસ્ત ધર્મગુરૂઓ, અથવા બુરા દેવતાઓને માનનારા આગેવાનો જણાયછે. અવસ્તામાં તેમજ પેહેલવીમાં કરપો જોકે ઉસિખ્શ અથવા ઔસિખ્શ નામનું કુટુંબ પણ ખ્યાતિ પામેલુછે. "જાદ-સ્પરમ" મુજબ આ બને એકેકના પિત્રાઇ ભાઇઓ હતા અને ઇરાનીઓને નાશ કરનારા તેઓજ હતા. તેઓ કોખરેદથી ઉતરેલા હતા, કે જે કોખરેદ અએજ્મ અને માનશકનો બેટો હતો. આ માનશક તે મિનોચેહર (પાદશાહ)ની બહેન હતી. જરતોસ્તની જન્મભૂમિમાં ઉપલા પાંચ કરપ ભાઇઓ વસતા હતા. એ પાંચમાં વચલો બ્રાદરેશ (તૂર) હતો, તેમ જરતોસ્ત પણ પોતાના પાંચ ભાઇઓમાં વચલો હતો. તેનો ખુની એજ કરપ હતો એમ પેહેલવીવાળાઓ જણાવે છે

૧૮—વછડી લોકો વિષે.

"ઇંગ્લંડ અને દેવો નામના તેમજ ગાયને જેવે કારા તથા તે તાદૃ ધાવાવેલું ગુજરવાના ઉદાહરણ (તે એ આજના વછડી લોકોની વાત આપેલ.)" જુઓ ૧૮, શીટ ૧—૧૯.

આજે હિંદુસ્તાનમાં વછડી નામનો એક ટોળી છે, કે જે જુદા દેવતાઓ (દેવ)ની પરસ્તીશ કરનારી જાત છે. પ્રો૦ જેકસન જણાવે છે કે અવસ્તામાં વખતો વખત જે ભુતપરસ્તો, દેવપરસ્તો અને જુદી દીનવાળાઓ સામે ફરીયાદ આવે છે તે ઝરથુસ્તી ધર્મની આજુબાજુના મુલકવાળા દેવયસ્નાનો યાને દેવપુજકો કે જેઓ વછડીને નામે ઓળખાય છે તેઓને માટે ખાસ કરીને હશે.

---

૧૯ ડૉ૦ ફોસ્ટસ અને યુરોપનો અંધકારનો જમાનો.

"યુરોપ ઇંગ્લંડ અને જાદુ ટોણા તથા મેલી વિદ્યા અને પંત્રમંત્ર તે જમાનામાં બહાર હતા. અંધારા જેવાના ડૉ૦ ફોસ્ટસ અને યુરોપના જમાનાના પડદાઓ એવું કંઈ નહીં આપણને માલુમ પડે."—જુઓ ૧૮, શીટ ૪૦ ૪૬.

ઠેઠ ૧૬ મી સદી સુધી યુરોપમાં અજ્ઞાનપણું એટલું બધું હતું કે લોકો જાતજાતના વેહમ રાખતાં અને માનતાં હતાં, અને તેમાં જાદુ ટોણા તથા ભૂતખાનાના તથા શકુન અને દેવના વેદોથી તેઓ ભરપુર હતાં. ૧૬ મી સદીમાં ડૉ૦ જોન ફોસ્ટ નામનો એક જર્મન વિદ્વાન થઇ ગયો છે, કે જેણે જુદાં જુદાં મંદીરોની પાઠશાળાઓમાં જુદી જુદી વિદ્યાઓની કેળવણી લીધી હતી, જેમાં જ્યોતિષ વિદ્દ, યાને નજુમી તથા જાદુઇની પણ હતી. તે જમાનામાં આ પાછલી બાબતો વિદ્યા દાખલ ગણાતી હતી અને તેમની પણ તાલીમ અપાતી હતી. તેનો એક અતલસનો પેથી એક મોટી દોલતનો વારસો આપી ગયો હતો તે પોતાના આ વિદ્યાભ્યાસમાં તેણે ખરચી નાખ્યો, જે ઉપરથી તેના અજ્ઞાન સ્વદેશી ભાઇઓમાં એવીજ વાત ચાલી કે ફોસ્ટને શેતાન સાથે નિસ્બત છે, અને યંત્રમંત્રથી તથા જાદુ ટોણાથી પૈસા પેદા કરીને તે ખરચી નાખે છે. તેઓ એમ સમજ્યા કે શેતાન સાથ તેને સંબંધ હોવાથી તે તેને પૈસા પુરા પાડે છે. આ ઉપરથી પાછળથી ૧૮ મા તેમજ ચાલુ સદીમાં આ જાદુગર વિદ્વાનના સંબંધમાં ગેટે જેવા પ્રખ્યાત જર્મન કવિએ અને ઇંગ્રેજ તથા અમેરિકન લખનારાઓએ નાટકો જોડીને બાપડા ફોસ્ટને માટે તરેહવાર કથા જોડી કહાડી.

તેઓએ તેને શેતાન સાથ સંબંધ રાખતો દેખાડયો, શેતાનને તેનો સોહબતી બનાવી તેને મેફિસ્ટોફેલિસ નામના એક સાધુ દાખલ કરપ્યો, અને તેઓ બંને વેચે એવો કબાલો થયલો જાહેર કીધો કે વીસ વરસ સુધી જો ફૌસ્ટ શેતાનની મદદથી મોજમજાહમાં જીંદગી ગુજારે તો તેનાં મરણ પછી તેનું તન અને જાન શેતાનને હવાલે થાય. આ કબાલો ૧૫૫૦ માં પુરો થયો અને ફૌસ્ટ તેજ વખ્તે ગેબ થઇ ગયો! આ નાટકોની મતલબ કંઇજ નહિ પણ ૧૬મી સદીના જર્મનોનું અજ્ઞાનપણું દેખાડવાની છે.

૨૭—જરતોશ્તનો જન્મ, બચપણ અને જવાની.

"જરતોશ્તની જીંદગીના પહેલાં થોડાક વરસો કેટલાક મોજેજાતી બનાવોથી દર્શાવવામાં આવ્યાં છે. કેજે બનાવોને દંતકથાએ ઘણાજ રંગીન દેખાડયા છે."—સફે ૩૨ લીટી ૨૬-૨૮.

આ મોજેજાતી રંગીન બનાવો "દીનકર્દ" અને "જાદ-સ્પરમ"માં વિગતવાર આપ્યાછે, અને ડા૦ વેસ્ટે "Marvels of Zoroastrianism" નામના પોતાના નવા ગ્રંથમાં તેમનો તરજુમો આપ્યો છે, તે ઉપરથી અંહી ટુંક સાર ઉતારીશું. લખે છે કે પેગમ્બરના જન્મ આગમજ તેની માતાને શરીરથી અસુખી કરવાને બુતપરસ્ત ધર્મગુરૂઓ, જેમને ઠેકાણે ઠેકાણે જાદુગરને નામે ઓળખ્યા છે, તેઓએ તરેહવાર પ્રપંચો કીધા, જેથી તાવ, દુખાવો અને પવન (એ નામના દેવો યાને દર્દો) થી તેણી હેરાન થવા લાગી. પડોશમાં સ્રોકો નામે એક જાદુગર (વૈદ) વસતો હતો તેની કને દવા માટે તેણી ગઇ ત્યારે આકાશવાણી થઇ કે "હે બાઇ! આ જાદુગર કને મા જા; એ કાંઇ તારી દવા કરનાર નથી; પણ ઘર પાછી જા, અને આવતી કાલે ચુલા પર ધરેલાં માંસના ઘીથી તારા હાથ મસળ, અને તારી પોતાની તથા તારાં પેટમાંના ફર્જંદની નેમને આતશ ઉપર સુખડ લોબાન મુક." આમ કીધાથી તેણીનું દુઃખ સારું થયું. આ કથા ઉપરથી એમ સમજાય છે કે જરતોશ્તની માતાએ પોતાના જમાનાના રેવાજ મુજબ નર્તિયુંજ્હોના કના પ્રમાણે સારા માઠા દેવોની માનત મુનત નહિ કરતાં આતશની ઉપર પુણ્યભેઈ મુકવાનું પસંદ કીધું હતું.

જ્યારે જરતોશ્તનો જન્મ થયો ત્યારે તે ખડખડ હસી પડયો, જે ઉપરથી સારવાર કરવા આવેલી સાત દાઇઓ બીધી. તેના બાપ પોરશસ્પે બચાને મેઢાનાં ચામડાના નરમ કપડામાં વિંટાળીને પોતાની

આગળ મંગાવ્યું, અને આ પ્રતાપ પોતાની ખાપડીનાં નૂરને લીધે સમજ્યો. પછી તેણે દુરાસોબો અથવા દુરાસરૂન નામે એક કરપ, કેજે તે જીસ્સામાં પોતાના મેલા ઈલમને માટે જાણીતો હતો તેની પાસે જઈને કુપલી વિના રેહી અને તેને પોતાનું ભલું દેખાડવા ઘેરમાં તેડી લાવ્યો. હવે આ બુતપરસ્ત નો જરતોસ્તનો જીવ લેવાને તદબીર રહેલો હતો માટે તેણે તે બચ્ચાનું નૂરમંદ ડોકું મરડી નાખવા ચાહ્યું—એવી મતલબથી કે તે મરી જાય. પણ એથી તો થયું એમ કે તે ખૂનીના હાથના પંજા ઉતરાઈ ગયા, અને તે હાથો વડે ત્યારપછી તે પોતાનું ભોજન લઈ શકયોજ નહિ. આ રીતે પોતાના હાથને ઘવલી ઈજાના બદલામાં તે ખૂનીએ જરતોસ્તનો જીવ લેવા માગ્યો, અને તેને ઘોડા, બળદ, વગેરેનાં ઓવારાઓમાં, વરૂની ગુફામાં, તથા બળતા આતશમાં એક પછી એક નાખ્યો, પણ તે આકાશી રેહમત પામેલાં બાળકને કશી ઈજા થઈ નહિ

એમ કરતાં જરતોસ્ત થોડાંક વરસનો થયો ત્યારે બુતપરસ્ત કરપાએ અનજુમન બરીને જાહેર કીધું કે પોરશસ્પનો દીકરો બુખખ અને મૂર્ખ છે, અને છુપી રીતે દીન આહુંનનો ગુન્હેગાર કરે છે, માટે કોઈએથી તેની સાથે સંબંધ રાખવો નહિ. આ બાબેની બાપને ખબર મળવાથી તેણે દીકરાને નરમ ઠપકો દીધો કે "હું તો ધારતો હતો કે મારો બેટો ધર્મગુરૂ, ડહાપણો અને ખેડુત બનશે; પણ તું તો ઠયો બુખખ અને બિગડેલો છે, માટે કરપ ગુરૂઓ પાસે જા કે તેઓ તને તાજેં કરે." દીકરો કબુલ થયો અને બને જણ બે ઘોડાની રથમાં બેસી પેલા પાંચ કરપ બાહઓ પાસે ગયા. અહીં જરતોસ્તને ખરાબ કરવાની મતલબથી બુરી નૈગવહણીનું પાણી તેને પીવા આપ્યું, જે ઉપરથી દીકરાએ બાપને કહ્યું કે આંવાજ તમારો ધર્મગુરૂ હોય તો તેને આ પાણી પાછું આપી દો. પછી તે ત્યાંથી ફરી ઘેર ગયો.

એક દિને પાંચ બાહઓમાંનો કરપ દુરાસરૂન પોરશસ્પનાં મકાનમાં આવ્યો. જેની આગળ ઘોડીનું દુધ હાજર કરીને તેને પવિત્ર કરવા અરજ કીધી. આ વેળા જરતોસ્ત હાજર હતો. તેણે બાપ સાથ જીદ લીધી કે દુધને હું પવિત્ર કરીશ. ત્રણ મરતબે પંચાતી થયા બાદ જરતોસ્તે ઉઠી પેલાં દુધની જામને લાત મારી ઢુળી વાળી, અને પછી બોલ્યો કે "હુ સચાઈને નમુ છું; ડાહ્યા અને ગરીબ, પછી તે મર્દ હોય કે ઓરત. તેઓને મારા નમસ્કાર છે. એ પોરશસ્પ. એવા ધણીને માટે તું બક્ષીસ કર કે જેનામાં લાયકાત હોય." પોતાને દુખ લાગવાથી દુરાસરૂને જરતોસ્તનો નાશ કરવાની ધમકી આપીઃ પણ જર-

તોસ્તે તેને દમ ભરાવ્યો કે હું જ તારો નાશ કરીશ. કેટલીક મુદત સુધી બને એકેક તરફ દુશ્મનીની નજરથી જોવા લાગ્યા, પણ અંતે તો દુરાસરૂન નિરાસ થયો અને ગામ છોડી ગયો તથા માર્ગમાં ઘોડા ઉપરથી તુટી પડી મેરી ગયો.

જ્યારે જરતોસ્ત ૧૫ વરસની વયે પુગ્યો ત્યારે તેણે પોતાના બીજા ચાર ભાઇઓ જોડે બાપ કનેથી ફાગો માંગ્યો. કપડાંના હિસ્સા પાડયા તેમાં એક ચાર આંગળ પહોળો કમરબંધ પણ હતો, કેજે જરતોસ્તે પોતાના હિસ્સા દાખલ પસંદ કીધો. એક દિને એક નદી પસાર કરતાં પાણીનું જોર ઘણું હોવાથી જરતોસ્તે એક પુલ હોય તેવી રીતે સાત ઓરતો અને જેફ મર્દોને તે પસાર કરવાનાં કામમાં મદદ આપી.

૨૦ વરસનો થયો ત્યારે તે પોતાનાં માતાપિતાની રજા વિના દુનિયાની માયા તજીને તથા સચાઇને પોતાનો સાથી કરીને વતન છોડી ભટકવા નિકળ્યો. ખબર કહાડતાં માલુમ પડયું કે તુરાની પાદશાહ અર્જાંઇતોદિહનો સર્વેથી નાનો બેટો દરરોજ એક ઘોડાની ઉંચાઇ જેટલું લહોડનું વાસણ ભરીને દુધ, રોટી તથા બીજો ખોરાક ગરીબોને આપે છે. જરતોસ્ત આ ધણી પાસે ગયો અને તેની મહેનતથી ત્યાંના થોડાક આગેવાન ધણીઓએ ગરીબ નાચારોને ખોરાક પુગાડવાનાં કામમાં મદદ આપી.

૨૧—બુદ્ધ, મુસા અને ઇસુ ક્રિસ્ટના જન્મ સબંધી ચમત્કારિક બનાવો.

"જે માતાનું ગર્ભસ્થાન આવું ફળ પેદા કરવા માટે પવિત્ર બનેલું છે, તેના હમેશ સાથે પણ એકસરખા નવાઈ જેવા બનાવો અને આશ્ચર્યકારક વાતો જોડાએલી છે.........આ ઉપરથી બીજા ધર્મોમાં ચાલતી અને મળતી વાતો આપણને એકદમ યાદ આવે છે." સરે ૨૩–૨૮.

બુદ્ધના જન્મ સંબંધી ચમત્કારમાં જાણવા જેવું કંઇજ નથી—ખરેખર, જે કહાણી "લલિતા વિસ્તાર" નામની ચોપડીમાં આપી છે તેમાં ચમત્કાર કશો નથી. તેમાં લખ્યા મુજબ બુદ્ધનો પિતા એક રાજા હતો, જેને અસીત નામે બ્રાહ્મણે જન્મ આગમજ એવું ભવિષ્ય કહ્યું હતું કે આ બાળક બહુ કીર્તિવાન થશે, અને એક બળવાન રાજા થશે અથવા તાજ તખ્તનો ત્યાગ કરીને તે સાધુની ઝુંદગી અખ્તિયાર કરી બુદ્ધ યાને અંતરજ્ઞાની બનશે. પોતાના બેટાને સહુ બનતો અટકાવવા માટે રાજાએ તે બાળકને તેના જન્મ પછી પોતાના

મેહેલમાં અને બગીચામાંજ રાખ્યો; સર્વ કિસમની મોજમજાહમાં તેનું મન લગાડ્યું; માંદગી, ઘડપણ અને મરણ તે શું તે તેને જાણવા દીધું નહિ. આમ થોડાંક વરસ ચાલ્યું, પણ પછી રાજાએ પોતાના બેટાને શેહેરમાં ફરવાની પરવાનગી આપી, જે દરમિયાન તેણે ઘડપણ, મોત અને માંદગી બાબેનો તમામ અનુભવ મેળવ્યો, અને ત્યારબાદ તેનું મન ફરી ગયું.

મુસાની બાળ જીંદગી વધારે ચમત્કારિક છે. તેનાં નામનો અર્થ "પાણીમાંથી ખેંચી કહાડેલો" એવો થાય છે. અમરામ અને જેખેબદ તેનાં બાપ અને માનાં નામ હતાં. તેઓ લીવૈ ટોળાનાં હતાં, જે ટોળાની વસ્તી વધતી અટકાવવા માટે તેના ઉપર ઘાતકીપણું ગુજારનાર તે જમાનાના રાજા ફારોહે એવો હુકમ કહાડ્યો હતો કે જેથી લીવૈ છોકરો જન્મ લે તેને એકદમ ખેજાન કરવો. આથી મુસાનું મોત જન્મ લેતાંજ નકી હતું, પણ તેની માએ ત્રણ મહિના સુધી તેનો જન્મ છુપાવ્યો. હવે દર ત્રણ મહિને ઘેરેઘેર સરકારી અમલદારો નવાં બાળકોની ખોળ કરતા હતા, માટે તેમની ધાકથી બીહીને માતાએ એક નાનું હલકું પાણીમાં તરી શકે અને પાણીથી ખરાબ નહિ થાય એવું પારણું બનાવ્યું. જેમાં બાળક મુસાને મુકીને નાઇલ નદીનાં પાણીને સ્વાધીન કીધું. તથા એ પારણું તથા બાળકના કેવા હાલ બને છે તે તપાસવા માટે તેણીએ મિરંમ નામની પોતાની બેટીને નદી કાંઠે મોકલી. એવંકાક એવો બન્યો કે જુલમી રાજા ફેરોહની શાહાજાદી પોતેજ ત્યાં સ્નાન કરવા આવી લાગી, જેણીએ પેલું પારણું જોઇ તેને ખેંચી મંગાવ્યું, અને તે માહેતુ બાળક જોઇ ખુશી થઇને તેને માટે એક ધવરાવનારી દાયાની શોધ કીધી. મિરંમ ત્યાંજ હાજર હતી તેણીએ એક ધવરાવનારી બાયડી શોધી લાવવાનું માથે લીધું અને તરત દોડી જઇ પોતાની માતાને બોલાવી લાવી, જેને શાહજાદીએ પેલું બાળક હવાલે કીધું. કહે છે કે બીજી ઘણીએક ધવરાવનારી દાયાઓ આવી, પણ પેલા ચમત્કારિક બાળકે તેઓ સર્વેનો ત્યાગ કરી પોતાનીજ માતાનું સ્તન મોમાં લીધું. બાળક ત્રણ વરસનું થયા પછી માતાએ તેને શાહજાદી આગળ હાજર કીધું. જેણીએ તેને પોતાના બેટા દાખલ મેહેલમાં રાખીને પાળ્યો તથા તેનું નામ તેણીએ મુસા કરી રાખ્યું. એ આગમચ તેના માતપિતાએ તો તેનું નામ જેબાખીમ રાખ્યું હતું. મુસાથી પોતાની લીવૈ કોમ ઉપર પડતો જુલમાત ખમી શકાયો નહિ. તેણે જાણ્યું કે તે લીવૈ અને તેથી શાહજાદીના બેટા દાખલ ઓળખવાને માટે

દુઃખ ખમતા લીધુ દાખલ ઓળખવાને તે રાજી થયો. કેટલીક મુદત પછી તેને પોતાની એકાંત જીંદગીને દરમ્યાન ખોદા તરફથી બશારત થઇ. હોરેબ પર્વત ઉપર તેણે આગ સળગેલી દીઠી, જેમાંથી એક આવાજ પોતાને નામ દઇ બોલાવતો સાંભળી તે તેની નજદીક ગયો, અને ખોદાએ તેને તેના બાઇબંધોને છુટકારો કરવાનું કામ સોંપ્યું, જે તેણે મોટી આનાકાનીથી માથે લીધું, અને તેમાં ફતેહ પામ્યા પછી ખોદાના પેગામ્બર દાખલ તે જાહેર થયો.

ઇસુ ખ્રિસ્ટના જન્મના ચમતકાર જાણીતા છે. પહેલાં તો તે તેનાં માતપિતાનું નહિ પણ ખોદાઇ ફર્ઝંદ કહેવાય છે. આપણા પેગામ્બર સાથ ઇસુખ્રિસ્ટની સરખામણી ઘણી બાબતોમાં આબાદ થઇ શકે છે. જરતોસ્તની માફક તેના જન્મની આગાહી થઇ હતી; જરતોસ્તની મારફજ તે પણ નૂર ધરાવતો હતો; જરતોસ્તની માફકજ તેનેબી શેતાને લલચાવ્યો હતો; જરતોસ્તની પેઠેજ તેણેથી એક ખોદાની પરસ્તેશ તેહની અને બદ થકીની લોકોમાં દાખલ કીધી હતી. બેઉની ચાલ ચલણ પવિત્ર હતી; બંને અમર્ગી અને રસ્તાખેજના મત ફાહેશ કરનારા હતા; જરતોસ્તની ફ્રવષિને યાદ કરવામા આવે છે—ઇસાને પુજવામાં આવે છે; જરતોસ્તને અવસ્તાવાણીમાં એક ઇજદની ઉપમા આપી છે—ઇસાને બેબલમા ખોદા કહયો છે: છેલે બંને ખુનીઓના હાથ ઉપર જીવ આપે છે. આ સઘળી સરખામણીઓનાની એક બાકી રહી છે તે બંનેના જન્મ પછી તેમનો જીવ લેવાની તજવીજને લગતી છે. ઇસાના ખોદાઇ જન્મના સૌથી પહેલા ચમતકાર પછી જેઓને તેનો જન્મ થવાની ખબર હતી, અને જેઓ તેના જન્મથી બીહીતા હતા, તેઓએ તેનો જીવ લેવાની અનેક કોશેશ કીધી. તેના માતાપિતા બેથ્લેહમ ખાતે વેરો ભરવા આવ્યાં હતાં ત્યાંથી જ્યારે તેઓએ પોતાના વતન નઝરેથ ખાતે જવા માંડયુ ત્યારે તેમને ફરેસ્તાએ ખબર આપી કે ત્યાંના પાદશાહે એવું ઘાતકી ફરમાન કહાડેલું છે કે બે વરસ સુધીનાં સર્વ બચ્ચાંઓને કાપી નાખવાં, માટે તમોએ બેથ્લેહમથી નિકળી દેશે જતું રહેવું. આ પાદશાહ હેરૉડ નામનો હતો, જેને એવો વેહમ હતો કે ઇસા મોટો થઇને મારૂં રાજ્ય લઇ મુકશે. ઉપલા ચમતકારિક સદેશા ઉપરથી ઇસાને લઇ તેનાં માબાપ મિસરમાં જઇ રહ્યાં, જ્યાં કેટલીક મુદત ગુજાર્યા પછી એક બીજો ખોદાઇ સદેશો મળ્યો કે હેરૉડ મરણ પામ્યો છે માટે પાછાં તમારે વતન જવું. આ ઉપરથી તેઓ નેઝરેથ ખાતે ગયાં, જ્યાં ઇસા ૩૦ વરસની ઉમર સુધી તેમની જોડે રહયો હતો. ૨૨ મે વરસે જર-

વેદોસ્તનીજ માફક તેણે જુના ધર્મના તે જમાનાના બધી ધર્મશાળા ગુરૂઓને પોતાની જવાબદારી અને હકપણાથી દૂર કીધા, અને તેમને તકરારમાં આણ્યા કીધા. જરતોસ્તનીજ માફક તેણે અપંગોને જોતા કરવાનાજ નહિ, પણ બીજા રોગવાળાઓને તનદુરસ્ત કરવા તથા વળી મુએલાને ઉઠતા કરવાના પણ ચમત્કાર કીધેલા કહેવાય છે.

૨૯—જરતોસ્તના જમાનાના દેવો અને અહુરદેવ.

" દેવો અને અહુરો—સાંખ્ય જરતોસ્તના સમયમાં કરીને ભિન્ન નામે ઓળખાય છે." ઇત્યાદિ—ફક્ત ૨૫ થી ૨૪-૨૫

આ વાત સારીપેઠે જાણીતી છે કે અષો જરતોસ્ત જેટલા નવો મઝહબ સ્થાપનાર ન હતા તેટલા જુનો ધર્મ સમારનાર અને સુધારનાર હતા. તેમની પાછળ જેમ બુદ્ધે હિંદુ ધર્મ સુધારવા જતાં પોતાનો નવો ધર્મ હસ્તીમાં આણ્યો, તથા ઇસુ ખ્રિસ્તે યાહુદી ધર્મ સમારવા જતાં પોતાના મઝહબને ખરપા કીધો, તેમ જરતોસ્તે પોતાના જમાનાના લોકોમાં ચાલતા ધર્મની કેટલીએક ખામીઓ સુધારવા જતાં નવા ધર્મને જન્મ લેવાનું કારણ આપ્યું હતું. જરતોસ્તના આ સુધારાના મઝહબની આગમજ હિંદુ અને ઇરાની આર્યો એક વખત હામજ વસતા હતા અને એકજ ધર્મ પાળતા હતા, કે જે રગ વેદમાં જણાવેલો એકને બદલે અનેક દેવતાઓની પરસ્તેશ થાને પૂજા કરવાનો ધર્મ હતો. જરતોસ્તને એ વાત અનુકુળ લાગી નહિ, અને તેથી તેણે "અસુર" નામથી ઓળખાતા અગ્નિ, વરૂણ, મિત્ર, વગેરે બધી હલન દેવતાઓને સર્વોપરી ગણવાને બદલે "મઝદ"નાં નામથી માત્ર એકજ "અસુર" અથવા "અહુર"ને સર્વોપરી કબુલ રાખ્યો, કે જેને આપણ આજ સુધી "અહુરમઝદ" અથવા "હોરમઝદ"નાં નામથી ઓળખતા અને પુજતા આવ્યા છિયે. અગ્નિ, વરૂણ, મિત્ર, વગેરે દેવતાઓને જરતોસ્તે સદતર ઢાળી દીધા. તેમનાં નામો પણ પોતાની ગાથાવાણીમાં દાખલ કીધાં નહિ. અને બહમનથી અમરદાદ સુધીના ૬ અમશાસ્પંદોને હોરમઝદના બરાબરિયા નહિ પણ તેની પેદા કીધેલી શક્તિના રૂપમાં કાયમ રાખ્યા, એટલુંજ નહિ પણ તેમને ખરેખરી હસ્તી ધરાવનારાને બદલે માત્ર મનમાંના કલ્પિત ચડતા એવા મનસ્થ વિચારો દાખલજ કબુલ કીધા.

સામનો રસ્તો પી કરી બનીને લડ્યું, દેવતાઓમાં કોઇને બલા તો કોઇને ભુંડા ગણીને તેમની એકસરખી મદદ મેળવવા માટે પૂજા

કરવી, તેમને સતોખવા, પવિત્રવાણી જેવાં મત્રો યાને માંથ્રો માઠો ઉપયોગ કરવો, અને એવીજ બીજી જુના ધર્મની રીતભાત જરતોસ્તને પસંદ આવી નહિ; એવું કરનારાઓનાં કામો તેને દુરસ્ત લાગ્યાં નહિ; અને તેથી તેઓ સામે તેણે સમજુતીથી, તકરારથી, લડત ચલાવવા માંડી, અને શેવટે તેણે તેમને મારૂત કરી પોતાના દુશ્મન બનાવ્યા. આ દુશ્મનોમાં મુખ્ય "કીક" અને "કરપ" નામના તાયફાઓ હતા. તેઓ ધર્મગુરૂઓ હતા; જુના મજહબની રાહરસમના તેઓ રેહબર હતા. ગાથામાં જરતોસ્તે તેમને 'કવિ,' 'કરપન' અને 'ઉસિક્ષ'ને નામે ઓળખાવ્યા છે. વેદનાં ગાયનોમાં એ ત્રણેનાં નામો 'કવિ,' 'કલ્પ' અથવા 'કલ્પપતિ' અને 'ઉશિજ' શબ્દોમાં આપણા વાંચવામાં આવે છે. વેદમાં એ ત્રણેને વખાણ્યા છે. કવિઓને ધર્મગુરૂ અને ભવિષ્ય ભાખનાર કહ્યા છે, કે જેઓ સોમનો કેફી રસ પીને ભવિષ્યવાની કહેતા હતા, માટે 'કવિ'ની ઉપમા સોમના પૂજારી ગુરૂઓનેજ અપાતી હોવી જોઇયે. તેઓને ખોદાઇજ્ઞાન થતું તથા છુપું ડહાપણ મળતું માનીને તેમની મસલત પુછાતી અને એ રીતે તેમને મોટું માન અપાતું. 'ઉશિજ'નો અર્થ 'ડાહો અથવા ખબરદાર માણસ' નો થાય છે. 'કલ્પ્' અથવા 'કરપ્' એટલે 'ક્રિયા કરવી' તે ઉપરથી નિકળેલો 'કરપન' શબ્દ તે ક્રિયા કરનાર ધર્મગુરૂને લાગુ પડયો હતો, અને તેટલા માટે પ્રથમ ગાથામાં અને ત્યાર બાદ તમામ અવસ્તાવાણીમાં 'કવિ' અને 'કરપન' નામ દએવયસ્નાન (મજદયસ્નાનથી ઉલટા) ધર્મના ગુરૂઓને અપાયાં છે. આ ગુરૂઓ જરતોસ્તના મજહબને તોડી પાડવા માગતા હતા અને તેથીજ 'કવિ' ગુરૂઓ ગાથા તથા અવસ્તામાં આટલો બધો તિરસ્કાર પામ્યા છે. પણ જરતોસ્તના મજહબના પ્રકાશિત થવા આગમજ ખુદ કેયાની ટોળાના મજદયસ્ની પાદશાહો પોતે 'કવિ' હતા. તેઓ દેશના તેમજ દીનના વડા હતા. કેયાની ટોળો અવસ્તામાં "કાવ્ય"ને નામે ઓળખાયો છે, અને કેકોબાદથી ગુસ્તાસ્પ સુધીના સઘળા કેયાની પાદશાહો "કવા," અથવા "કાવ્ય" અથવા "કવી"ને નામે મોટાં આદરમાનથી ઓળખાઇ ગયા છે. પણ 'કવિ'ઓ ધિકારમાં આવ્યા પછી આ પાદશાહો કવિને બદલે 'કવા'ના કંઇક ફેરફારવાળાં ઉપનામથી અવસ્તામાં ઓળખાયા છે. એજ રીતે વૈદિક આર્યોએ "કવા" ટોળાને પોતાના શત્રુ ગણીને તેમને એ ઉપનામે વેદમાં તુચ્છકાર્યા છે.

જરતોસ્તના જમાનાના દેવો અને જાદુગરો તે તે સઘળા હતા, કે જેઓ જુના મજહબને વળગી રહી જરતોસ્તી મજહબને તોડી પાડવા માંગતા હતા.

૨૩—દુરાસરૂન, ફરોહ અને હેરૉડ વચેનો મુકાબલો.

"આ હત્વે દાકમ (દુરાસરન) અને ફારોહ અથવા હેરૉડ વચેનો ઘોડેક મુકાબલો વક્ત મળવે કરવો પડે તો તે ઓછો અજબનો થઇ પડશે નહિ"—સફે ૨૬ સતર ૧૮-૨૦.

નવો ધર્મ ઉભો કરનાર અથવા જુનો ધર્મ વધારનાર પેગામ્બરનું માથે ઉઠાવેલું કામ કેટલુંબધું વિકટ હોય છે તે જરતોસ્ત, મુસા, અને કંસા ઉપર પડેલા જુદા જુદા હાદેસાઓનાં વર્ણન વાંચવાથી માલુમ પડે છે. આ વર્ણનો અલબત આપણે સંભાળથી કબૂલ રાખવાં જોઇશે, કેમકે તેઓમાં અતિશયોક્તિનો સંભવ વધારે જણાશે. આ નવા મજહબોના સ્થાપકો ઉપર ખોદાતાલાનો કુપો હાથ છે એવું વાંચનારનાં મનમાં પુરતી મજબુતી સાથ ઠસાવવા માટે તેમનાં જન્મચરિત્રો લખનારાઓ પોતાની કલ્પનાશક્તિને પણ છુટથી કામે લગાડે એ બનવાજોગ છે.

જરતોસ્તે મોઅજેજા કરી પોતાનો મજહબ ફેલાવ્યો હતો એવું ગાથાવાણી ઉપરથી તો નહિજ, પણ તે ઉપરાંત અવસ્તાવાણી ઉપરથી પણ માલુમ પડતું નથી. અને તોપણ પેહેલવીમાં અને તેના ઉપરથી તરજુમો થઇ રચાયલાં ફાર્સી તથા ગુજરાતી જરતોસ્તનામાંઓમાં જરતોસ્તના ચમત્કારો અને મોઅજેજાઓ બાબે આપણ હદથી જીયાદ વરાદ-ઘાત કરેલી જોઇયે છિયે. જરતોસ્ત જન્મ લેતી વેળા તમામ બાળકોની પેઠે રડવાને બદલે હસ્યો, એ તેના દીનસ્થાપક દાખલનો પહેલો ચમત્કાર રજુ થયોછે. કહેછે કે તે વેળા જરતોસ્તનાં વતનની હાકમી દુરાસરોબનામે રાજાના હાથમાં હતી, કેજે ગુસ્તાસ્પ પાદશાહનો કોઇ તાબેદાર હશે. આ હાકમ જુની દીન પાળનારો અથવા દેવયસ્નાન હતો, જેને જરતોસ્તના ઉપલા ચમત્કારની વાત ખબર પડવાથી તે હથિયાર લઇને તેનું ખુન કરવા ગયો, પણ ખોદા તેને રાખનાર હતો માટે ગાયે તેમજ વરૂની માદાએ તેને ધાવણ આપી તૃપ્ત કીધો. અહીં અસલી રોમના સૌથી પહેલા બે પાદશાહો રોમ્યુલસ અને રીમસની કથા આપણને યાદ આવે છે, કે જેમની પરવરી એજ રીતે વરૂની માદાએ કીધી હતી.

મુસા પેગામ્બરના જન્મથીજ તેના ઉપર પડેલી જફા બાબે એક આગળની નોટ (જુઓ સફે ૧૭૦-૭૧ વાળી નોટ)માં થોડીક હકીકત જણાવેલી છે. દુરાસરૂને તો જરતોસ્ત બાબે ભવિષ્યવાણી મેળવીને તેને મારવા માંગ્યો હતો, પણ ફારોહ પાદશાહને મુસા ભવિષ્યમાં નવો ધર્મ સ્થાપશે એવી કશી ખબર ન હતી, અને તેવી કોઇ ખબરને આધારે તેણે તેને મારવા કહાડ્યો ન હતો. મુસાને મારવા માંગવાનું ખરં

કારણ તો એજ હતું કે તે ઇજીપ્સયન પ્રજાનો નહિ પણ હીબ્રુ અથવા ઇસ્રેલાઇટ ટોળાનો હતો, જે ટોળો મિસરમાં પરદેશથી જેવો હતો. તેને ત્યાં આસરો મળવા છતાં મિસરના પાદશાહોને પોતાના દુશ્મનો સાથ લડાઇ ઉઠતી ત્યારે તે પોતાને આશ્રો આપનાર દેશની વિરૂદ્ધમાં તેના શત્રુઓને મળી જતો હતો. એ કારણ ઉપરથી મિસરના એક ફારોહ અથવા પાદશાહે એવો હુકમ કહાડયો કે જેબી હિબ્રુ અથવા યહુદી છોકરો જન્મ પામે તેને મારી નાખવો, કે જેથી તેઓ મોટા થઇ શત્રુઓને મદદ આપે નહિ. આ ઘાતકી હુકમ મુજબ હજારો નિર્દોષ બાળકો જાનથી ગયા, અને તેવોજ હાલ મુસાનો પણ થાત. પણ તેને મોટા પાદશાહ રામેસીસની એક બેટીએ બચાવી લીધો, અને એ રીતે તે ફરૌહના જુલમાતમાંથી બચી ગયો.

હજરત ક્રાઇસ્ટના જન્મ વેળા જુડિયાનો પ્રાંત રૂમી લોકોના કબજામાં હતો, જેઓ તરફથી હેરૉડ નામે રાજા ત્યાં રાજ્ય કરતો હતો. તે દુરાસરનના જેવોજ ઘાતકી હતો. જેમ જરતોસ્તના જન્મની તેમજ ઇસાના જન્મની પણ આગાહી થઇ હતી, માટે હેરૉડે તેને મારી નાખવા એક પ્રપચ રચ્યો. તેણે જાતે જઇને નવાં બાળકનો જાન લેવા માંગ્યો નહિ, પણ વધારે નિર્દયપણું વાપરીને ફરમાવ્યું કે બે વરસનાં અને તેની અંદરના જેટલાંબી બાળકો બેથ્લેહેમ ગામમાં જન્મેલાં હોય તેમનો જાન લેવો। આ ગામ યહુદીઓથી વસાયલું હતું, જેમનાં સર્વે બાળકો ઉપલા ઘાતકી હુકમની રૂએ બેજાન થયાં, પણ ઇસા એકલોજ બચી ગયો. ઇસાને જન્મ વેળા મળેલાં માન મરતબા ઉપરથી હેરૉડને એવો ભય હતો કે આ બાળક કોઇ દિવસે મારૂં રાજ્ય લઇ મુકશે, અને તેવો બનાવ અટકાવવા માટેજ તેણે ઉપલી કતલ ચલાવી, તો જોકે જેને મારવાની તેની નેમ હતી તે તો બચી ગયો. તેનો બાપ તેને લઇ મિસર ખાતે નાસી ગયો, જે મિસાલે કે ફરેદુનને જોહાકના હાથ ઉપર માર્યા જતો બચાવવા માટે તેની મા ફરાનક તેને લઇ નાસભાગમાં પડી હતી. હેરૉડનાં મરણ પછી તેઓ પાછા ફર્યાં હતાં.

૨૪—જરતોશ્ત અને સંસારી સુધારો.

"જ્યારે તેણે (જરતોશ્તે) પોતાનાં માતપિતાની પસંદગીથી પરણવાની ઇચ્છા દેખાડી, અને જ્યારે તેનો બાપ તેની બાયડીને લઇ આવ્યો, ત્યારે તેણે અરજ કીધી કે બાયડીએ શાદી થયા આગમજ પોતાનો ચેહેરો દેખાડવો. જરતોશ્તના જમાનાથીજ સંસારી વધારા અને રસમના સુધારા થતા આવ્યા છે."—સફે ૩૦, લીટી ૨૪-૨૮.

ઉપલા ફકરા ઉપરથી બે વાતનો ખોલાસો મળે છે. એવું જણાય

છે કે જરથોસ્તના જમાનામાં ઘણા પાદરીઓથી શાદી કરવાનો રિવાજ નહિ હતો, અને આખર કુંવારીને પરણાવી આપતાં હતા. પણ એવું જણાય છે કે આ કુંવારી કાંઇ નાની ઉમરમાં પરણાવી દેતાં નથી; તેઓની શાદી બાળપણને બદલે મોટપણું થાને સમજદાર ઉમરે થતી હતી જણાય છે. આ રિવાજમાં જરથોસ્તે જે સુધારો પોતાના ધર્મ-થી દાખલ કર્યો તે એક બીજા જુના રિવાજનું આપણને ભાન કરે છે. તે જમાનામાં પરણવાની કન્યાનું મોં પરણનારે લગ્ન થતાં સુધી જોયેલું નહિ હતું. અને શાદી આવ્યા પછી તેણી પુત્રો નાખીને અથવા ઝુમો પહેરીને પોતાનું મોં પોતાના ધણીના આગળ-થી અને બીજા સર્વે પરાયા મરદોથી છુપાવતી હતી. આ રિવાજ આજે પણ કેટ કેટ જુદેરી કોમોમાં જણાય છે, અને એ રિવાજ જરથોસ્તના જમાનામાં પણ હોય તો તેણે પોતાની શાદી આગમચ તેનું ખરું કરેલું આપણું આછો જાણીને લિપે તેણે શાદી થયા પછી પોતાનો ચેહરો મરદો જોવા માગ્યા, અને તેમ કરવાનું ઠરેલું વેંહ-ણવી "જંદ અવસ્તા"ના જરથોસ્તનામામાં આ રીતે વિગતથી સમાવેલું છે—બાળ આવડી મળ્યા વિના પોતાની ઘણાન પવિત્ર કન્યાથી આદમને શોધે ત્યારે તેના પિતાએ તેની આવડી ઉંચી કરાવી ત્યારે જરથોસ્તે તેઓને કહ્યું કે 'તારો ચેહરો મને બતાવ, કે જેથી કરીને ન ભેટ્યો છે તે તું લહે. અને તે મને અનુમતનો છે થા કેમ ... નથી તે મને માલુમ પડે.' પેલી કન્યાએ આ ઉપરથી પેલો ચેહરો ફેરવા નાખ્યા, એટલે ચેહરો દેખાતાં પણ નજરે ફેરવી. ત્યારે જર-થોસ્ત બોલ્યા કે 'જે પછી મારેથી નજર ચુકવે તે મારે માટે આદર ભાન રાખતી જ નહિ."

જરથોસ્તન. અનેક તરફથી સુધારાઓથી એક પુર એ તરફ-ના નાચશાસ્ત્રોથી મળી આવે છે, અને તે પૈકી ઉપરાંત ... પણ પરદેશીના સમાનો છે જરથોસ્તના રિવાજ દાખલામાં ... જેમ કે તેની આવડીની વસ્તુથી તેના બાપે ઉંચી હતી, પણ જર-થોસ્તનાં એક પાદરીઓની રૂઢી કોઈને પરદ ... ... થઇ હતી અને તે માટે આ બાનુએ પેહેલી બાર પરદનો ... ... નાખી હતી

૨૫—બુરા દેવતાઓની પરસ્તેશ.

"બુરા દેવતાઓને પુજનારાઓ તો તેનું (જરતોસ્તનું) સદંતર તિરસ્કાર કીધો."—સફે ૩૩. શીટ ૮.

જરતોસ્તની આગમજના પેશદાદી ઇરાનીઓ મજદયસ્નાન કહેવાતા હતા; પણ તેમનો ટોળો નાનો હતો, અને મોટે ભાગે લોકો અનેક દેવતાઓની પૂજા કરતા હતા. એ દેવતાઓને અવસ્તામાં "દએવ" ને નામે ઓળખ્યા છે અને તેમના પુજારીઓ "દએવયસ્નાન" કહેવાયા છે. આ અનેક દેવતાઓમાંના થોડાકનાં નામ ગાથા પછીના અવસ્તા-વાણીનાં લખાણોમાંથી મળી આવે છે; જેમકે અંદ્ર, સૌરુ, નાઓં-ઘઇથ્ય, વગેરે. ઋગ વેદમાં ઇંદ્ર, શરુ અને નાસત્ય નામના દેવતાઓ સાથ ઘણા મળતા આવે છે; પણ વેદમાં જ્યારે તેમને આરાધ્યા છે ત્યારે અવસ્તામાં તેમનો તિરસ્કાર કર્યો છે. બીજા હાથ ઉપર અવસ્તાવાણીમાં મિથ્ર, હઓમ, આરમઇતિ, અઇર્યમન, અહિપન, વેરેથ્રઘ્ન, વગેરે અનેક ઇઝદોનાં નામો મળે છે. ઋગ વેદમા એ નામોને આબાદ મળતા મિત્ર, સોમ, આરમતિ, અર્યમન, અશ્વિન, ત્રહન વગેરે દેવતાઓના નામો છે. હવે જેમ આ દેવતાઓને વેદમા વખાણ્યા છે તેમ તેમને અવસ્તામાં પણ આરાધ્ય છે, માટે અગરજો તેમને જરતોસ્તની આગમજના ઇરાનીઓ ભલા દેવતાઓને નામે ઓળખતા હોય તો તેઓથી ઉલટા યાને બુરા દેવતા તે ઉપર જણાવેલા અંદ્ર, નાઓંગઘઇથ્ય, સૌરુ વગેરે હોવા જોઇયે અને જરતોસ્તે તેમનોજ તિરસ્કાર કીધો હોય, તો જોકે તેની ગાથાવાણીમાથી તો એકલી અર-મઇતિ સિવાય ઉપર જણાવેલા અવસ્તા યા વેદના બીજા એક પણ દેવતાનુ નામ મળતુ નથી. હુ ધારું છું કે મથાળે મુકેલા ફકરામાં જેમને "બુરા દેવતા" કહ્યા છે તે એકલા અહુરમજ્દ સિવાય બાકીના સર્વ વેદિક દેવતાઓને માટે કહ્યું છે, અને તેઓ સર્વનો જરતોસ્તે તિર-સ્કાર કરેલો હોવો જોઇયે.

૨૬—મેદીઓમાહ અને સેંટ જોન વચ્ચે સરખામણી.

"તેનો (જરતોસ્તનો) આ પહેલવહેલો કદરદાન ચેલો તેનો પોતાનોજ પિત્રાઈ ભાઈ મઇધ્યોઇમાંઘાવ (પેહેલવીમાં મેદીઓમાહ) છે,... ... અને તે જરતોસ્તી મજહબમાં ખ્રિસ્તીઓનાં સેંટ જોનની જગા રાખે છે"—સફે ૩૪. શીટ ૮-૧૩.

આપણા મથકારે આ ઠેકાણે અશો જરતોસ્તના પિત્રાઇ મેદીઓમાહની હજરત ઇસુ ખ્રિસ્તીના ચેલા સેંટ જોન સાથે સરખામણી કીધી છે. આગળ ચાલતાં (સફે ૫૫) તેણે તેને વળી એક બીજા ચેલા સેંટ

હોઇ સાથ સરખાવવા માંગ્યો છે, મેહેઆબાદ સાથ આ બને મિસરી ચેલાઓનાં કામો કેવી રીતે મળે છે તે આપણુ અહીં ટુંકમાં જોઇશું.

મેહેઆબાદ અશો જરતોસ્તનો પિત્રાઇ હતો. તેના બાપનું નામ આરાસ્તી હતું, કેજે મુન્દેહેશ કેતાબ મુજબ પેગામ્બર સાહેબનો કાકો હતો. અશો જરતોસ્તની જોડે દીન ફેલાવવામાં મેહેઆબાદની મદદ મુખ્ય હતી તે બાબે ગાથા ઉપરથી ઇશારો મળે છે. તે પેગામ્બરનો સર્વથી પહેલો શાગેર્દ હતો, અને દીનના ફેલાવા માટેની પહેલાં દશ વરસની જેહેમતમાં અશો જરતોસ્તને એજ માત્ર એક શાગેર્દ હાથ લાગ્યો હતો. કહે છે કે "પેગામ્બર જ્યારે જંગલમાં સુતેલો હતો ત્યારે મેહેઆબાદ તેની પાસે આવ્યો અને દીન કબુલ રાખી. તેના બે બેટાઓમાંનો એક કાદ મોબેદાન મોબેદ હતો, અને મોબેદોનાં ખાનદાનનો પાયો હતો; બીજો બેટો અવસ્તુ નામનો હતો, કેજે જરતોસ્ત પછી દીનના ફેલાવવાને દરમ્યાન અભ્ત નામે એક દુશ્મનના હાથ ઉપર મારો ગયો હતો. એક બીજા મેહેઆબાદ નામના ચેલાનું નામ પણ અવસ્તામાં વખાણ પામ્યું છે, અને તે મજકુર કાદ દસ્તુરનો બેટો હતો.

સેંટ જૉન હજરત ઇસુના પહેલા ત્રણ ચેલાઓમાંનો એક હતો. ઇસુની આગમજ જૉન ધિ બાપ્ટિસ્ટ નામે એક મોટા ધર્મગુરૂએ પોતાના જમાનાના યહુદી લોકોમાં નવી દીન ફેલાવી તેમને સુધારવાની તજવીજ કીધી હતી, અને તેની એ દીન પસંદ કરનારાઓમાંનો એક ફીપલો સેંટ જૉન તેમજ હજરત ક્રાઇસ્ટ પોતે પણ હતો. ઇસુ ક્રિસ્ટે એ પછી વધારે સુધરેલી દીન જાહેર કીધી ત્યારે જૉન નામના ફીપલા બને ધણીઓ તેના ચેલા થયા. સેંટ જૉન એક માછીનો દીકરો હતો, અને પોતેબી બાપનો ધંધો કરતો. પહેલા જૉનનો તે ચેલોજ નહિ પણ પિત્રાઇ હતો, જે મિસાલે કે મેહેઆબાદ અશો જરતોસ્તનો પિત્રાઇ હતો. ઇસા સાથે દીન બાબે કેટલાક વાદવિવાદ ચલાવીનેજ સેંટ જૉને તેની દીન કબુલ રાખી. તેણે ઇસાના મરણ પછી તેની માનો સંભાળ લીધો, કે જેમ કરવાનો પેગામ્બરની તેને વસીહત હતી. જૉને દીનના ફેલાવા માટે બોધ દેવા માંડયાથી તે વખતના હાકેમે તેને દેશ બાહેર કહાડયો, અને પેટમોસ ખાતે જઇને તેણે " રેવેલેશન " નામની દીનની આગાહીને લગતી કેતાબ લખી. તેના ઉપર ક્રાઇસ્ટનો મોટો વિશ્વાસ હતો, કેમકે ઠેઠ મોત સુધી તે પોતાના ઉસ્તાદની સંગત્યા રહ્યો હતો અને તેની મુલાકાત વગર તેને કદી છુટો થવો ન હતો. તે ૯૦ વરસની ઉમરીએ મરી ગયો હતો.

૨૭—બુદ્ધનો પિત્રાઇ દેવદત્ત.

"બુદ્ધના દગાબાજ અને અસલ ધર્મથી જુદા પડેલા પિત્રાઇ દેવદત્ત" ઇત્યાદી—સફે ૩૮, લીટી ૧૦-૧૧.

બુદ્ધનાં અનેક મુખ્ય ચેલાઓ હતા, જેઓમાં સર્વથી પહેલા સરીપુત (શારી પુત્ર) કાત્યાયન અને મોગલાન (મૌદગલ્યાયન) નામના હતા, જેઓ જુના બ્રાહ્મણી ધર્મ તજી તેના નવા ધર્મમાં દાખલ થયા હતા, અને શેવટ સુધી પોતાના એ ગુરૂને વળગી રહ્યા હતા. આ બન્ને ચેલાઓ બુદ્ધની પેહ્‍લું આગમજ મરણ પામ્યા હતા. બુદ્ધના ખેશીઆઓનાં તેના બે પિત્રાઇઓ આનંદ અને તેનો બાઇ દેવદત્ત હતા. એક પાંચમો મુખ્ય ચેલો ઉપલી નામનો નાવી હતો, કેજે સક્ય ખાનદાનનો ખાસ હજામ હતો. આનદ બુદ્ધનાં ઘડપણ વેળા તેનો ખાસ અંગત મદદગાર થઇ પડયો હતો, કેજે તેની જોડે વારેવાર એકલોજ ફરતો હતો અને તેની જોડેજ બુદ્ધ પોતાનાં શેવટનાં સંભાષણ ચલાવતો હતો. પોતાના આ બાઇ તરફની બુદ્ધની મહોબત દેવદત્તથી જોઇ શકાઇ નહિ. તેણે આનદની જગા પોતે લેવાનો પાપી મનસુબો કીધો, અને તેટલા માટે તેણે તેનું ખુન કરવાની તજવીજ કીધી, પણ ચમત્કારીક રીતે આનંદ જાનથી જતો બચ્યો અને દેવદત્ત આ રીતે અળખામણો પડયો.

૨૮—ગુસ્તાસ્પ અને કૉન્સ્ટેનટાઇન વચે મુકાબલો.

"મજહબનાં બારમાં વરસમાં કવિ વિસ્તાસ્પ દીન કબુલ કરે છે, અને ખ્રિસ્તી મજહબવાળા કૉન્સ્ટેન્ટાઇન શાહેનશાહ જેવો તે દીનનો થાંભ બને છે.—સફે ૩૪, સતર ૧૩-૧૭.

જેમ ગુસ્તાસ્પે જરતોસ્તી મજહબને પેગામ્બર સાહેબનાં મરણ પહેલાં તેમજ તે પછી આગળ વધારવાનાં કામમાં મદદ આપી હતી, તેમ રૂમી શેહેનશાહ કૉન્સ્ટેન્ટાઇને પણ ઇસુ ખ્રિસ્ટનાં મરણને ત્રણ સદીઓ ગુજરી ગયા બાદ આપી હતી. આ શેહેનશાહો તો મૂર્તિ પુજક હતા; ઘણા દેવતાઓને માનતા અને પુજતા હતા; અધર્મી ક્રિયાઓ ચલાવતા હતા, અને અસલી યુનાનીઓની માફક દેવદેવીઓ મારફતે ભવિષ્યવાણી મેળવી તે મુજબનો વેહમી એતેકાદ રાખતા હતા. તેઓ વળી ખ્રિસ્તીઓની જબરી કતલ ચલાવતા હતા અને તેમનાં દેવલોની ભાંજતોડ કરતા હતા. કૉન્સ્ટેન્ટાઇન પણ પ્રથમ તેજ કિસમનો પાદશાહ હતો, પણ કહે છે કે ઇસ્વી ૩૧૨ માં લડાઇ ઉપર

[illegible]

[illegible]

[illegible]

[illegible]

આગેવાન કરસેપનેથી વટળાવ્યો. આ બિનાની ખબર મળવાથી બિન્બિ-સારે તેને પોતાનાં પાયતખ્ત રાજગૃહ ખાતે બોલાવ્યો, જ્યાં બુદ્ધે તેનો પોતાના શરૂઆતના મહાન ચેલા દાખલ સ્વિકાર કર્યો. રાજાના વટલવા પછી બીજા ઘણાઓ તેને પગલે ચાલ્યા, અને એ રીતે આખાં રાજ્યમાં ધર્મ ફેલાઇ ગયો. ઘણાએક નવજવાન પુરશોને આ રીતે બુદ્ધે પોતાના ધર્મમાં લેવાથી તેમનાં માતપિતા અને બીજાં જુના વીચારનાં લોકો ફરિયાદ ઉઠાવવા લાગ્યાં કે આ સાધુ સ્ત્રીઓને વિધવા બનાવવા તથા જુવાનોને સંતાન વિનાના કરવા આવ્યો છે.

૩૦—દાઉદનાં ગીતો.

"દાઉદનાં ગીતોની માફક આ ગાથા ઉપરથી તે વેળાની હાલત વખતી ઓછી પાધરી રીતે આપણા જાણવામાં આવે છે." સફે ૩૫ વીટી ૮—૧૦.

યહુદી લોકોનો એક પુરાણો પાદશાહ દાઉદ નામનો થઈ ગયો છે, જેનો જમાનો ઇસુ ખ્રિસ્ટની આગમજ ૧૦૮૫ વરસો ઉપર મુકવામાં આવે છે. દાઉદ સારાં ખાનદાનનો અને બહાદુર હતો. તે વખતના રાજા સૉલ તરફથી તેણે ઘણીએક લડાઇઓ મારી હતી, પણ પછી રાજાની ખતરાજી થવાથી તેને દેશ છોડી ભટકવું પડયુ. અંતે દાઉદ તખ્ત ઉપર આવવા પામ્યો. રાજ્યાસન પરથી તેને તેના એક બેટાએ ઉઠાડી મુકીને પાછો રઝળતો કીધો. જે વેળા દેવીદ અથવા દાઉદે કેટલાંક ગીતો બનાવ્યાં, કેજે ખ્રિસ્તી લોકોમાં યાદગાર રહી ગયાં છે, તેના દિલમાં ખોદા વસ્યો હોય તેવાં તે ગીતો વખાણાય છે. મરણ નજદીક જોઇને પણ તેણે થોડાંક નવાં ગીતો જોડયાં, કેજે આગમજ તે પાછો તખ્તનશીન થઇ ચુકેલો હતો, તેનાં તખ્ત ઉપર જે આવ્યો તે સોલોમન અથવા સુલેમાન નામનો તેનો બેટો હતો, કેજે પોતાના બાપ કરતાં વધારે પ્રખ્યાતી પામ્યો છે.

દાઉદનાં ગીતો ધર્મનાં લખાણ દાખલ વખાણવા લાયક એટલા માટે છે કે તેણે તેઓમાં એકજ સર્વ સક્તિવાન ખોદા સિવાય બીજા કોઇને પોતાનો રક્ષક ગણ્યો નથી. તેના એક દીકરાએ રાજપાટ છોડાવીને તેને નાહસતો કીધો ત્યારે દાઉદે પોતાનાં ગીતોમાં ખોદા પાસે જે કાંઈ માંગ્યું તે પોતાનું રાજપાટ પાછું નહિ માંગ્યું પણ ખોદાની સેવા આરેનું છુટાપણું માંગ્યું. દાઉદના ગીતો બૈબલના એક ભાગ દાખલ મશહુર છે.

૩૧—જેરેમિયાહ પેગામ્બર.

"આરબ લખનાર તબરી.....જરથોસ્તને જેરેમિયાહનો ચેલો કહે છે"—સફે ૨૫, લીટી ૨૩-૨૪.

ઇસુ ખ્રિસ્તીના આગમજ થઇ ગયલા યાહુદી પેગામ્બરોની સંખ્યા મોટી છે, જેઓમાં જેરેમિયાહ એક મુખ્ય પેગામ્બર ગણાયા છે. તેના વખતમાં બીજાબી સખ્યાબંધ પેગામ્બરો હતા, જેઓ તેની વિરૂધમાં હતા. યહુદીઓમાં આ રીતે પેગામ્બર થવાનું એક અખત્યાર દાખલ ચાલતું આવતું હોય એમ જણાય છે, કેમકે જેરેમિયાહને જ્યારે પેગામ્બરીનો અખત્યાર આપવા માંગ્યો ત્યારે પોતાની નાની ઉમરને લીધે તે કબુલ રાખવાની તેણે ના પાડી હતી. બેબિલનનો રાજા નેબુકદનેઝર યાહુદીઓને પોતાને દેશ કેદ પકડી લઇ ગયો ત્યારે જેરેમિયાહે આગાહી કરી હતી કે તેમને ૭૦ વરસ કેદમાં રહેવું પડશે. આ પેગામ્બરની વાણીઓ બાઇબલના એક ભાગ દાખલ ગણાતી છે.

તબરી નામે આરબ લખનાર જરતોસ્તને ઉપલા પેગામ્બરનો ચેલો ગણીને એક નાલેસી ભરેલી વાત લખે છે, જે મેં સફે ૩૦ માંથી કહાડી નાખી છે. કેટલાક મહમદિયાન લખનારાઓ ધર્મનાં ઝનુનને લીધે અશો જરથોસ્ત અને તેની દીન બાબે ઘણુંજ હલકું લખાયું કરી ગયલા છે. જરથોસ્ત જેરેમિયાહની ઘણાં વરસો આગમજ થઇ ગયા હતો.

૩૨--બહારની મોસમનાં જશનો.

"કપરી રાળશીને જે મથકે જવું હતું તે તે જગા હતી કે જ્યાં થનારા જશનમાં ભાગ લેવા માટે ઘણુંએક શેહેરો ખાતેનાં લોકો જતાં હતાં. આ હિંગામ બહારની ફસલના જશનનો હતો. સઘળાઓએ હાજર થવા માટે આ જશન એક જાતનો વાર્ષીક ધર્મ સબંધી મેળાવડો હોવ એવું જણાય છે"--સફે ૩૭, લીટી ૬-૧૦.

બહારની મોસમમાં આફતાબ મેષ રાસીના બરજમાં દાખલ થાય છે. જે વેળા તમામ કુદરત ખુશીખુરમીમાં આવી જાય છે. લાંબા શિયાળાની આખર આવે છે અને ગરમીની મોસમ શરૂ થાય છે. ઇરાનમાં થંડીની મોસમ ઘણીજ વિકાળ હોવાથી દંતકથાની નિશામાં તેને એક દેવ અથવા દૈત્યનું નામ મળ્યું છે. થંડીમાં બરફ વર્સે છે, રસ્તા બંધ પડે છે, રોજગાર વહેવાર અટકી પડે છે. સૂર્ય પ્રકાશતો નથી, પક્ષિઓ ગાતું ગાતાં નથી. ઝાડો રંગ વિનાનાં બની જાય છે, ઢોરઢાંકને ચારો મળતો નથી, અને માણસોને ઘરમાં ભરાઇ બેસવું

પડે છે. આ કિસમના દિવસો કંટાળા ભરેલા, ઉલટ તોડી નાંખનારા, અને જીંદગી કોતાહ કરનારા હોય છે, અને તેથી આર્યનોએ તેવા દિવસોવાળી મોસમને દેવ તરફની ગણી; પણ જ્યારે આફતાબને પ્રકાશતો દીઠો ત્યારે તેઓએ તેને આ દેવને મારનારો પેહેલવાન ગણ્યો, અને તેની એ ફતેહની યાદગારીમાં ખુશહાલી બતાવવા માંડી, પક્ષિઓ ગાનું ગાવા લાગ્યાં, ઢોરો બાહેર નિકળવા લાગ્યાં, રસ્તા મોકળા થયા, ગાડાં ફરવા લાગ્યાં, વેપાર વહેવાર ચાલુ થયો, જીવ શક્તિ પાછી તેજ થઇ, અને એ રીતે ઠંડીનો દેવ નાબુદ થયો. બરફ પિગળીને નદીઓ વહેવા લાગી, આકાશમાં આફતાબની રોશની ખીલી નિકળી, અને એ રવેશે તમામ કુદરતે નવેસરથી જાન મેળવ્યો. આવા શુભ મહિમા માટે ખાનપાન, રંગરાગ, અને જશન થાય એ કુદરતી છે. કુદરતની ખુશહાલીનો એ મહિમા માણસને ખુશકારક અને સુખકારક બને ત્યારે તે જશનો કાં નહિ બરપા કરે!

બહારની ફસલનાં જશનોના એ હિંગામ ઉપર શેહેર શેહેરથી અને ગામે ગામથી લોકો એક મુખ્ય મથકે ભેગાં થવાનો ચાલ અશો જરતોસ્તના જમાનામાં હશે, અને એ જશનને તેઓ ધર્મ સાથ તાલુકો ધરાવતું ગણી ગયા હશે. એ રીતે કુદરતનાં જશન સાથ તેઓએ ધર્મનાં જશનને મેળવીને કુદરતનાં વરસગાંઠને દિને પોતાના ધર્મ સંબંધી વરસનો પહેલો દીવસ મુકરર કીધો હોય એ બનવાજોગ છે.

૩૩—જબ્રીલનાં મોહુમદને દર્શન.

"રમજાન મહિનાના તેહવારને દિને જબ્રીલ ફરેસ્તો પોતે હજરત મોહમદની નજરે પડયો હતો."—સફે ૩૭, લીટી ૧૧—૧૨.

મુસલમાનોનાં ધર્મ પુસ્તક કોરાન ઉપરથી જણાય છે કે હજરત મોહમદને જબ્રીલ ફરેસ્તાએ અનેકવાર દેખાવ દીધો હતો. આ જબ્રીલને યાહુદીઓ ગેબ્રિયલને નામે ઓળખી ગયા છે, અને એ બન્ને નામો એકનાંએકજ છે. જબ્રીલ અવસ્તાના સરોષ ઇજદને મળતો ફરેસ્તો છે. જેમ જરતોસ્તને સરોષે દેખાવ દઇ તેના સવાલોનો ખોલાસો આપેલો ગથાવાણીમાં આપણ વાંચિયે છિયે, તેમ મોહમદને પણ જબ્રીલે દેખાવ આપી દીન બાબે આગાહી કીધી હતી અને કોરાન પ્રકાશિત કરનાર પણ તેજ હતો. કહેછે કે એ મરતબે જબ્રીલે પોતાના ફરેસ્તાઈ લેબાસમાં હજરત મોહમદને દેખાવ દીધો હતો પણ આદમીજાદનાં રૂપમાં તો તે વારેવાર દેખાતો અને તેને તેનાં કામમાં અનેક મદદ આપતો હતો.

૩૪—દાનયેલે જોયલી ,રાશી સુરત.

'હિદેકલ નદીના કાંઠા ઉપર દાનયેલની સન્મુખ જે મોટી સુરત ઉભી થઈ હતી તેની આ બિના આપણને કંઈક યાદ આપે છે."—સફે-૩૯, લીટી ૧૬-૧૯.

યાહુદીઓનો એક બીજો નામીચો પેગામ્બર દાનયેલ હતો, જે ઇસ્વી પૂર્વે ૭ મી સદીમાં થઇ ગયલો કહેવાય છે. હજરત જરતોસ્તની માફક તેણે પણ ખોદાઇ આલમો જોયલા હતા, જેઓમાંનો એક હિદેકલ નદીના કાંઠા ઉપર જોયો હતો, કે જે ટાઇગ્રીસ નદીનું બાઇબલમાં જણાવેલું નામ છે. આ આલમમાં દાનયેલે પોતાની આગળ એક ભયંકર કદની શ્રીતિવાન સુરત જોઇ, કે જે હવે પછી જન્મ લેનાર ઇસુ ખ્રિસ્તની પોતાની સુરત હતી એમ ખ્રિસ્તી ધર્માધ્યક્ષો જણાવી જાય છે. આ સુરત જોતાંજ દાનયેલ બીધો અને જમીન ઉપર પડી બેહોશ થઇ ગયો, તરતજ એક ફરેસ્તો તેની મદદે આવ્યો અને પેલી ભયંકર સુરતનાં મુખમાંથી ગભરાટ જેવા આવાજ આવ્યા જે સુખનો નિકળ્યા તેમની તે બેભાન પેગામ્બર (દાનયેલ)ને સમજણ આપી. આ ગર્જનાથી તેના કાન બહેરા થઇ ગયા તથા તેનું મન અફસોસ બની ગયું હતું.

૩૫—જરતોસ્તનાં દર્શનો બાબે ગાથામાં ઇસારા.

"ખોદાતાલાનાં પહેલાં દર્શનને લગતી હકીકતો બાબે ગાથામાં કંઈક ઇશારો કરેલો છે"—સફે ૪૪ લીટી ૮-૯.

ગાથામાં અનેક ઠેકાણે જરતોસ્ત પોતાના ખોદાને અરજ કરે છે, અને તેમાં કેટલેક ઠેકાણે ખુલ્લું એવું જણાય છે કે ખોદા તેણે તેને નજરે નજર દીઠો હોય. દાખલા તરીકે ઉસ્તવદના ૩૧ મા હાના ૮ મા કડવા મુજબ જરતોસ્ત કહે છે કે—

"જ્યારથી, અયે હોરમજદ! તને મેં મારી આંખમાં રાખ્યો છે ત્યારથી..."

૪૫ મા હાના ૮ મા કડવામાં જરતોસ્ત બોલે છે કે—"અશા ગાની ઝરેન અહુરમજદને હવે હું મારી નજરે ખુલ્લી રીતે જોઇશું."

પેલા ૪૩ માં હામાં જરતોસ્ત આ મુજબ હોરમજદને જોયાની વાત જાહેર કરે છે—

કડવો ૫—"તને, અયે હોરમજદ, દુનિયાની પેદાયશમાં આગલો મે જોયો."

ફકરો ૧૨—"જ્યારે તેં મને કહ્યું છે કે પુરતી રીતે રાસ્તીને પહોંચનારો તું છે..."

ફકરો ૧૬—"અએ ઘણીજ આબાદી કરનાર હોરમજદ! જરતોસ્ત પોતે તારાં મીનોઇ રૂહને આદરમાનની નજરથી જુએ છે."

એજ રીતે હોરમજદ અને જરતોસ્ત વચે આમનસામન કેટલાક સવાલ જવાબો થાય છે, તેને લગતા ઇશારાઓ પણ ગાથામાંથી સંખ્યાબંધ મળે છે. જરતોસ્ત સર્વજ્ઞાન સંપાદન કરવા માટે હોરમજદને આ સવાલો પુછે છે. જુઓ યજસ્ને, હા ૪૪, ઇત્યાદિ.

૩૬—નાસ પામેલાં નસ્કો.

"અસલી નસ્કો નાસ પામ્યાં તે બાબે આપણને વધારે દિલગીરી પેદા થાય છે."—સફે ૩૯, લીટી ૧૦-૧૧.

અવસ્તાવાણી ઉપરથી જણાય છે કે અવસ્તા ભાષાનું આપણી કને હાલમાં જેટલું ભણતર અથવા સાહિત્ય છે તે ઉપરાંત બીજું પણ હતું, કેમકે "પાપો" અને "પેરિગાઓ" નામનાં પુસ્તકો બાબે તેમાંથી આપણને ઇશારા મળે છે. અશો જરતોસ્તના જે ગાથા આપણી કને મોજુદ છે તે ઉપરાંત બીજાબી ગાથા હોવા જોઇએ એમ અવસ્તા ભાષાના વિદ્વાનોનું કહેવું છે. અને તે ખરૂં છે, કેમકે ખુદ ગાથા ઉપરથી પણ તેમજ માલુમ પડે છે.

હવે હૈયાત અવસ્તાવાણી ઉપરાંત બીજાં જે દફતરો હતાં તે "નસ્ક"ને નામે ઓળખાય છે. એ નસ્કો આજે હસ્તીમાં નથી પણ તેમનાં નામો અને તેઓમાં શી શી બાબતો આવેલી હતી તેની ટુંક તફસીલ મોજુદ છે. કહે છે કે સઘળાં મલીને ૨૧ નસ્ક હતાં, અને તે સઘળાં અવસ્તા ભાષામાં લખીને સાથે તેમની શરેહ (જંદ) આપેલી હતી. હોનવરનો જે પવિત્ર કલામ આપણ ભણિયે છિયે, તે ૨૧ શબ્દોનો બનેલો છે, અને તેથી ઉપલા ૨૧ નસ્કોને હોનવરના ૨૧ શબ્દોથી નામો આપેલાં મનાય છે. વળી હોનવરના ૨૧ શબ્દોમાં ત્રણ જુદા જુદા વાક્યો સમાયલા છે, અને તે મુજબ ઉપલા ૨૧ નસ્કોને પણ ત્રણ વર્ગોમાં વેહેંચેલા હતા. પેહેલવી ભાષામાં આ નસ્કોની બાબતોનું કેટલુંક વર્ણન છે, તેમાં તેઓનાં જુદાંજ નામો આપેલાં છે. જેમકે:—

અવસ્તાઈ નામ.	પેહેલવી નામ.
૧ યથા	૧ સુદ કર
૨ અહૂ	૨ વર્શતમાન્ સર

અવસ્તાઇ નામ.	પેહલવી નામ.
૩ વઇર્યો	૩ બગો
૪ અથા	૪ દામદાત
૫ રતુંશ	૫ નાતર
૬ અશાત	૬ પાજક અથવા પાજી
૭ ચીત	૭ રતોસ્તાઇતી
૮ હચા	૮ બરીશ
૯ વંઘેઉશ	૯ કશ્કીસ્રોબો
૧૦ દઝદા	૧૦ વીસ્તાસ્પ-સાસ્તો
૧૧ મનંઘો	૧૧ વસ્તી; અથવા દાતક
૧૨ શ્યઓથનનાંમ	૧૨ ચિત્રસ્તો
૧૩ અંઘેઉશ	૧૩ સ્પેન્દ
૧૪ મઝદાઇ	૧૪ બગાનયસ્તો
૧૫ ક્ષથ્રેમ્ચા	૧૫ નીકાતુમ
૧૬ અહુરાઇ	૧૬ દુબાસ્રૂજત અથવા દુબાસ્રૂત
૧૭ આ	૧૭ હુસપારમ
૧૮ યિમ	૧૮ સકાતુમ
૧૯ દ્રેગુબ્યો	૧૯ વીદ-દેવ-દાત; વીદ-શેદ-દાત. જવીદ-શેદા-દાત
૨૦ દદત	૨૦ હાદોખ્તો
૨૧ વાસ્તારેમ	૨૧ સ્તૂત-યશ્તો

આ નસ્કો માંહેલો ૧૯ મો યાને વંદીદાદ આપણી કને હેયાત છે, પણ તેઓ જેવી જોઇયે તેવી સંપુરણ હાલતમાં નથી. ઉપલા નસ્કોમાં બંદગી. નેકી, દીનઆઇન, પેદાયશ, સેતારાઓ અને મેહો, ઓરવંદ, પક્ષિઓ, પ્રાણીઓ, સર્પો, પાણી જમીન અને પહાડો, સચાઇ, ગુસ્તાસ્પ તથા જરતોસ્તનું બયાન, દુનિયાની પેદાયશ, ખેતી અને ખેડુતો, બાગબાની, મહાન પુરૂષો (જેવાકે હજુર, પાદશાહ, ન્યાયાધિશ, અને દીનના પેશવા.) પહેલવાનો અને કારીગર લોકો, માણસ જાતની પેદાયશ, જવિતની જીંદગી, દોલત અને તેનો ઉપયોગ, નેકીનો બદલો અને બદીની સજા. રસ્તાખેજ અથવા કેયામત. હોરમજદની પરસ્તેશ, ઇત્યાદિ ઇત્યાદિ તરેહવાર બાબતોનો સમાસ કરેલો હતો એવું પેહેલવી કેતાબો જણાવે છે.

૩૭—અહુજિયા અને ઇલાઇજા પેગામ્બર

"એજ રીતે પાદશાહ અહજિયાનાં મોતનો પેગામ ઇલાઇજા પેગામ્બરે જાહેર કીધો હતો, કાંએકે ઈસરાયલ લોકોનો પણ ખોદા છે એમ તેણે કબુલ રાખ્યું ન હતું."—સફે ૪૦, લીટી ૧૬-૧૭.

ઇસ્રાયલ લોકોનોનો પાદશાહ અહજિયા બહુ ઘાતકી હતો. મેહલમાં પડી ગયાથી સખ્ત જખમી થયો ત્યારે પોતાના એક દેવતાની મૂર્તિનાં મંદિરમાં પુછી મંગાવ્યું કે હું પાછો સાજો થઇશ કે નહિ. તેના માણસોને માર્ગમાં યાહુદીઓનો ઈલાઇજા પેગામ્બર મળ્યો જેણે પેગામ કહેવાડયો કે પાદશાહ બચવાનો નહિ પણ મરી જવાનો. આથી ગુસ્સે થઇ પાદશાહે તેને પકડી લાવવા બએ મરતબે માણસો મોકલ્યા, જેમને પેગામ્બરે ખોદાની મદદ માગીને બાળી ભસ્મ કીધાં. ત્રીજી મરતબે તેને પકડવા આવનારાઓએ માફી માગી, અને પોતાના ખોદાનો હુકમ થવાથી ઇલાઇજા જાતે પાદશાહ પાસે ગયો અને તેને પેગામ પહોંચાડયો કે હવે તારૂં મોત નજદીક છે.

૩૮—જરતોશ્તની દીન કબુલ નહિ રાખનારા બડેખાંઓ.

"એઓમાં મુખ્ય બળ ધરાવનાર જાક નામનો એક ધર્મગુરૂ હતો"—સફે ૫૪, લીટી ૧૬-૧૭.

"જરતોશ્ત અકર્વંઇતા-દંગની મુલાકાત લે છે, કેજે...........તેનાં ફરમાનો મુજબ ચાલવાની સાફ ના પાડે છે."—સફે ૪૦, લીટી ૪-૫.

"જરતોશ્ત વએદ્વોઇશ્ત નામના એક કરપની મુલાકાતે જાય છે."—સફે ૪૦, લીટી ૯-૧૦.

"તે હવે પોતાના મજહબનો ઉપદેશ કરવા પરીદ નામે એક દાકમનાં રાજ્ય તરફ ચાલ્યો" ઇત્યાદિ સફે ૪૪—૪૫.

આ બડેખાંઓમાં જાક, અકર્વંઇતા-દંગ, વએદ્વોઇશ્ત અને પરીદતોરાનાં નામો મળે છે. એઓમાંનો પહેલો એક વગવાળો કરપ હતો, અને કરપો પાદશાહ ગુસ્તાસ્પે દીન કબુલ કીધા આગમજ ઇરાનમાં અને તેની દરબારમાં બુત પરસ્તીના મોટા ગુરૂઓ હતા. આ જાક જરતોશ્તના શત્રુઓમાં મુખ્ય હતો, જેની ગિબતને આધીન થઇનેજ ગુસ્તાસ્પે પેગામ્બર તરફની સર્વ દાનાઇની વાતો સાંભળ્યા આગમજ તેને કેદ કરવાનો હુકમ આપ્યો હતો.

અકર્વંઇતા-દંગ એક તુરાની હાકમ જણાય છે, જેણે જરતોશ્તના ઉપદેશો સાંભળ્યા પછી તેના દરબારી કીક અને કરપ ગુરૂઓએ પોતા-

આરનો રૂપ લેવાનો કસદ કીધો, અને હાકમના ભાઈને ઉશ્કેર્યાથી તે પણ તેમ કરવાને તૈયાર થયો. પણ અર્જાસ્પ-ઈબનો બેટો તેઓની સામે થયો, અને તેના સમજાવ્યાથી હાકમે પોતે જરતોસ્તનું રક્ષણ કીધું, પણ દીન કબુલ રાખવાની ના પાડી. જરતોસ્તનો ઉપદેશ એ હતો કે સઘળો એખ્તિયાર કરી, દેવતાઓની પૂજાનો ત્યાગ કરવો, અને અવેસ્તાના યાને એકજ ખોદા ઉપર દિલ લગાડી તેને તનમન અર્પણ કરવું અને સાચી દિલગીરી દેખાડવી: આ એવી બાબત દેવ-યસ્નાન ધર્મગુરૂઓને ગળે ઉતરી ન હતી.

વએદોઈસ્ત એક માતબર કરપ હતો, જેની કને જરતોસ્તે માંગેલી બક્ષેશ આપવાની ના પાડવામાં આવી હતી. અત્યાર સુધી (હોરમજદની) તેના ઉપર મેહરબાની હતી, પણ હોરમજદનાં નામથી જરતોસ્તે તેની કને માંગેલી બક્ષેશ આપવાની ના પાડી ને જરતોસ્તને તેણે એવો તુમ્છકાર ભરેલો જવાબ દીધો કે તારે લીધે મને દોલત મળેલી નથી, તેમજ હોરમજદથી પણ મને તે મળી નથી; હું પોતે વધારે ખોદાઈ શક્તિ ધરાવું છું, અને હોરમજદ કરતાં પણ વધારે દોલતમંદ છું. આ મગરૂરીને માટે તેને સજા મળી.

પર્શદ-તોરાનું અવસ્તાઈ નામ પર્શદ-ગાઉ છે. જરતોસ્તે તેના મુલક સગસ્તાનમાં જઈને તેના ગોધાને સાજો કીધો, (તેના ચાર ઢોરના પગનાને આબાદ કીધો ?) જે ઉપરથી પર્શદ-ગાઉ તેની દીનમાં જોડાયો જોકે તેણે દીન કબુલ કરવાની શરતેજ જરતોસ્તે તેનું કામ કરી આપ્યું હતું, તોપણ ખાનગી રીતે તે દીનમાં આવ્યો તેથીજ જરતોસ્ત રાજી થયો. પ્રો૦ જેકસન નજર ચુકથી લખે છે કે પર્શદ તોરાએ દીન કબુલ રાખવાની ના પાડી તેથી "જરતોસ્ત તેની અરજ બહાલ રાખતો નથી." પણ "દીનકર્દ" (દફતર ૭, બાબ ૪, ફકરા ૩૧—૩૪) માં એથી ઉલટુંજ અને આપણે આ નોટમાં વાંચિયે છિયે તેમ લખેલું મળે છે.

૩૯—બુધ્ધને લલચાવનાર માર.

"નવા જ્ઞાન ઉપાર્જન કરનાર બુધ્ધના કાળમાં મારએ ફુ... ન્હતી તેને એવી લાલચ દેખાડી હતી કે તેણે પોતે...બોધ્ધિમાં નિર્વાણમાં દાખલ થવું" સે. ૪૮ બીટી ૧૩-૧૭.

બુધ્ધને લલચાવનાર "માર" ને નામે ઓળખાયો છે. આ ફરેબ આપનાર માર કાંઈ બુધ્ધનો વંશ નથી. જરતોસ્તને લલચાવનાર અન્ગ

